॥ ભક્તમાળ ॥

પ્રાકૃત

રચનાર

ડાકોરનિવાસી

લાલદાસજી મહારાજ

પારેખ ગીરધરદાસ હરીવલ્લભદાસ, એમની મદદથી

છપાવી પ્રગટ કરનાર

શા કરશનદાસ મોહનલાલ.

સંવત ૧૯૬૨ સને ૧૯૦૫

॥ ભક્તમાળ ॥

પ્રાકૃત

રચનાર

ઠાકોરનિવાસી

લાલદાસજી મહારાજ

પારેખ ગીરધરદાસ હરીવલ્લભદાસ, એમની મદદથી

છપાવી પ્રગટ કરનાર

શા કરશનદાસ મોહનલાલ.

સંવત ૧૯૬૨ સને ૧૯૦૫

શ્રી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ.—અમદાવાદ.

પ્રસ્તાવના.

આ કલીયુગમાં સર્વ સાધનમાં શ્રેષ્ઠ એવું ભક્તિ સાધન છે જે મનસા, વાચા, ને કર્મથી કરેલાં પાપોનો સમૂળો નાશ કરી મનુષ્યને મુકિત આપે છે. બીજાં સાધનોમાં ન્યુનાધિક ક્રિયા થવાથી ફળનો નાશ થાયં છે. પણ આ નિષ્કામ ભકિત સાધન કરવાથી જન્મ મરણનું બંધન તૂટી જાય છે. જે સાધન કરવાથી અસંખ્ય પુરૂષો આ અપાર અને અસાર સંસાર રૂપી સમુદ્ર તરી ગયા છે. તેમાંના કેટલાકનાં પવિત્ર ચરિત્રો ડાકોર નિવાસી લાલદાસજી મહારાજે પદમાં રચેલાં છે જે સર્વ જનોને સુબોધ રૂપ જાણી શા કરશનદાસ મોહનલાલ એમણે પારેખ ગીરધરદાસ હરિવલ્લભદાસની મદદથી આ એક નાનું પુસ્તક છપાવી પ્રગટ કર્યું છે જે સર્વ હરીજનોને બક્ષીસ તરીકે આપવામાં આવે છે અને તેની સાથે લેનારને દરરોજ યથાશકિત પાઠ કરવાને વિનંતિ કરવામાં આવે છે પરગામના ગ્રાહકે ફક્ત પોસ્ટ ખર્ચ મોકલી આપવાથી મોકલવામાં આવશે.

લ. એક વિદ્યાર્થિ.

નરભેરામ મહારાજના

બનાવેલા છપ્પા.

કલ્યાણ પામવા કાજ, કષ્ટ કાયાને દે છે;
કલ્યાણ પામવા કાજ, ઊંધે મસ્તકે રહે છે;
કલ્યાણ પામવા કાજ, કંઈ જણ કાશિયે જાયે,
કલ્યાણ પામવા કાજ, ભિરવ જવને કંઈ ખાયે,
ઉનાળે અગ્ની સેવતા, ચોમાસે પાથર રેહે છે:
શિયાળે હિમાળે ચઢે, કષ્ટ કાયાને દે છે,
કલ્યાણ પામવા કાજ કંઈ ઘણું જ ખરચે દામને
કહે નરભેરામ સહુથી સહેલ છે જો રટે નિરંતર રામને.

કલ્યાણ પુરવમાં રહ્યું, જાય છે પશ્ચિમ દેશે,
સો એ છે કલ્યાણ, ફરીને વિધવિધ વેશે:
લક્ષ ચોરાશી ફર્યો, દેહ વિધવિધના ધરતાં;
ઉંચ નિચ કુળ આવિયો, વળી અવતરતાં મરતાં
સાત સાહેરથી ચોગણું પીધું પયોદર ઉભે ગળે
કહે નરભેરામ ભજન વિના કલ્યાણ લખ કોસ વેગળે

જેને જડિયા રામ, તેને ભાગ્યશાળી કહીયે,
જેને જડિયા રામ, તેને ધનવંતો કહીયે;
જેને જડિય રામ તેણે સહુ તીરથ કીધાં:
જેને જડિયા રામ, સાર શાસ્ત્રના લીધા.
જેને જડિયા રામ. તેથી જમ કિંકર હારશે;
કહે નરભેરામ ગુરૂથકી, અજામેલ પેઠે ઉગારશે

બહુ નાણું મળે શું થયું, જો રામરંગ નવલાગે
બહુ નાણું મળે શું થયું. ભય જમનો નવભાગે
બહુ સગાં મળે શું થયું પુત્ર પુત્રી ને વાડી
કષ્ટ રૂપ મળશે ગળે (રહે) શકે નહી કાઢી,
જમનો માર જયારે પડે, ત્યારે આડો કોણ આવશે
કહે નરભો સોધી જુવો, નાણું કે નાર મુકાવશે

श्रीमते डाकुरेशायनमः

અથ ભકત ત્રિલોચન પર્ચરી લિખ્યતે.

મંગલાચરણ.

કુંડલિયા.

જય જય જગદાધાર પ્રભુ, ભવ ભરતા ભગવાન; જય જય ધર્મ ધુરંધરા, ધરૂં તમારૂં ધ્યાન. ધરૂં તમારૂં ધ્યાન, અચલ આશીષો આપો; વાણી વિમલ વિવેક, અખુટ મુજ અંતર થાપો; કહે કરજોડી લાલ, ભાગજો ભવદુખનો ભય, ભવ ભરતા ભગવાન; જગદાધાર પ્રભુ જય જય. ૧

દોહા—દાદાજી રણછોડનું, ધરી રૂદેમાં ધ્યાન; ત્રીલોચન પર્ચરિ તણું, વદું વીમલ વ્યાખ્યાન. ૨

॥ ૧ ॥ ચોપાઈ—ભક્ત ત્રિલોચન જગ વિખ્યાત, જેની વિદિત વૈશ્યનિ જાત; ક્ષણ ભંગુર ભવ ભોગ વિચારી, દીક્ષા વૈષ્ણવી દૃઢ ઝટ ધારી. ૩ જ્ઞાનદેવ ગુરૂનું ગ્રહી જ્ઞાન, જેનો યશ થયો ચંદ્ર સમાન; જે વિષ્ણુ સ્વામી સંપ્રદા, તેજ ત્રિલોચનની છે સદા. ૪ મનથી મળવા માધવ દેવ, સંત કરે સંતની સેવ; સહુ સાધનમાં સેવા સાર, એમ સમજી કરે સંતમાં પ્યાર. ૫ રાત દિવસ કરે એ વેપાર, અંતર શ્રદ્ધા આણી અપાર; ભક્ત ભેખમાં રાખે પ્રીત, નરહરી રૂપે નિરખે નીત. ૬

દોહા—ભાવ ભક્તિ સેવા શુણી, આવે સંત અપાર; પરિચર્યા કરે પ્રેમથી, નિરખી નિજ અધિકાર. ૭

ચોપાઇ—આપ એકને સંત અપાર, ભાર્યાને શિર સેવા ભાર; જેવો પોતાનો છે ભાવ, તેવો ન મળે સેવા લાવ. ૮ અધિક સંત સેવા ઉત્સાહ, ચિતમાં ચાકરની રહે ચાહ; મનમાન્યો ચાકર જો મળે, સકળ સંતની સેવા કરે. ૯ એવું રહે નિત અંતર ધ્યાન, ભક્ત ભાવ પૂરક ભગવાન; નરનું રૂપ ધરી યદુનાથ, એકાએકી સંગ ન સાથ. ૧૦ જૂની જૂતી છે પગ માંય, ફાટી કાંબળ તનમાં છાંય; આવ્યા આપ ભક્તને દ્વાર. દેખિ ત્રીલોચન કરે ઉચ્ચાર. ૧૧

દોહા—ક્યાંથી આવ્યા આપ ઇહાં, ક્યાં જવાની આશ; માત તાતને ભ્રાત કહાં, કહાં તમારો વાસ. ૧૨ ॥ ૧ ॥

ચોપાઈ—કાંય ન આવું કાંય ન જઉં, જહાં મન માને તહાં નિત રહું; માત તાત ભ્રાતા નથિ મારે, રહું તહાં જો સત્ય ઉચારે. ૧૩ ચાકર રહું જો રાખે કોઇ, સેવા કરૂં શરમ સહુ ખોઈ; માગું નહિ નોકરિ કાંઇ મોટી, ખાઉં નિત સાત શેરની રોટી. ૧૪ સેવક થૈ રહું કયાંય ન જઉં, ભાવ ભક્તિ દેખી વશ થઉં; સેવક ભાવે સેવા કરૂં, ફોગટ ઘરથી બાર ન ફરૂં. ૧૫

મનહર છંદ—ચાર જે વરણ તેની રીતભાત મારે હાથ, શાથે ન સહાય માગું ચોખી કરૂં ચાકરી; સંસારમાં સંત સેવા કરી કરી જન્મ ગયો, ભલી રીતે રહુ ભક્ત માંહિ ભાવના ભરી. અનેક વરસ અથડાયો ભક્ત ભેખ માંહિ, ભુખ્યો રહું ચાખું નહિ ભાવ વિના ભાખરી; અંતર્જામી નામ મારો, ટેલવો થયો તમારો, આપનિ આજ્ઞાને રહું અંતર અનુસરી. ૧૬

દોહા—ત્રીલોચનને શ્રવણ શુણી, ઉરમાં ઊપજ્યો ઊમંગ; સુખે રહો સેવક થઈ, સેવા કરો મુજ સંગ. ૧૭

ચોપાઈ—ભલે રહો મુજ ઘરમાં ભાઇ, નામ તમારૂં કહો બતાઇ; સત્ય કહું મન કરિ નિસ્કામ, અંતરજામી મારૂં નામ. ૧૮ નિશ્ચય રહું જો રાખી જાણે, ઊરમાં કપટ કદા નહિ આણે; ભાવ સહિત ભોજન નિત આપે, સેવા સહુ મુજ માથે થાપે;

॥ ૨ ॥ ૧૯ પીસત ખાંડત સહુ દિન જાય, તોય ન દુઃખ માને મુજ માય; કારણ વીના કઠોર ન બોલે, ખોરાકીની વાત ન ખોલે. ૨૦ સત્ય વાત તુજ સાથે કહું, ઘટે પ્રીત ઘરમાં નહિ રહું; સુણી ત્રીલોચન ભૃત્યનિ વાણી, ઘરમાં લાવ્યા ઘણું સુખ જાણી. ૨૧ ઘરૂ-ણીને કહે છે ઘરધણી, આતો સહુ સેવક શિરમણી; સેવા બની શકે જો સારી, રાખું જો મરજી હોય તારી. ૨૨ બોલી વનિતા વચન પ્રકાસી, હું તો સદા તમારી દાસી; સેવા કરૂં શુભ સેવક જાણી, પછે ભરૂં ઘરનું હું પાણી. ૨૩ કરૂં રસોઇ રૂડી રીતે, જે માગે તે આપું પ્રીતે; એનાથી નહિ રાખું છાનું, ભોજન નિત આપું મન માન્યુ. ૨૪

દોહા—તનમાં તેલ મર્દન કરી, નિર્મળ જળથી નવાય; મેલ ઊતારી અંગનો, પ્રીતે વસન પેરાય. ૨૫

ચોપાઈ—કહે નારીને ત્રિલોચનદાસ, રૂદેમાં ધરિ હેત હુલાસ; જે ભોજન માગે એ દાસ, તે સહુ રાખો તેની પાસ. ૨૬ કુવચન કયારે ન કરો ઉચ્ચાર, એ છે સે-વાનો કરનાર; એમ કહી સોંપી સહુ સેવ, સેવે સંતજ ગણિ હરિ દેવ. ૨૭ મુખથી કાંઇ કેહેવું નવ પડે, તેજ કરે જે ચિતમાં ચડે; સકળ અંગ સેવામાં શૂર, ઉર ભા-વના ભરિ ભરપૂર ૨૮

ભુજંગી છંદ—થઇ ટેલવા ટેલમાં નિત્ય રેછે, સદા સંત સેવાતણો લાભ લે ॥ ૨ ॥

છે; તજી ઇશતાને થયા સંત સેવી, પ્રભૂ ટેલવા થૈ કરે ટેલ કેવી. ૨૯ સદા જે તહાં સાધુવો નિત્ય આવે, શરીરે સહુને સુગંધી લગાવે; અતી આદરેથી કરે સેવ એવી, પ્રભૂ ટેલવા થૈ કરે ટેલ કેવી. ૩૦ પછે પાણીથી સ્નાન પોતે કરાવે, ખરા પ્રેમથી લૈ પ્રસાદી ખવાવે; રૂચે જેવિ જેને સજે સેજ તેવી, પ્રભુ ટેલવા થૈ કરે ટેલ કેવી. ૩૧ પખાળી બધાં પાત્ર પ્રીતે પુરે છે, સહૂ સંતને સ્નેહથી સોંપિ દેછે; સુવાવે સુખે સર્વનાં ચર્ણ સેવી, પ્રભૂ ટેલવા થૈ કરે ટેલ કેવી. ૩૨ જુવો જેટલા સંત જ્યારે પધારે, તદા તેટલાં રૂપને આપ ધારે; સદા સર્વ રીતે સજે સેવ એવી, પ્રભૂ ટેલવા થૈ કરે ટેલ કેવી. ૩૩ સદા શારદા શેષ શંભુ જપે છે, કહી નેતિ નેતિ વેદો વદે છે; ડરે છે હરીથી બધા દેવદેવી, પ્રભૂ ટેલવા થૈ કરે ટેલ કેવી. ૩૪ અરે એમ જાણી જપો જક્ત સ્વામી, સદા સંત સેવી રહો શીશનામી; ખરી લાલની લક્ષમાં વાત લેવી, પ્રભૂ ટેલવા થૈ કરે ટેલ કેવી. ૩૫

દોહા—જેના માટે કષ્ટ કરી, પ્રીતે પૂજે દેવ; તેતો ત્રીલોચન ધરે, કરે સંતની સેવ, ૩૬ જેના માટે ધર્મ ધરી, દે છે બહુ વિધ દાન; તે પ્રભુ પ્રેમાધીન થૈ, ટેલ કરે સુખ માન. ૩૭ જેના માટે શ્રવણ કરી, મનન કરે તજિ ભાન; તેતો ત્રીલોચન ધરે, ટેલ કરે ભગવાન. ૩૮ જેના માટે મોદ ધરી, કરે કૃષ્ણ ગુણગાન; તે હરિ સંત સેવા કરી, સોંપે તન મન પ્રાણ. ૩૯

॥ ૩ ॥ **ચોપાઈ**—એવી નિત સેવા આચરે, સકળ સંતના તનમન હરે; ત્રીલોચન હરિજન આદરે, સંત મહંત પ્રસંશા કરે. ૪૦ ભક્તનિ ભક્તી ભવમાં ભાઇ, પલમાં પ્રગટી ઘર ઘર જાઈ; પ્રેમદાને પૂછે પ્રભુદાસ, ભૃત્યની પ્રીતિ કરી પ્રકાશ. ૪૧ ભાવિક ભૃત્ય જાયકે રહે, સુણી અર્દ્ધાંગી ઊત્તર કહે: અન્ય ન એવો સેવક આવે, પ્રેમ કરી પ્રભુ રાખો ભાવે. ૪૨ તેર માસ વીત્યા એમ કરતાં, તરૂણી શ્રમિત થઇ નિત દળતાં; એક દિવસ પર ઘરમાં પેઠી, પાડોસણ પાસે જૈ બેઠી. ૪૩ પાડોસણ પૂછે કુશલાત, તુજ તન કૃશ કેમ છે મુજ માત; જોડિ યુગલકર કહે હરિદાસી, દુખ કેતાં આવે અતિ હાંસી. ૪૪

દોહા—દળતાં દુખ બહુ ઊપજે, ચાકર ચોગણું ખાય; થાક્યા કર રોટી કરી, તોય ન દાસ અઘાય. ૪૫

ચોપાઈ—આ વૃત્તાંત ન કહો વિસ્તારી, સ્વામી સુણે થાય ભય ભારી; એવી વાત કરે છે જહાં, અંતરધ્યાન થયા પ્રભુ તહાં. ૪૬ દુખ પામ્યો ત્રીલોચનદાસ, દાસીને પૂછે જૈ પાસ; સકલ વૃત્તાંત કહે સુંદરી, ત્રીલોચન રોવે ફરિ ફરી. ૪૭ હાય ભૃત્ય એવો નહિ મળે, રૂદન કરે નેત્રે જળ ગળે; દિન ત્રય તજ્યું અન્નને વારી, અંતર દુખ પામ્યો અતિ ભારી. ૪૮ યદુપતિ દાસતણું દુખ જાણી; નભમાં પ્રગટી બોલ્યા ॥ ૩ ॥

વાણી; સેવક થૈ તુજ ઘરમાં રહી, તેર માસ સેવા કરિ સહી. ૪૯ ભૃત્ય નહી એ શ્રી ભગવાન, એવું તુજને થયું ન જ્ઞાન; તદ્યપિ હું તારા આધીન, રહ્યા સંત સેવામાં લીન. ૫૦

દોહા—તુજ ચિતમાં જો ચાહ અધિક, તો હું ધરિ તે રૂપ; પુનિ આવું તુજ સમિપમાં, સેવા કરૂં અનૂપ. ૫૧ વણિક શુણી વ્યાકુલ થયો, ધિક મને થયું ન જ્ઞાન; અહો ભૃત્યનું રૂપ ધરી, ટેલ કરી ભગવાન. ૫૨

ચોપાઈ—પુનિ દાસીને દાસ એમ કહે, હરિ ચાકર થૈ જનગ્રહ રહે, ઉભય મૂઢ કાંઈ મર્મ ન જાણ્યો, ચર્મ ચક્ષુથી ચાકર માન્યો. ૫૩ જો હરી હરિજન ઘરમાં ફરે, રૂપ ચત્રુભુજ કેમ નવ કરે; કેવળ કૃષ્ણ ઉપાસન મારૂં, પતિ વૃત સમ પ્રભુ રૂપ સંભારૂં. ૫૪ સકળ રૂપ જે રામ જણાવે, એવી વાત મને નહી ભાવે; માટે ભક્તિ મર્યાદ ન લહે, સેવક સેવ્ય ભાવ નહિ રહે. ૫૫ સગુણ ઉપાસન કરે ન કોય, દાસને હરિ દરશન નહિ હોય; માટે સહુ ઘટ શ્યામ વિચારો, પણ હું પ્રથક દાસ છું તારો. ૫૬ એવી ત્રીલોચનની રીત, તેથી પ્રભુમાં પ્રગટી પ્રીત; તન ઉત્સાહ મન થયો આનંદ, અહો ભાગ્ય મને મળ્યા ગોવિંદ. ૫૭

દોહા—કૃષ્ણ વિના ન કૃપાળુ કોઇ, જેને પ્રિય નિજ દાસ; આવું એનાથી

॥४॥

બને, મારે એની આશ. ૫૮ હું તો હરિ લાયક નહી, ફરી જો પામું નાથ; ચિત ચરણે સોંપી રહું, તજૂ ન તેનો સાથ. ૫૯ ત્રીલોચનનું ચરિત્ર જે. શુણે શીખેને ગાય; વર્ત્તે સમઝિ વિવેકથી તો મન નિર્મળ થાય. ૬૦

કુંડલિયા—જેની મન ઇંદ્રી સદા, કરે ન વિષયમાં વાસ; પ્રેમ પંથમાં પગ ધરે, હરિ તેના નીત દાસ. હરિ તેના નિત દાસ, દયાળુ દીનાનાથ; ગ્રહિ હરિ જનનો હાથ, સદા છોડે નહિ સાથ. કહે લાલ કીધા વિના, આશ સહુ પૂરે એની; કરે ન વિષયમાં વાસ, સદા મન ઇંદ્રી જેની. ૬૧ ડાકોરનાથ દયા કરી, પૂરે મનના કોડ; એની ઊપમા એજ છે, જગમાં ન મળે જોડ. જગમાં ન મળે જોડ. જુવો જનને વસ થાય; પ્રતિ પુનમ ધરિ નેમ, સદા જે શરણે જાય. કહે લાલ કીધા વીના, હરિને જોડે હાથ; પૂરે મનના કોડ; દયા કરિ ડાકોરનાથ. ૬૨ ઇતિશ્રી ડંકપુર નિવાસી લાલદાસેન વિરચિતા ત્રીલોચન પરચરી સમાપ્તા.

श्री कृष्णायनमः

અથ પીપા ભકતની પર્ચરી લિખ્યતે.

મંગલાચરણ.

છપ્પય છંદ—જય જય શ્રી રણછોડ, નેતિ નિત નિગમ ઊચારે; જય જય શ્રી રણછોડ, ધ્યાનિ જન મનમાં ધારે. જય જય શ્રી રણછોડ, કૃતાર્થ જનને કીજે; જય જય શ્રી રણછોડ, દયા કરી નિજ પદ દીજે. પળપળ પદ પંકજ નમી. પ્રીતે હું કરૂં છું પોકાર; પ્રભુ લાલદાસ વદને વસી, પરચરી કરો ઊચ્ચાર. ૧

કુંડલીયા—પરચરી પીપા ભક્તની, શુણો સકળ જન કાન; ત્રિવિધ તાપ તનના ટળે, વધે વિમળ વિજ્ઞાન; વધે વિમળ વિજ્ઞાન, માન મમતા મદ મૂકો; મનન કરો મનમાંય, કદી ચિતથી નવ ચૂકો;. કહે લાલ કરજોડ, કહું શું તમને ફરિફરી; શુ-ણો સકળ જન કાન, ભક્ત પીપાની પરચરી. ૨

દોહા—શ્રી પીપાનો પાપહરણ, પુણ્ય કરણ ઇતિહાસ; પૂર્વે તે મહીપતી હતો, તેનો કરૂં પ્રકાશ.

૫॥ **ચોપાઈ**—ગાંગરૂનપુર પૃથિત પ્રદેશ, ત્યાં નહિ પાપ પ્રપંચ પ્રવેશ; ન્યાય ધર્મ ત્યાં કરે નિવાસ; સહુજન સુખમાં કરે વિલાસ. ૪ બહુ વિધ વાપી કૂપ તડાગ, સોભે સરસ બગીચિ બાગ; વૃક્ષ વેલિ મંડપ શુભ શોભે, નિરખી નિત નરનું મન લોભે. ૫ વસે તહાં પીપા નૃપરાજ, સકળ પ્રકાર સરસ સુખ સાજ; દૃઢ ધર્મી શૂરોને સુજાણ, પાળે પ્રજા કર્મ મન વાણ. ૬ ક્ષત્રી વંશ વસે બહુ તહાં, પુણ્ય પ્રવાહ સકળ ઘર મહાં; એક અખંડ આદ્ય જગદેવી, તેનો પીપો થયો નિત સેવી. ૭ શ્રદ્ધા યુત બહુ વિધ કરે સેવ, દેખે નહી અન્ય કોય દેવ; જગ જનની માટે કરે કર્મ, મુક્તીનો જાણે નહિ. મર્મ. ૮

દોહા—આશો ચૈત્રનિ અષ્ટમી પ્રીતે દેવી પાસ, હોમ કરાવે સર્વદા થૈ દેવીનો દાસ. ૯

ચોપાઈ—નિત દેવી આદર અધિકાર, વ્રત કરિ ત્યાગે વૃત્તી વિકાર; રાત દિવસ વેદી પ્રજળાવે, વારે વૈદિક વિપ્ર જગાવે. ૧૦ મંત્ર ઉચ્ચારી આહુતી દેવે, હોમ વાસ શ્રદ્ધા યુત લેવે; ખીર ખાંડ ઘૃત ખારેક દ્રાક્ષ, અર્પે અંતર ધરી અભીલાષ. ૧૧ ઊત્તમ એલચી લવીંગ કપૂર, સરસ સુગંધી ભરી ભરપૂર; પાટંબર પુંગી ફળ પુષ્કળ, અગર ધૂપ દીપક અતિ ઉજ્વળ. ૧૨ નૌતમ નાગર વેલનાં પાંન, સરસ રીતથી ॥ ૫॥

કરે સનમાન; તલ જવ ઘૃત હોમે બહુ વાર, દ્વીજ મુખ મંત્ર પઢે કરી પ્યાર. ૧૩ જય અંબે જય જય જગમાતા, જય શક્તી જય જય સુખદાતા; પુષ્કળ પ્રજા પ્રસવ કરો જનની, પીડ પ્રજાળો નિજ જન મનની. ૧૪

સોરઠા—મુદ મંગળ કરનાર, ભવ ભરણી દૃઢ ધરણીધર; દુખ દરિદ્ર હરનાર, મયા માત મુજ પર કરો. ૧૫

ચોપાઈ—બહુ વિધ અસ્તુતી કરિ સંભળાવે, દ્વિજ પૂજાની સમાપ્તી કરાવે; રક્ત ચંદન લે નૃપને ભાલ, અર્ચા કરે બ્રાહ્મણ કરિ વાલ. ૧૬ પુની બ્રાહ્મણ ભોજન સહુ કરે, નૃપ દક્ષણા લૈ કરમાં ધરે; દ્વિજ સહુ મનમાં ધરી સંતોષ, આશીર્વાદ ભણે તજિ દોષ. ૧૭ એમ સહુને ભલું ભોજન આપે, ધર્મ કરે જગમાં યશ થાપે; પર ધન પરદારા નિત ત્યાગે, સદા શૂર સત્રૂથિ ન ભાગે. ૧૮ નિજ રિપુનું મર્દન કરે માન, ખટ દરશનનું કરે સનમાન; કયારેક આવ્યા સંત અપાર, આપી રસોઈ નૃપે કરી પ્યાર. ૧૯ દેવી નિમીત્ત થાય જ્યાં ભોગ, કર્યો સંતે તહાં પંગતિ યોગ; ભોગ નિમીત્ત ફેર્યું જળ જ્યારે, દેવી ભોગમાં જે પડ્યું ત્યારે. ૨૦ આરતિ કરિ લૈ પ્રિતે પ્રસાદ ગયા સંત સહુ ત્યાગિ પ્રમાદ; તેજ ભોગ પડે પુનિ ધર્યો, દેવીને લૈ અર્પણ કર્યો. ૨૧ કિંચિત ભોગ ન દેવી લહ્યો, પ્રથમ તે પ્રભુને અર્પણ થયો, નિશિમાં દેવી નૃપ ગૃહ જાય,

॥ ૬ ॥ પલંગથી લૈ નાખ્યો ઘર માંય. ૨૨ કહે કાલિકા ભૂખી બેઠી, તેથી તુજ ઘરમાં હું પેઠી; કે ભૂપમેં ભોગ પકાયો, કહે દેવી તેરામે ખાયો. ૨૩ ત્યારે પીપો કરે વિચાર, ગયાં વરસ સેવામાં બાર; એ વિચારથી ઉપજી ભ્રાંતી, શક્તિ સેવિ પણ ન થઇ શાંતિ. ૨૪

દોહા—અર્ધ નિશાને આંતરે પીપો કરે પોકાર, હાય હાય દિન જાય છે; વિશ્વમાં વૃથા અમાર. ૨૫

ચોપાઈ—ત્યાં દેવી આવી લલચાવે, માગ્ય માગ્ય જે તુજ મન ભાવે; સેવા દેખી પ્રસન થૈ તુજ પર, રૂદન કરે કિમ કિમ ધરે મન ડર. ૨૬ કિમતને વ્યાધી વ્યાપી આજ, કિમ દરિદ્ર સમ દીસે સાજ; જે જગ તુજ શત્રુ નિરધાર, તેનો કરૂં આજ સંહાર. ૨૭ પ્રગટયો પ્રેમ ન બોલે વેણ, અંચરથી લુવે નેહે નેણ; જેમ બાલક રાખે નિજ માત; દે ભોજન કહે મીઠી વાત. ૨૮ તેમ પીપાને કરિ કાર પ્યાર, સ્પરસે કર કરે અતિ મનુહાર; કાંઈ ચેતન કાંઈ થયો અચેત, કહ્યું મુજ સંકટ થઈ સચેત. ૨૯ મહિષાસુર કરે સ્વપ્ને બહાર નાશી ગયો પુનિ કરૂં પોકાર; નાખ્યો અંધ કંપની માંય, જાગી જોઉં તો કોય ન તાંય. ૩૦ થરથર કંપે કાયા મારી, અસ્તુતિ કિમ કરિ શકુ હું તારી; તે માટે હું કાંય ન માગું, હવે હું ગૃહ તજી ઝટઝપટ ભાગું. ૩૧ ॥ ૬ ॥

દોહા—વાર વાર વીનતી કરૂં, શુણો શ્રવણ મમ માત. દિલગિર દેખી દાસને, દો મુક્તી સાક્ષાત. ૩૨ માયા સુખ સંપતી સકળ, વિષ્ટા સમ દેખાય; જે જન ઇમ જાણે સદા, કો તે કિમ કરી ખાય. ૩૩ પૂર્વ જન્મના પુણ્યથી, પીપો પામ્યો જ્ઞાન. પણ ગુરૂના ઉપદેશ વિના, કો કિમ કરિ ધરે ધ્યાન. ૩૪

ચોપાઈ—ટગણી જગ જનની ત્યાં જુવે, વાર વાર પીપો અતિ રૂવે; બોલે નહિ મુખથી કાંય વાત, દેવી સ્પર્શે કર જન ગાત. ૩૫ ફરી પીપો બોલે સાક્ષાત, ભવબંધન કાપો મુજ માત; કનક કામિની લોક બડાઇ, રંચક સુખ નથી તેમાં માઈ. ૩૬ અંતે એથી નરક નિવાસ, એમ સમજી ઉપજે મન ત્રાસ; કે દેવી કિમ તજે સુખ સાજ, અટપટિ વાત કરે કેમ આજ. ૩૭

દોહા—માયા કાજ અતિ કષ્ટ કરે, દેવ દનુજ નરનાગ; અતિ દુર્લભ સુલ્લભ નહી, તેનો કિમ કરે ત્યાગ. ૩૮

ચોપાઇ—ખરચ કરી નર જગ પૂજાયા, ત્રીલોકીમાં મીઠી માયા; રગ રગ પ્રસરી તજે ન પીડ, કિમ કરિ છુટે રંગ મજીઠ. ૩૯ જ્યાં લગિ ભક્તિ હૃદય નહિ જામે, ત્યાં લગી બ્રહ્મજ્ઞાન કિમ પામે; વીના જ્ઞાન મુક્તી નહિ હોય, કોટિક યત્ન કરો જન કોય.

૭ ।। ૪૦ મુજ કરમાં મુક્તી નથી ભાઈ, પૂછો સરસ સંત ગૃહ જાઈ; અવર સકળ સુખ આપુ તુજને, મન માને તો સેવો મુજને, ૪૧ મુક્તીની તુજ મન હોય આસ, કર પ્રભુ ભકિત મટે ભવ ત્રાસ; ભકત સંગ ભકતી નર પાવે, અવર ઉપાય કરે નહિ આવે; સંત સંગ કરિ તર સંસાર, પ્રભુના જનમાં કર તું પ્યાર. ૪૨ વચન અમૂલ અચાંનક બોલે, સકળ શાસ્ત્રનો સંશય ખોલે; ઉપજે અંતરમાં અધિકાર, પ્રભુના જનમાં કર તું પ્યાર. ૪૩ તન મન સોંપી શરણે રહો, લાભ સદા નર તનનો લહો, તરિ જા દુખ દરિયો સંસાર, પ્રભુના જનમાં કર તું પ્યાર. ૪૪ આશ્રય એક હરીનો કરો, અન્ય ધર્મ ઉરથી પરિહરો; કુટુંબ સહિત થાશે નિસ્તાર પ્રભુના જનમાં કર તું પ્યાર. ૪૫ વેદે જે મુક્તીને વખાણી તેતો ભરે ભકત ઘર પાણી તેનો દાસ થઈરે દ્વાર, પ્રભુના જનમાં કર તું પ્યાર. ૪૬

દોહા—માતા મુખનાં વચન શુણી તનમાં ઉપન્યો ત્રાસ, મુર્છિત થૈ પૃથવી પડ્યો, અંતર થયું ઉદાસ. ૪૭ પ્રસરચો પરસેવો બહુ કંપે સઘળું ગાત, દેહ ભાવ ભૂલી ગયો. જાણે થયો સનેપાત. ૪૮

ચોપાઇ—પલે પલે પીળુ મુખ થૈ જાય, મુખમાં દાંત શ્યામ દેખાય; મંદ મંદ નાસામાં શ્વાસ, નાડી મંદ વહે દુઃખ રાસ.૪૯ પલ ન ઉઘાડે મીચે નેણ, મુખથી ।। ૭ ।।

કાંઇ બોલે નહિ વેણ; મૃતક સમાન નૃપતિ થૈ ગયા દેવીના ઉર ઉગજી દયા. ૫૦ પ્રીતે પિવરાવે લૈ નીર, જિમ ભગની સતકારે વીર; પાંચ ઘડી પછી થયો સચેત, પીપો બેઠો દરદ સમેત. ૫૧ કંપે હૃદય વહે બહુ શ્વાસ, રૂદન કરી બોલે ત્યાં દાસ; મુકતી માટે સેવા અનુસરી, ઉલટી ગતી તેં મારી કરી. ૫૨ કિમ તેં કરાવ્યો મને વીશ્વાસ, જો ન મટાડે જમનો ત્રાસ; મને સેવે મુક્તી નહિ થાય, પેલું કિમ ન કહ્યું મને માય. ૫૩

દોહા—શુણી બોલ્યા દેવી તહાં, સાંભળ પીપા વાત; મુક્તી પ્રસંગ પૂછયો નથી, તેં મુજને સાક્ષાત. ૫૪

ચોપાઇ—જુઠો દોષ કેમ દે છે મને, સેવાથી કેમ વારૂં તને; મૂરખ મુક્તિ ન મુજથી થાય, શાસ્ત્ર સંત શ્રુતિ શ્રી મુખ ગાય. ૫૫ લોભ નિમીત્ત સહુ સેવે રાય, અવર દેવથી મુકતી ન થાય; સર્વ દેવ છે હરિના દાસ, એ થકી મુકતીની શી આસ. ૫૬ આદી અંત મધ્ય હરી રહે, મુકત ફરે જો ચીતમાં રહે, ઉત્પતિ સ્થિતિ લય જગમાં વહે; સદા એક રસ શ્રી હરી રહે ૫૭ સર્વ લોક હરી ડરથી ડરે, શાસન શ્રી હરિનું અનુસરે, નેતિ નેતિ નિત નિગમ ઉચારે, તે નિજ ભકત કાજ વપુ ધારે. ૫૮ એ રીતે હરિ સહુથી મોટા, બીજા જૂઠા ગાલ ગપોટા; એના શરણે જે જન જાય, તેને જન્મ મરણ નવ થાય. ૫૯

॥ ૮ ॥

દોહા—શુણી પીપો પુછે ફરી, મને નથી હરિનો લેશ માટે માત દયા કરી; દીજે મને ઉપદેશ. ૬૦

ચોપાઈ—હું અનાથ મતિનો અતિ હેણ, હરિ હરિ હરિ મુખ વદું ન વેણ;કેમ કરિ કરૂં રામની સેવ, કેમ પામું હું પ્રભુનો ભેવ.૬૧ માધવનું મળવું અતિ દુર્લભ, મૃતક તુલ્ય નરને અતિ સુલ્લભ; દેવી બોલ્યાં કરિ ઉપકાર, જેથી પીપો પામે પાર. ૬૨ કાસીમાં વસે રામાનંદ,જેના મનમાં નિત આનંદ;તેમને ગુરૂ કરિ લહો હરિભક્તી, તે થકી થાસે તારી મુક્તી. ૬૩ પુપછિ દેવી ગયાં શાસન માગી, ઉલટિ પીપાને પગે લાગી; જે જગમાં હરિ ચરણ નિવાસી, તેની હું છું જુગ જુગ દાસી. ૬૪ તે અવસર જાગ્યા સહુ લોક, પીપાના મનમાં અતિ સોક; જિમવન ભૂલ્યો ગામ ન જુવે, એમ મનમાં પીપાજી રૂવે. ૬૫ જિમ કોય વણિક વણજ કરે જાય, બાર વરસ તહાં રહ્યો લાભાય; મળ્યો ન લાભ દુખ થયું પ્રવાસ, તિમ પીપા મન થાય ઉદાસ. ૬૬

દોહા—જિમ દેરૂં હોય દેવ વિના, કંથ વિનાની નાર, તિમ પીપા પ્રભુજી વિના પ્રીતે કરે પોકાર. ૬૭ દેખીને અતિ દુખ લહે પૂછે સહુ પરિવાર, પીપા મુખ બોલે નહી આંખે આંશુ ધાર. ૬૮

ચોપાઈ—પીપાનિ ગતિ નિરખી લોક, કરે કલ્પના સંશય શોક; કોઈ કહે ॥ ૮ ॥

રાક્ષસની પડિ દ્રષ્ટ, તે થકિ પામે છે અતિ કષ્ટ. ૬૯ કોઈ કહે મારી મોટી મૂઠ, અવર વાત જાણો સહુ જૂઠ; નગર ગારૂડિ વેગે બોલાવો, મૂઠ યુકિતથિ ઝટ ઉતરાવો. ૭૦ કોઈ કહે આતો છે અંગરોગ, ત્યાગો સહુ જન જન સંશય શોગ; ઔષધ આપેથી મટિ જસે, ખરા વૈદ વિના નહિ ખસે. ૭૧ કોઇ કહે નવગ્રહનું છે દુઃખ, પાઠ કરાવો થાસે સૂખ; જોતિષ ગ્રંથ વિધિ દાંન કરાવો, નવગ્રહ નિમિત દ્વિજ જનને અપાવો. ૭૨ એમ ઊપાય કરિ પામ્યા હાર, કોઈ નવ જાણે મર્મ વિચાર; કહો કેનું હવે લૈયે નામ, કરે પરિતાપ મળી સહુ ગામ. ૭૩ નરનારી સહુ બેઠાં જુવે, ચિંતા કરી કુટંબી રૂવે; પીપા વિના કરે કુણ રાજ, સુનું નગર થયું સહુ આજ. ૭૪

દોહા—એમ સહુને સંસારમાં, સ્વારથની છે પ્રીત; સંત કૃપાળુ કારણ વિના, હરદે રાખે હીત. ૭૫

ચોપાઈ—કે પીપા તમે કરો વિચાર, હરિ વિના કોઇ ન રક્ષણ હાર; કાળ ભયંકર કરે પ્રહાર, હરિનું શરણ ગ્રહો નરનાર. ૭૬ પોતાના બળથી કેમ છૂટે, ઉલટો કાળ ચોગણો કૂટે; જે સૂરા જીતે સંગ્રામ, જેને હામ દામ બળ ધામ. ૭૭ તેતો પલમાં ત્યાગી પ્રાણ, તે જન સુતા જૈને મસાંણ; એમ સમજી સેવો ભગવાન, વાત અમારી સાંભળો કાન. ૭૮ દેવીને પૂજો નહિ કોય, એ થકિ મુકિત નહિ હોય;

તે માટે હું કરૂં પોકાર, મુજ દુખનો તમે કરો વિચાર. ૭૯ મને ઉપન્યો વૈરાગ વિલાપ, માટે તમે ન કરો પરિતાપ; નથિ આધિ વ્યાધિ કે પ્રેત, મનમાં ઉપન્યુ હરિથી હેત. ૮૦ એમ પીપો સહુને સમઝાવે, પણ કોઇને વિશ્વાસ ન આવે; જુઠી વાત જગતમાં થાય, જુઠો જુઠામાં મળિ જાય. ૮૧ જુઠાથિ ઉપજો સંસાર, જુઠા મનમાં કરે વિચાર; હું તો દેખું જુઠી બાજી, તેનાથિ કહો કેમ થૌ રાજી. ૮૨

દોહા—ત્રહે વૈરાગ વિચાર વિના, ભ્રમે સકળ સંસાર; કોઇક હરિજન ઊગરે, જો રાખે કરતાર. ૮૩

ચોપાઈ—પુનિ પીપાજી કરે વિચાર, જુઠો છે જગનો વ્યવહાર; ફોગટને દેખી હું ફુલ્યો, તેથી ભગવત સેવા ભૂલ્યો. ૮૪ પૂર્વ જન્મનો અતિ અપરાધી, લક્ષ્મીપતિની ભક્તિ ન લાધી; રામકૃષ્ણ યશ શુણ્યો ન કાન અંતર ધર્યું જુઠ અભિમાન. ૮૫ હરિકીર્તનમાં કરી ન પ્રીતિ, સુમરણનિ સીખી નહિ રીતી; સાધુનો સતકાર ન કર્યો, ચરણામૃત મુખમાં નહિ ધર્યો. ૮૬ હરિ સેવા મનમાં નહિ માની, નિશદિન પૂજી એક ભવાની; પ્રભુ દંડવત કરિ ધરણિ ન પરચો, હરિ હરિજનમાં ભાવ ન કરચો. ૮૭ દાસ ભાવ નહિ દિલમાં ધર્યો, કયારે માધવ મિત્ર ન કરચો; અર્પ્યું નહિ તન મન હરિ હાથ, એકે અંગ ન ભજયો રઘુનાથ. ૮૮ હેત કરી નહિ હરિજન જોયા, પ્રીતે ચરણ કમળ નહિ ધોયા; ભગવતને નહિ ભોગ ધરાવ્યો, અવર દેવનો પંથ

ચલાવ્યો. ૮૯ યદ્યપિ એમ ગયા દિન વીતી, પ્રભુ પદમાં પ્રગટી નહિ પ્રીતી; તદ્યપિ તે પ્રભુ મનન વિચારે, દાસ થાય તેને ઝટ તારે. ૯૦

દોહા—હે ગોવિંદ ગોપાલ હરી, નિરાધાર આધાર; પાહિ પાહિ પ્રભુ શરણ પડયો, ઊતારો ભવપાર. ૯૧

ચોપાઇ—પ્રભુ દયાળ એમ શ્રુતિ મુખ ગાય, કો કુંણ તુજ શરણે ન સમાય; વ્યાધ ગીધ ગુણકા ગજ પાપી, એવાને મુક્તી તમે આપી. ૯૨ અનેક પતિત તારયા સંસાર, કો કેમ ગણતાં આવે પાર; માટે મને વિશ્વાસ છે તારો, કિમ હરિ હાથ ગ્રહો નહિ મારો. ૯૩ એમ અંતરમાં કરી વિચાર, પીપે ત્યાગો સહુ પરિવાર; જૈ કાશીમાં દીક્ષા ધારૂં, સંસૃતિ ભારનિજ શિરથિ ઉતારૂં. ૯૪ ગજમદ મત્ત ઘણા શણગારે, સજિ અંબાડી ઊપર ધારે; ખુબ ખજાનો ઊંટપર સાજે, સહસ્ત્ર અસ્વાર સંગમાં રાજે. ૯૫ ચારગણા પ્યાદા લૈ સંગ, ચાલ્યા કાશી ધરી ઊમંગ; સહુને જૈ દીક્ષા દેવરાવું, પ્રભુ પ્રેરણા જો ઊરમાં પાવું; ૯૬ બહુ ચાલ્યા કોઇ ગામ ન રહ્યા, થોડા દિવસમાં કાશી ગયા; રામાનંદના મઠની પાસ, જૈ બેઠા ચિત ધરી હુલાસ. ૯૭

દોહા—પીપા મઠમાં પેસતાં કહે વચન પ્રતિહાર, કેમ પેસો પૂછયા વિના બેસોને તમે બાર. ૯૮ કુંણ દેસથી આવિયા કુંણ તમારૂં ગામ, કિમ આવ્યા છો ઇહાં તમે શું છે તમારૂં નામ. ૯૯

॥ ૧૦ ॥ ચોપાઈ—તમે શું જાણો રાજ અજાણ, આ છે રામાનંદનું સ્થાન; તેમને નાથ
નરપતિથી કામ, અહો નિશ જપે રામનું નામ. ૧૦૦ ક્ષત્રીવર્ણ પીપો મુજ નામ,
પશ્ચિમ દેસમાં મારૂં ગામ; આવ્યો ઇહાં દીક્ષાને કાજ, જો રામાનંદ આપે આજ.
૧૦૧ ગરૂ આજ્ઞાની જાણુ રીત, પાળું વચન ધરી ઊર પ્રીત; એ શુણિ ગયો તરત પ્ર-
તિહાર, નિજ કરથી કરિ બંધ દુવાર. ૧૦૨ રામાનંદને કહે જે વાણ, પીપા આવિ
કરાવે જાણ; સ્વામી કહે નહિ આપું બોધ, અવર ગરૂ કાશીમાં સોધ. ૧૦૩ એ મા-
યા ધારી જગ જાણે, મુજ ઊપદેશ કહો કેમ માને; પુનિ પ્રતિહાર આવિ ત્યાં દ્વાર,
પીપા પ્રત્યે કરે ઊચાર. ૧૦૪ ઘણા ગરૂ છે કાશી મહી, સ્વામી દીક્ષા આપે નહી; પુ-
નિ પીપા કહે ધરી ઊમંગ, દેવીની આજ્ઞાનો પ્રસંગ. ૧૦૫ જોન ગોસાંઇ આપે દીક્ષા,
આ તન ત્યાગુ જુવો પરીક્ષા; પુનિ પ્રતિહાર મંદિરમાં જહી, રામનંદ ગુરૂ પ્રત્યે કહી.
૧૦૬ પીપાનું મન શુદ્ધ જણાય, રહે વચનમાં પલટિ ન જાય; સ્વામી કહે ઝટ મા-
યા ત્યાગ, જો દીક્ષાનો કરે અનુરાગ. ૧૦૭ ઘરે મોકલો સંગી સાજ, દીક્ષા લૈને રહો
તમે રાજ; એ શુણિ પુનિ આવી પ્રતિહાર, પીપાજીને કહે નિરધાર ૧૦૮ સ્વામી
સીક્ષા ઊરમાં ધરો, જો દીક્ષાની ઇચ્છા કરો; ઘર તજિ રહો ધરી વૈરાગ, મીઠી મા-
યાનો કરો ત્યાગ. ૧૦૯

દોહા—સ્વામીનું એ વચન શુણી, લુટાવ્યો ધન સાજ; સકળ વસ્તુનો ત્યાગ ॥ ૧૦ ॥

કરચો, તજી લોકની લાજ. ૧૧૦ ઊંટ ગયંદ ઘોડા તજ્યા, પાસે ન રાખ્યું કાંય; સંગી સહુ સંતોષ કરી, નિજ ગૃહ પ્રત્યે જાય. ૧૧૧

ચોપાઇ—પીપાનો કોઇ કરે ન સોગ, એવો આવિ બન્યો સંજોગ; મુંડ મુડાય તજું અભિમાન, જો ગરૂ મંત્ર શુણાવે કાંન. ૧૧૨ કહે કસોટીની પુનિ વાત, અંધ કૂપમાં નાંખો ગાત; જો જીવો તો દીક્ષા દીજે, નહિ તો નામ તમારૂ ન લીજે. ૧૧૩ પીપે કર્યું કુવામાં પડવું, એકવાર મરવું તે મરવું; એવી મીઠી લાગી દીક્ષા, રામાનંદે કરી પરીક્ષા. ૧૧૪ મન ક્રમ વચને પડવા ધારે, ચાર જણા આવી ત્યાંવારે; પીપા કહે મરવા દો આજ, શામાટે તમે કરો અકાજ. ૧૧૫ સાચો સાચો કહે સહુ લોગ, પીપાના મનનો ગયો સોગ; આજ્ઞા પાંમી અંદર ગયા, ગુરૂ દરશન કરિ પરસન થયા. ૧૧૬ કરિ સાષ્ટાંગ ચરણ ધર્યું માથ, ગુરૂવેં માથે મુકયો હાથ; આપી માળા તિલક પ્રસાદ ચરણામૃતમાં આવ્યો સ્વાદ. ૧૧૭

દોહા—રામનામનું તત્વ તહાં સર્વ શુણાવ્યું કાન, અવર આસરો ત્યાગ કરો ભાવે ભજો ભગવાન. ૧૧૮ નથિ વિરકત વણ લાગતો, જગમાં શુભ ઊપદેશ; તમો શ્રોતા સકળ શુણો, આ ઇતિહાસ પ્રદેશ. ૧૧૯

ચોપાઈ—શુણે ભાગવત એક નરભૂપ, અંતરમાં ધરિ પ્રીત અનૂપ; પૈરાણિ-

કને પુછે પ્રીતે, લાગ્યો નહિ ઊપદેશ મુજ ચીતે. ૧૨૦ શુણ્યો ભાગવત સંમતબાર, છુટયો નહિ મારો સંસાર; જુવો પરિક્ષત શુણિ દિન સાત, યદુપતિને પામ્યા સાક્ષાત. ૧૨૧ તેજ ભાગવત શુણિ ધુંધકાર, સાત દિવસમાં થયા ભવપાર; તેજ ભાગવત શુણ્યું મે આંય, મારો દોષ મટયો નહિ કાંય. ૧૨૨ અવર શુણ્યું કે એ શુણ્યું અમે, કે વિધિવત વાંચ્યું નહિ તમે; કે ન થયું મુજ શ્રવણ વિધાન, આ સંદેહ હરો મતિવાન. ૧૨૩ પંડિતે ઊત્તર નવ કહ્યો, કાલ કહિસ એમ કહિ ગૃહ ગયો; સાધુ સમીપ રાતમાં આવી, શંકા નિજ નૃપનિ ત્યાં શુણાવી. ૧૨૪ કહે સાધુ નૃપને લૈ આવો, મુજથી સમાધાન કરિ જાવો; સાધુ સમીપ ગયા નૃપ પ્રીતે, કહ્યો સંદેહ રહ્યો જે ચીતે. ૧૨૫ કહે સાધુકો પ્રગટ જણાવું, કોતો શાસ્ત્ર રીતે સમઝાવું; કહે ભૂપ મને પ્રગટ જણાવો, કહે સાધુ તમે દુખ નવ લાવો. ૧૨૬

દોહા—શિષ્ય ને હાથે બંધાવિયા, ભૂપ પુરાણિક ત્યાંય; વિટયે બાંધી પુનિ કહે, પૌરાણિકને જાય. ૧૨૭

ચોપાઈ—રાજ ખોરાખ ખાધો નથિ થોડો, સનમુખ બાંધ્યો કેમ નાહિ છોડો; એજ વાત પુનિ નૃપને કહી, બન્ને બાંધેલા છો સહી. ૧૨૮ સાધુ તહાં છોડીને દોર, કહે ઊભયને વચન કઠોર; બન્ને બાંધ્યા મોહનિ પાસ, સુણો સંભળાવો લહો ઊપહાસ. ૧૨૯ બેમાં એક વિરકતનો હોય, પીજો ભાગવત સુર સરિ તોય; સૂક પરિક્ષત

નૃપ ઊભય સમાન, તમે ઊભય જગ બંધનવાન. ૧૩૦ તે સાધુનો લૈ ઊપદેશ, પૌરાણિક નૃપ તજ્યો કલેશ; ઇહાં અવર પુનિ છે દૃષ્ટાંત, શુણો સકળ શ્રોતાજન શાંત. ૧૩૧

દોહા—સાધુ સમીપ જૈ નારિ કોઇ, લૈ શિશુ ગોળ ખવાય; ગુડ ભક્ષણથી સં-તજન, સુતને દો છોડાય. ૧૩૨ સાધુ કહે લૈ આવજો, દેસકાળ છોડાય, પુનિ પ્રભાત લૈ ગઈ ત્રિયા, સાધુ કહે સમઝાય. ૧૩૩ હે શિશુ નિત ગુડ ખાય તો ઊપજે ઊર બહુ રોગ; શુણિ શિશુ મન અતિભય ધરી, તજ્યો ગોળ સંયોગ.૧૩૪ નારી કહે પ્રભુ કાલ તમે કેમ ન કહિ આ વાત, કહે ગુરૂ ગોળ તે સમયમાં ખાતો તો સાક્ષાત. ૧૩૫

સોરઠા—આપ પડે જળ કૂપ અવરને નિત વારણ કરે તે નર મૂઢ શિરભૂપ તેનો સહુ ઉપદેશ વૃથા. ૧૩૬

ચોપાઈ--રામાનંદનો સફળ ઊપદેશ, સંકન પીપાને રહિ લેશ; દસ દિન રા-ખી મન થિર થાપી, ઘરે જવાની આજ્ઞા આપી. ૧૩૭ એક વર્ષ ભકતી આદરો, સ-ર્વ સંતની સેવા કરો; સંતથિ અંતર કરો ન કાંય, તો હું આવિસ તુજ ઘર માંય. ૧૩૮ પીપો કહે કયાં છે ઘર મારે, હવે હું શરણ પડયો છું તમારે; પ્રીતે સંત પ્રસાદી પાવું, રહું દ્વારપર કયાંય ન જાવું. ૧૩૯ ત્યારે સ્વામી કહે સમઝાવી, દાસ ભાવના

મનમાં દઢાંવી; દે ઊપદેશ મોકલે આપ, રહો નિર્લેપ ન પરસે પાપ. ૧૪૦ ગુરૂનિ આજ્ઞા અંતર લાવી, નિજ ગૃહમાં પોતા પુનિ આવી; વાજાં વાગે ઘર ઘર માંઇ, નગર લોક મળિ કરે વધાઈ. ૧૪૧ મંગલ દ્રવ્ય ભરિ ભરિ થાર, કરે નૌછાવરિ નરને નાર; કામનિ કંઠે મંગલ ગાય, દેસિ પ્રદેશી દરશને જાય. ૧૪૨

દોહા—અતિ આનંદ ઊરમાં ધરી, ફુલ્યા ફરે સહુ લોગ, પણ કિંચિત પીપાને નથી મનમાં હર્ષને શોગ. ૧૪૨ સુખ દુખ મનમાં સમ કરી કરે ન કુળમાં પ્યાર અહો નિશ વર્ત્તે વિવેકથી, સમઝે સાર અસાર. ૧૪૪

ચોપાઈ—ગરૂ આજ્ઞાનો કરી વિચાર, દાસપણામાં રાખે પ્યાર; સકળ સંતની સેવા કરે, જાત વરણ મનમાં નવ ધરે. ૧૪૫ પ્રેમ દેખી પ્રભુના જન આવે, સાદર સેવા કરી રિઝાવે; પ્રભુસમ દેખિ પ્રદક્ષણા કરે, આસન આપિ વિનય ઊચરે. ૧૪૬ પદ પખારિ ચમર શિર ધારે, ધુપદીપ આરતી ઊતારે; ચંદન ચરચે મુકી માન, આપે નાગરવેલનાં પાન. ૧૪૭ બાલભોગ લૈ આગળ ધરે, એવી રીતે સેવા કરે; રૂડિ રીતે રસોઈ કરાવે, ભાવે ભગવત ભોગ ધરાવે. ૧૪૮ પ્રભુના જનની પંગત થાય, સર્વ પ્રસાદી પ્રીતે પાય; સજ્યા ઊપર સયન કરાય, ચાંપે ચરણને નાંખે વાય.૧૪૯ પુનિ, પ્રભાતમાં સ્નાન કરાવે, વિવિધ વસન સહુને પેરાવે; તિલક કરિ તુલસીની માલ

પેરાવે સહુને કરી વાલ. ૧૫૦ હરિ સમ દેખિ -હદામાં ફૂલે, ગુરૂનું વચન કદા ૧ણા-
ભૂલે; સર્વ સંતના સાંમા જાય; પ્રતિ દિન શ્રદ્ધા વધતી જાય. ૧૫૧

દોહા—તે સહુ સતની મંડલી, પોચી કાશી જાય; પ્રીત રીત પીપા તસ ક-
સાર;
ગુરૂને કહિ હરખાય. ૧૫૨ **ચોપાઇ.**—સંત શેવતાં ગયા બાર માસ; પેજૂઠ
લખ્યો રામાનંદ પાસ; એકવાર દયા કરો સ્વામી, તમે છો મુજ અંતરના જ પમા,
૧૫૩ વચન આપનું સાચું કરો. દરશન આપી દાસ દુખ હરો; મુજ આગમ ની મન-
હાં જો થાય. સંત આવી ઘર પાછા જાય. ૧૫૪ તદ્યપી હુકમ તમારો થા મુજ માય.
શેવા ત્યાં આવું ધાય; એવી ચીઠી ગુરૂએ વાંચી, સકળ હકીકત માની ? , તે પણ તુજ
તેજ સમે ત્યાં કર્યો વિચાર, કબિર રહિદાસ સંગ લૈ સાર; અવર ભ ભીજાથ એ કેમ
લાવ્યા, ગૃહિ વૈરાગી સહુ મળિ આવ્યા. ૧૫૬ ચાલો દ્વારકાં સહુ
પીપાને ઘેર રહિયે; શુણિ રામાનંદની શુભ વાણ, ગાગરૂન કેમ રહે લોક
૧૫૭ દેખિ દેખિ મારગ અનુસરે, દેખિ દેખિ ધરણી પગ ધરે; કી મળી; ૨૧૭ સીતા
વિખ્યાત, દરશન કરે આવી સહુ જાત. ૧૫૮ રામાનંદને કોઇક જોડી ત્યાં રહિદાસ,
સર્વ વખાણે; રામાનંદનુ અકળ સ્વરૂપ, કિમ જાણે નર ભેદ ચ ય મુજ માત, તુજ

દોહા—પીપાજીને ખબર થઈ, ગુરૂ આવે મુજ દ્વાર, સચ્ચી ભક્તિ કરો તમે

થીચાર કોશનીપાર. ૧૬૦ **ચોપાઇ**—તાળ મૃદંગ વ
આનંદ અતિ થાય; ગુરૂનાં દરશન કર્યાં ત્રણી રીતે, કરી સાષ્ટા
૧૬૧ ગુરૂ આદરથી ઉર લપટાવી, પીપાને મળ્યા પ્રીતી લાવી
ઉર ધરી, બીજા ભક્ત મળ્યા ફરિ ફરિ. ૧૬૨ પુનિ પીપાને મળ્યા
વહે સુખ રાસ; બોલી પરસ્પર પુછે સાર, પ્રસંગ પાત થૈ વાત
પુણ્ય પ્રગટયું મુજ આજ. પીપો કહે સરચાં સહુ કાજ; ચઢો પા
ભૂલ ન દેખો અંતરજામી. ૧૬૪ અતિ આદરથી વિનતી કરે, ત્યાર
ચરે; મારી વાત સુણો ધરી સ્નેહ, તારણા તરણા સહુ જનને એહ
પ્રતિષ્ટા સૂકરની વિષ્ટા, નરક પડે જો રાખે નિષ્ટા; એમાં બુડયો સહુ સંસાર,
તે કરે ઉધાર. ૧૬૬ ગુરૂથી સતગુરૂ અધિક સહુ કહે, જેથી પ્રભુપદ પલમાં
વર ગુરૂ એ સતગુરૂ દેવ. એમનો કોઇક જાણે ભેવ. ૧૬૭

સોરઠા—પીપો કરે ઉચાર. હું નવ જાણું મર્મ તવ; આપ કરો નિરધાર
તો સત્યજ હોય સદા. ૧૬૮

ચોપાઇ—જે ન વહે તૃષ્ણા નદી ધાર, કદિ ન કરે અંતર અહંકાર;
ક્રોધ હરદે નહિ ધરે, કદી ન જુઠ વચન ઉચરે. ૧૬૯ હર્ષ શોકથી રહે નિત દુર,

હુ ઘટે દેખે હરિ ભરપુર; નિત રાખે સાધુ સહવાસ, તે જાણો સત ગુરૂનો દાસ. ૧૭૦ એમ ચરચા કરતા સહુ જાય, ગામ સમીપે પોહોચ્યા આય; નગર નારી નર દરશન કરે, જય જય ધુનિ મુખથી ઊચરે. ૧૭૧ મંગળ કળસ સકળ ઘર સાજે, પાટંબર પટ અમિત બિરાજે; ઉડે અબીલ સુગંધી સુંદર. વિવિધ વિચિત્ર રચે સહુ મંદિર. ૧૭૨ સ્વામી બેઠા દાસ આવાસ, ચરણ પખાળે પીપોદાસ; ધુપ દીપ આરતિ ત્યાં થાય, પ્રેમીને ચરણામૃત પાય. ૧૭૩ વિવિધ વસ્ત્ર નોછાવરિ થાય; માગણ જન સહુ લૈ લૈ જાય; ખટ રસ ભોજન વિંજન થાય, ભાવતુ ભોજન સહુ જનખાય ૧૭૪ સુંદર સેજમાં ગુરૂ પધરાય, આજ્ઞા લૈ ગુરૂ જુઠણ ખાય; પુનિ કબિરની કરે બડાઈ, ગુરૂ સમાન જેષ્ટ ગુરૂભાઈ. ૧૭૫ કેશવ રૂપ કબિર નિરધાર, ગુરૂથી અધિક કર્યો સતકાર; પુનિ રહિદાસનુ કરી વખાણ, ગુરૂ સમાન આપ્યું સનમાન. ૧૭૬ ભેખ ભક્તમાં જેટલી પ્રીતી, તેથી કરી ચોગણી રીતી; ગુરૂના ગુણનું કરે વખાણ, પ્રસન્ન રહે નિત તનમન પ્રાણ. ૧૭૭

દોહા—પ્રતિદિન પીપો પ્રીત કરી, કરે સંત સતકાર; ગરૂ આજ્ઞા માગી કહે, જૈસુ દ્વારિકાં દ્વાર. ૧૭૮

ચોપાઈ—પીપાને પૂછે સર્વાંગે તમે રૈસોકે ચાલશો સંગે, ઘરમાં લાભ જો થૈ રહે દાસ, કહિ ન લહે નર જઠર નિવાસ. ૧૭૯ જીવત મૃતક વિના નહિ ભક્તિ, મે દેખાડી યે બે યુકિત; જે મન માને

તે આદરો, એજ પ્રકારે ભવ નિધિ તરો. ૧૮૦ પીપો કહે આવું હું સંગે, ચરણ શરણમાં રહુ નિત રંગે; ત્યાં પ્રયાણનો કર્યો વિચાર, વિનતી કરે સકળ પરિવાર. ૧૮૧ ઘર રહિ ભક્તિ કરો તમે રાજ. આપ વિના અતિ થાય અકાજ; સરવ જન મળિ કરે પોકાર, પ્રજા આપ વિણુ થશે બે હાલ. ૧૮૨ સકળ રાણિ મળિ બોલે વાણ, આપ વિના જશે સહુના પ્રાણ; દયા તમારી કયાં ગઇ રાજ, અમે પલકમાં મરસું આજ. ૧૮૩ થયું દુઃખ મનમાં અતિ ભારી, સોચે સકળ તહાં નરનારી; કરિ પોકાર સહુ રચિપચિ હારે, પીપો મનમાં એક ન ધારે. ૧૮૪ મહા મોહ બંધન ઝટ ત્યાગ્યો, એક ગુરૂ વચને અનુરાગ્યો; ચાલ્યા પીપા ગુરૂની પાસ, છોડી સકળ જક્ત-નો આશ. ૧૮૫ પાછળ ચાલી ચપળા રાણી, લોકલાજ કુળ લાજ ન માની; પીપા ઊભા ત્યાં કર જોડી, મહા મોહનું બંધન તોડી. ૧૮૬

સોરઠો—પીપો કરે ઉચ્ચાર, શુણો સકળ રાણિ તમે; પરસિ દ્વારિકા દ્વાર. આવિશ હું વેલો ઘરે. ૧૮૭ રાણિ કહે સુણો નાથ, વચન આપનું અટપટુ; કિમ છૂટે પતી સાથ, છૂટે પ્રાણ તન કેમ રહે. ૧૮૮ જહાં સૂર્ય ત્યાં તેજ, જ્યાં સુચિ ત્યાં દોરો સદા, ખરૂં દષ્ટાંત છે એજ, જ્યાં ભરતાર ત્યાં ભામની ૧૮૯

ચોપાઇ—પીપા ગુરૂને સમશા કરે, ગુરૂ રાણી પ્રત્યે ઉચરે; પીપાજીને તમે

નથી પ્યારી, માટે જાઓ ઘરે સહુ નારી. ૧૯૦ કોઈ નહિ ચાલો મુજ મતમાંય, કહો ફકીરી ધરી કેમ જાય; મુંડ મુંડાય ધરી ભેખનો વેશ, માગે ભીખ ફરે પરદેશ.૧૯૧ જો તમે માનો વચન અમારૂ, માયામાંથી મન કરો ન્યારૂ; જાત વરણ કુળની તજો લાજ, સમ કરિ જાણો રંકને રાજ; ૧૯૨ સુખ દુખ નિદ્રા ક્ષુધા નિવારો, કદ્દિ તન વસન કદી ના ધારો; ચાલવું ચરણે મન કરિ ક્રૂર, ક્યારે નજીકને ક્યારે દૂર. ૧૯૩ સીત તૃષા તપ કેમ સહિ જશે, આસન ધુળમાં કહો કિમ થશે; અસ્તુતિ નિંદા માન બડાઇ, કહો કિમ તજી જશે એ માઇ. ૧૯૪ એવાં આવશે દુખ અપાર; ત્યારે મનમાં થશે વિચાર; ત્યાં સુખનું સાધન નથિ કાંય, તેમ કોઇ પાસે નવ કહેવાય. ૧૯૫

દોહા—એ દુખ જો સહુ સહિ સકો, તો ચાલો સાથ અમારી; નહિ તો ઘર બેસી રહો, માનો રાજ કુમારી. ૧૯૬

ચોપાઈ--એવાં વચન સુણી સહુ રાણી, મન પરિતાપ વિકળ થૈ વાણિ; કુંણ પાપ કીધું અમે ભારી, જોબનમાં પતિ દેછે વિસારિ, ૧૯૭ હવે ઘરે કેમ જઇયે અમે, તજીએ તનકે રાખો તમે; ત્યારે સ્વામી કહે સમઝાય, પીપો તમને વેચી ખાય. ૧૯૮ કાંતો કોઈ ફકીરને દેશે, ફરી તમારૂં નામ ન લેશે; હસિ હસિ મુંડીયા દે-

॥ ૧૫ ॥ શે આળ, ત્યારે મન દુખ થાશે અપાર. ૧૯૯ કાંતો પાણિ ભરનારી કરશે, માથે ભાર કાષ્ટનો ધરશે; પગ ચંપાવે આસન ઊપટાવે, જાડણ દઈ પાતર નંખાવે. ૨૦૦ મુનિ કામિની બોલી ત્યાં વાણી, અમે તો શીખ તમારી માની; જે કહેશો તે કરિશું સ્વામી, આજ્ઞામાં નહિ આવે ખામી. ૨૦૧ રામાનંદે કાંબળ માગી, દેખી સુંદરીયો સહુ ભાગી; ફાડિ મુજ મેખળા કરી, એક એક સહુ આગળ ધરી. ૨૦૨ પેલી પીપાને પેરાવી, પછે પટરાણીને બોલાવી; સંગ ચાલો તો પેરો નારી, આભૂષણ સહુ ધરો ઊતારી. ૨૦૩

દોહા—સુંદરી કહે કર જોડીને, સુણો. સ્વામી સાક્ષાત; અવર કહો તે કીજીયે, પણ આતો દુર્લભ વાત. ૨૦૪

ચોપાઈ—સહુથી નાની સીતા રાણી, તે ત્યાં આવી મનસુખ માની; ભાવ સીતાનો દેખ્યો સાચો, સ્વામી કહે નગ્ન થઇ નાચો. ૨૦૫ આભૂષણ સહુ ધર્યાં ઊતારી, દેખે ત્યાં અગીયારે નારી; કરિ પ્રણામ વચન શિર ધારે, બીજું કાંય મનમાં ન વિચારે. ૨૦૬ વસ્ત્ર ઊતારી થઇ ત્યાં નાગી, છુટી લાજ દેહથી ભાગી; સકળ નગર નરનારી નિહારે, સીતા સહુને તૃણ સમ ધારે. ૨૦૭ રંભા જેવું રૂડું રૂપ, કહો કેમ વર્ણિ સકે કવિ ભૂપ; રામાનંદને ચરણે પડે, વસ્ત્ર આપી ત્યાં શિર કર ધરે. ૨૦૮ ॥ ૧૫ ॥

ચાંપી -હૃદય મલ્યા કરી પ્યાર, તું મુજ ધર્મ પુત્રી નિરધાર; સકળ સંતને કરી પ્રણા-
મ, પામ્યાં કંઠેમાળ હરિ નામ. ૨૦૯

દોહા—એ દૂર્લભ દેખી દશા, કરિ મનમાં માંહિ વિચાર; ત્યાં રહિદાસ ક-
બિર કહે, ધન ધન તુજ અવતાર. ૨૧૦ લોક કુટુંબની લાજમાં, બંધાયો સંસાર;
તે તો તુજને તોડતા, માત ન લાગી વાર. ૨૧૧ વિવિધ વિષય સંસારના, યદ્યપિજૂઠ
જણાય, તદ્યપિ કોય ન તજી સકે; તેં તજિ દીધા માય. ૨૧૨ દીક્ષા માટે કૂંપમા,
કહો કેમ કરિને પડાય; તેવું તુજ પતિ યે કરયું, કે તેં કીધું માય. ૨૧૩ તનની મન-
ની લોકની, લાજ તજી કેમ જાય; તે તો જો પલમાં તજી, તરણ સમ તેં મુજ માય.
૨૧૪ શીશ આશ સુરા તજી, રણભૂમીમાં જાય; કાયર જોઈ કંપે તહાં, તે પણ તુજ
થી થાય. ૨૧૫ જીવત મૃતક જે થૈ રહે, તેને પ્રભુજી પમાય, બીજાથ એ કેમ
બને. તે પણ તુજથી થાય. ૨૧૬

ચોપાઈ—શીશ વિના સૂરાનિ ભક્તિ, કહો ત્યાં કેમ રહે લોક
આશક્તિ, માન બડાઈ જે કોઇ કરે, કહો ભાઇ તેને હરિ કેમ મળે; ૨૧૭ સીતા
સમ ભક્તિ જગ માંય, કહે કબિર મુજથી નવ થાય; કહે કર જોડી ત્યાં રહિદાસ,
એવી ભક્તિની શી આશ. ૨૧૮ ધનો કહે ધન્ય ધન્ય મુજ માત, તુજ
ભક્તિ દેખી સાક્ષાત; સેનો સહુને કહિ સમજાવે, એવી ભક્તિ કરો તમે

॥ ૧૬ ॥ ભાવે. ૨૧૯ કહે કબિર શુણ પીપા મીત, સીતા સંગ લહો તમે નીત, ગાગરૂનનું છો
ડયું રાજ; પણ સરસે એનાથી કાજ. ૨૨૦ કહે પીપો મારે નથિ કામ, બીજાને આ-
પો વણ દામ; લોક વેદ નંદે નિત નારી. માટે સંગ લેવી નથી સારી ૨૨૧ પેલા ઠીક
કહી આદરશો, પણ પાછળથી લાજિ મરશો; શિષ્ય તમારો હું થઇ ચૂકયો, મુજ
માથે પથ્થર કેમ મૂકયો. ૨૨૨ છળ બળ કરી છળે એ નારી. એનિ પ્રીત નથિ કાંઇ
સારી; રાજાને ઘેર રાણી થાય, યોગી ઘર યોગણ થઇ જાય. ૨૨૩ હરિજન ઘર હરિ
દાસી થાય, જિમ તિમ કરિ નરને છળિ જાય. એની ગતિ જાણે જન કોય, જેને ગુ-
રૂગમનિ ગતિ હોય. ૨૨૪ સુરનર મુનિ મોહે જોઈ રૂપ, ભૂલે ભકિત પડે ગૃહ કુંપ;
એની ગતિ હું તો સહૂ જાણું. વાર વાર શું ઘણું વખાણું. ૨૨૫

દોહા—શુણિ સીતા કર્ગરી કહે, સ્વામી સુણો મુજ વાણ; કલંક લગાડું ન-
હિ કદી, જો છુટે મુજ પ્રાણ. ૨૨૬ જગહિત કરતા જગત ગુરૂ, કેવળ દીનદયાળ;
દાસીને દેખી દુખી, રાખો સંગ કૃપાલ. ૨૨૭ વાર વાર વિનતી કરે, પડી પ્રેમને પાસ;
સીતા જગ સાચી સતી, કહે લાલ નિજ દાસ. ૨૨૮

ચોપાઈ—સ્વામી સપથ આપનિ દિધિ, પીપે સીતા સંગમાં લીધી; ચાલ્યા
નગર છોડી નર નાથ, સમરી મુખમાં સીતાનાથ. ૨૨૯ રોવે નાપિક રોવે માળી. ॥ ૧૬ ॥

રોવે સકળ નગર નરનારી; રોવે રાણી દેખિ અવાસ, કંપે કાયા મૂકે શ્વાસ. ૨૩૦ રોવે દાસી રોવે દાસ, પીપાવણ સહુ થાય ઉદાસ; રોવે ભગનિ રોવે ભાઈ, દુખ દેખી રોવે જમાઇ. ૨૩૧ રોવે પીપા વિના પ્રધાન, રોવે ક્ષત્રિ સુભટ સુજાણ; રોવે બ્રાહ્મણ વૃત્તિહીન, રોવે માગણ મનથૈ દીન. ૨૩૨ સકળ લોક મનમાં પસ્તાય, પીપા સુખમાં ચાલ્યા જાય; ભાન ભવનનું થાય ન ભૂલે. પીપા સુખસાગરમાં ઝૂલે. ૨૩૩ કેવી પ્રીતિ મોગિ યતિની, મૃત કસું જાણે પીડ સતીની; નગર લોક સહુ પાછા જાય, પણ બ્રાહ્મણ એક આવ્યો ત્યાંય. ૨૩૪ રામાનંદ ઉપર શિર ફોડું, તાગો કરિ મુજ કરબે તોડું; પીપો છે મારો યજમાન, પાછો ફરે કે ત્યાગું પ્રાણ. ૨૩૫ વૃદ્ધ બધિર સઠનો શિરદાર, સમઝે નહિ કાંય સાર અસાર; પીપો કહે કરૂં તુજ સેવ, આજ્ઞા આપો મુજને દેવ. ૨૩૬

દોહા—મન ગમતું માગો તમે, મુજ પાસે મુજ નાથ; ગાંગરૂનમાં આપસે સંગી મોકળું સાથ. ૨૩૭

ચોપાઈ—દ્વિજ હઠ કરે ન માને શીખ, ઘરે ચાલો તો લો હું ભીખ; પ્રીતે રાજા પ્રીતે રાણી, પ્રીતે પય અને પ્રીતે પાણી. ૨૩૮ પ્રીતિહીણ કહો કેમ લહું, માન ઘટે કેમ જીવત રહું; એ તો નહિ ઉત્તમનું લક્ષણ, સત છોડી જીવે ન વિચક્ષણ. ૨૩૯ મરૂં પેટમાં મારિ કટારી, ત્યારે સંગત છોડું તારી; એમ કરતાં તો ગયો દિન વીતી,

ક્રોધિ બ્રાહ્મણે કરિ અનીતી. ૨૪૦ ખાધું વિષ કાંય કરી ન જાણ, પ્રાતસમે થૈ ગયા ગત પ્રાણ; પીપો કહે પાપ થયુ ભારી, કહો સ્વામી હવે શી ગતિ મારી. કે આ દેહ અગનમાં જારૂં, કે શિર કાપી કલંક ઉતારૂં; બ્રાહ્મણ હત્યા ઉતરે ત્યારે, એ બેમાંથિ એક કરૂ જ્યારે. ૨૪૨ સ્વામી હસે કબિર સમેત, મૂરખ મરે અનેક અચેત; કહો કેમ પીપાને અઘ થાય, પોતે ભૂલિ મરે જગમાંય. ૨૪૩ ચરણામૃત લૈ મુખમાં પાય, જેથિ બ્રાહ્મણ જીવતો થાય; ઉઠિ બ્રાહ્મણ બેઠો થયો જ્યારે, આશ્ચર્ય પીપાનેં થયું ત્યારે. ૨૪૪.

દોહા—રામાનંદ કબીરનો ચરણામૃત મહિમાય, પીપોઉર આનંદ ધરી ગદ ગદ કંહે ગાય. ૨૪૫ ત્યારે ત્યાં રહિદાસજી ગાય વધાઈ ગીત, રામાનંદ કબીરની, આરતિ કરે કરિપ્રીત. ૨૪૬

ચોપાઈ—જેનેં સંગ કબિરનો હોય, તેનેં ઓછપ રહે ન કોય; એક દ્વિજ સું અનેક ઉગારે, જો કદિ મનમાં કરવા ધારે. ૨૪૭ એનો કોઈ મહિમા નહિ જાણે. રામાનંદ મનમાંય વખાણે; એતો અકલ કળે નહિ કોય, અગોચર ગોચર કેમ હોય. ૨૪૮ ત્યારે દેખે દેજો દેખાય, નિજ બળથી કોયનેં ન જણાય; દૃઢ વૈરાગ સદા સુખદાય, એજ અગમ બોલે હિતલાય. ૨૪૯ દયા દીનદાસા તણઆણે, તેથી કોય તેમનેં નહિ જાણે; શુણિ પીપો સુખ માને આપ, મારે માંથેથિ ગયુ પાપ. ૨૫૦ બ્રા-

બ્રાહ્મણ જાણે ઉંઘ અતિ આવી, કાલ મને રંચક નતિ આવી; ગયો ક્રોધ છૂટી હઠ જ્યારે દ્વિજ પરિતાપ કરે અતિ ત્યારે. ૨૫૧ હું મૂરખ અતિ કરી અનીતિ, છે યજમાનનિ મુજ પર પ્રીતી; લૈ દક્ષણા ઘરે દ્વિજ આવ્યો, સકળ પ્રસંગ સહુને સંભલાવ્યો. ૨૫૨

દોહા—શુણિ ઉપજે આશ્ચર્ય બહુ, સમરે સંત મહિમાય; ધન્ય પીપાના જન્મને, જે હરિજન સંગ જાય. ૨૫૩ રાજદિવાન દ્વિજ મુખશુણિ, પીપાનો મહિમાય, પટરાણીનેં પુત્રનેં; કહે સહુને સમઝાય. ૨૫૪ એમ સહુનેં સંતોષ કરી, પુનિ કરવા પુર કાજ; રાજ વિધાન અતિસરસ કરી, પુત્રનેં કરયો યુવરાજ. ૨૫૫ પીપાપુત્ર ભુજ બળ પ્રબળ, પાળે પ્રજાકરિ પ્રીત; બુદ્ધિમાન ગુણવાન સદા; જાણે રાજનિ રીત. ૨૫૬ હરિ હરિજનની ભક્તિ કરે, દીનને આપે દાન એવું શુભ આચર્ણ કરે; સમઝી વેદ વિદ્વાન. ૨૫૭ આ પ્રથમ ખંડનિ કથા સુણે, કરે સંતની સેવ; દાસપણુ જો દિલ ધરે, તો મળે લાલનો દેવ. ૨૫૮

ઇતિ શ્રી ડાકોર નિવાસિના લાલદાસે નવિ રચિત પીપા પર ચર્યા પીપાપુત્ર રાજ્યાભિશેષ નામ પ્રથમઃખંડઃસમાપ્તઃ

અથ દ્વિતીયખંડઃ લિખ્યતે.

દોહા—દ્વિતીય ખંડનિ સરસ કથા શુણો સહુજન કરજોડ; પેલું મુખથી ઉચરો જયજય શ્રી રણછોડ. ૧

ચોપાઈ—સકળ સંતસંગ સ્વામી જાય, પ્રીતેં ચાલે ઉઘાડે પાય; ધીરે ધીરે દ્વારિકાં ગયા, વચમાં માસ અડાવિસ થયા. ૨ દ્રષ્ટેં દેખિ દ્વારિકાનાથ, કરિ સાષ્ટાંગને જોડે હાથ; સહુને પ્રીતેં દરશન થાય; ગોમતિ સંગમમાં નિતનાય. ૩ એ વિધિથીત્યાં રહ્યા ખટમાસ હરિહરિ સમરે અન્યન આસ; ત્યાં સ્વામી રહિદાસને પુછે, સપ્ત પુરિ ભૂતલમાં સુહ છે. ૪ દીર્ઘ લઘુ કે સર્વ સમાન, કહો વિચારી શ્રુતિ પ્રમાણ; ત્યાં રહિદાસ કહે હિતલાય, મથુરાં મોટી ગ્રંથમાં ગાય. ૫ પુનિ કબીરજી કરે વિવેક, સર્વ સમાન અધિક નહિ એક; માટે ચાલો કાસી જૈયેં, ઘરમાં બેઠા ગોવિંદ ગૈયે. ૬ પૂછે અન્યનેં આપ સુજાંણ, કાસી પ્રત્યેં કરે પ્રયાંણ; પીપાને રહેવાનો પ્યાર, તેનો મનમાં થાય વિચાર. ૭ ગુરૂ વિયોગ ઉર સહ્યો ન જાય, તેની પણ ચિંતા બહુ થાય; પુરિ દ્વારકાં મુજ મન ભાવે, આવો યોગ ફરી નહિ આવે. ૮

દોહા—મહા પુરૂષનો સંગ કદી કર્મ સંયોગે થાય; ગુણ જળનિધિ જળસમ કહો કિમ મનઘટ માંસમાંય. ૯ દ્વારિકેશ પ્રેરણા કરી, મને રાખે નિજદ્વાર; તે પ્રભુ મુ-

જને આપસે, શુભ ગુણનો ભંડાર. ૧૦ એમ મનમાં નિશ્ચય કરી, વિનય કરે ગુરૂપાસ, સીતા સહિત અતિ નમ્ર થઈ, કરે દંડવત દાસ. ૧૧

ચોપાઇ—ત્યારે સ્વામી મનની જાણી, રહો પીપા એમ બોલ્યા વાણી; સીતા સહિત મલ્યા ઉર મહી, સ્વામી સહિત ભક્ત ગુરૂ ભઇ. ૧૨ પીપા સીતા દ્વારિકાં જાય, ગુરૂ વિયોગ દુખ મનમાં થાય; નેત્રે નીર ઝરે છે અપાર, આવી પોચ્યા દ્વારિકાં દ્વાર. ૧૩ ઇહાં સ્વામી સહુ સંતને પૂછે, પીપો રહ્યા તે કારણ સૂછે; સર્વ સુણે કાંય સમઝન પરે, ત્યાં કબીર ઉત્તર ઉચરે. ૧૪ કનક પુરી માટે કરિ પ્રીત, પીપા રહ્યા ધરી ચિતહીત; પડસે જૈ સમુદ્રની માંય, તેને મળશે માધવ ત્યાંય. ૧૫ મનની ઇચ્છા પૂરણ થસે, કૃષ્ણ ભેદ પ્રીતેં પામસે; એ શુણિ સહુને અચરજ થાય, સમઝી મૌન કરે મનમાંય. ૧૬ માયિક ભાવે જાય નહિ એહ, હરિજન વિચરે હરિને નેહ; એમ ચરચા કરતા સહુ જાય, આવ્યા સરવે મધુપુરીમાય. ૧૭ પુનિ કાસીમાં આવ્યા સ્વામી અચળ થયા સહુ નિજ થળ પામી પીપા રહ્યા દ્વારિકાં માંઝ, સમરણ કરે દિવસને સાંઝ. ૧૮ એક દિવસ એમ થર્યો વિચાર, હવે જૈ પડુ સમુદ્ર મોઝાર. કનકપુરીમાં જૈને રહું, કૃષ્ણ રૂકમની દરસન લહુ. ૧૯

દોહા—કાંતો પ્રભુ દરશાન થશે. કાંતો ડુબસે દેહ; સીતા સહિત જળનિધિ પ-

ડયા, તજી દેહનો નેહ. ૨૦ દુનિયાં દેખિ દુખ ઘરે, હરિ હરિ કરે મુખમાય; પણ પીપાને દુખ નથી, દેખે નેત્ર તે ત્યાંય. ૨૧

ચોપાઈ.—ઉપર તો પાણી ફરિ જાય, પણ મારગ જળમાં દેખાય; પુરી દ્વારિકાં દેખે દૂર, કનક જડિત ઝળકે જિમસૂર. ૨૨ આગળ બે જણ લેવા આવ્યા, કૃપા કરી શ્રી કૃષ્ણે પડાવ્યા; વાટઘાટ પર પાણી નથી, જળ ઉપર ચાલે સહુ સુખથી. ૨૩ જળમાં પગનો પરસન થાય, રક્ષા કરે ત્યાં ત્રિભુવનરાય; જે તન મન ધન અર્પણ કરે તેની પૂંઠે પ્રભુનિત ફરે. ૨૪

દોહા—સ્વપ્ને દુખ દેખે નહી, સદાસુખી હરિસંગ ભવસાગરથી તરત તરે, લહે ભક્તિ રસરંગ. ૨૫

ચોપાઈ—મળ્યા માધવ મન પોચી આસ, મટ્યો મોહ માયા મનત્રાસ સોળ સહસ્ત્ર આડ ત્યાં આવ્યાં, લૈ લૈ નામ શ્રી કૃષ્ણે મળાવ્યાં. ૨૬ આદર કરિ લીધા નિજ સાથ, દેખાડે મંદિર ગ્રહિહાથ: સ્થંભ ખચિત બહુ હીરામોતી, જગમગ ઝળકે સૂર્ય સમજ્યોતી. ૨૭ ચૂવા ચંદન કપુર બહુ ભાત, જેની કોય ન જાણે જાત; દેખ્યા ઓખાના ભરતાર, દેખ્યા પ્રદ્યુમન સુકુમાર. ૨૮ સજ્યામાં સૂતા બળવીર ઉદ્ધવ અ-

કૂડ કરે સમીર; સર્વ મળી બહુ આદર કરે, પીપાનુ મન પલપલહરે. ૨૯ સીતા સહિત દ્વારિકાં જોય, પીપાનું મન રહ્યું ત્યાં મોય પ્રભુયેં આપ્યો પ્રીતેં પ્રસાદ જમતાં આવ્યો અમૃત સ્વાદ. ૩૦ પીપાનુ મન થયુ રસરંગ, ઈહાં અલૌકિક સહુનો સંગ; એવી રીતેં ગયા દિન સાત, ત્યારે પ્રભુ બોલ્યા સાક્ષાત. ૩૧ ત્યાં જાવો જ્યાંથિ તમે આવ્યા, સહુને સુંદર રીતેં ભાવ્યા; જો હું રાખું દ્વારિકાં ધામ, તારૂં જગમાં થાય ન નામ. ૩૨ પીપો કહે હવે ક્યાં જઉં, લોક પ્રતિષ્ટા હું નવ ચાઊ; મુજને સંગ આપનો ભાવ્યો, રાખો શરણે રેહેવા આવ્યો. ૩૩

દોહા—સાચી કહુંછું સર્વથા, કરી તમારી આણ; આપ વિના અવની ગયે, કેમ રેસે મુજ પ્રાણ. ૩૪ સાચ કરી સીતા તહાં, રૂદન કરે વારંવાર રાખો રૂક્મણિજી તમે દાસીને કરિ પ્યાર. ૩૫

ચોપાઈ—રેહેવાની અંતર કરિ આસ, દરશન કરવા આવ્યો દાસ; હવે હું સંગ ન છોડું નાથ, પ્રભુપદ પંકજ પરસે હાથ, ત્યાં હરિ ફરિફરિને સમઝાવે, આત્મા ઘટઘટમાં ઓળખાવે. ૩૬ તુજ અંતરમાં મારો વાસ, પ્રેમ દેખિને થયો પ્રકાસ; લોક રીત રાખો તમે આજ, મહિમા જાણે રંકને રાજ.૩૭ હાંસી કરે સકળ નરનાર, પીપો પડયો સમુદ્ર મોઝાર; જગમાં ભક્તિ કરે નહિ કોય, કો પરમેશ્વરથિ સું હોય.૩૮ મા-

॥ ૨૦ ॥ રામાં ન રહે વિશ્વાસ, વિસરે ભક્તિ વધે જંમ ત્રાસ; કોઇ ન સમરે જગમાં મને, તે માટે હું કહુંછું તને. ૩૯ ભક્તી કરો તમે ત્યાં જાય, તમને દેખિ ભરૂસો થાય; પીપો કહે સુણો ત્રિભોવન નાથ, મારી લાજ તમારે હાથ. ૪૦ રહિસ તમારી આજ્ઞા મહાં, જઈસ તહાં મોકલસો જહાં; હવે હેઠ નહી કરૂં મુજનાથ, જોયો યદુપતિ મેં સહુ સાથ. ૪૧ આતમ દૃષ્ટિ ત્યાં પીપે કરી, ઘટઘટમાં નિરખે નિત હરી; છાપ લઇ પીપાજી આવ્યા, શંખ ચક્રગદા પદ્મ લાવ્યા. ૪૨ છાપ લૈ આવ્યા પીપા આપ, દ્વારામતિમાં ચાલી છાપ, કરિ સાષ્ટાંગ કરે છે પ્રયાણ, સંત સંત એમ કહે સહુ વાણ. ૪૩ શ્રી કૃષ્ણ તહાં સાથે જાય, થળથળમાં જળ કાંઇ ન દેખાય; પીપો કહે કહાં ગયું પાણી, હુંતો પડયો તો જળનિધિ જાણી. ૪૪

દોહા—કરી દયાળે દાસના દિલની શંકા દૂર, દેખ્યું તતક્ષણ દૃષ્ટિથી, પાણી બહુ ભરપુર. ૪૫. શુન્ય માંય જેમ છે સદા, સુંદર સકળ બ્રહ્મંડ; તેમ જળમાં શોભી રહ્યાં નૌતમ નિત નવખંડ. ૪૬ દૃષ્ટે પડે નહિ દેખતાં, કાંય ન આવે હાથ, અતિ આશ્ચર્ય ઉરમાં કરી; ભુલ્યો દાનવ સાથ. ૪૭ માનવ મર્મ કયાંથી લહે, ભૂલ્યા પંડિત શૂર, અકળ કળા કોઈ નવ કળે, પણ હરિજનને હજૂર. ૪૮ પોચાડી પ્રભુજી ગયા, પીપે ઓલંઘ્યું નીર; સીતા સતી સમીપમાં, પણ ભીજયું નહિ ચીર. ૪૯ ॥ ૨૦ ॥

સંગિ છૂટા થૈ ગયા. તેના ભેગા પીપા રહ્યા, ૬૯ ઊજડ વન ત્રણ કોશ મોઝાર, ચાલી ન શકે નરકે નાર. મધુર વચન સીતાને ઉચ્ચારે, કામાતુર નર કાંય ન વિચારે. ૭૦ પેરાવું પાટંબર અંગે, રસકરિ રમણ કરો મુજ સંગે; સકળ ત્રિયામાં મુખ્ય સ્થાપું, પલંગ બેસારી પાણી આપું. ૭૧ તારૂં માન ન મેટું કાંય, નિજ કરથી નાખું હું વાય; કેમ તું કરે ફકિરથિ પ્રીત, જાણે નહિં ભોગ રસ રીત. ૭૨ તારી પાસે મગાવે ભીખ, એમ સમજી માની લે શીખ; એતો કદિ ખરચે નહિ ખાય, અધવચ મરે તો શી ગતિ થાય. ૭૩ કનક રજતનો કરો શ્રંગાર, તમને સુંપી દેઉં ઘરબાર, તમને કદી કોય નહિ હરે, મુજ બાહુ બળથિ સહુ ડરે. ૭૪ જો નહિ માને વચન તું મારૂં, કાપુ નાક કદી ન ઉગારૂં; એ શુણિ સીતા થરથર કંપે, કરડિ જીભ મરિ જા તું અજંપે. ૭૫ અધર શુકાય વદન કરમાય, પંકજ શીત મારી જેમ જાય; ડરિ ડરિ ઉર સમરે ગોવિંદ, જેમ રાહુએ ગ્રહ્યો હોય ચંદ. ૭૬ એક પુરૂષ આવ્યો વિકરાળ, લૈ પઠાણ પટક્યો તતકાળ, પૃથવી પર પડ્યો થયો અચેત, ઝરે લાળ મુખ થૈ ગયું શ્વેત. ૭૭ સીતા ત્યાંથિ મારગ આવી, સર્વ લોકને વાત શુણાવી; દોડે સંગી કરે વિલાપ, રામ જનીનો લાગ્યો શાપ. ૭૮ કાંઈક કરામત પીપે કરી, કે રક્ષણ કીધું શ્રી હરી; કરે વિ-ચાર સકળ મનમાંય. પણ કોઇથી કાંય કહ્યું ન જાય; ૭૯ જે પઠાણના સંગી સાર, જડિબૂટ્ટિનો કરે ઉપચાર; આંખ્ય મેચાવી વચન બોલાવે, મર્દન કરિ કરિ વાયુ ઢોળાવે. ૮૦

દોહા—ઉઠિ પઠાણ બેઠો થયો, મિતે મનાવે પીર; ફિકર કરે અચરજ ધરે, સમરિ વીર પિયે નીર. ૮૧

ચોપાઈ—આગળ પાછળ અધિક નિહારે, વેરી દેખિ દેખિ દિલ હારે; મૂરખ મર્મ ન જાણે કોય, વૃથા મરણ મારૂં હવે હોય. ૮૨ સુંદરિ અંગમે કર ન અડાડયો, તોપણ વીરે લેઇ પછાડયો; પડદે રહે ન આંખ જણાય, હજિ મને મારૂં મરણ દેખાય. ૮૩ એવા એ રક્ષણ કરનારા, મેં જાણ્યું સરવેને માર્યા; હવે હું એવું કયારે ન કરૂં, પરનારી દેખીને ડરૂં. ૮૪ સત્યવતી માતા કરિ જાણી, અનેક પ્રકાર પહેરામણી આણી; વિનય કરિ કરિ લાગે પાય, કરો અપરાધ ક્ષમા મુજ માય. ૮૫ પુનિતે ગયો પીપાની પાસ, પ્રાણદાન આપો પ્રભુદાસ; હું અપરાધી વિનતી કરૂં, લહો કૃપા કરી આગળ ધરૂં. ૮૬ આપું કનક રજતને ગામ, આવો તો લૈ જાઉં મુજ ધામ; સેવા કરૂં જહાં લગિ જીવું, વચન વિના પાણી નહિ પીવું.૮૭ સત્ય રામ સત્ય તમો સંત, બીજા સકળ પ્રપંચ ભ્રમંત; ત્યારે પીપા કહે સમજાય. મારે તુજપર દ્વેષ ન કાંય ૮૮ મારે મિત્ર ન મારે વેરી, રંકન રાજન અમૃત ઝેરી; તેજ વસ્તુ લ્યો પાછા ફરી, જે સીતાને અર્પણ કરી. ૮૯ મનમાં ભય શંકા નવ લૈયે, કયાં તમે જશો અમે કયાં જઇએ; પુનિ નિજ નિજ મારગ તે થયા, પણ પઠાણ ભય પામી ગયા. ૯૦

દોહા—એવું શ્રી હરિનું શરણ, મારી શકે નહિ કોય, જે હરિથી સાચો રહે તેની હાર ન હોય. ૯૧

ચોપાઇ—મારગ કીર્તન કરતા જાય, કોઇથિ કિંચિત દુખ નવ થાય; પીપા કહે સીતા ઘર જાવો, આવુ દેખિ થશે પસ્તાવો. ૯૨ જો તે મુસલમાન લૈ જાત, તો ત્યાં મારૂં કાંઈ ન વસાત; સીતા કહે સંગ બહુ નામી, શંકા કેમ ધરો તમે સ્વામી. ૯૩ રાખો સંગ ત્યાગ નવ કરો, નિર્ભય થૈ હરિ હરિ ઊચરો; જહાંતહાં હરિ રક્ષણ હાર, આવો ક્રિમ તમે કરો વિચાર. ૯૪ યદ્યપિ ભૂલ પડે મારામાં, તદપિ ભરોસ ધરો હરદામાં; આપ કહો સીતા ઘર જાવો, એવું વચન કિમ મુખમાં લાવો. ૯૫. સ્વામી વચન વિસરી ગયું, તેથી તમે મને આવું કહ્યું. આદ્ય અંત હું દાસિ તમારી, તે કહો આજ રહું કેમ ન્યારી. ૯૬ મહાસાગરમાં રક્ષા કરી, આપ સમીપમાં દેખ્યા હરી, હવે તમે ભય રાખો નહિ કાંય, હરિજનની પૂઠે હરિ ધાય. ૯૭ પીપો કહે મન જોયું તારૂં, ધન સીતા ધન વચન તમારૂ; સ્વામી જે કાંઇ કહે તે સાર, તેનો કાંય ન કરો વિચાર. ૯૮ કબિર રહિદાસે કર્યું વખાણ; તેતો વાત થઇ પરમાણ,ધના સેનાએ શ્લાઘા કરી, તે પણ વાત માનવી ખરી. ૯૯

દોહા—એમ પીપા સીતા યુગલ, ગોષ્ટિ કરિ કરે પ્યાર;તે હરિજનને હરદે ધરી સમજી ને સુખ સાર. ૧૦૦

૨૩ ॥ **ચોપાઈ**—પાંચ કોશ સુધી જ્યાં જાય, ત્યાં લઘુ મારગ બે દેખાય; મોટા મા-
રગ ભૂલ્યા તહાં, ચોર મારગે આવ્યા ઈહાં. ૧૦૧ જહાં ન કોઇ આવે જાય, ભુલા પડે
વાઘ લૈ ખાય; સમજણ ન પડે વાટ સાંકડી, શરિર છોલાય પડે આખડી. ૧૦૨ ફરે
વ્યાઘ્ર કરમાં લૈ પાશ, રોઝ ઊંટને નાખે ફાસ; દિસે ન રવિ શશિ ઘોર અંધાર, તે વ-
નમાં એક વાઘ અધિકાર. ૧૦૩ માણસ ગંધ જાણે એ જ્યારે, કોશ એક લગિ દોડે
ત્યારે; મારે મનુષ્ય ખાય કરિ રીશ; આંખ્યના ડોળા ફરે દશ દિશ. ૧૦૪ ચાર પાંચ
ગલિ એકમાં ચાલી, ત્યાં જૈ મારિ કરે સહુ ખાલી; સિંહસમાન હોય બળ જેનું, તેને
ખાય એવું બળ તેનું ૧૦૫ મારણ કારણ રોપી ફંદ, ચઢિ ચઢિ આવે અધિક નરેંદ;
હય ગજ પર થૈને અસવાર, જઈ જઈ મારે અચળ ઝુઝાર. ૧૦૬ છળ બળ કરી કોઈ
મારી ન શકે, સહુ જનની બુદ્ધિબળ થકે; કોઇથી તેનું મરણ ન થાય; પંથી અન્ય
પંથ થઇ જાય. ૧૦૭ ખરી ખબર પીપાની પામ્યો,'સિંહ વાટમાં આવ્યો સામો; તે
અવસર વાઘણ પણ આવી, ભુખી જોઇ સાવજ મન ભાવી. ૧૦૮ ઊઠી કંઠ લપટવા
આવ્યો, પીપાને જોઇ શીશ નમાવ્યો; કરે ચેષ્ટા ત્યાં શ્વાન સમાન, સિંહણ સહિત
થયું મન આન. ૧૦૯ કિંચિત સીતા સતી ન ડરે, તન મન લૈ માધવમાં ધરે; પીપા-
નું મન હરિમાં રાચ્યું, તે કરતાં સીતાનું સાચું. ૧૧૦ પીપે શ્રી ભુજ પરસ્યો માથે,
માળા તિલક કર્યું નિજ હાથે; હવે ન મારો માણસ ગાઈ, આપુ તુજને રામ દોહાઈ. ॥ ૨૩ ॥

? ...ું વચન અમારૂં માનો, અન્ય જીવની તો તમે જાણો; નાહર નીચી ડોક નમાય, પીપાના ચરણે પડયો જાય. ૧૧૨ જેમ કોઈ માણસ પરસે પાવ, તેવો તેના ...દિનાં ભાવ; પીપાનો લાગ્યો પરબોધ, સિંહણ સિંહ નિવાર્યો ક્રોધ. ૧૧૩ રામ શ-...સં દાધા જે વારે, ત્યારથિ માણસને નવ મારે; અર્દ્ધ વચન પૂરૂં આદર્યું, તેથી તેણે નર તન ધર્યું. ૧૧૪ નરસૈ મેતાનો અવતાર, ધરિને ભજ્યા ત્યાં નંદ કુમાર; ગુરૂનું વચન ધરે ચિત માંય, જીવ ભાવ તજિ બ્રહ્મ થૈ જાય. ૧૧૫

દોહા—સાવજ પ્રેત પિસાચ પણ. કરે ગુરૂ વચન પ્રમાણ; પાપી કપટી કુટિલ નર કયારે સુણે ન કાન. ૧૧૬ હરિમાં હિત ઉત્પન્ન થવા ગુરૂ આપે ઘણું જ્ઞાન, મીઠાં વચન મુખથી કહે, પણ કયારે શુણે ન કાન. ૧૧૭ સુત વિત દારા ગૃહ તજી પ્રભુમાં કર તું પ્રીતિ, સિંહ સર્પ પાવક જળથી, કદી ન લાગે ભીતિ. ૧૧૮ ચાલ્યા પીપા ત્યાં થકી રૂદિયે સમરે રામ, સંધ્યા થઇ ગઈ તે સમે ત્યાંજ કર્યો વિશ્રામ. ૧૧૯ પીપા ત્યાંથિ પ્રભાત સમે પ્રીતે ચાલ્યા જાય, નિર્વેરી નિર્ભય ફરે કોયથિ ડરે ન કાંય. ૧૨૦

ચોપાઈ—સીતા સહિત દેશમાં ફરે, હરિજન ઘરે રસોઈ કરે; દેખી પૃથ્વી પર પગ ધરે, વાટ ઘાટ પુર પાવન કરે. ૧૨૧ સમદ્રષ્ટી સહુથી સમભાવ, જાણે નહિ કોઇ રંકને રાવ; સમરણ કરિ સહુ દોષ સમાવ્યા, ફરતા ફરતા ધનોરે આવ્યા. ૧૨૨ દેવલ

દેખીને મન ઠર્યાં, શેષ સાઇનાં દર્શન કર્યાં; આવ્યા લાકડિયો બેચનારા, સરવેના માંથે છે ભારા. ૧૨૩ એક લાકડી પીપે માગી, આપે નહિ તે મૂઢ અભાગી; જો આપો તો ભેઠ ચઢાવું હરિને અર્થે એક ઉડાવું. ૧૨૪ કરી મશ્કરિ મુખ મકલાય, પાણી પીવા ઘાટ [illegible] જાય, ભારા મંદિર પાસ ઉતારી, ત્યાં કોઇયે ન રહ્યો રખવારી. ૧૨૫ પીપાજિયે હાથ લૈ ધર્યો, ત્રણ વાર હરિ અર્પણ કર્યો; લેજો ભગવત ભેટ અમારી, ત્યાં વાલે નિજ ભુજા વધારી. ૧૨૬ વાંસ વધો ગયા હાથ અઢાર, દેખિ દેખિ બહુ ડરે કંડાર; ભય પામી સહુ નાશી ગયા, ફરિ પાછા દેખવા ન રહ્યા. ૧૨૭ કૌતક દેખી પૂછે ગામ, કહો સ્વામી તમે આપણું નામ; કહો સ્વામી તમે કયાંથી આવ્યા, આવો મંત્ર કયાંથિ ભણિ લાવ્યા. ૧૨૮ સેવા ભાવ સકળ ને થાય, કરે પ્રાર્થના લાગે પાય; પીપા ત્યજી પ્રતિષ્ટા જાય, દુનિયાં દરશન માટે ધાય. ૧૨૯ ફરતાં ફરતાં આવ્યા તહાં, ભલો ભક્ત ચીધરીયો જહાં; ચીધરિયે ત્યાં કર્યો સતકાર, કરિ પૂજન પુનિપાદ પખાર. ૧૩૦ નિંજ નારીને કહે સુખ માંની, આવ્યા મહા ભાગવત જ્ઞાની; હોય વિત્ત રસોઇ અપાય, કામિનિ કહે ઘરમાં નથિ કાંય. ૧૩૧.

દોહા—જે કાંઇ ઘરમાં વસ્તુ હતી તે વેચી નિરધાર, તન ઊપર તો વસ્ત્ર નથી ઘાઘરી આધાર. ૧૩૨ તોપણ ચિંતા કાંઇ નથી. વેચો ઘાઘરી જાય, કોઠીમાં પેસી (પણ) જન ભૂખ્યા નવ જાય. ૧૩૩

ચોપાઈ.—જળથિ જ્યારે બાહેર આવ્યા, ત્યારે સહૂ જનને મન ભાવ્યા. ચરણ પરસી પુછે કુસલાત, સ્વામી કહો તમારી વાત. ૫૦ નવ દિન રહ્યા સમુદ્રની માંય, દિન દશમે તમે આવ્યા આંય; જળની બૂંદન લાગી અંગ, છુટયો નહી સતીનો સંગ. ૫૧ સુંદર સ્વરૂપ આપનું સ્વામી, સીતા સહિત અમૃત રસ પામી; જળનિધિ પડિ જીવ્યાનિ ન આશ, આવ્યા આપ અખંડ પ્રભુદાસ. ૫૨ ઝંપાપાત લહે નર જાય, તુરત મકર મચ્છ તહાં ખાય; કહો દ્વારિકાં દેખી તહાં, કે વૈકુંઠથિ આવ્યા ઇહાં. ૫૩ કેમ રહિ શકયા તમે જળ મહી, નિદ્રા ક્ષુધા વ્યાપિ કે નહી; પંડિત કહે પુરાણનિ માંય, તે તમે નજરે દેખ્યું ત્યાંય. ૫૪ કેશવ કનકપુરીનો રાજા, કેટલા કોટ અને દરવાજા; તમે સહુને કહિ સમજાવો, પડિએ પાય સર્વ સંભળાવો. ૫૫ પીપો કહે ગયો હું જ્યારે. પાણી બૂંદ ન દેખી ત્યારે; કનક મંદિર ત્યાં નથિ અંધકાર, ઉજ્વળ મણિમય દીપક સાર. ૫૬ બાવિસ યોજનનો વિસ્તાર, રાજ કરે રૂકમણિ ભરતાર; ઘર ઘર ગીત નાદ સંગીતા, જો નવ માનો પુછો સીતા. ૫૭ આદર અધિક અમારો કર્યો, મહા પ્રસાદ લૈ આગળ ધર્યો; ઉદ્ધવ આક્રૂર ને બળવીર પ્રદ્યૂમન દેખ્યા ધરિ ધીર. ૫૮ દેખ્યું દીનાનાથનું દ્વાર, કામિની સહિત સકળ પરિવાર; અનેક વસ્તુનિ ભરિ ત્યાં ખાણ, કેમ કરી હું કરૂં વખાણ. ૫૯

દોહા—તહાં રહેવા વૃત્તિ કરી, રાખે નહિ બળવીર; કરો ભક્તિ જઇ જક્તમાં મેટા પરની પીર. ૬૦

ચોપાઈ—પીપો કહે હું લાજી મરૂં, મારો મહિમા હું કેમ કરૂં; એ શુણિ સહુ મળિ કરે વિચાર, પીપો છે અંશા અવતાર. ૬૧ થયું આશ્ચર્ય સત્ય સહુ જાણી, ધન પીપા ધન સીતા રાણી; ક્ષત્રી વૈશ્ય દ્વિજ પૂજા કરે, ચંદન ચર્ચિ ચરણમાં પડે. ૬૨ યુગલ દિવસ પીપા ત્યાં રહ્યા, કોઇને કહ્યા વિના પછિ ગયા; ગંભિર વન દીસે નહિ ભાણ, ત્યાં એક વચમાં મળ્યો પઠાણ. ૬૩ કાંઇક હાથમાં હતો અધિકાર, લૈ લેવા ચહે સીતા નાર; કહો સાધુ તમે ક્યાંથિ આવ્યા, કુંની નારી કાઢી લાવ્યા. ૬૪ હવે તને બાંધુ આ ઠામ, નહિ તો કહિ દે તારૂં નામ; પીપો ઉત્તર કહે વિચારી, હું ફકિર આ મારી નારી. ૬૫ પરનારી કેમ આવે પાસ, એતો સદા સંતનિ દાસ; કહે પઠાણ મૂલ લૈ મને, દે માગે તે આપુ તને. ૬૬ તારી સાથ ન શોભે એવી, રાજ કુમારી પદ્મની જેવી; સરલ સ્વભાવે આપો મને, નહિ તો નિશ્ચય મારૂં તને. ૬૭

દોહા—પીપો પશ્ચાતાપ કરે, લેતો નતો હું સાથ, સુંપિ મુજને સ્વામિએ, જશે અસુરને હાથ. ૬૮

ચોપાઈ—છોડિ વાટ લૈ ગયો વન માંય, ગ્રહિ ન શકે સીતાની બાંય; સકળ ॥૨૧॥

ચોપાઈ—ચીધરે ઘાઘરી વેચી ત્યાંય, કામિનિ પેઠી કોઠિ માંય; રૂડિ રીતે રસોઈ દીધી, અતિ પ્રીતિથી પીપે લીધી. ૧૩૪ તરત રસોઈ કરી તૈયાર, પંગત સમય થયો તે વાર; ત્યારે પીપો કરે ઉચ્ચાર, આવો આપ બેસો યુત નાર. ૧૩૫ ત્યાં ચીધરિયો નારિ બોલાવે, વસન વિના તે કેમ કરિ આવે; પુનિ પીપાએ મોકલી નાર, સીતા ત્યાં જઇ કરે પોકાર. ૧૩૬ તો તે બોલી કોઠી માંય, પર હિત અરથે રહિ હું આંય; દીધું અર્દ્ધ વસન ત્યાં ફારી, પેરી આવ્યાં ચીધર નારી. ૧૩૭ ભોજન કરી રહ્યાં સહુ સોઇ, પીપાને કહે સીતા રોઇ; વાર વાર મુખથિ કહે વરણી, ચીધર નારીની સહુ કરણી. ૧૩૮ પીપો કહે ખરિ ચીધર ભક્તિ, અન્ય સકળ સંસારની જુકિત; અંતરનિ માંને હરિ સાચી, જગ કિરતીની માને કાચી, ૧૩૯ કરૂં શેવાતો જક્ત વખાણે, થઇશ પ્રસિદ્ધ સકળ જગ જાણે; આવ્યા હરિજન મારે દ્વારે, જહાં તહાં કહી નિજ માન વધારે. ૧૪૦ લુખુ સૂકું સંત ખવાય, પોતે છાનું સારૂં ખાય; પોતાના પક્ષીને માને, ભકિત ભાવની રોત ન જાણે. ૧૪૧ એ ભકિત જાણે જગ મોટી,પણ હરિ હરિજન માને ખોટી; એવી ભકિત કરો નહિ કોય, અંતે એથિ અતિ દુખ હોય. ૧૪૨ પીપો કહે સીતા સમજાય, ચીધર જેવી ભકિત ન થાય; પીપાને ઉપજ્યો ઊર પ્યાર, ઝરે નેત્રથી આંસુ ધાર. ૧૪૩

દોહા—સુણિ સીતા ત્યારે તહાં, મનમાં કરે વિચાર; અન્ન વિના એ દુ-

ખિત અતિ; તેના કરૂં ઉપચાર. ૧૪૪

ચોપાઈ—સ્વામિ એનું દારિદ્ર ટારો, મને શણગારી હાટ બેસારો; પુનિ પીપાની આજ્ઞા લઈ, અન્ન ખળામાં બેઠી જઇ. ૧૪૫ સહુ મસલે છે ઘઊને ગ્વાર, દૂર કરે તેમાંથી અસાર; તે પુછે સીતાને તહાં, કહો તમે ક્યાંથિ આવ્યાં ઈહાં. ૧૪૬ છું ગુણકા એમ સતી ઉચરે, ભડવો એક મુજ સંગે ફરે; દેખી રૂપ સુણી મધુરી વાણ, કામાગ્નિનાં વાગ્યાં બાણ. ૧૪૭ પીપો દૂર તમાશો જુએ, ધન્ય સતી આપોપું ખુવે; સહુજન ઘહુ ગવાર લઈ આવ્યા, લઇ સીતાએ ઢેર કરાવ્યા.૧૪૮ દેછે એક અંગ આભરણ, એક મરચીઓ કાઢે કરણ; એક વસ્ત્ર લઈ આપે ઉતારી, સ્પરશિ સકે નાહિ સીતા નારી. ૧૪૯ એકવિત્ત અધિક લઇ આવે, એક નિરખી નિરખિ મન લાવે; એકતો કામ સ્ખલિવ થૈ જાય, એકતો ધરણિ પડી અમુઝાય. ૧૫૦ એમ સહુની મતિ ગઈ છે મારી, નિરખે નેત્ર કટાક્ષે નારી; કોઇથી સ્પર્શ થાય નહિ આવી, પુનિ પીપાએ લીધી બોલાવી ૧૫૧

દોહા—ગહુ ગવાર આભર્ણ વસન, ગાડા માંય ભરાય; લાવી ધરે ત્યાં નેહથી, ચીધરના ઘર માંય. ૧૫૨

ચોપાઈ—તે દિન ચીધરના ઘર માંય, આવ્યા સંત પંચ સત ત્યાંય; ચીધરે સહુને રસોઈ આપી, સંગ્રહનું દુખ નાખ્યું કાપી. ૧૫૩ તૃપ્ત કર્યું હરિજનનું તન,

એક દિનનું નવ રાખ્યું અંન; વસ્ત્ર વિગેરે જે વસ્તુ અનંત, વેચી ભોજન કર્યું ત્યાં સંત. ૧૫૪ વેશ્યા સંગી જન જે અબુદ્ધ, તે સહુનું મન થયું ત્યાં શુદ્ધ; આવ્યા તે ચીધરને દ્વાર, સીતાને પુછે કરિ પ્યાર. ૧૫૫ કહો માત તમે સત્યજ વાણી, ત્યારે સીતા કહે વખાણી; તે પીપાનું નામ સુણિ કાન. શરણ થૈ લહ્યું મંત્ર પ્રદાન. ૧૫૬

દોહા—જે હરિ હરિજનને સદા, અર્પે તનમન પ્રાણ; તેને હરિ તતક્ષણ મળે, કહે શ્રુતિ સંત પુરાણ. ૧૫૭

ચોપાઈ—બહુ દિન રહી ચીધર ઘરમાંય, પુનિ આજ્ઞા લઇ ત્યાંથી જાય; ગામ એક તોડા છે નામ, ત્યાં વસે સુર્ય સેન મતિ ધામ. ૧૫૮. તેના નગર સમીપ કરિ વાસ, ત્યાં રહ્યાં સીતા પીપાદાસ. રાત દિવસ ગોવિંદ ગુણ ગાવે. ઘરનાં બેઠા સીધું આવે. ૧૫૯. પીપો કયાંય ઉધમ નવ કરે. રામનામ મુખથી ઉચરે. દિન બે ભોજન દિન બે નથી, પણ માગે નહિ નકહે કથી. ૧૬૦ હરિજનને હોય કષ્ટ શરીર, જેમ કંચનમાં ઝળકે હીર, રોજ રોજ અધિક ચઢે રંગ, શોભા આધક લહે. જન અંગ. ૧૬૧ નિષ્કામી નર રહે નિરાશ, કયારે ન કરે કોઇની આશ. હું છું અકિંચન એમ ન વિચારે, પ્રતિદિન પ્રભુમાં પ્રીત વધારે. ૧૬૨ હરિને કદિ ન કહિ સંભળાવે, કષ્ટ સહો મન આનંદ લાવે. કયારે પોતાને ન વખાણે, સંતનિ પ્રભુતા ઉરમાં આણે.

१६३ જે પોતાનું માન વધારે. તે નર મધ્યમ સંત ઉચ્ચારે, ઉત્તમ તેને કહિએ ભાઇ, કયારે ન કરે આપ બડાઇ. १६४ નિજ અવગુણ નિત મનમાં વિચારે, હરિનું બાંનું મોટું ધારે. એવા જનને વશ હરિ થાય, અભિમાનીથી અધિક રિસાય १६५. આપોપું કરિ કરે અહંકાર, તેને કોઈ ન છોડવણ હાર. પોતાની પ્રકૃતિથિ બંધાય, તે કેનાથી છોડયો ન જાય.१६६ પીપા સીતા સરસ સ્વભાવ, હરિને મળિ લીધો અતિ લાવ, એક દિન મજ્જન ગયા સર પાસ, માટી ખોદે પીપાદાસ, १६७. મહોર ભરેલો ગગરો મળ્યો, પીપો દેખી પાછો વળ્યો. આવિ અવાસે સૂતા જ્યારે, સીતાને સંભળાવ્યું ત્યારે.१६८. ત્યારે સીતા કહે સુણો કંત, હવે ન પાધરો તમે એ પંથ. સારૂં કર્યું સ્વામી તજિ આવ્યા, માયાયે બહુ જન ભરમાવ્યા. १६९. ગાંગરૂનનું છોડયું રાજ, પાછા ફરોતો પામો આજ. માયાનો તો સંગ ન કરો, નિર્મલ હરિનું નામ ઉચરો. १७०

દોહા—સરસ સકળ સંતે મળી નર્ણય કર્યો નિરધાર, માયા માયિક જીવનો સંગ કરો નહિ યાર. १७१. માટે માયાની તમે કદી ન કરશો આશ, જ્યારે ત્યારે મારશે. આપીને વિશ્વાસ. १७२. જવા ન દે પ્રભુ પંથમાં, ઉલટે પંથ લૈ જાય; જ્ઞાની ધ્યાની ધીર તે. માયામાં અથડાય. १७३. મન ગમતા ગુરૂને મળી છોડયું નિજ ઘરબાર, પણ તીખી વિત તરવારના વચમાં ખાધા માર.१७४. છળ બળ કળ કરિ છેતરે જીતે રાજારંક ચક્રવરતિ, ચિત નગરમાં રાજકરે નિઃશંક. १७५. દેવ દનુજા વિધિ

ઇંદ્રનર, કુંજર કીટ પતંગ, અનંત બ્રહ્મંડ ગત જીવના, અંગે વ્યાપી અભંગ. ૧૭૬.

ચોપાઇ.—કોઇને માયા માન બડાઇ, કોઇને માયાભગનિ ભાઇ. કોઇને માતા પિતા સંગાથી, કોઇને માયા ઘોડા હાથી. ૧૭૭ કોઇને લોક વેદ વ્યવહાર, કોઇને હરખ શોક અપાર, કોઇને ગાય ભેંસને ઘોડી, કોઇને માયા બેલ હળ જોડી. ૧૭૮. કોઇને માયા અધિક આચારા, કોઇને માયા અધિક પસારા. કોઇને માયા મનથિન જાય, સુક્ષ્મરૂપે રહે મન માંય. ૧૭૯ સહુમાં માયાનો વિસ્તાર, સદગુરૂ વચને ઉત્તરે પાર, સતવંતીએ સત્ય ઉચર્યું, તે પીપે લૈ ઉરમાં ધર્યું. ૧૮૦ લૈયે રામ વીત જો આવે, અવર વિત્ત પર હાથ ન લાવે. થૈ ચરચા મંદિર મોઝાર, સાંભળે ચોર ત્યાં ઊભા બાર. ૧૮૧. સાંભળિ ચોર કરે નિરધાર, ચાલ્યા તરત ન લાગી વાર. ખોદી પૃથવી ત્યાં જઇ જયારે, ત્યાંથી પાત્ર નીકળ્યું ત્યારે. દેખ્યો સરપ પાત્ર મોઝાર, અતિ ડર લાગે કરે પુંકાર. મુડિયે મશ્કરિ કરી અમારી, એના ઉપર નાખો ધારી. ૧૮૩ લાવ્યા સર્વ પાત્ર ઉપાડી, નાખ્યું ઘરમાં છાજ ઉઘાડી. ઉઠી સીતા સમરે નાથ, અર્ધરાત દીપક લઈ હાથ. ૧૮૪ દેખિતો ત્યાં મોર સોનાની, સરવે સરખી પાંચ તોલાની. ગણી સાતસો કંપે ગાત્ર, પાંચ શેર ત્રાંબાનું પાત્ર. ૧૮૫,

દોહા—સીતા પીપા મળિ તહાં. મનમાં કરે વિચાર, ઇચ્છા કરિ નથિ આપણે તોપણ આવી દ્વાર. ૧૮૬.

ચોપાઈ—થયું પ્રભાત ત્યાં ભક્ત બોલાવ્યા. હરિ ગુણ ગાતા મંદિર આવ્યા. ત્રણ દિવસ લગી ત્યાં નિત્ત, કિંચિત ઘરમાં રાખ્યુ ન વિત્ત. ૧૮૭. અચરજ થયું નગરમાં અપાર, પૂજા કરે સકળ નર નાર. જે કોઇ આવિ ધરે ત્યાં હાથ, તેનું દરિદ્ર નિવારે નાથ.૧૮૮. ત્યાર પછિ આવ્યા તે તસ્કર, પીપે બેસાર્યા કરિ આદર. તેણે વાત પ્રગટ કરી સહુ ગામ. પ્રસિદ્ધ થયું પીપાનું નામ. ૧૮૯ સુર્યસિંહ ત્યાં દિન પ્રતિ જાય, પ્રેમ દેખાડિ લાગે પાય, અધિક કરે સ્તુતી શીર નામી, મુજને શરણે રાખો સ્વામી ૧૯૦ સકળ લોકનિજ વસ થઈ ગયો. મહિમા દેશ પ્રદેશે થયો. નિશ દિન રહે જાતરા લાગી, સુરજસિંહે દિક્ષા માગી. ૧૯૧ પીપો સમજાવી બહુ કહે, મારી દીક્ષા કેમ તું ચહે. મારા સરિખો કરીશ હું તને, નારિ સહિત સરવેદે મને. ૧૯૨. જે સુંદરિ તુજ મંદિર હોય, ભક્ત થકી તે બચે ન કોય. પડદો કાંય રહે નહિ પરનો; માલ સકળ લુટી લે ઘરનો ૧૯૩.

દોહા—ગુરૂ મળવા મારગ કઠણ જન વિરલા ત્યાં જાય, તન મન ધન અર્પણ કરે તો રીઝે ગુરૂરાય. ૧૯૪. એમ સુણી અર્પણ કરે સુરજસિંહ ઉદાર, લઇ દીક્ષા પૂજા કરી ઉતર્યો ભવજળ પાર. ૧૯૫

ચોપાઈ—સુર્યસિંહના ભ્રાતા જેહ, કરે ઝઘડા પીપા સંગ તેહ. નગરથી નાશી જાય તો સારૂં, એણે બગાડયું કુટુંબ અમારૂં. ૧૯૬ સુરજસિંહ મહોચ્છવ કરે, તન

મન પીપા પદમાં ધરે. અર્ધવિત્ત ધર્યું ગુરૂ પાસ, ફરિફરિ વિનતી કરે નિજ દાસ. ૧૯૭ સ્વામી શંકા કરો ન મારી, સુત વિત સહિત લહો ઘરનારી. ગાય ગયંદને પુષ્કળ ઘોડાં, આપ્યાં વસ્ત્ર નહિ કાંય થોડાં. ૧૯૮ સર્વ પ્રકારે કરિ ગુરૂ શેવ, જે ચાહો તે લ્યો ગુરૂ દેવ. રામા નંદનો કાગળ આવે, વૈરાગી આવેને લાવે. ૧૯૯ દરશન કરવા ગુરૂનાં જાય, સીતાજીને લઈ સંગ માંય. પ્રીતે ગુરૂનાં દરશન કરી, આવે ટોડામાં પછિ ફરી. ૨૦૦ તન અભિમાન તજી સંચરે, હંસની ગતિ નિજ ઉરમાં ધરે. મુખથી બીજુ કાંય નવ ઉચ્ચરે, હરિનું વૃત દઢ હરદે ધરે. ૨૦૧ શ્રવણે પ્રભુનો મંત્ર સંભળાવે. પ્રભુ પદમાં પ્રીતી ઉપજાવે. પરોપકારી કરે ઉપદેશ, પોતાનો કાંય સ્વાર્થ ન લેશ. ૨૦૨ પીપા સીતા અનેક પ્રકારે, અધિકારી જનને ઉદ્ધારે. સુર્યસિંહને કહે સમજાય, સેવા વિના મુક્તિ નહિ થાય. ૨૦૩ પીપે આપ્યો એજ પ્રબોધ, સકળ શાસ્ત્રમાંથી કરિ શોધ. હરિને હરિજન એ બેનથી, એકરૂપ ગુરૂએ કહ્યું કથી ૨૦૪ જે ગુરૂ કહે તે સૌથી સાર, બીજુ સરવે ઘોર અંધાર. પોતાનો જાણી ગુરૂ કહે, હિત ચાહે તે જન ચિત્ત ગ્રહે. ૨૦૫ એક દિન નૃપે અશ્વ લેઇ દીધો, તે પીપાએ પ્રીતે લીધો, કરો આપ અસ્વારી નાથ, નવ દેશો બીજાને હાથ. ૨૦૬ સાંભળો પુનિ પીપાનું ચરિત્ર, સીતા સહિત સકળ જગ મિત્ર. અશ્વ ચઢી સરોવર પર જાય, પુનિ છોડીદે નિજ ગ્રહ માંય. ૨૦૭ એક દિન અશ્વે ખાધી ખેતી, કર્યો સંકેત ક્ષેત્રપતિ ચેતી. દુર્જન સુર્યસિંહના ભાઇ, રીસ ભર્યા ત્યાં પહોચ્યા જાઇ. ૨૦૮

દોહા—ઘોડો લીધો હાથ ગ્રહી બહુ બળે બાંધ્યો દામ, પીપાએ માગ્યો નહિ લઈ લીધો નિજ ધામ. ૨૦૯ ઘરમાં રાખ્યો યત્નથી યુગલ દામથિ બાંધિ, પ્રસન્ન થયા પામર સહુ પગે પછાડિ સાંધિ. ૨૧૦

ચોપાઇ—કહે પ્રભાતે પેરાદાર, પહોચ્યો અશ્વ પીપાને દ્વાર. નિજ હાથે છોડી હરિ લીધો, સહુ છાનો પીપાને દીધો. ૨૧૧ પોળે બંધ રહ્યાંતાં કપાટ અચરજ થયું ગયો કેઈ વાટ. દીસે નહી ઉઘાડુ દ્વાર, અશ્વ ગયો કેઈ વિધ આ વાર. ૨૧૨ કે સુરજનો આવ્યો દાસ તેણે સુંપ્યો પીપા પાસ. કે એને પોતે લઈ દીધો, (પણ) પ્રભુનો ભેદ ન કોઇએ લીધો. ૨૧૩ એમ કરે હરિ ભક્તની રક્ષ, બીજાને નવ રાખે પક્ષ. ત્યાર પછી સહુ છોડી રોશ. દેખે નહિ પીપાનો દોષ.૨૧૪ પુનિ પીપાનો પરચો સુણો, તેની ભક્તિ અધિક ઉર ગણો. ચાર ચોર નગરમા આવ્યા, લોકે સોર કરી રીસાવ્યા. ૨૧૫ પીપાને ઘર વાડન આડ, ખોલાં દ્વાર ન દિસે કમાડ. ભેંસ પચીસ દેખિ તે દ્વાર, વૃદ્ધ ચારને નાની ચાર. ૨૧૬ હાંકી લીધી ઘરડી છાંડી, પીપા ગયા આપવા પાડી. લો સ્વામી નિરભે યઇ તમે, દાદ પોકાર ન કરિયે અમે. ૨૧૭ સંભળાવ્યું પીપે નિજ નામ, ત્યારે ચોરે કર્યો વિશ્રામ. અમથિ ચુક પડી આ દેવ, લહો ભેંસ પુનિ કરૂં હું શેવ. ૨૧૮ પુનિ ઘરે આવી દીક્ષા લીધી, બહુ ભક્તિ પીપાની કીધી. સત્ય વિના સંતોષ ન હોય, કાચી ભક્તિ કરો ન કોય. ૨૧૯

દોહા—નિર્ભય થ ભક્તી કરી, તજી અવરની આશ; પીપા પલપલ સંતની સેવા કરે થૈ દાસ. ૨૨૦

ચોપાઈ—સેવા કરે રાખી ચિત ચાય, આત્મા દ્રષ્ટી કરે સૌ માંય; થાવર જંગમ કીટ પતંગ, કોઇને દુઃખ ન દેનિજ અંગ. ૨૨૧ કોઈમાં દોષ-દ્રષ્ટિ નહિ આણે, સહુમાં અંતર જામી જાણે, મન વચ ક્રમ હરિજનથી હીત, તજિ દે ચંચળતા નિત ચીત્ત.૨૨૨ પથ્થર કંચન રાજા રંક, સરખું દેખે થૈ નિઃશંક; એવા હરિજન જે જગમાંય, તેને પૂજે નર સુરરાય. ૨૨૩ પુનિ કથા સૌ સુણો પવિત્ર, પાપહરણ પીપાનું ચરિત્ર; એક દિન પીપા ગયા કોઈ ગામ, સુંદર ઉત્સવ થયો તે ઠામ. ૨૨૪ ભક્ત એક સુને ઘર આવે, સીતાજીને વચન સુણાવે; હું ચીથરિયા કન્યા વરૂં, આપો કાંઈ તમને કરગરૂં ૨૨૫ એ શુણિ વચન ન લાગીવાર, અશ્વભેંશ આપ્યાં તતકાળ; ત્રીજે દિન પીપા ઘર ગયા, શુણિ વૃત્તાંત અતિ સુખિયા થયા. ૨૨૬ રિસકરિ સૂરજ કરે ઉચ્ચાર, માતા કાંય કર્યો ન વિચાર; સકળ ચીજ એક સંગ પરિહરિયે. કો પછે સેવા કેમ કરિ કરિયે. ૨૨૭ સીતાએ શુણિ ભોળો જાણી, પ્રીત ન તોડી શીખ ન માંની; ભીડ ઘણી ભકતોની થાય, આપે આદર મન ન દુખાય. ૨૨૮ કયારેક વેચે ગગરો થાળી, કયારેક અર્દ્ધ વસ્ત્ર દે ફાડી, એક મોદિ મન કરિને વિચાર, વણ માગે આપે ઉધાર. ૨૨૯

૨૯ ॥ કાગળ લખ્યો સાક્ષી કરી ભારે, લહુ ત્યારે તમે આપો જ્યારે; ઉઘરાણી ન કરૂં તુજ
પાસે, ખાય સંત હરિ અર્થે જાશે. ૨૩૦ પણ છઠ્ઠા મહિના મોઝાર, ઉઘરાણી કરિ કરે
તકરાર; પીપો કહે તેં આપ્યું કયારે, કાઢ સાક્ષી લીધું હોય જ્યારે. ૨૩૧ પંચમાંપત્ર
મંગાવ્યો જ્યારે, કોરો કાગળ નિકળ્યો ત્યારે; ઘરના સરવે કાગળ ખોલ્યા, જે દેખે
તે સરવે કોરા. ૨૩૨ જૂઠો જૂઠો સહુ જન કહે, વણિક ન મુખમાંથી ઉચરે, ભરી સં
ભામાં જુઠો કીધો, ત્યારે પીપો કહે મેં લીધો, ૨૩૩ હરિની માયા હરિજન ખાય, તું
કેમ જુઠો કરે બડાય; હળવે હળવે આપિશ તને, લૈ જાણો આપીને મને. ૨૩૪ એ
શુણિ વણિક સુખી અતિ થયો, સ્વામીનો તે શિષ્ય થૈ ગયો; ત્રિભુવન પતિગતિ ગ-
હન તમારી, ફરિફરિ રાખો લાજ અમારી. ૨૩૫ ધનની મન મોટપ નવ ધરિયે, વ-
ચન જાય જીવી શું કરિયે, વણિક રીશ અંતરથી કાપી; અવર ભેઠ પીપાને આપી.
૨૩૬ મહિમા ચાલ્યો દેશમોઝાર, શાહ રહ્યો પીપાથી હાર; પછી વણઝારો આવ્યો
નગરમાં, પૂછે બળદ ફરે ઘરઘરમાં. ૨૩૭ આપો મોલ નગરમાં કોય, જેને બળદ વે-
ચવા હોય; પુનિ પૂછતો ગયો તે તહાં, ચોરામાં બેઠા જન જહાં. ૨૩૮ જો તું
બળદ લેવાને આવ્યો, તો અમે કહિયે ત્યાં તમે જાવો; મોટા અહિર બળદ નથિ થોડા,
અગણિતગાય ભેસને ઘોડા. ૨૩૯ એક હજાર એકલો દેશે, મૂલ તમારૂં પેલુ લેશે;
સહુ ગ્રાહક ત્યાંથી લૈ જાય, બેઠો અહિર જ્યાં મુંડ મુડાય. ૨૪૦ એ છે મોટા ભક્ત ॥૨૮॥

અમોલ, તેથી તમને કહિએ બોલ; નાયક સુણિ મશ્કરિનું વચન, આવ્યો તે પીપાને ભવન. ૨૪૧

દોહા—ઠગ વાણી સાચી ગણી પ્રીતે પૂછે જાય, આપો તમે બળદ બહુ પુનિ અગણિત છે ગાય. ૨૪૨

ચોપાઈ—હસિહસી બોલે પીપાવાણ, એ કુણે ભરમાવ્યો અજાણ; નહિ કહું તો તે સત્ય ન હોય, હા કહું તો માને નહિ કોય. ૨૪૩ એ બે વાત કઠણ છે આવી, ત્યારે સીતા કહે સમજાવી; એને માથે મૂકો ભાર, તો સાચી માને કરતાર. ૨૪૪ કો ભાઇ તમે કેટલા લેશો, દામ કેટલા અમને દેશો; એવું પીપો બોલી રહ્યા. નાયક કહે પેલું ધન લહો. ૨૪૫ અમે તમને પેલુ કહિ દૈયે, ઘરડા નાંના બળદ ન લૈયે; તમે જાણો એમ પીપા બોલે, ત્યાં વણઝારો ગાંઠડિ ખોલે. ૨૪૬ સાતસોહ રૂપૈયા દીધા, લેખે થયા તે પીપે લીધા, બેટે દે એમ કહ્યું સમજાવી, ત્રીજે દિવસે લેજો આવી. ૨૪૭ ત્યાં સુધી રાખો વિશ્વાસ, થશો નહિ મનમાંહિ ઉદાસ; કોઇને વચમાં રાખ્યો નઈ, વણઝારો ગયો નિર્ભય થઇ.૨૪૮ સંતસમૂહ બોલાવી લીધો, પીપે મહામોહોત્સવ કીધો, તે અવસર વણઝારો આવ્યો. સંત દેખિ મનમાં સુખ લાવ્યો. ૨૪૯ બહુ મંડળિ માધવ ગુણગાય. વિવિધ પ્રકારે રસોઈ થાય, હરિ યશ ઉચરે સકળ વૈરાગી, સહુની લગન હરિથી લાગી. ૨૫૦

દોહા—હરિ હરિ મુખ ઉચ્ચરે સહુ, આનંદ થાય અપાર; કોટિક કૌતક થાય તહાં, નિરખે નરનેનાર. ૨૫૧ પીપે તહાં બોલાવિયો વણઝારો તતકાળ, બળદ તમારા લ્યો તમે, રાખીને સંભાળ. ૨૫૨

ચોપાઈ—આ બેઠા વૈરાગી કેવા, બળધ અમારા તો છે એવા; મનમાંને તે લ્યો એમાંથી, બીજાં ઢોર અમારે કયાંથી. ૨૫૩ કહે વણઝારો જોડી હાથ, હું ભોળો તમે દઢ છો નાથ; ભલે તમે ખરચ્યું વિત્ત અમારૂં, હું જાણુંછું નામ તમારૂં. ૨૫૪ ગાંગરૂનનું છોડી રાજ, તોડે રહી કરો શુભ કાજ; કરૂણા મુજપર કરતા રહો, એ ખરચ્યું વળિ બીજુ લહો. ૨૫૫ પીપો કહે તમારો ભાવ, સંત સેવાનો લહો તમે લાવ; નાયકને મન ઉપજ્યો ઉમંગ, વસ્ત્ર અનેક લાવ્યો બહુ રંગ. ૨૫૬ સહુ સંતને પહેરામણિ કીધી, મન ભાવતી ભેઠ બહુ દીધી; પીપે નાયકને ભરિ મોદ, તિલકમાળ દીધો પ્રબોધ. ૨૫૭ સંતની સેવા સાધન સાર, પ્રીતે કરિ ઉતરો ભવપાર; સરે સંતથી સરવે કાજ, એ નિશ્ચય તમે સમજો આજ. ૨૫૮ કદી ન કોઇની નિંદા કરો, કઠણ વચન મુખ નવ ઊચરો; પરનારીની પ્રીત નિવારો, અન્ય દેવ આશ્રય નવ ધારો. ૨૫૯

દોહા—હર્ષશોક મદમોહ મદન માયા કટક અપાર, વિરતિ ખડગ ધૃતિઢાલ ગ્રહિ સુખે કરો સંહાર. ૨૬૦ ચૌપાઈ સૂણી વચન વણઝારો ગયો, પીપાનો યશ અધિક જગ

થયો; મૂરખ લોક ન સમજે ભેવ, પીપા પૂજે સહુ ઘટ દેવ. ૨૬૧ પરમાર્થની જાણે પ્રીત, નિશદિન પ્રભુપદ પંકજ પ્રીત. ભક્તને તનમન અર્પણ કરે, સહુથી નિડર ભક્તથી ડરે. ૨૬૨ કામક્રોધ મદ નહિ મનમાંય, માન મોહના સમિપન જાય, સતગુરૂ શબ્દ કદી નહિ છોડે, દાસ ભાવમાં પ્રીતી જોડે. ૨૬૩ રાગદ્વેષથિ રહે નિત દૂર, ભવમાં હરિ દેખે ભરપૂર; અતિ ઉદાર પર પીડનિવારે, ગુરૂનિ કસોટીથી નહિ હારે. ૨૬૪ અભ્યંતર નિર્મળ નિત રહે, ઇષ્ટ અનિષ્ટ ભલે કોઇ કહે, વાદવિવાદ કરે નહિ કાંય; બાંનું દેખી લાગે પાય. ૨૬૫ પીપા સીતાની એ રીત; અવગુણ દેખે પણ કરે પ્રીત. કોઇ ક્રીયાનો ન કરે વિચાર સદા સુદ્ધ રાખે આચાર. ૨૬૬

દોહા—વારવાર શું વર્ણવું પીપાનું વૃત્તાન્ત, મન અતિ નિર્મળ થૈ ગયું સર્વ પ્રકારે શાન્ત ૨૬૭ દ્વિતિય ખંડની આ કથા સુણી લહે વૈરાગ, ભક્ત ભગવંતમાં ઉપજે; અંતર અતિ અનુરાગ. ૨૬૮ માટે મન શ્રદ્ધા ધરી લાવીને અવકાશ, સુણોલાલ કહે કરગરી દાદાજીનો દાસ. ૨૬૯

ઇતિશ્રી ડંકપુર નિવાસિના લાલદાસેન વિરચિત પીપા પરચર્યા દ્વિતીય ખંડઃ સમાપ્તઃ અથ તૃતીયખંડઃ લિખ્યતે.

દોહા—તૃતીય ખંડની સરસ કથા, જે જન સુણશે કાન, અઘ અનેક અળગાં થશે મળશે શ્રી ભગવાન. ૧

ચોપાઈ.—સીતાની ભક્તિ સુણે સાચી, જે હરિજનની આગળ નાચી; પીપા ફરી ગામ ગયા જ્યારે, ભક્ત એક સંત આવ્યા ત્યારે. ૨ નિજ મંદિરમાં કાંય ન અનાજ, કેમ કરૂં પરમેશ્વર આજ; કોઈ ઉધાર ન આપે કાંય, ભૂષણ વસન નથિ ઘરમાંય. ૩ વણિક એક વિષય રસચારી, તે કહે છે સુણ સીતા નારી; એક નિશી સેવો મુજ કને, જે માગે તે આપું તને. ૪ બહુ સારૂં એમ સીતા બોલી, બંધ દુકાન વણીકે ખોલી; મોદી મન પ્રતીત જિમ થાય, સીતારામ શપથ તિમખાય. ૫ ત્યારે વણિક મન થયું ઉદાર, આપ્યું સીધું ન લાગીવાર; જે માગે તે આપી સહી, વસ્તુ કોઈ ન અધૂરી રહી. ૬ કરી રસોઈ ભક્ત જમાવ્યા, તે અવસર પીપાજી આવ્યા. સીતા વાત કહી સમજાય, પીપારિઝ પલોટે પાય. ૭ ગયો દિવસ થયો નિશિ સંચાર સીતા તુરત થયાં તૈયાર. નિશિ અંધારી વરષે મેહ, ચાલ્યાં સીતા સાહને ગેહ. ૮ દેખિ એકલાં પીપા ખીજે, પગે કચરો જોઈ વણિક ન રીઝે; રીશ કરિજો પાછી વાળે, તો તું ચિંતા કરિ મનબાળે. પરમારથ હિત કર્યો ઉપાય, પીપે લીધી કાંધ ચઢાય; ઉપર ઓઢી કાંબળ કાળી, વણિકને હાટે દિધિ ઉતારી. ૧૦

દોહા—કમાડ ઉઘાડિ અંદર ગયાં. પીપો બેઠો બાર, દીપ પ્રકાશે દેખિ વણિક. પડયો ચરણ મોઝાર. ૧૧ ધન્ય ધન્ય માતા તને, ધન્ય ધન્ય તુજ સાચ, પર-

ચોપાઈ—કરે સકળ નર તેની શેવ, અતિ આદરથી પૂજે દેવ, માટે હરિભક્તિ આદરો, જૂઠો જન્મ સફળ લૈ કરો. ૩૨ નરનું તન ધરિ ભકિત ન કરે, તે જન લક્ષ ચોરાશી ફરે; નરતન જો ઇચ્છે નિત દેવ, તે હરિએ આપ્યું તતખેવ. ૩૩ તદ્યપિ હરિ તજિ સુખને અર્થ, ઉધમકરે સકળ નર વ્યર્થ, આદિ પુરૂષ પ્રભુ વંદેવેદ, જેનો સુર નર લહેન ભેદ. ૩૪ તે ભગવતની ભક્તિ ન જાણી, અવર દેવની વાત વખાણી. અન્ય ધર્મથી મુક્તિ ન હોય, કોટિક યત્ન કરો તમે કોય. ૩૫ બે દિન સુખ પામે કદિ કોય, અંતે આધક અધિક દુખ હોય. માટે સુખની આશા છોડો, વિષય વાસનાનું બળ તોડો. ૩૬ આશા રહિત ભજે રઘુરાય, તેને જીવન મુકિત પમાય. કર દાસા તણ કર વૈરાગ, શું સૂતો નર જાગરે જાગ્ય. ૩૭

દોહા—નિંદા ન કરો કોયની રાખો દીન સ્વભાવ, મધુર વચન મુખ ઉચરો, લહો જકતમાં લાવ. ૩૮

ચોપાઈ—કુદિ કસોટિમાં કોઈ કસે, કોટિ ભકતમાં કોઇ થિર થશે. જેને પડદો હોય ન કાંય, દેખે બ્રહ્મ સકળ ઘટમાંય. ૩૯ દિનકર પરબ્રહ્મ પહિચાણે, છાયા સકળ જૂઠ કરી જાણે. હું મારૂ કરે ભકિત ન હોય, આપુ મેટિ કરે જન કોય, ૪૦ જ્યાંલગિ લોક માંન મન માંય, સુખ સંપતિની ચાહન જાય. ત્યાં લગિ રીઝે નહિ રઘુરાય, નાચે

કૂદે કીર્તન ગાય. ૪૧ તેથી પીપે લાજ વિસારી, શિક્ષા શ્રી ગુરૂની ઉરધારી. કરે મશ્કરિ સહુ સંસાર, મોકલિ વણિક ઘરે નિજનાર ૪૨ ચરચા ચાલી જગ મોઝાર, પીપો માગી આપેનાર. ચાર કામિએ ચિત્તમાં વિચાર્યો, સીતા લેવા ભેખ લૈધાર્યો. ૪૩ તિલક ભાળ માળ ઉરધર્યો, ગુરૂનો શબ્દ શ્રવણ નથી કર્યો. તે સહુ પીપા પાસે આવ્યા પીપે પ્રીતે ઉર લપટાવ્યા. ૪૪

દોહા—ત્યાં બેઠા વિનતી કરે, આપો અમને નાર. આવ્યા અમે આશા કરી, પ્રીતે પ્રભુ તુજ દ્વાર. ૪૫

ચોપાઈ—તમે સૂપોછો સૌને નારી, માટે પૂરો આશ અમારી. તમેછો ભક્ત નકાર ન કહો, હરિને હિત કાંઇક ધન લહો. ૪૬ લોભે ભેખ ભકતનો ધર્યો, ક્યારે સંત સંગ નથિ કર્યો. ક્યાં દેખી ભકતોની ટોળી, બારે વરષે આવે બોલી. ૪૭ પૂરણ જ્ઞાન થાય છે જ્યારે, ગુરૂ દીક્ષા આપે છે ત્યારે. પીપે આપ્યો આદર ભાવ, સીતાને કહે સેજ બીછાવ. ૪૮ ઘર બેઠાં આવ્યા હરિ આજ, સર્યાં આપણાં સરવે કાજ. માટે શેવા કરો મન ભાવે, આવો અવસર ફરિ નહિ આવે. ૪૯ સુણિ સીતા મંદિરમાં પેઠી, પ્રગટી દીપ પલંગે બેઠી. પીપો કે લ્યો દાસિ તમારી, હવે શંકા કરશો નહિ મારી ૫૦

દોહા—ચાર દિવસની જાણજો પીપાની આ નારિ, જન્મ જન્મ લગિ છે સદા

મારથના કારણે સાચું દીધું વાચ. ૧૨ જુગજુગ તું જનની સદા, જુગજુગ હું તુજ-
બાળ; આપો એ વરદાન મને. રાખો નિત સંભાળ. ૧૩

ચોપાઈ—કપટ ગયું જનની કરિ જાણી, પાટંબર ઓઢાડયું આણી; વણિક કહે સુણ તું મુજમાય, કેમ કરિ આવ્યાં સૂકે પાય. ૧૪ સીતા શરમ ધરી ઉચરે, પીપા નામ પ્રગટ ત્યાં કરે; હઠ વશ મુજને કાંધ ચડાવી, બાહર દેખો બેઠા આવી. ૧૫ વ-ણિક ઉઠિ ત્યાં લાગ્યો પાય, કરો અપરાધ ક્ષમા ગુરૂરાય; કૃપા કરો ડર હરો દયાળ, મેં માતાને દીધી ગાળ. ૧૬ હવે તમે મુજને દીક્ષા આપો, ભક્તિ આપી કલ્મષ કાપો; પીપા કહે સુગમ નવ જાણું, સહુથી કઠણ ભક્તનું બાનું. ૧૭ આ નહિ લોક લાજનું કામ, સહુ સૂપે તો પામે રામ; કુળ કુટુંબ શરમ સહુ છાંડે, ત્યારે પ્રભુ પથમાં પગ માંડે. ૧૮ ખાંન પાનનો તજે વ્યવહાર, અવર ક્રિયાનો કરે અહાર, સંસારીની સંગત છોડે, પિંડ પડે પણ મન નહિ મોડે. ૧૯ અવર દેવનો ડર નહિ આણે, વિના રામ કોઇને નહિ માને; એવો વિકટ પંથ છે ભ્રાત. મન માનેતો આવો પ્રભાત. ૨૦ વણિકને વાત કહી સમજાવ્યા, સીતા સહિત નિજ મંદિર આવ્યા; મોદીને મોટી થૈ રાત, જિમ તિમ કરિને થયું પ્રભાત. ૨૧ પાન મીઠાઇ લવિંગ સોપારી, લીધી ભેડ ભરીકર થાળી, પીપે મંત્ર સંભળાવ્યો જયારે, રામરામ મુખ સમર્યા ત્યારે. ૨૨ સકળ

સંતની સેવા કરજો, સરવ વસ્તુ આપી આદરજો; હરિજનથી પડદો નવ કરો, તો ભવસાગર સેજે તરો. ૨૩

દોહા—અતિ આદરથી હઠ કરે શેવા આપવા સાહ, કહે પીપો કદિ નહિ થશે, હરિવિણ મુજ નિરવાહ. ૨૪

ચોપાઈ—જન સાચો જુઠો નહિ હોય, હરિનું શરણ લહે જે કોય; અચરજ કરે ગામના વાસી, શ્રવણે સુણિ સુણિ આવે હાંસી. ૨૫ વિપ્ર વણિક મુખથી કહેકથી, એવી ભક્તિ નિગમમાં નથી; જેના મનમાં જેવું હોય, તેવું ઘટઘટ કહે સૌ કોય. ૨૬ સૂર્યસિંહ મુખથી નવ કહે, મનની મનમાં સમજી રહે; પીપો યશ અપયશથી દૂર, પણ નિત હરિથી રહે હજુર. ૨૭ જ્યાં લગિ જે જન જગમાં રાચ્યો, ત્યાં લગિ તેને જાણો કાચો; જે ખટપટમાં નહિ ખેંચાણો, તેને ભક્ત રામનો જાણો. ૨૮ શ્રદ્ધાએ સમરે જે કોય, તેને તરત પ્રગટ પ્રભુ હોય; કોટિક કાળ મારવા આવે, કાઢે કસોટિ દુખ ઉપજાવે. ૨૯

દોહા—ઇમ અનેક વિધ રજનિ દિન દુખ આપે કદિ કોય, પિંડ પડે પ્રભુનો જન, ભક્તિ તજે નહિ તોય. ૩૦ તેતો જનની જઠરમાં કદી ન પામે વાસ, મૃત્યુ માથે પગ ધરી. પ્રભુપદ પામે દાસ. ૩૧

॥ ૩૨ ॥

સીતા દાસિ તમારિ. ૫૧ મારી સત્તા કાંઇ નથી. કિંચિત ઘરની માંય, એમ પીપો કહે કરગરી પ્રીતે લાગી પાય. ૫૨

ચોપાઇ—વચન સુણી ત્યાં કરી વિચાર, એક ગયો બીજા રહ્યા બાર. કામ-કળા નારીથી પ્રગટી, જો દેખે તો વાઘણ વિકટી. ૫૩ સીતા વાટ જુવે ઘર અંદર, કેશવે કર્યું ચરિત્ર અતિ સુંદર. ભાગ્યો કામી અતિ ભય પામી, ફરિ ચારે મળી દેખે કામી. ૫૪ મહા ભયાનક સન્મુખ દેખે, સાંકળે બાંધેલી સહુ પેખે. મુંડિયે મશ્કરિ ખોટી કીધી, નારી બદલે વાઘણ દીધી. ૫૫ જો ઘરમાં જૈયે તો ખાય, પછિ પરિતાપ કરે શું થાય; જોગી જતી સતી સંન્યાસી, તેની ક્યારે ન કરવી હાંસી. ૫૬ પીપો ક-પટિ પીડ ન જાણે, ભકત થઇ મુખ જૂઠી વખાણે. આવાં કામ કરે તું દાડી તેં અમને વાઘણ દેખાડી. ૫૭ જૂઠી ભકતી જકત વખાણે, પણ જગ કરતા સાચી ન જાણે. સં-પત માટે માણસ મારો, પછિ પત્તો ક્યાં લાગે અમારો. ૫૮ પીપો કહે દોષ નહિ મારો, તમે સર્વે મનમાંહિ વિચારો. હરિયે વાઘણનું કર્યું ઓઠું, દેખી કર્મ તમારૂં ખોટું. ૫૯ હું જાણુ સૌને સુખ થાય, શું કરૂ શ્રીહરિ આડા થાય, સુણિ કામી સમજ્યા મનમાંય, પછિ પીપાને લાગ્યા પાય. ૬૦ અમે અપરાધી કપટી કામી, આપો શુભ મતિ અં-તરજામી. સ્વામિયે કહિ તે માની લીધી, પછિ પીપાએ દીક્ષા દીધી. ૬૧

૪।। દોહા—શેવા ભક્તિ કરો સદા રાખી ચિતમાં ચાય, કદિ ન કુબુદ્ધિ ઊપજે.
વધે મોદ મનમાંય. ૬૨ પૂરણ પ્રીતી ઉર ધરી કરે સંતની શેવ, કદિ સ્વપ્ને સંસારમાં
બીજો દેખે ન દેવ. ૬૩ કળિમાં સાધન કાંઇ નથી, એક નામ આધાર; સમરો લોક
લજ્યા તજી તૃણ સમ ગણો સંસાર. ૬૪ સીતા સહિત પીપા પ્રભુ સંત સદા ચિત
ચાય તજી અંતરની ઇરષા નિત હરિના ગુણ ગાય. ૬૫ સહુથી પ્યારી સુંદરી રચિ
પચિ મરે સંસાર, તે પીપે તૃણ સમ કરી મુકયો શિરનો ભાર. ૬૬

ચોપાઈ—ફરિથી કથા સુણો સહુ કોય, જેથી જનમન નિર્મળ હોય, એવિ
કથા ભક્તની પ્યારી શ્રવણ સુણિ ઉધરે સંસારી. ૬૭ સાચો ભક્ત ભગવતને ભાવે.
જુઠા જનની નિકટ ન આવે પીપો કહે સ્વારથ નથિ લેશ. માટે તજો કપટનો વેશ.
૬૮. જેવી કરિ મેં તેવિ કહું, સકળ લોકનો સંશય દહું, તેજ સમે એક કામી આવ્યો,
આદર કરિ પીપે પધરાવ્યો. ૬૯ સીતા કારણ વિનતી કીધી, આજ્ઞા ત્યાં પીપાએ
દીધી. અભ્યાગત કહે આજની રાત, તે તું કર સીતા સાક્ષાત. ૭૦ ત્યારે સીતા આ-
વી પાસ, થૈ ભક્તને ચોગણિ આશ, ચાલો સુંદરી જૈયે ભાગી છો પીપો પછે જોવે
જાગી. ૭૧ બહુ સુખમાં હું રાખિશ તને, કામનિ નવ છોડો મને, ચાલ્યાં સીતા
ભક્તને સંગ, તેનો હાથ ન પરસે અંગ. ૭૨ સીતા અતિ આતુર થૈ ચાલે, ।।૩૪।।

થયો પ્રભાત હલાવિ ન હાલે; કોમળ તન દુઃખ થયું અપાર, ત્યાં મુરખ બહુ કરે મનનુંહાર ૭૩.

દોહા—પીપા પાસેથી અમે માગ્યું તારૂં અંગ, તે માટે તમે માનુની મારો તજો ન સંગ. ૭૪ સ્વામી સરળને શાન્ત સદા મનમાં હર્ષ ન શોક પણ ખાંતેથી ખોળશે, અંગિ પ્રસંગી લોક. ૭૫

ચોપાઈ.—હુંજ કહિશ એ તો છે એવી, મને મુકી નાશી જૈ કેવી, ત્યારે સીતા કહે સમજાય, પતિની આજ્ઞા કેમ મેટાય. ૭૬ એક રાતની આજ્ઞા દીધિ, વાત તમારી માની લીધી, બીજે દીવસ કરૂં નહિ નેહ; તમે મનમાં ન કરો સંદેહ. ૭૭ કામી કહે ચલાવી જ્યારે, તનપર હાથ ન દીધો ત્યારે; સીતા કહે વચન નહિ ટારૂં પતિવ્રત ધર્મ કહો કિમહારૂ. ૭૮ હવે હું જઉછું સ્વામી પાસ, તમે ન કરો અમારી આશ; એવું સુણિ કામી પસ્તાય, મારગ ચાલ્યો ખરો રિસાય. ૭૯ સીતા બેઠી સુમરણ કરે, નિર્ભય મન કોયથી નવ ડરે; કોશ એકપર પાસે ગામ, વૈરાગિઓ રહે તે ઠામ. ૮૦ ગયા સંત તેના દ્વારે જ્યારે, સીતા બેઠી દેખી ત્યારે; સારૂં કરયું તમે આગળ આવ્યાં, શ્રીકૃષ્ણે તમને ભરમાવ્યાં. ૮૧ અચરજ કરી સકળ જન પુછે, કોને કહો ઈહાં કારનશું છે; પુનિ પુનિ કામી દ્રષ્ટે દેખે પણ પ્રમદાને કોઇ ન પેખે,

॥ ૩૫॥ પુનિ સીતાને દેખી સૂતી, ત્યારે કામી કરે અસ્તુતી. ૮૩ ચાલો માત પોચાડું તને, હરિએ આજ્ઞા આપી મને; હું અપરાધી તારો દાસ, જૂઠણ આપો રાખી પાસ. ૮૪

દોહા—આધિન થૈ વિનતી કરે રૂદન કરે પસ્તાય, સીતા મન સંદેહ ધરે; આમને ક્યાં લઇ જાય. ૮૫

ચોપાઈ—સીતા ઉઠી ચાલ્યાં સાથ, લૈ સૂપ્યાં પીપાને હાથ લહો સ્વામિ; તમે આપણી પ્યારી, મેં માતાને રાખી ન્યારી. ૮૬ પરચો લીધો પ્રભુ તુજ મનનો, રાખ્યો બોલ સદા હરિજનને; મન ક્રમ વચન હરીજનો થાય, તે જનનિ કાંય વસ્તુ ન જાય. ૮૭ હરિને સૂંપિ રહે જે દૂર તેનું રક્ષણ કરે ભરપૂર, સાચા જનની બોલે સાખી, વસ્ત્ર હરણ દ્રૂપતિનિ રાખી. ૮૮ પીપા તમે વિદેહ સમાન સીતા અંગ સદા સમ પ્રાણ કેશવ કળિયુગ દોષ નિવારે, ભક્ત હેત નરનું તન ધારે. ૮૯ જેવી રીતે તમે તન ધારી, લીધા કોટીક જીવ ઉગારી, મૂરખ જન મહિમા નહિ જાણે, જે જાણે તે મહા સુખ માણે. ૯૦

દોહા—પ્રભુ સમાન પીપા તણા પ્રીતે જે ગુણ ગાય, પાપ વિઘ્ન અળગાં રહે જાયન યમ પુર દ્વાર. ૯૧

ચોપાઈ—સીતાની શી કરૂં પ્રસંસ, ભગવત ભક્તિનો એ અંસ; એવી કો- ॥ ૩૫॥

ટિકમાં હોય કોય, જેથિ ભક્તિનિ શેવા હોય. ૯૨ એવું કહિ વૈરાગી રહ્યો, બેસો એ-
મ પીપે પુનિ કહયો; કરજોડી કીધું સન્માન આપ્યું ભોજન આદરદાન. ૯૩ જો ચા-
હો તો સીતા લહો, એમ પીપે ત્યાં પુનિ કહયો; આપ્યાં વસનને લાગ્યા પાય, કહો
શેવા હું કરૂં ચિત ચાય. ૯૪ સુણિ વૈરાગી ત્યાંથી જાય, ચોદિશ પીપાના ગુણ ગાય;
પીપા પડચા સીતાને ચરણ, તમે કરયું મુજ દુખનું હરણ. ૯૫ મેં મુખ શબ્દ કહ્યા
છે જેવા, તારામાં ગુણ દેખું તેવા; તુજાથ ભક્તિ અમારી થાય, કયારે કોઇ વિમુખ
નહિ જાય. ૯૬ ત્યાગી શુદ્ધિ તમે નિજ તનની, પીડા જાણો છો પરજનની; કરો છો
સેવા મનની જાણિ, શંકા એક અંગ નહિ આણી. ૯૭ મારૂં વચન કદી ન નિવારયું
તનનું સુખ ટુકડા કરિ ડારયું; કે તારા હરિશ્ચંદ્રનિ પ્યારી, કે દ્રૂપતિ યુધિષ્ટિર નારી.
૯૮ કે તેં દેહ રામને દીધો, શેવા કરિ જગમાં યશ લીધો; કે નળની દમયંતી રાણી,
જેને નિત ગુણિજને વખાણી. ૯૯ તને દેખિ મેં કાઢી કસોટો, પતિવૃતિ નારિ મધ્ય
તું મોટી; બહુ જગમાં છે પતિવૃત નારી, તુજ સમ કોઇ ન થાય અધિકારી. ૧૦૦ પર
પુરૂષના સંગે જાય, તે પતિવૃતા નહિ કહેવાય; પતિનું વચન કદી ન નિવારે, તે પ-
તિવૃતા વૈકુંઠ પધારે. ૧૦૧ નિજ નારી શ્લાધા યરે કોય, તેની જગમાં લઘુતા હોય;
તારા ગુણ કેમ કરિ હું વખાણું, પ્રભુની પ્યારી તુજને જાણું. ૧૦૨ ચાર મુક્તિ તેં
ચિતથી ટાળી, તું જીવન મુક્તિ અધિકારી; હરિ હરિ જનમાં કીધો વાસ, પદ પંકજ

॥ ૩૬ ॥ વણ અવરન આશ. ૧૦૩ જગદાધારને જે નિત જાણે, તે નારીને નિગમ વખાણે, તમે નિત સાચાં પતિવૃત નાર, એમ પીપા બોલ્યા કરિ પ્યાર. ૧૦૪

દોહા—એ સુણિ સીતા સકુચ ધરી કહે કંથને વાણ. કેમ અતિ શ્લાધા કરો તમે નારી નરકની ખાંણ. ૧૦૫

ચોપાઈ—જે સ્વામીનું સંકટ કાપે, લાડ લડાવી તનમન આપે; પ્રભુ સમ સમજી રાખે પ્યાર, તેને કહિએ પતિવૃતા નાર. ૧૦૬ સંકટ સહેજે વાર હજાર, તેતો સાચી પતિવૃત નાર; અંધ બધિર નકટો ને બુચો. ભંગી જુવારી લફંગો લુચ્ચો. ૧૦૭ અધમ અસૂરી કોડી કાળો, દરિદ્ર દતુઓ બુઢો બાળો; કપટિ કુટિલને રગ રગ રોગી, કામી ક્રોધી શઠને સોગી. ૧૦૮ લંપટિ લૂલો રહે નિત રૂઠયો, નિત દુર્વચની જડ ને જૂઠો; માંસ મદિરાનો અતિ અહારી, પ્યારી રાખે નિત પરનારિ. ૧૦૯ આળસિ અમલીને અહંકારી, કરૂપ કૂબડોને ભીખારી; ચોર ચુગલ પામર પચરંગી, ચપલ ચેટકી શઠનો સંગી. ૧૧૦ સૂવે અધિકને આધક અહાર, નંદિક નિર્લજ કરે ન વિચાર, ગુંગો કાણો ખંડિત અંગ; પ્રકૃતિ અભંગ ન લાગે સંગ. ૧૧૧ અતિ અપલક્ષણ આવે ન પાર, સ્વામી સમિપ ન કરૂં વિસ્તાર; એવા પતિને ન દે જે ગાળ, તેને કહિએ પતિવૃત નાર. ૧૧૨ જોગી જતી તપી સંન્યાસી, વિવિધ ભેખ ધરિ રહે ઉદા- ॥ ૩૬ ॥

સી; તદપી ન કરે કંથથી રોષ, કઠણ ન કહે ન માને દોષ. ૧૧૩. થોડું બોલે થોડું ખાય, કોઇનિ શીખ ન માને કાંય; દયા દીનતા સરલ સ્વભાવ, પતિની સેવાનો લહે લાવ ૧૧૪.

દોહા—પરધનને પેખે નહી ભૂખી પતિ વૃત નાર, અન્યને આપે ક્ષુધા સહે, રીઝે જોઇ ભરતાર. ૧૧૫

ચોપાઇ—નિજ મન માન કદી નવ કરે, પતિનો બોલ રૂદામાં ધરે; દેખે નહિ કોઇનો કાંય દોષ, તે પતિવૃતા લહે નિત મોક્ષ. ૧૧૬ જેવી ભક્તિ રામની કરે, તેથિ અધિક પતિમાં આદરે; કરિ ઉપાય રાખે સોહાગ, તે નહિ કાંઈ પૂર્વનું ભાગ. ૧૧૭ નિજ ગુણથિ વસ કરે ભરતાર, તેને સાચી કહે કરતાર; મનથી જાણી શ્રદ્ધા રાખે, નિત નિર્ભય રહે જૂઠ ન ભાખે. ૧૧૮ મુખથી બોલે અમૃત વાણ, તેનું ત્રિભુવન માંહિ વખાણ; તે સાચી પતિવૃતા પ્રમાણો, અવર સકળ વર ઘરની જાણો.૧૧૯ પતિવ્રતાના ગુણ કહ્યા કથી, મુજમાં તે ગુણ એકે નથી; મેં મને ઘર ઘરની કેવરાવી, કેમ ફોગટ કરો શ્લાઘા આવી. ૧૨૦ પતિવ્રતા પણ એ છે સહી, નામ વિના કાંઇ જાચે નહી; સત પતિવૃતા હરી આરાધે, અન્ય દેવથી મન નહિ બાંધે. ૧૨૧ પ્રેમ પંથમાં લે પગ ધારી, તે પતિવૃતા પ્રભુને પ્યારી; અવર પુરૂષ જગમાં નહિ જાણે, પતિને નિત પરમેશ્વર માને. ૧૨૨ સત ગુરૂ શબ્દ લહે ઉર ધારી, તે સાચી પતિવૃતા

૩૭ ॥ વિચારી; બીજી સહુ જાણે સંસારી, સત પતિવૃતા સહુથી ન્યારી. ૧૨૩

દોહા—સંપત વિપત દેખે નહી, કરે પતિ પ્રભુની સેવ, તે પતિવૃતા તનને તજી પામે પ્રભુ તતખેવ. ૧૨૪

ચોપાઇ—સૂર્યસિંહ મન થયું અચેત, પીપા જૈને કરાવે હેત; જૈ ઉભા પોતે નૃપ દ્વાર, આપે ખબર તહાં પ્રતિહાર. ૧૨૫ સુણિ સૂરજસિંહનું મન ખીજું, તન હરિ સાથે મનમાં બીજું; કહે પ્રતિહાર ત્યાં અવસર પામી, પોળે આવી બેઠા સ્વામી. ૧૨૬ કરો હુકમ તે તરત કરાવું, પાછા વાળુ કે પધરાવું, સૂર્યસિંહ કહે વેગે લાવ, ભગવત સેવામાં મુજ ભાવ. ૧૨૭ એવું વચન સુણી પ્રતિહાર. સુનિ પીપાને કહે નિરધાર, ચાલો સ્વામિ બોલાવે રાય; સેવા કરે તે છોડિ ન જાય. ૧૨૮ પીપો કે સેવામાં ન પેઠો, એતો મોચીને ઘેર બેઠો; જૂઠી સેવા જુઠો જાપ, મોજા સીવે આપોઆપ. ૧૨૯ જૈ પ્રતિહારે કહિ સંભળાવી, સૂર્યસિંહ પોચ્યો ત્યાં આવી, કરિ પ્રણામ પુનિ જોડી હાથ; નિજ વૃતાંત કહે નરનાથ. ૧૩૦

દોહા—આજ અચાનક આવિયું, કાંઈ લશ્કરનું કામ, આતુર થૈ મંદિર ધસી સેવું સાળિગરામ. ૧૩૧ તન બેઠું તતપર થઈ મન મોજામાં જાય, અંતર જામી આપ પ્રભુ કૃપા કરી કહ્યુ આંય. ૧૩૨ ॥ ૩૭ ॥

ચોપાઈ—મોજા દીધા મોચી હાટ, ક્યારે આવેને જઉ વાટ; મારી ભૂલ પડી મેં જાણી, પ્રભુએ આ પૂજા નથિ માની. ૧૩૩ ચાલો સ્વામિ હવે ઘર માંય, તુજ મુજમાં અંતર નથિ કાંય; તમે સ્વામી હું દાસ તમારો, જેવો તેવો પણ ઉદ્ધારો. ૧૩૪ વચન તમારૂં મનમાં લાવું, જો વેચો તો હાટ વેચાવું; હવે તમે શંકા નવ આણો કરો દયાને નિજ જન જાણો. ૧૩૫ પુછ્યા વિના પ્રભુ કરો પ્રવેશ, મુજને આપ્યો તમે ઉપદેશ, શ્વાંગ ધરી જો આવે કોય, તેથી પડદો કેમ હોય.૧૩૬ આ તન ઘર કે બાહેર જાય. પણ પ્રભુ આપ પેસો ઘર માંય; આપ સાથ અંતર નથિ લેશ, નિજ ઘર જાણી કરો પ્રવેશ. ૧૩૭

દોહા—હૂંતો શઠ સમજું નહી, વહૂં રાજનો ભાર, પણ પોત નો કરિ તમે રાખો શરણ કૃપાળ. ૧૩૮

ચોપાઈ—મુજથિ અતિ અપરાધ નિત થાય, તે સહુ પ્રભુ તુજ પેટ સમાય; આજ હરી મુજ ઘેર પધાર્યો. જન્મ જન્મના અંક નિવાર્યો. ૧૩૯ આપે બોલી આપ બંધાવે, તેને બીજો કુંણ છોડાવે; સુણિ સૂરજના શબ્દો એવા, પીપા લાગ્યા પરચો લેવા. ૧૪૦ મુખે મેળવે મન નથિ રહેલું, ક્યારેક નિર્મળ ક્યારેક મેલું; પીપે કઠણ કસોટી દીધી, સૂરજસિંહે લજ્જા લીધી. ૧૪૧ માગી કામિનિ હતિ જે વાંઝ, પીપા બેઠા રાવઠિ માંઝ, સૂર્યસિંહને ઉપજી શંક, ચિત પલટયુ મન થયુ અતિ રંક. ૧૪૨

દોહા—જેવી મુખમાંથી કહે તેવી કરે ન કોય, કરે કદી તો હરિ મળે જન્મ મરણુ નવ હોય. ૧૪૩

ચોપાઈ—ત્યારે સૂરજ ઘરમાં ગયા, ત્યાં પીપા નાહર થૈ રહ્યા; પુનિ નાશી ઘર બાહર જાય, સભા મધ્ય પીપા દેખાય. ૧૪૪ પુનિ ઘરમાં પુનિ બાહાર દેખે, ઇહાં પીપો ત્યાં નાહર પેખે; બાળરૂપ થયા ત્યાં દાસ, પીપા દેખ્યા નારી પાસ. ૧૪૫ દુધ પાન કરતાં ત્યાં દેખે, બે બાળક બે જનની પેખે, વાંઝણિ નારનું રૂપ અપાર; જાણે પીપે ધર્યો અવતાર. ૧૪૬ બે જનની બે સુત કરિ જાણે, રાજા દેખી અચરજ માને; સૂરજસેન પુનિ ચરણે લાગ્યો, પોતાના મનનો ભ્રમ ભાગ્યો. ૧૪૭ કર બે જોડિ વિનતી કરે, અંતર ભય વ્યાપ્યો અતિ ડરે; કે સનકાદિક કે નવ યોગી, કે પ્રચેતા પ્રભુ સંજોગી. ૧૪૮ કે તમે દેવહુતીના સુત, કે અનસોયા સુત અબધૂત; કે તમે વ્યાસ પુત્ર શુકદેવ, કહો કેમ હું જાણું તતખેવ. ૧૪૯ એ રીતે કરિ ચરિત્ર વિશેષ, પુનિ પીપે પ્રગટ્યો નિજ વેષ, વાર વાર વ્યાકુળ થૈ બોલે, પોતાના અવગુણ અતિ ખોલે. ૧૫૦ સ્વામી મારાં નેત્ર ઉઘાડો, પ્રભુ ભજવા મારગ દેખાડો; ત્યારે પીપા પ્રસન્ન અતિ થયા, જ્ઞાન સુણાવે કરિને દયા. ૧૫૧

॥ ૩૮ ॥

દોહા—ગમે તેવા ગુરૂ હોય પણ નિંદા સુણે ન કાન, તરત ઉઠે તે થળ તજી નહિ તો મારે નિદાન. ૧૫૨

ચોપાઈ—ગુરૂ સમીપ સર્વ લૈ ધરે, જગમાં જન્મ સફળ ઝટ કરે; ગુણ ગ્રહિ અવગુણને પરહરો, એ રીતે ગુરૂ સેવા કરો. ૧૫૩ તે ઘટમાં ગોવિંદ પધારે, શીષ્ય-નિ સાથે વાલ વધારે; ગુરૂ ગોવિંદ ભકત આરાધન, તે સમાન જગમાં નથિ સાધન. ૧૫૪ ગુરૂનિ નિંદા કરે જન જેહ, કુંભિ પાકમાં પડે નર તેહ; ભકત ભગવંતનો દોષ વિચારે, તેને યમના દૂત પ્રહારે. ૧૫૫ ગુરૂથિ કરે જે ભાવ કુભાવ, તેને વ્યાપે ત્રિવિધિ તાવ; સૂર્યસિંહને બહુ સમજાવ્યો, પછિ પીપો નિજ મંદિર આવ્યો. ૧૫૬ પછિ તેલીનો બળધ લૈ લીધો, પીપે બ્રાહ્મણને દૈ દીધો; નિત તળાવમાં પાણી પાય બાળક એક ત્યાં પાછળ જાય. ૧૫૭ પીપા ગયા ત્યાં કરવા સ્નાન, પંથી બ્રાહ્મણ માગે દાન; હું પરદેશી જાચું તને, પીપા ભક્ત આપ્ય કાંઈ મને. ૧૫૮

દોહા—આપી તેજ બળધ તહાં વિપ્રને કર્યો વિદાય, રોતો કળકળતો બહુ બાળક નિજ ઘર જાય. ૧૫૯ બળધ પારકો કેમ પચે એમ દ્વિજ બોલે બોલ, જરૂર મુજને મરાવશો, કો કિમ ચાલે પોલ. ૧૬૦

ચોપાઇ—પીપો કહે રામની માયા, ડર નહિ કર કરૂં તુજ પરદાયા; માગે તો મુજ પાસે માગે, તુજ પર તેલીનું નહિ લાગે. ૧૬૧ મનની શંકા સહુ પરહરો, પોતાના પંથે પગ ધરો; જેનો બળધ તેને હું દૈશ; તારૂં નામ કદી નહિ લૈશ. ૧૬૨ વિપ્ર બળધ લૈ પંથે પડયો, ભક્ત ભરૂંસો ચિતમાં ચઢયો, કરિ અસ્નાન ભક્ત ઘર જાય, બાળક કહે પિતાને ત્યાંય. ૧૬૩ પીપે બળધ આપણો લીધો, બળ કરિ કોઇ એકને લૈ દીધો, મે બ્રાહ્મણને દેખ્યો આંખી, દશ જણને રાખ્યા ત્યાં સાક્ષી. ૧૬૪ તેલી દોડયો તજિ મર્યાદ, સૂરજ આગળ કરે ફરિયાદ, કરિ તળાવ પર પીપે ચોરી; બળધ અમારો લીધો દોરી. ૧૬૫ બાળક ગયો પવરાવા પાણી, સાંભળિ નહિ કાંઇ તેની વાણી; બ્રાહ્મણ એક પથિક જન કોય, દૈ દીધો બાળક રહ્યો રોય. ૧૬૬ મારૂં કુટંબ ન જીવે રાજ, ઘાણી વિના સરે નહિ કાજ, જેનો લીધો બળધ ઉધારે; તે કહો કિમ નહિ મુજને મારે. ૧૬૭ પાસ ન પૈસો કયાંથી લૈયે, કરિયે મજુરી ત્યારે ખૈયે; એ સુણિ સૂરજ બોલ્યો બોલ, તને બળધ લૈ આપુ મોલ. ૧૬૮ અરે તું તેલી કિમ પસ્તાય, એકવાર પીપા ઘર જાય, જિમ તેં આવી મુજને કીધી; તિમ જૈ કહો શીખ ઇમ દીધી ૧૬૯ રખે રીસ કરો મન માઇ, તો કાંઇએ નહિ થાય ભલાઈ; સુણિ તેલી ગયો સ્વામી પાસ; વિનય કરી રોઈ થયો ઉદાસ. ૧૭૦

॥ ૩૯ ॥

દોહા—જિમ સૂરજ પાસે કહી તિમ કહે પીપા પાસ, કરણ સુણિ કરૂણા કરિ બોલ્યા પીપાદાસ. ૧૭૧

ચોપાઇ—નિજ ઘરમાં તમે જૈને નિહારો, દેખો દોષ તમે પછિ મારો; ખીલે બાંધેલો છે બેલ, કિંમ રાખો તમે મનમાં મેલ. ૧૭૨ ગયો તેલી ઘર સુણિ એ વાત, બળધ દેખિ સીતળ થયું ગાત; એવા શ્રીહરિ ચતુર સુજાણ, બીજો બળધ રચ્યો ભગવાન. ૧૭૩ જે પ્રભુ સકળ વિશ્વ કરતાર, તેને કહો કરતાં શી વાર; ભક્ત કાજ હરિ કરે સંભાળી વિલંબ કરે નહિ આપ મુરારી. ૧૭૪ જે કાંઇ ભક્ત મન ચિંતન કરે, તે પ્રભુ લૈ ઝટ આગળ ધરે; ભકતાધિન ભગવત થૈ જાય, ભકત કાજ હરિ આપ વેચાય. ૧૭૫ ચિંતન કર્યા વિના પણ કરે, ભકતનિ પૂંઠે પ્રભુ નિત ફરે; ભકતની ટેલ આપ કરિ જાય, ભકતને કયારે દુખ નવ થાય. ૧૭૬ જયાં જયાં ભકતને કોઇ સંતાપે, ત્યાં ત્યાં હરી જાય છે આપે, ભકત દુખે ભગવંત દુખાય, તેને ત્યાં જૈ લે સમજાય. ૧૭૭ હરિ હરિજન જગમાં બે નથી,.એક રૂપ કહે ગ્રંથમાં કથી; માટે સંશય અળગો કરો, હરિરૂપે હરિજન આદરો, ૧૭૮

દોહા—એવું હરિનું શરણ છે જેહ કરે તે હોય, માટે ભકિત ન છોડીએ રામ કહો સહુ કોય. ૧૭૯

। ४० ॥ ચોપાઈ--એક દિવસ પીપાને દ્વાર, અધિક ભકત બેઠા તે વાર; ગુજરી એક દધી લૈ આવી, પીપાજીએ તરત બોલાવી; ૧૮૦ અરે બેન કે દધિનું મોલ, મેટિએ નહી તમારો બોલ; બોલી ગુજરી મનમાં ધારી, એટલા મૂલનિ મથની મારી. ૧૮૧ પીપા બોલ્યા વચન વિચારી, આજ ભેટ આવે તે તારી; ત્યાં સહુ ભકત કહે સાક્ષાત સ્વામી કહે તે સાચી વાત. ૧૮૨ આદર કરિ ગુજરિ બેસારી, પીએ દધિ પ્રીતી ઉર ધારી; નૃત્ય કરે ગોવિંદ ગુણ ગાય, દેખિ દેખિ રીઝે રઘુરાય. ૧૮૩ તે સમે એક વણિક ત્યાં આવ્યો, પીપાને બહુ દ્રવ્ય ચઢાવ્યો. પંચ મોર મોટી લૈ આપી, પીપાજીના સન્મુખ થાપી. ૧૮૪ કાંઈક રૂપૈયા મોતી હાર બીજી ભેઠ અનેક પ્રકાર, ભેઠ ધરી બોલ્યો શિર નામી, હવે નિજ ઘર હું જઉ છું સ્વામી. ૧૮૫ બહુ દિનથી ગયો ઉદધી તીર વોરી બહુ વસ્તુ ધરિ ધીર; થયો લાભ સર્યાં સહુ કાજ, ત્રીજે વરષે આવ્યો આજ. ૧૮૬

દોહા—કરૂણાસિંધુ કૃપા કરી, મુજ પર રાખો મ્હેર; કર્યાં દરશન મેં આપનાં, હવે હુ જઉછું ઘેર. ૧૮૭ નથિ હું રહેતો વેગળો આજ નગરમાં વાસ, જતો આવતો રહિશ નિત ઉર સેવાની આસ. ૧૮૮ ॥ ४० ॥

ચોપાઈ—વણિક ગયો ગ્રહ આજ્ઞા લીધી, પીપે ભેઠ એકઠી કીધી, લે બેની તું દધિનુ મોલ, રામે રાખ્યો મારો બોલ, ૧૮૯ પણ ગુજરી નવ પરસે હાથ, નાના કહી હલાવે માથ. દોછો આપ દધિનું મુલ, પણ નૃપ દંડે ઉપજે શૂલ. ૧૯૦ આ અમને ખાવા નૈ દેશે, સૂરજ સિંહ ચોગણું લેશે, પુનિ પીપા બોલે હરખાય, તને ન કાંઇ દંડે રાય. ૧૯૧ જે કાંઈ કરે તે મુજપર કરે, અરે ગુજરી તુ કેમ ડરે. એવું સુણિ ઉર હરખી નાર, વાર વાર બહુ કરે મનુહાર. ૧૯૨ ઉત્સવ કરો લૈ રૂડી રીતે, બીજુ વિત લ્યો પ્રભુની પ્રીતે. લ્યો પીપો કહે મુલ મન લાવી, ભાગ્ય તમારે ભેઠજ આવી. ૧૯૩ મારૂ વચન વૃથા કેમ જાય, સત છોડે પ્રભુ આપ રિસાય, નિજનું જાણી લ્યો કરિ પ્યાર, જેથી સત્ય ધર્મ રહેનાર. ૧૯૪

દોહા—વચન સુણી સુભ સંતનુ ગુજરિ કરી વિચાર, ગદ્દ ગદ્દ કંઠે વિનય કરી દીક્ષા લીધી સાર. ૧૯૫ સરલ સમજ ઉરમાં ધરી, સકળ વસ્તુ લઇ નાર આપી દીધી સંતને ભેઠ ધરી કરી પ્યાર. ૧૯૬

ચોપાઈ—પછી ગુજરી નિજ ગ્રહ આવી, સરસ વાત સહુ જનને સુણાવી. કંથ કુશળને કુટંબ સુજાણ, હરિજનમાં કરી પ્રીત પ્રમાણ. ૧૯૭ પીપાને નિજ ગ્રહે બોલાવી, ભક્તિ લીધી મનની ભાવી. ગુજરિ પતિએ દીક્ષા લીધો, પ્રભુના જનની

॥ ૪૧ ॥ પૂજા કીધી. ૧૯૮ એ સહુ પીપાને મન ભાવે, ગોરસ નિત ઘરમાં લૈ આવે, પૂરી પ્રીત ભક્તથિ લાગી, અંતર નિશ દિન રહે અનુરાગી. ૧૯૯ શીખવે ભક્તિ સૌને ભાવે, પ્રભુ પદ પંકજ પ્રીત કરાવે; પરમારથમાં રૂચિ ઉપજાવે, સ્વાર્થ સમિપ લેશ નહિ લાવે. ૨૦૦ ગુરૂનું વચન સદા ઉર, ધારે વિશ્વ વિષય વાસના વિસારે; ફરિફરિ કીરતંન કરે તન ફુલે, દેહ ગેહ નેહ ભવ ભૂલે. ૨૦૧ સંતનિ સેવા સહુને બતાવે, અપર દેવનો પંથ તજાવે. હળિ મળિ પીપાને ગ્રહ જાય, લોક લાજ કુળ લાજ ન કાંય. ૨૦૨ ભકિત ભાવ નિત વધતો જાય, સહુ મળિ ગોવિંદના ગુણ ગાય; રાખે દાસ પણાની રીત, બીજા સાધનમાં નહિ પ્રીત. ૨૦૩

દોહા—એવું દરસન સંતનું સહુ શુભ કારજ થાય; જે સંત સંગનું સુખ લહે; દુખ દરિદ્ર મટિ જાય. ૨૦૪

ચોપાઈ—એક વિપ્ર રહે નગર મોઝાર, ઉર અંતર અતિસય અહંકાર; ધન જોબન યુત કુટંબ અપાર, વિવિધ વસ્તુના ભર્યા ભંડાર. ૨૦૫. તે દેવીનો હોમ કરાવે, વિપ્ર સહિત સહુ જન મન ભાવે; કરિ વિધિવત શ્રદ્ધા અતિ ભારી, નૂતરિ લીધાં સહુ નર નારી. ૨૦૬ પીપાને નૂતરવા આવ્યો, માને નહિં અધિક સમજાવ્યો; ત્યાં ॥ ૪૧ ॥
પીપા શું કરવા જાય, તારણ કારણ કરે ઉપાય. ૨૦૭ પીપા કહે કહ્યું કર મારૂં, તો હુ

નતરૂ માનું તારૂં; કરી રસોઈ ઘરમાં થાપો, એનો અંશ લૈ અમને આપો. ૨૦૮ બ્રાહ્મણ કે ઘરમાં લૈ જાઉ, ત્યારે તમારૂં મન હું મનાવું; એ સુણિ પીપાજી ત્યાં જાય, દેખિ રસોઇ કર્યો ઉપાય. ૨૦૯ થોડિ થોડિ લૈ થાળી ભરી, બીજી પણ તે આગળ ધરી; પેલો ભગવત ભોગ ધરાવું, પછી પ્રસાદી પ્રીતે ખાવું. ૨૧૦

દોહા—એમ પીપાની વાત સુણી સહુ જનના મન માનિ, અકળકળા અવિનાશિની જન કોય શકે ન જાણિ. ૨૧૧ કિંચિત કિંચિત સકળ લૈ, થાળી ભરિ ત્યાં ઠીક; બીજીબહુ ત્યાગી તહાં, રહી ન કોઇનિ બીક. ૨૧૨

ચોપાઈ—જેટલો પાક ધર્યો ઘર માંહી, સ્પર્સ થયો કોય જાણે નાહી; વેદીમાં બેસીને લીધો, આદર કરિ કોઇને નથિ દીધો. ૨૧૩ પછી બ્રાહ્મણે ત્યાં કર્યો અહાર, સ્વજન કુટંબ સકળ પરિવાર; હોમ દેખિ સહુ રાજી થયા, ભોજન કરિ નિજ નિજ ગ્રહ ગયા. ૨૧૪ નિશા થઇ સુતાં નરનાર, દેવી દે સ્વપ્નામાં ગાળ; અર્ધ રાત ઉપર ગૈ રાત, હું ભુખી રહિગૈ કહે માત. ૨૧૫ મારા માટે કર્યો તેં યાગ, પણ પીપે લૈ લીધો ભાગ, ભોગ ધરાવ્યો લૈ ભરિ થાળી, ત્યારે મુજને કાઢી મારી. ૨૧૬ પીપાના પ્રભુએ સૌ ખાધો, મુજ કરમાં રંચક નથિ લાધ્યો; હરિથ બળ કરિ શકે ન કોઇ, મુજને મળિ ન કાંઇ રસોઇ. ૨૧૭ એમ કહિ માતા મારગ જાય, બ્રાહ્મણ મનમાં અતિ

૪૨ ॥ પસ્તાય; દેવી તજિ પુનિ દીક્ષા લીધી, પીપાની પૂજા બહુ કીધી. ૨૧૮ કે પીપા પ્રભુ સેવા કરો, બીજી વાત ન મનમાં ધરો; કપટ કૂડનો પડદો કાપો, સંતને દેખી સરવસ આપો. ૨૧૯ એવો ટેક ધરો સૌ કોય, જેથી જનની મુક્તી હોય; બ્રાહ્મણે ભક્તિ કરી અતિ ભારી, હરિજન સેવે નરને નારી. ૨૨૦

દોહા—પીપા ભક્તિ પ્રતાપથી ઉધર્યા જીવ અનંત, દુખ દરિયો ત્યાગી થયા, પૂરણ પ્રભુના સંત. ૨૨૧ પીપે પ્રભુતા દેખિને મનમાં કર્યો વિચાર, હવે હું લોક બડાઇનો ધરૂં ન શિરપર ભાર. ૨૨૨

ચોપાઈ—હવે હું મારૂં માન મટાડું, ફરૂં એકલો શરિર ઉગાડું; સાથ ન રાખુ બીજો ભક્ત, સુખ દુખ સમ કરી વિચરૂ જક્ત. ૨૨૩ સીતાને સંભળાવ્યો મર્મ, તૂં ન કરિશ કાંઇ મનમાં ભર્મ; ગયા એકલા કોઈ ન જાણે, પ્રેમી પંથે પેખિ વખાણે. ૨૨૪ તે સૌ લૈ ગયા નિજ નિજ ગેહ, દિન દિન અધિક કરે સૌ સ્નેહ પીપે કર્યો પ્રયાણ વિચાર, સુણિ સહુને દુખ થયું અપાર. ૨૨૫ તન પુલકિત નેત્રે જળ ધાર, રામ રામ મુખ કરે પોકાર; હૃદય કમળમાં પ્રેમ ભરાય, સંત વિયોગ સહ્યો નહિ જાય. ૨૨૬ ॥ ૪૨ ॥
સહુજન મળિ મળવાને આવ્યા, પીપે સહુને ઉર લપટાવ્યા; અતિ આદરથી પૂજા કીધી, ગાડી અનાજની ભરિ દીધી. ૨૨૭.

દોહા—આપી એક પુનિ વાંસળી ભરપુર ભરિને દામ, બાંધો સ્વામી આવશે, કોઇ દિવસે કામ. ૨૨૮ વિવિધ પ્રકારના વસ્ત્રની, ત્યાં આપી ભેટ અપાર, કાંઇક પેરાવ્યાં અંગમાં, કાંઇ ધર્યાં ગાડિ મોઝાર. ૨૨૯

ચોપાઇ—સકળ સંત વોળાવા જાય, કરિ પ્રણામ સહુ લાગ્યા પાય, દેખે ત્યાં લગિ ઊભા રહ્યા; પછિ પાછા વળિ મંદિર ગયા, ૨૩૦ નથિ કીધો કોયનો ત્યાં સાથ, જાય એકલા સીતા નાથ; પીપે લીધા ઘરની વાટ, ચાર ચોર આવ્યા કરિ ઘાટ. ૨૩૧ તેણે ઝટ ગાડી લૈ લીધી, મન પ્રસન્ન કરિ પીપે દીધી સાવધાન થૈ તસ્કર જાય, પીપો મનમાં પ્રસન્ન થાય. ૨૩૨ ભલી થઈ મારા મન ભાવી, પછે વાંસળિની સુધી આવી; દોડયા દૂર લ્યો વાંસળિ એહ, તમ સાથે બાંધ્યો મેં સ્નેહ. ૨૩૩ ભૂલ થઇ મેં બાંધી રાખી, એમ કહી ગાડીમાં નાખી; અચરજ કરે ચોર સુણિ વાત, આવું દીઠું નથિ સાક્ષાત, ૨૩૪ કયાંથી આવ્યા કહો કૃપાળ, ચોરની સાથે કિમ કરો વાલ; કે પીપો સુણો મારી વાત, સહુનું ભલું ચહું હું ભ્રાત. ૨૩૫.

દોહા—બત્રિસ મોરૂ નીકળી, દેખી વાંસળિ છોડિ; પુનિ પાછી તેમાં ભરી, બાંધી ગાંઠ મરોડિ. ૨૩૬ અતિ આતુર થૈને તહાં પૂછે ચોરજ ચાર, અમથી અંતર છોડિને સત્ય કરો ઉચ્ચાર. ૨૩૭

ચોપાઈ—કુંણ દેશને કયાં છે ગામ, સીછે જાતને શું છે નામ; ત્યારે બોલ્યા

પીપા સ્વામી; તમમાં છે પ્રભુ અંતર જામી. ૨૩૮ હું પીપો ચિતમાં પ્રભુ થાપું, હરિ અર્થે શિર કાપી આપું; દાન ધર્મની શી કહું વાત, જેનો મર્મ ન લે કોઈ ભ્રાત. ૨૩૯ સહુને પોતાનો કરિ જાણું, ખરચે ખાય ખોટું નહિ માનું; એ સુણિ ચોર ચાર કરગરે, કરજોડીને વિનતી કરે. ૨૪૦ આપી વાંસળિ ગાડીવાળી, અમે કેમ લૈયે વસ્તુ તમારી; આપો દીક્ષા સેવા કરિયે, બીજુ ધન પ્રભુ પાસે ધરિયે. ૨૪૧ પીપા ચાલ્યા સંગ ન સાથ, સૌના માથે મુકી હાથ; હવે તમે માણસને નવ મારો, એટલો રાખો બોલ અમારો. ૨૪૨ ખરિ મેનત કરિને નિત ખૈયે, ધીર ધરી ગોવિંદ ગુણ ગૈયે; નાહકનું ધન હાથ ન પરસો, હકનું આવે તે લૈ હર્ષો. ૨૪૩ કદિ કોઇનિ મશ્કરિ નવ કરિયે, ગુરૂના મારગમાં અનુસરિયે; સુંદર વર રીઝે મન સાચે, સાચ વિના ગુણ ગૈ છો નાચે. ૨૪૪ ભક્તિ વિના ભવ નહિ નિસ્તાર, માટે કરો સંતમાં પ્યાર; દેખી બાનુ દરશન કરિયે, તન મન ધન શરણે લૈ ધરિયે. ૨૪૫ એવા પીપાપર ઉપકારી, અનેક જન લીધા ઉદ્ધારી; આવ્યા ગ્રહ દરશન કરે રાય, સીતા પ્રેમે લાગે પાય. ૨૪૬

દોહા—સુખ સંપતિ પૂઠે ફરે, જ્યાં જ્યાં હરિજન જાય; તેને ડર કેનો રહે, જેને રામ સહાય. ૨૪૭ માટે મન વિશ્વાસ કરી, હરિ હરિ કરો ઉચાર તૃતીયે ખંડની સરસ કથા સુણો શ્રવણ કરિ પ્યાર; ૨૪૮

ઇતિ શ્રી ડાકોર નિવાસિના લાલદાસેન વિરચિત પીપા પરચર્યા પીપા ગ્રહ પ્રવેસ નામ તૃતીયખંડઃ સમાપ્તઃ

॥ ४३ ॥

અથ ચતુર્થખંડઃ લિખ્યતે.

દોહા—ચોથા ખંડનિ સરસ કથા, શ્રવણ સુણે જે કોય, મનના મેલ સરવે મટે; રામ ભકિત રૂચિ હોય. ૧

ચોપાઇ—સીતા મનમાં હરિ સુખ ધરો, ઘરમાં બેઠાં સુમરણ કરો; હું જૈ શ્રી રંગના ઘરમાંય દિન દશ રહિ ફરિ આવું આંય. ૨ ચીઠી ત્યાંથી આવી ચાર, સંદેસો આવ્યો નીરધાર; ઘો કાકા ગુરૂ દરશન આજ, મુજથી પ્રીત તજો શા કાજ. ૩ દોસા નામ નગર બહુ સારૂં, ત્યાં જૈ તેનો ભર્મ નિવારૂં; એમ કહિ ઝટપટ ચાલ્યા જાય, પાંચ દિવસમાં પોચ્યા ત્યાંય. ૪ માળા તિલક કમંડલ હાથ, બીજો કોઈ સેવક નહિ સાથ; પૂછી પૂછી ઘરમાં પેઠા, શ્રી રંગ જ્યાં સેવામાં બેઠા. ૫ ધ્યાન ધરી હરિ ઉરમાં ધારે, પીપો ચોતરે બેસિ નિહારે; માનસીક સુભ કર્યો શ્રંગાર, પુનિ પેરાવી પુષ્પની માળ. ૬ રહી કાનમાં કંઠ ન મેલી, ચિતની ચંચળ વૃત્તિ ફેલી; પીપા કહે કંઠ પેરાવો, સેવા કરતાં મન ન ચલાવો. ૭

દોહા—કુંણ મુજ પાછળ બેસીને બોલે સુંદર વેણ; પછિ પ્રીતે દરશન કર્યો, નેહે ઉઘાડિ નેણ. ૮

ચોપાઈ--હાથ જોડી પુછે કુશલાત, કહો સ્વામિ નિજ મનની વાત; કહો આંહિ તમે કયાંથી આવ્યા, ભલે આવ્યા મારે મન ભાવ્યા. ૯ પીપા બોલે મન અકલાણું, શું પુછે પેખી પ્રભુ બાનું; માલા તિલક દેખિ પ્રભુ પ્રીતે, સહુની શેવા કરો ભલિ રીતે. ૧૦ નાત જાત કુળ શંકા કાપો, બાનું દેખી સરવસ આપો; ભજન અભજન જ્ઞાન અજ્ઞાન, દેખે ભક્તિનિ થાયે હાણ.૧૧ ગુણ અવગુણ દેખે નહિ કાંય, તેની ભક્તિ નિશ્ચલ થાય; હરિ સરખા જાણે હરિદાસ, રામ રહે નિત તેની પાસ. ૧૨ કોઈનો દોષ ન મનમાં થાપો, ભૂખ્યો દેખી ભોજન આપો; જેને નિત સમદષ્ટી હોય, તેના સરખું સુખ નહિ કોય. ૧૩ હું પીપો ટોડેથિ સધાવ્યો, તુજ માટે તુજ ઘરમાં આવ્યો; દેખી ભક્તિ ભગવત સેવ; જેને મન બીજો નહિ દેવ. ૧૪

દોહા—શ્રીરંગ સુણિ પદમાં પડયો, કહે કરજોડી ત્યાંય, દીર્ઘ લઘુ જાણ્યા વિના મનનો ભર્મ ન જાય. ૧૫

ચોપાઇ—એકને મલતાં અતિ સુખ થાય, એકને રાખિ ન ભાખિએ કાંય; આપ અગાધ અગાધમાં મુકો, મુજ અનુમાન દેખિ નવ ચુકો. ૧૬ અલ્પ નદીના જે તરનાર, કેમ કરિ પોચે જળ નિધિ પાર; જ્યાં લગિ ભક્તિનિજ અનુમાન, ત્યાં લગિ કેમ ઉપજે બ્રહ્મ જ્ઞાન. ૧૭ એકા એકી આવ્યા સ્વામી, આપ સદા અંતરના જામી;

॥ ૪૪ ॥

તાર પંછી ઘરની મળિ નારી, ચરણા મૃત લૈ આર્તિ ઉતારી. ૧૮ લુખી સેવા રૂચ્ચવણુ જનની, જાણે કુંણ પરાયા મનની; હવે જૈ બેસો બાગ મોઝાર, પ્રસરે મહિમા જગમાં સાર. ૧૯ કે પીપો ન પ્રતિષ્ઠા ચાહ, નિરમાને હું કરૂં નિર્વાહ; શ્રીરંગ કહે થાય સુખ અમને, માન અપમાન નથી કાંઈ તમને. ૨૦ ગુપ્ત ભેખ જાણે નહિ કોય, ગુણમાં સૌની શ્રદ્ધા હોય; તમે તો ભક્તિ ભાવ ઉપજાવ્યો, પરમારથનો પંથ ચલાવ્યો. ૨૧ પીપા ગયા બાગમાં જ્યારે, સૌ ભક્તને શુધિ આપી ત્યારે; જે ભકતો ભકિત અનુસરતા, તાલ પંખાજ વાગે કીતન કરતા. ૨૨

દોહા—ભાવિક ભકત ભેગા થયા, કાંય ન લાગી વાર, કામિનિઓ કીર્તન કરે, સરસ કંઠથી સારે. ૨૩ વસ્ત્ર ફુલ ફળ પાન બહુ લૈ લૈ ભરિ ભરિ થાળ, ગાતા નાચતા આવિયા સૌ શ્રીરંગને દ્વાર. ૨૪

ચોપાઈ—કરિ સાષ્ટાંગ મલ્યા સહુ ત્યાંય, ત્રિવિધ તાપ દરશનથી જાય; કરિ પૂજા ઘરમાં પધરાવ્યા, લોક નગરના દરશન આવ્યા. ૨૫ સહુને મન સંતોષજ થયો, દેખી ગર્વ સર્વનો ગયો; પીપા ઉર સુખ દુખ નવ આવે, કોઇ નિંદા કોઇ વંદા ભાવે. ૨૬ સકળ સમયમાં એક રસ રંગ, માન અપમાનનો કરે ન સંગ; તૃણ ગુણનો કાંય નહિ અધિકાર, પોચ્યા ચોથા પદની પાર. ૨૭ પીપાનું પદ પરખે જેહ, અજર અમર

।૪૫।। પદ પામે તેહ, સંત થઇ આવ્યા કરતાર; અનેક જનનો કર્યો નિસ્તાર. ૨૮ માનસીક
માળા પહેરાવી, શ્રીરંગ કહે કહો અર્થ બતાવી; પીપો કહે મેં પરગટ પેખી કોઈ
જન સેજે શકે ન દેખી. ૨૯ શ્રીરંગને પુનિ પીપા સ્વામી, ઉભયને જાણો અંતર
જામી; પણ પીપા પોતે દિન દયાળ, કોટિક પતિ તને કર્યા નિહાલ. ૩૦

દોહા—બહુ પરચા છે શું કહું, ભકતનિ કથા અપાર; ભક્ત ભકિત ભગવત
વિના, વહ્યો જાય સંસાર. ૩૧

ચોપાઇ—પીપાનો કરે સૌ સતકાર, કરે નિમંત્રણ આપે અહાર; પછે વરયા
જે સરવર પાર, કથા કરે સૌ સુણે નરનાર. ૩૨ બેઠા ત્યાં પોતે કરિ સ્નાન સુંદર જળ
ભર્યું સુધા સમાન શ્રીરંગ કહે કથા કહુ મારી, પીપે આજ્ઞા આપિ વિચારી. ૩૩ વ-
ણિક હું પાળુ શ્રાવક ધર્મ, મુકિતનો નહિ જાણું મર્મ; કનક રજત રત્ન લૈ વેચું, વિત્ત
વધારી ઘરમાં ખેંચું. ૩૪ હતો ઝવેરી હીરા પરખું, નિર્દયપર પીડા નહિ પરખું, પી-
પાએ શ્રવણ સુણિ લીધી, શ્રીરંગે સરવે કહિ દીધી. ૩૫ હતો એક ચાકર ઘર મારે
આવ્યુ મૃત્યુ ગયો યમદ્વારે; યમનો કિંકર થયો પુનિ એહ, કિંકર સાથ ફરે નિત
તેહ. ૩૬ કિંકર ચાર બળધમાં પેઠા, મેં દીઠા મારગમાં બેઠા; સોચ ક્રિયા કરિને હું ।।૪૫।।
આવ્યો દુરથિ દેખિ મને બોલાવ્યો, ૩૭ મુજ મનમાં અચરજ થયું દેખી, ભૂલ્યો હું

પોળિયાને પેખી; આપે આપનિ ગતિ ઓળખાવી, વાત પુરાણી પ્રતીતિ આવી. ૩૮ પાસે આવી પદ શિર નામ્યો, હવે હું યમ કિંકર તન પામ્યો; કથા પોતાની કહિ સંભળાવી, તે મુજ મનમાં સાચી ભાવી. ૩૯

દોહા—નેત્રે નિરખો આપ તમે યમ કિંકરનું કાજ, વણઝારાનો અધિપતી લેવા આવ્યા આજ. ૪૦

ચોપાઇ—તને દેખાડુ અન્યને નાહી. એમ કહિ ગયો પછી મારગ માંહી; ચાલ્યો ટાંડો વિલંબ ન થયો, કિંકર બળધમાં પેશી ગયો. ૪૧ કર્યો દેહ તેનો ત્યાં સ્થુલ, મહા ભયંકર મૃત્યુ મુલ ક્રોધ કરીને સામો થાય, કોઇનાથી ઝાલ્યો નહિ જાય; બીજા બળધને મારે નહી, માણસનું બળ ચાલે નહી. ૪૨ એન ઝલાય રહ્યા સહુ હારી, કાળરૂપ ભય લાગે ભારી; રીસ ચઢી નાયક મન માંય, આવ્યું મૃત્યુ ન મેટ્યું જાય. ૪૩ તજી અશ્વ દોડયો તે ગયો, શીખામણનો બોલ ન લહયો; ઉલટી સૌને દીધી ગાળ, ઝટ ઝાલી કરમાં તરવાર. ૪૪ કરે અહંકાર ન માને વાત, વિધિ વિપરીત થયો સાક્ષાત; ગયો ઝાલવા બળધને જ્યારે, પેઠું શ્રંગ પેટમાં ત્યારે, ૪૫ એક ઘડી લગિ ઉપર રાખ્યો, ગયા પ્રાણ પૃથવીપર નાખ્યો; કિંકર ચાર લૈ ગયા બાંધી, પ્રગટ વાત મુજ મનમાં લાવી. ૪૬ કહ્યું મેં કિંકર પાસે ઉચારી, કુંણ ગતી થાશે કો મારી; ત્યારે તે

કહે મુખથિ ઉચ્ચારી, ભગવત ભક્તિ વિના દુખ ભારી. ૪૭

દોહા—યમ કિંકર દૃઢ બાંધિને નાખે નર્ક મોઝાર, જો કદિ નીકળે બ્હાર કોઈ મારે મુદગર માર. ૪૮ જળહર બળતા સ્તંભને પકડાવે બહુ વાર, પીડા પડે બહુ પિંડમાં, પામર કરે પોકાર. ૪૯

ચોપાઇ—કોઇને નાહર મુખ કરડાવે, કોઇને વિછી સર્પ ડસાવે; કોઇને વજ્ર ચાંચથી મારે, કરિ વિલાપ કરગરી પોકારે. ૫૦ કોઇને પટકે પૃથવી માંય, પીડા થાય પ્રાણ નવ જાય; કોઇને પથ્થર ઉપર પટકે, કોઇને મારે ઝટપટ ઝટકે. ૫૧ તપતી તેલ કઢામાં રાખે, પછિ લખ ચોરાશીમાં નાખે; વાર વાર શું કરૂં ઉચ્ચાર, યમને દ્વારે દુઃખ અપાર. ૫૨ જે હરિ ભક્તનિ શેવા કરે, તેનાથી યમ કિંકર ડરે; માળા તિલક સ્વાંગ જે ધરે, યમ કિંકર દેખી થરથરે. ૫૩ મારી શીક્ષા માનો દેવ, ઝટપટ કરો રામની સેવ અન્યને સેવે નહિ છુટાય, ઉલટો તે નરકે લૈ જાય. ૫૪ હરી વિના કોઇ દુખ ન નિવારે, બીજા પોતાનો કરિ મારે; દેવ નામ સુણિ અન્યને ધ્યાવે, પ્રભુ તેની પાસે નવ આવે. ૫૫ માતા નામ સુણી જગમાંય તેના સેવક સરવે થાય પણ એક વાત કહુ તને સાર, સત ગુરૂ વિના નઉ તરે પાર ૫૬ એવું કહિ યમ કિંકર જાય, પછી વિચાર્યું મેં મનમાંય, ગયો હું મધુ પુરિવાર ન કીધી; અનંતા નંદની દીક્ષા લીધી. ૫૭ ।। ૪૬ ।।

દોહા—તે દિવસથી ભક્તિ કરૂં કરી અળગું સહુ કાજ, રામ રામ રટતો રહું તજી લોકની લાજ. ૫૮

ચોપાઈ—અવર ધર્મથી રહું નિત દૂર સત ગુરૂ સંતને રહું હજૂર, જૈન ધર્મનો કીધો ત્યાગ, પ્રભુ પદ પંકજમાં કરિ રાગ. ૫૯ રામ કૃષ્ણ નિંદે અપરાધી, એથી પામે નરકનિ વ્યાધી; સત્ય ધર્મનો દોષ વિચારે, જૂઠો ધર્મ રૂદામાં ધારે. ૬૦ માટે ખોટી ખટપટ ત્યાગો, રામ કૃષ્ણ પદમાં અનુરાગો, ઉત્પતિ સ્થિતિલય તે પ્રભુ કરે, ભકત હેત ભોમી અવતરે. ૬૧ અનેક રૂપે ધરે અવતાર, કયારે ન રહે વ્રજથી બાર; પ્રલય કાળમાં સર્વે નાસે, મથુરાં એક અચળ નિત ભાસે. ૬૨ દીવ્ય દ્રષ્ટી નરને દેખાય, બીજાની દ્રષ્ટે ન જણાય સાચા સંત તહાં જૈ ઠરે, બીજા સહુ જન આશા કરે. ૬૩ જ્યારે મુજ મનમાં ભય આવ્યો, ત્યારે ગુરૂએ મંત્ર બતાવ્યો; કેશવ નું કીર્તન નિત કરૂં, સંત મહંતને અતિ આદરૂં. ૬૪

દોહા—યમ નોડર માને નહિ જીવ પડયો જંજાલ, ભજન કરે તે ઉગરે બીજા થાય બેહાલ. ૬૫

ચોપાઈ—પુનિ હું કહુ અચરજની વાત, સાંભળો સાવધાન થૈ તાત; મારો પુત્ર વસે નિજ ગેહ, કરે ન નિજ નારીથી નેહ. ૬૬ દિન દિન દુર્બળ થાય શરીર;

૪૭ ॥ લજ્જા કરિ ન કહે ધરિ ધીર; એક દિવસ મેં પૂછી લીધું, ત્યારે તેણે સાચું કીધું. ૬૭
ભૂત એક આવે મધરાત મુખથી કાંઈ કહે નહી વાત; તેને દેખી હું અતિ ડરૂં, કરૂં પરિતાપ ન મુખ ઉચરૂં. ૬૮ તે ઘરમાં બેઠો હું જ્યારે પ્રેત આવિયો સન્મુખ ત્યારે, પ્રહાર કરવા મન સાકરી, ત્યાં ભૂતે વિનતી ઉચરી. ૬૯ મેં કર્યો પરનારીનો સંગ, તે પાપે થયું ભૂતનું અંગ, પૂર્વે હતો સોની ધનવંત, હું તુજ શરણે આવ્યો સંત. ૭૦ આવે ઈહાં થયો એક માસ, દીક્ષા આપી પુરો આશ; ત્યાં તુલસી ચરણોદક દીધું, પ્રીત કરિ પ્રેતે લૈ પીધું. ૭૧

દોહા—કાન ધરી હરી મંત્ર સુણી પામ્યો પ્રભુનું ધામ, માટે સહુ શ્રદ્ધા કરી મુખથી બોલો રામ. ૭૨

ચોપાઈ—પીપે કથા સુણી ચિત લાવી, તે અવસર કંડોરી આવી, છાણાં વેણી સંગ્રહ કરે, રૂપવતી સૌનું મન હરે. ૭૩ છાણાં લૈને સન્મુખ આવી, ત્યારે પીપે પાસે બોલાવી, શ્રીરંગ ઉઠિ કરે ઉચ્ચાર, જાતે સ્વપચનિ પુનિ પરનાર. ૭૪ સંગ કરેથી થાય વિકાર, પીપો કહે એ નહિ પરનાર; તું સમજી જો નિજ મન માંહી, ઉંચ નિચ કોઇ દીસે નાહી. ૭૫ પંચ તત્વનો સહુ સંસાર, તેનો એક રામ કરતાર, ભેદ ॥ ૪૭ ॥
મતિથી ભાસે અનેક સમ દ્રષ્ટીથી દીસે એક. ૭૬ ઝાલી કર પીપે બેસાર્યો. શ્રીરંગનો

સહુ ક્રોધ નિવાર્યો, પુનિ પુનિ કહે તહાં પીપો સ્વામી, જુઓ બીચારી દરશન પામી. ૭૭ ફોગટ જાતાં શું ફળ થાય, દરશનથી દુખ દુર પળાય; પછિ સમજાવી દીક્ષા દીધી; માળા તિલક છાપ રૂચિ કીધી. ૭૮ લક્ષ્મીવરથી લગની લાગી; પુર્વ જન્મની ભકિત જાગી, કરિ પ્રણામ ઘર પ્રત્યે જાય, પણ પેસવાન દીધી ત્યાંય. ૭૯

દોહા—પુરૂષ ગયાતા ગામ સહુ, રહી હતી સૌ નાર; પણ સાસુ ઊર રીસ કરી ક્રોધે કરે પ્રહાર. ૮૦

ચોપાઇ—પછિ એણે મન કર્યો વિચાર, આવી પતી મારશે માર; ઘરથી નાશા નેહ નિવાર્યો, મારગ માંહિ મળ્યો વણઝારો. ૮૧ પછી હરી ભકત મળ્યા સુખકારી, ફરિ નહિ ઘરની વાત સંભાળી; એટલી કથા કહી ઊઠી આવ્યા, માસ દિવસ પીપાને ટકાવ્યા. ૮૨ વધી પ્રતીતિ પ્રીતિ અપાર, કીધી ભેઠ ટકા સત ચાર; પાંચ કોશ પીપાને પોચાવ્યા, ત્રીજે દિવસે દેશમાં આવ્યા. ૮૩ બ્રાહ્મણ એક નદીમાં રૂવે, ચિત ચિંતા કરિ ચોદિશ જુવે; પંથમાં પથિને પુછે વાત, પીપા જૈ પુછે કુશલાત. ૮૪ કે ભાઇ શી આફત છે તને દેખી દયા ઊપજી મને, બ્રાહ્મણ કહે લૂટિ મને લીધો, પુનિ પ્રહાર અંગમાં કીધો. ૮૫ સુણિ આપ્યુ વિત્ત કરી સન્માન, વિપ્ર કહે રહેવા નથિ સ્થાન; પુત્રીનો કીધો છે વ્યાહ, લગન નિમિત્ત અન્નની ચાહ. ૮૬ હવે હું ઘર-

॥ ૪૮ ॥ માં જૈ શું કરૂં, મૃત્યુ આવે તો ઝટ મરૂં; પીપે લિધો નિજ સંગમાંય, નહિ ચિંતા કરોન સહુ સુખ થાય. ૮૭ જ્યારે આવ્યા મંદિર પાસ, બ્રાહ્મણને કહે પીપાદાસ; જે હું કહું તેમાનો આજ નિશ્ચય થશે તમારૂં કાજ. ૮૮

દોહા—પુનિ નિજ ઘરમાં ખબર કરી, પ્રીતે સીતા પાસ, પતિ વિયોગનું દુખ ગયું; બેઠા આવિ અવાસ. ૮૯

ચોપાઈ.—બ્રાહ્મણને ત્યાં મુડ મુડાવ્યું, માળા મુદ્રા તિલક કરાવ્યું; સૂર્ય સિંહ ત્યાં મળવા આવ્યો, પીપાના ચરણે ચિત લાવ્યો. ૯૦ પીપો કહે મુજ દરશન ત્યાગો, આ સંતને પેલા પગે લાગો. જેવા રામાનંદ ગોસાઇ એવા સમજો સહુ મન માંઈ. ૯૧ ધન્ય ધન્ય દરશન થયું આજ, ઘર બેઠે સુધર્યાં સહુ કાજ; ત્યાં સૂરજને થઇ પ્રતીતી, વંદે વિપ્રને કરી બહુ પ્રીતી. ૯૨ આદર કરિ રાખ્યા દિન ચાર, પીપો પ્રીતે કરે મનુહાર, જેને જેવી આજ્ઞા દીધી, તેણે તેવી પૂજા કીધી. ૯૩ સૂર્યસિંહ દ્રવ્ય લૈ આવ્યો, શ્રદ્ધાયુત બ્રાહ્મણને ચઢાવ્યો; પ્રીતે પોચાડ્યા જૈ દૂરી, બ્રાહ્મણની આશા થૈ પુરી. ૯૪ મને સંતે જીવાડયો આજ નિર્ભય થયો થયાં સહુ કાજ, ગયો બ્રાહ્મણ સ્વામી ઘર જાય. કહો સંત કીમ કરિ ઓળખાય. ૯૫ સંતની વાત સાચિ સહુ માને, પણ દુર્જન ॥ ૪૮ ॥
મનમાં નહી આણે; પીપાજી છે પરઊપકારી. બ્રાહ્મણને લીધો ઊગારી, ૯૬ જેને

દયા નથિ મન માંય, કો તે હરિજન કેમ કહેવાય, સંસારી માથે લે ભાર, દાતા ભોકતા છે કરતાર. ૯૭

દોહા—સહુના દાતા રામ છે નિમિત માત્ર છે જગત, એવું મન સમજે સદા; તો રીઝે ભગવંત. ૯૮

ચોપાઇ—પીપા મનમાં કરે વિચાર હજિ મેં છોડયો નથિ પરિવાર, જ્યાં લગિ છે સહુ સાથે પ્રીતિ, ત્યાં લગિ નથી ભક્તની રીતિ. ૯૯ ભીડ રાત દિવસ બહુ થાય, સહુનું મન કેમ કરિ સચવાય; ભુપ સહિત સહુ આવી અડે, ખોટી ખટપટમાં કુંણ પડે. ૧૦૦ જ્યાં લગિ જગમાં પ્રતિષ્ઠા ચાય, ત્યાં લગિ ભક્તિ નવ કેવાય; સુણ સીતા જઇયે પરદેશ, હરિ અર્થે કરિ નિર્ગુણ વેશ. ૧૦૧ જોઉ કેવું રહે છે મન મારૂં, ત્યાં કેવું મન રહે છે તારૂં;આદરઅન આદરસમ કરિયે, નિર્દાવે ભીક્ષા લૈ ફરિયે. ૧૦૨ ઘણા વર્ષ ટોડે ઘર કીધું, ખર્ચ્યું કર્યું ખાધું સુખ લીધું; સુણિ તમે સોચ કરો નહિ આજ, વેગે કરિયે આપણું કાજ. ૧૦૩ જઇને કોઈ એક વનમાં રહિયે, જે દુખ આવે તે સહુ સહિયે. માયાનો વિશ્વાસ ન કરિયે. યદ્યપિ પ્રભુ ચરણે ચિત ધરિયે. ૧૦૪ જ્યારથિ ગાંગરૂન તજિ દીધું, કષ્ટ સહ્યું નહિ પણ સૂખ લીધું. સીતા કહે તમે સો જાણો, હજિ લગિ કિમ ભ્રાંતી ઊર આણો. ૧૦૫

॥ ૪૯॥

દોહા—જ્યાં જાવાને મન ચહે; ત્યાં ચાલો મુજનાથ આપનિ આજ્ઞા શિર ધરી દાસી રહે નિત સાથ. ૧૦૬

ચોપાઇ—હુંતો ચરણ કમળની દાસી, સંગર હુનિત થૈ વિશ્વાસી, ચાલ્યા તરત ન લાગી વાર, કોઇની સાથે કર્યો ન ઉચાર ૧૦૭ કોઇ જાણે કોઇ જાણે નહી, સકળ વસ્તુ ઘરમાં ભરી રહી; ત્રીજે દિવસે ત્યાગી દેશ, પરભોમીમાં કર્યો પ્રવેશ. ૧૦૮ પોચ્યા નગર દેવાલે આય, નગર લોક સહુ લાગે પાય; દંપતિએ કીરતન ત્યાં કીધું, સકળ સભાનું ચિત હરિ લીધું. ૧૦૯ આદર આપી રાખ્યા ત્યાંય, ઉતર્યા બ્રાહ્મણના ઘર માંય, કોઈની સાથે નોતી ઓલખાણ પ્રેરક પ્રભુયે રાખ્યું માન. ૧૧૦ પુજા બહુ આવી તે ગામ, બ્રાહ્મણ બોલ્યો કરી પ્રણામ; ઘણા વર્ષથી ભુખે મરૂં, ભીક્ષા માગી ભોજન કરૂં. ૧૧૧ એવી દીનતા દેખી જ્યારે, પીપા પ્રસન્ન થયા બહુ ત્યારે; તેને દ્રવ્ય દયા કરિ દીધું, વિપ્ર દરિદ્ર દુર લૈ કીધું. ૧૧૨ અચરજ થયું નગર મોઝાર દંપતિ ચાલ્યા લાગિ ન વાર; સંશય કિંચિત નહિ મન મારે, રહુ વિશ્વાસે રામજી તારે- ૧૧૩ વિપ્ર સહિત સહુને કહેનાથ, રામ રામ કહેજો સહુ સાથ, એથી શુભ ગતી થશે તમારી અન્ય ધર્મ દેજો વિસારી. ૧૧૪ ॥ ૪૯ ॥

દોહા—મનમાં હરિની પક્ષ ધરી છોડો સહુ સંતાપ; રામ રામ સુમરણ કરો;

મજલે સઘલાં પાપ. ૧૧૫ જહાં એક તહાં સર્વ છે; સર્વ તહાં નહિ એક કરી વિવેક સમજી તમે ધારો ભક્તિ ટેક. ૧૧૬ દીસે મુખ દર્પણ મહી પણ નવ આવે હાથ તિમ ઘટઘટમાં પ્રભુ વસે; પણ દેખે ન અનાથ. ૧૧૭

ચોપાઇ—એવી શીક્ષા સહુને આપી, કૃપા કરીને કુમતિ કાપી, વળાવી સહુ થયા વિદાય, ત્યાંથી દંપતિ ચાલ્યાં જાય. ૧૧૮ ફરતા ફરતા ગયા તે ઠામ, જ્યાં વનખંડીમાં એક ગામ; દુષ્ટ લોક વસે તે માંહી, અડધી વસ્તી અડધી નાહી. ૧૧૯ રાજા તાડન કરવા ધાય, ઊજડ ખેડા કોય ન જાય; પીપાને દેખે છે જેહ, કરે મશ્કરિ સૌ જન તેહ. ૧૨૦ પાસે બેસારે નહિ પાપી, કોઇને ભીક્ષા કદિ નથિ આપી; દયા રહિત અપયશના ભાગી, અગનિ પણ આપે નહી માગી. ૧૨૧ સીતાને પીપા ઉચરે, ડરશો નહિ હરિ રક્ષા કરે; માસ જેઠ પડે બહુ ઘામ, ઊજડ ઘરમાં કર્યો વિશ્રામ. ૧૨૨ નજિક નહિં જળ લાવ્યા ભરી, પછે કીર્તનની મનસા કરી; તે સમે આવ્યા સત સંન્યાસી, મોકલ્યા પીપા ઘર કરિ હાંસી. ૧૨૩. જ્યાં હરિજન ત્યાં તમે સધાવો, નહિ તો ખરચી ગાંઠની ખાવો; તે પરદેશી સકળ અજાણ, પીપાને ઘર કર્યું પ્રયાણ. ૧૨૪ પીપાએ કીધો સતકાર, ઉતરવા ઘર આપ્યું સાર; ચુલો ચોકો કર્યો તૈયાર, જળ ભરિ લાવ્યાં સીતા નાર. ૧૨૫ લાવી પાન કર્યાં પતરાળાં, કહો કિમતે રાખે હરિ ઠાલાં; બ્રાહ્મણ એક હતો હત્યારો, લોકે નાતથી કીધો ન્યારો. ૧૨૬

।૫૦।। દોહા—તે આવ્યો કીર્તન સુણી, પ્રીતે લાગ્યો પાય; હું છું પાપી શીરોમણી મેં મારી છે ગાય. ૧૨૭ પાપ નિવારણ અર્થે મેં લૈ મુડાવ્યું મુંડ, ગંગા પરસ્યો પ્રેમથી તોપણ માગે દંડ. ૧૨૮ મુજ ઘરતે જમતા નથી સામગ્રા છે સાર, શરણ પડી હું કરગરૂં મને લ્યો પાંક્ત મોઝાર. ૧૨૯

ચોપાઇ—મેં તો મારી છોડી નાત, મને પંક્તિમાં લ્યો તમે તાત; તમને બોલી શકે નહિ કાંય, તે મેં નિશ્ચય કર્યું મન માંય. ૧૩૦ તમને આપે જે કોઇ દોષ, તો હું મારૂં કરિને રોષ, સુણિ પીપે સામગ્રી લીધી, તેની શંકા અલગી કીધી. ૧૩૧ આપ્યુ શીધું કમીન ઘૃતની, ઘણી ગોરસની આપી મથની; કરી રસોઈ લાગ્યો ભોગ, નિર્ભય થૈને જમે સૌ લોગ. ૧૩૨ હરખી હરખી જમે સન્યાસી, કુટુંબ સહિત ગામના વાસી; વગર બોલાવે બેઠા આવી, દેખિ રીત સૌને મન ભાવી. ૧૩૩ લૈ પ્રસાદ થયું સુખ અપાર, પીપાનો માન્યો ઉપકાર; લેશન રાખે સ્વાર્થે સ્વભાવ, પરમારથમાં સાચો ભાવ, ૧૩૪ પીપો પ્રભુ મહિમા મુખ કહે, રામ કહે હત્યા કિમ રહે; નામ સકળ હત્યાને નિવારે, એક હત્યાને કુંણ વિચારે. ૧૩૫ દૈ ઉપદેશ બ્રાહ્મણને તાર્યો, નિ-
જનો કરિ યમ લોકથી વાર્યો; જન્મ જન્મનાં પાપ નશાય, સૌને સંત પરમ ।। ૫૦ ।।
સુખદાય. ૧૩૬

દોહા—જિમ પારસના પ્રસંગથી લોઢુ કંચન થાય, તેમ સંતના સંગથી સકળ સંત થૈ જાય. ૧૩૭

ચોપાઇ—કળીમાં કરી ભક્તિ વિસ્તાર, પીપે કૃતાર્થ કર્યો સંસાર; પરમારથ પથ કહે સમજાય, જે ચાલે તે હરિપુર જાય. ૧૩૮ પણ ટોડે સૂરજ પસ્તાય, પીપા વિના પ્રમોદન થાય; ચોદિશ દોડાવે અશ્વાર, આતુરતા મળવાને અપાર. ૧૩૯ પાંચ હજાર પૂર્વ દિશિ જાય, દોઢ હજાર ઉત્તરમાં ધાય; દ્વાદસ સત દક્ષણમાં ગયા, પાંચ-સોહ પશ્ચિમ દિશિ રહ્યા. ૧૪૦ એંસી કોશ તે પોચ્યા જાય, પીપાજીને મલ્યા સૌ ત્યાંય; સૂરજ કરે વિયોગ વિલાપ, દયા કરી ત્યાં પીપે આપ. ૧૪૧ પગે લાગિ પછિ ઘર લૈ આવ્યા, પીપાજીને પ્રીતે વધાવ્યા; સૂરજે બહુ વિનતી ઉચરી, અર્દ્ધ સંપતિ અરપણ કરી. ૧૪૨ હવે મને નવ છોડો સ્વામી, મન ક્રમ વચને રહુ શિર નામી; પીપો સદારામને જાણે, બીજી વાત રૂદે નહિ આણે. ૧૪૩

દોહા—ગુરૂ નિર્લોભી હોય તો શીષ્ય ન છાંડે પ્રીત, સ્વાર્થ છોડિ હરિને ભજે, એ શુભ સંતની રીત. ૧૪૪

ચોપાઇ—ટોડામાં મને અતિ સુખ આવ્યું, સુમરણ ભજન કર્યું મન ભાવ્યું;

પણ આ આવી અધિક કસોટી, આપે રામ દયા કરિ રોટી. ૧૪૫ આવ્યો સમય કઠણ દુખદાય, રામ વિના કુણ કરે સહાય; પડયો દુકાળ દેશમાં ભારી, બાળક છોડી જાય નરનારી. ૧૪૬ બાપનો સુતનહિ સુતનો બાપ, સૌ જનને મન થયો પરિતાપ; સૂરજસિંહે કર્યું મન મેલું, ભક્તિ ભૂલિ સાચવે ઘર પેલું. ૧૪૭ કોડીમાં દીસેન અનાજ, એથે આવે નહિ કોઈ આજ; વિના મૂલ ઘોડુ દૈ દીધું, જેણે તેણે પણ લૈ લીધુ. ૧૪૮ પહોચે નહિ ઘાસને દાણો, અતિ દાણો મુંઘો વેચાણો; હજુયે વિતતો રાજા માગે, દેખી કષ્ટ પ્રજા પણ ભાગે. ૧૪૯ પંથે પંથીને પણ લુટે, ભૂખે મરે પેટ પણ કૂટે; વેચે પુત્ર પુત્રિ કરે વેઠ, તો પણ પૂરૂ ભરાય ન પેટ ૧૫૦ ખરા સગાને ક્ષણમાં છોડે, કોઈ કોઈ સાથે પ્રીતી ન જોડે; ચઢિ ચઢિ મારે ગામ નરેશ, એવું દુઃખ થયું ચોદેશ. ૧૫૧ વાશી મૂકે સૌ દીન દ્વાર, ભિક્ષુક બાર કરે પોકાર; કોઇને અન્ન ન આપે કોઈ, ઘરમાં જૈ જૈ કરે રસોઈ. ૧૫૨

દોહા—દાન દયા દીસે નહી, દીસે નહિ શુભ કાંય; મર્યા શરીર ઉપાડિને દુખમાં દુખ બહુ થાય. ૧૫૩ કોઇનું કોઈ સંગી નહી જ્યાં ત્યાં ભૂખે ધાય, ભલુ માણસ ભલપણ તજી માણસને ખૈ જાય. ૧૫૪

॥ ५१ ॥

ચોપાઇ—ત્યાં સીતા બોલ્યાં સત સૂર, અમથી રામ નથી કાંઇ દૂર; મહા પ્ર-

લયમાં રાખે સ્વામી, હરિજનને કાંઇ રહિ ન ખાના. ...ટથી નવ ડરે,
જેની રામજી રક્ષા કરે; મારીમતી નવ જાણો કાચી, સ્વામી વાત કહુછું સાચી. ૧૫૬
પીપો કહે ભરૂંસો મને, કયારે નડગતી દેખું તને; સદા સકળ સેવા કરી સારી, તનમન
દૈને પ્રીતિ વધારી. ૧૫૭ હવે શું કરે દુકાળ અમારૂં, જેને રામજીનું રખવાળું; કહે પ-
રસ્પર મન ધરિ ધીર, પણ માગે આપિયે શરીર. ૧૫૮ દિન દિન દ્વિગુણ દયા દિલ
ધારે, ભૂખ્યો કોય રહે નહિ દ્વારે; મોર ભરેલું મોટું પાત્ર, પીપા પાસે આવ્યું રાત્ર. ૧૫૯
તે સહુ ખરચ્યું શંકન આણી, પરમેશ્વરની પૂજા જાણી; કોઈ હરિજનને દુઃખ ન કાંય,
સુખી રહે પીપા ઘર માંય. ૧૬૦ કરે ભક્તની બહુ વિધ સેવ, માને નહિ બીજો કોઈ
દેવ; તેનું ફળ વૈકુંઠમાં વાસ, લહે ન જન્મ મરણનો ત્રાસ. ૧૬૧

દોહા—પીપો કહે સુણો સંતજન કહુ અગમની વાત, મળે ખટ ચક્ર સાધન
વિષે અંતે હરિ સાક્ષાત. ૧૬૨

ચોપાઈ—એક અગોચર અગમ સ્વરૂપ, જીવન મુક્ત રહે તદ્રૂપ; શેષ મહેશ
સનકાદિક રાચે, ધ્રૂવ પ્રહ્લાદ અમરિષ પદ જાચે. ૧૬૩ કળીના ભક્તનો કહુ વિસ્તાર,
જેણે પરહિત કર્યું અપાર; નામદેવ કબિર પ્રભુદાસ જેણે જક્તની છોડી આશ ૧૬૪
સેનાધના ભક્ત રહિ દાસ, ચાર મુક્તિની કરે ન આશ; દસમી ભક્તિ મહી લહે

લાગી, મનની ધનની કલ્પના ત્યાગી.૧૬૫ અનંત કોટિ છે હરિનાદાસ, સરવે પડ્યા પ્રેમને પાસ; એકમાં અનંત અનંતમાં એક, સત ગુરૂ શબ્દે કરો વિવેક. ૧૬૬ થોડા માંહિ આધક વિસ્તાર, હરિનું નામ ભક્તિ સુખસાર; સકળ ગ્રંથમાં જુઓ તમે જાય, તોજ પ્રતીતિ મનમાં થાય. ૧૬૭ સતગુરૂ શબ્દમાં કરો મન લીન, થાશે નીરખીર ઝટ ભીન્ન; અવર ધર્મથી મટે ન શોગ, સમજે; નહીં અંધ જડ લોક. ૧૬૮ એવી ભક્તિ કરે હરિદાસ, મનમાં કાંય કરે નહિ આશ; ભક્તિ કરતાં પામે દુઃખ, ઉલટું મનમાં માને સુખ. ૧૬૯ પછી દેશમાં થયો સુકાલ, પંથીનો થયો પંથમાં ચાલ; જહાં તહાં ચાલ્યા સહુજન જાય, ભક્ત ભેખ કરિ ફરે સદાય. ૧૭૦ તે ટોડામાં પોચ્યા આવી, પીપે પોતે પ્રીત જણાવી; સ્વામી ખરચી રહિ નથી કાંય, જો આપો તો તીર્થ જવાય. ૧૭૧

દોહા—સુણિ સ્વામી ચાલ્યા તરત વણિકની પાસે જાય, લીધું વિત પુનિ ભેખને, આપ્યું પ્રીતે ત્યાંય. ૧૭૨

ચોપાઈ—લઈ દ્રવ્ય તે સુખિયા થયા, પછી તીર્થમાં ચાલ્યા ગયા; વણિકે પણ કાગળ લખિ લીધો, પીપે પછી વાયદો કીધો, ૧૭૩ દસ દિનમાં લેવા ચહે માગી, સમજે નહીં અચેત અભાગી; પીપો કહે ક્યારે [illegible] ાગળ મેં ક્યારે ॥ ૫૨ ॥

ન્હોવો. ૧૭૪ કાગળ વણિક દેખાડે જહાં. નિકલ્યો કોરો કાગળ તહાં, નીચું જોઈ ર-
હ્યો તે ત્યાંય, કહિ ન શકે મનમાં પસ્તાય ૧૭૫ કોઇયે કાંઇ લીધું નથિ દીધું, વણિકે
ઘેર જવા મન કીધું; મે રાખ્યો પીપા વિશ્વાસ, તેથી થયો દ્રવ્યનો નાશ. ૧૭૬ હવે
હું કોઇનું કામ ન કરૂં, જયાં લગિ આ જગમાં હું ફરૂં; પીપો કહે રામની માયા,
માની પોતાની અકળાયા. ૧૭૭ ફરિ મળશે તો આપિશ ભાઇ, નહિતો રહો રામ ગુ-
ણ ગાઈ; હરિનો માલ હરિજન ખાય, તું વચમાં આડો શીદ થાય ૧૭૮ વણિક કહે
જોડીને હાથ, ભલે ખવરાવો સંતને નાથ; ભેઠ ધરી ચરણે શિર નામ્યો, દીક્ષા લઇ
પરમ પદ પામ્યો. ૧૭૯

દોહા.–નિજ જનનું દુખ દુર કરી, સુખ આપે ભગવાન; તે પ્રભુને કેમ ભૂ-
લીયે, સુણ મન મુઢ અજાણ. ૧૮૦

ચોપાઈ.–એક દિનસીધુ ઘરમાં નાહિ, પીપા ચાલ્યા ચૌટા માંહી; સહુ
ને શિક્ષા કરવા ચાય, (પણ) મુરખ જાણે મને ઠગી જાય. ૧૮૧ ઘાંચણ એક
રૂપવતી સારી. દેખી પીપે દ્રષ્ટિ ધારી; સુંદર શરીરે સમરે રામ, નાસે વિઘન સરે
સહુ કામ; ૧૮૨ રામ રામ કહો કહે સ્વામી, ઘાંચણ બોલી અતિ દુખ પામી;
પતી મર્યા પછી સતી થાય જ્યારે, રામ રામ પોકારે ત્યારે. ૧૮૩ મારી મશ્કરિ

૫૩ ॥ કરિ શું કરશો. કુવચન બોલી કમોતે મરશો; પીપાને ઉપજ્યો ઉર રાષ; સાચું કહ્યું કેમ માનો દોષ; ૧૮૪ મરશે પતિ સતિ થૈશ જ્યારે, રામ રામ કહિશકેમ ત્યારે; સુણી વચન મનમાં દુખ લાવી, ધાંચણને શંકા ઉર આવી. ૧૮૫ અંતે મૃત્યુ થયું નિજ પતીનું, ઉઘડ્યું દ્વાર ઘાંચણની મતીનું; પતી વિના સુંનો સંસાર, ધાંચણ કરે મુખ રામ ઉચ્ચાર. ૧૮૬ રોવે માત પિતા પરિવાર, રોવે સકળ નગરની નાર; સર્વે સનેહી મળીને રોવે, કોઇ કોઇનું આંસુ નવ લોવે. ૧૮૭

દોહરા. ધાંચણ સુખ સંપત તજી, સતી થવાને જાય; બહુ વિધ વાજે વાજતે, આવિ મશાણની માંય. ૧૮૮

ચોપાઈ. ધાંચણ રામ પોકારે જહાં, પીપો આવી પહોચ્યા તહાં; હસિ પુછે પીપા વાત, હવે કેમ રામ કહો છો માત. ૧૮૯ જીવતાં મુખમાં રામ નથી કહ્યો, મરતી વખત ભાવ કિમ થયો; સુણી ધાંચણને થયો પરિતાપ, મર્યો કંથ લાગ્યો તુજ શાપ. ૧૯૦ હવે મને કહો શું સમજાવી, મારે મરવાની ઘડી આવી; પીપા કહે ભકતી જો કરે, જીવે મરેલો પતિ નહિ મરે. ૧૯૧ સુણિ ધાંચણ ત્યાં પતી સુખ પામી, ધાંચીને જીવાડયો સ્વામી, પછિ ઘરે બોલાવી દીક્ષા દીધી,ભકત બોલાવી સેવા કીધી. ॥ ૫૩ ॥
૧૯૨ એવા કંઇ પીપાએ તાર્યા, નિર્ભય થઈ વૈકુંઠ પધાર્યા; જગમાં વેરી હરિજન

,, જેણે ટેક ભકિતનો ધાર્યો. ૧૯૩ દુરજન મિત્રથી સરે ન કામ, વેર કર કર
સંગ્રામ; શત્રુ સંત સતસંગત આપી, અતિ ઉદ્ધારે જગમાં પાપી. ૧૯૪ ચંદન
બા સંત સુજાણ, સંગીને કરે આપ સમાન; તે માટે સત સંગત કરો, પામરની
ત પરી હરો. ૧૯૫

દોહા. પીપા સમ સંસારમાં, કોઇ કૃપાળુ ન હોય; મૃતક દેહને જકત-
કહો જીવાડે કોય. ૧૯૬

ચોપાઈ—એક દિ. પાંચ કંકોતરી આવી, પાંચ મહોચ્છવની મન ભાવી,
કજ વાર પાંચ લૈ દીધી; પાંચ ગામની પીપે લીધી. એક દિવસમાં જો ન જવાય,
ર ટાળ્યું જાણી દુખ થાય; જાય મહોચ્છવ પીપા જ્યારે, આવ્યા ભક્ત પરૂણા ત્યારે
આપી સપથ રાખ્યા ઘરમાંય, પીપાને પસ્તાવો થાય. '૧૯૮ ત્યાં ત્યાં પ્રભુ પોતે ગ-
યા પ્રીતે, પીપા રૂપે રૂડી રીતે; સકળ મહોચ્છવ સારા થાય, પીપા સહુ દ્રષ્ટે દેખાય
૧૯૯ દેખીને રીઝયા સહુ કોઈ, દાસે શીખ કરી છે દોઈ. જે તલાવ પર દીક્ષા લીધી,
સરવ દેખતાં પીપે દીધી.૨૦૦ ધામ ક્ષેત્ર મંત્ર સંભળાવે, દોઇ પ્રેમ સહિત ગુણ ગાવે;
માળા તિલક ભદ્ર શિર સોહે, દેખિ રૂપ સહુજન મન મોહે. ૨૦૧ પરમ ચતુર સત
સંગતી કીધી, ગ્રંથ ભણી ગણિ શુભ મતિ લીધી, ગુરૂને મળી મહોત્છવ દોઇ, નેત્રે

નિરખે પણ પત ખોઇ.૨૦૨ પીપે દેહ તજી ત્યાં દીધી, મળિ સહુ સંતે ક્રિયા પણ કીધી; કરિ પરિતાપ રૂવે દોઇ નાર, મરવું થોડું દુઃખ અપાર. ૨૦૩

દોહા.—દિન દશ દરશન નવ થયાં, કર્યો વિયોગ કરતાર; પાપ અમારૂં પ્રગટ થયું, પણ દેખું સીતા નાર. ૨૦૪

ચોપાઈ—રે મન ચાલો ટોડે જૈએ, સીતાજીનાં દરશન લૈયે; છોડયું દુર પ્રથમનું ગામ, પીપાજી પડયા બીજે ઠામ. ૨૦૫ ત્રીજે ગામે પોચી જયારે, કર્યો વિચાર જ મનમાં ત્યારે. પીપા પડયા એમ સહુને કહ્યું, ગામ લોકને અચરજ થયું. ૨૦૬ છિ ટોડામાં પોચી જયારે, સ્વામી મળ્યા થયું સુખ ત્યારે; સકળ કથા ત્યાં કહી સંભળાવી, સીતા યુત પીપાને ભાવી. ૨૦૭ સુર્યસિંહ પુનિ મળવા આવ્યો, પીપે પછી નાર બોલાવ્યો; ઇહાં તમારી નારી આવી, ઘર લૈ જાવો તમે સમજાવી. ૨૦૮ તેણે ધરિ સંગ ન લીધી, ગમે ત્યાં જાય રજા મેં દીધી; એનું તો મન પ્રભુમાં લાગ્યું. • દિવસથી મુજથી ભાગ્યું. ૨૦૯ હવે હું દાવો કરૂ નહિ કાંય, સુખથી ભક્ત ભેળાં જાય, એવા પતિતની પણ ગતિ થાય. જે કોઇ સંતને શરણે જાય. ૨૧૦ રાઇ રણિ તેનું નામ. તેનો યશ પ્રગટયો તે ગામ; ગુરૂ દરશનથી નિત સુખ થાય, હલકી હરિ ગુણ ગાય. ૨૧૧ જેને ડરવા ઠામ ન કાંય, તે સાધુને શરણુ સમાય. સાધુ દીન દયાળઃ પુશ્કળ પતિતને કરે નિહાલ. ૨૧૨

દોહા.—પીપાના પરચા ઘણા, કહો કિમ કરિ કહેવાય; સહુ નિજ મન નિ-ર્મળ થવા, મતિ અનુસારે ગાય. ૨૧૩

ચોપાઈ.—એક દિવસ ત્યાં કિર્તન હોય, દેવ મંદીર બેઠા સહુ કોય; પીપો હાથ હાથથી પરસે, દેખિ ચરિત્ર સભા સહુ હરખે. ૨૧૪ ત્યાં સુરજ પુછે કરી પ્યા-ર, મુજ મન શંકા થઇ અપાર; કરથી કર પરસ્યો કુણ કાજ, કૃપા કરી તમે કહો મહારાજ. ૨૧૫ પીપા કહે સુણોરે ભાઇ, લીધો ચંદરવો બુઝાઇ; પુરી દ્વારીકાં ઉત્સ-વ થાય, લૈ મસાલ ઉભા બે ત્યાંય. ૨૧૬ એક મસાલ ચંદરવે લાગી, એક હાથ લ-ગિ પ્રગટિ આગિ; ત્યારે મેં મુશ્કલથિ બુઝાવી, માનો નહિ તો દેખો ધાવી. ૨૧૭ એવી વાત ન સાચી માની, સકળ સભાએ જુઠી જાણી; કોશ ત્રણસોને ત્રેવીસે, એ-ટલે ખેટેથી કિમ દીસે. ૨૧૮ કેવળ જુઠુ ન બોલે સાધ, જેથી લાગે અતિ અપરાધ; મોકલ્યો ત્યાં સુરજે અશ્વાર, આવ્યો દ્વારામતિ મોઝાર. ૨૧૯ ચંદરવે થીગડી જોઈ પુછે, કાણો થયો તે કારણ શું છે; પંડયો બોલ્યો સુણરે ભ્રાત, એક દિન કીર્તન થયું બધિ રાત. ૨૨૦ થઈ ભીડ ચીરાકની આગી, જઇને ચંદરવે ઝટ લાગી; તે સમે પીપાજી હતા પાસ, રસિક શિરોમણિ હરિના દાસ. ૨૨૧ પીપે નિજ કરથી બુ-ઝાવ્યો, ભકતરાજ ટોડેથી આવ્યો એવું સાંભળી સુખ થયુ ભારી, ભકતી વિના અં-ધ નરનારી. ૨૨૨

॥ ૫૫ ॥

દોહા.—પછિ ઝટ ચાલી આવિયો, ટોડામાં અશ્વાર; સુરજને આવી કહ્યા. સાચા સૌ સમાચાર. ૨૨૩ સૂરજ સાંભળિ પ્રસન્ન થયો, ગુરૂમાં ઉપજ્યો ભાવ; સેવા શ્રધાએ કરી જગમાં લીધો લાવ. ૨૨૪

ચોપાઈ—તેજ દિવસથી શંકા ગઇ, પ્રજા સહિત નૃપને રૂચિ થઇ; આટલા પરચા પ્રગટ સુણાવ્યા, જયારથિ પુરી દ્વારિકાં આવ્યા. ૨૨૫ બીજા ગુપ્ત નહિ હું જાણુ, તે તો કો કિમ કરિને વખાણું; મારી મંદ મતી અતિ કાચી, કરગરી કહું સહુ જનને સાચી. ૨૨૬ અકળ કળા પીપાનો ભારી, પાર ન લહું નીચ મતિ મારી; માધવાચાર્યે ભકિત ચલાવી, વિષ્ણુ સ્વામિયે અધિક દ્રઢાવી. ૨૨૭ પૂર્વ દિશિ રહિદાસ કબીર, સકળ જીવને દીધી ધીર; નામદેવ દક્ષણમાં દેવ, જેણે હરિની ચલાવી શેવ. ૨૨૮ પશ્ચિમ પીપે પરગટ કીધી, સકળ જાતને ભકિત દીધી; ઉત્તર ધના જાટ અધિકારી, પામ્યા પરચો ભકિત વધારી. ૨૨૯ લઘુ વિઠ્ઠલ થયા અંતર વેદ, સર્વને આપ્યો ભકિત ભેદ; બાંધુ ગઢ થયા સેના ભકત, ભકત સહાયક જાણે જકત. ૨૩૦ થયા ચિતોડે ભવાન ચવાણ, જેની ભકિત થઇ પ્રમાણ; રાયસેન ગઢ અંગદ થયા. જીતિ રાજનાથને દૈ રહ્યા. ૨૩૧ માધવદાસ તજી સહુ સાથ, વશ કીધા જેણે જગનાથ; ત્રિલોચનને મીરાં બાઇ, કીધી હરિની સાથે સગાઈ. ૨૩૨ રંકા બંકા થયા અ- ॥ ૫૫ ॥

જાચી, હરિમાં કીધી ભક્તિ સાચી, ભલી ટેક જયદેવે ધરી, ત્રણ જન્મ લગિ ભક્તી કરી; ૨૩૩ પુનિ સુરી ચત્રુભુજ નારી, કાપતાં કંઠ ન ભેદિ કટારી; એ સંક્ષેપે ભકત વખાણ્યા, બીજા કોટીક ગ્રંથે લખાણા. ૨૩૪ પીપો પરબ્રહ્મનો અંશ, લે બેઠો ભકતોનો વંસ; જેના જશ ગૈને નિસ્તરિયે, નિષ્કામે જો કિર્તન કરિયે. ૨૩૫ કોઇની સાથ ન કરી ઉપાધી, એવી સરલ ભક્તિ નિત સાધી; સકળ સંતની કીધી શેવ, ઘટ ઘટ દેખે આતમ દેવ; શત્રુ મિત્ર નથિ જગ માંય, પણ નિજ દોશેથી દેખાય. ૨૩૬ જે જેને જાણે છે જેવો, તે તેને પ્રત્યે થાય તેવો. જે જેવું મુખને શણગારે, તે તેવું દર્પણમાં નિહારે. ૨૩૭

દોહા--સ્થુલ દ્રષ્ટિ અળગી કરી, દેખો ઘટ ઘટ રામ; એ સાધન સહુ શિરમણી મન પામે વિશ્રામ. ૨૩૮

ચોપાઇ---સામાન્ય રૂપ સકળમાં પેખે, હરિ હરિજનને એક કરિ દેખે; છોડો સાધન સકળ અસાર, રામનામથી ઉતરો પાર. ૨૩૯ બીજું સાધન નહિ કલિ માંય, કદિ કરે તો નિષ્ફળ જાય; બીજાં સાધન બંધન કરે, નામ વિના નર કદી ન તરે.૨૪૦ જ્યાં લગિ મનના ધર્મ ન જાય, ત્યાં લગિ હરિ પ્રાપ્તિ નવ થાય; નિર્વેરી નિર્ભય નિર્માની, તેને જાણો સાચો જ્ઞાની. ૨૪૧ લોઢું કંચન એક કરી જાણે, તેના

॥ ૧૬ ॥ ગુણ નિત વેદ વખાણે; ગુરૂ વણ શુભ ગુણ કદી ન થાય, સાધન સરવે નિષ્ફળ જાય. ૨૪૨ માટે ગુરૂને શરણે જાય, વૈસણવ સમ્પ્રદાયની માંય; નિરકામી નિર્લોભી જેહ, કલિમાં હરિજન કહિયે તેહ. ૨૪૩ તેને કહો શું કરે યમરાજ, હરિ રાખે બાંનાની લાજ; રામાનંદના અનંતાનંદ, સદા પ્રગટ જિમ પુનમ ચંદ. ૨૪૪ તેના કૃષ્ણદાસ અધિકારી, સહુ કોઈ જાણે દૂધ અહારી; તેના અગ્રદાસ પ્રખ્યાત, હરિનું સ્મરણ કરે દિન રાત. ૨૪૫ તેના શીલ્ય વિનોદી નામ, તેના અનંત દાસ ગુણ ધામ; તેણે આ પરચરી ઉચરી, મારવાડી ભાશામાં કરી. ૨૪૬ પણ કોઇથી તે નવ સમજાય, ભાષાએ ટપટો અર્થ ન થાય, કોઇક વૈષ્ણવ પર ઉપકારી, તેણે મુજને કહ્યું વિચારી. ૨૪૭ ગુજરાતી ભાષામાં થાય. તો સહુને સુખથી સમજાય. એ વિનતી મેં કરી સ્વિકાર, મનમાં માની પરઉપકાર. ૨૪૮ ગુજરાતી ભાષામાં કરી, મતિ અનુસારે કહિ વિસ્તરી; સાંભળે શીખે ને જે ગાય, તેનાં સરવે પાપ પળાય; ૨૪૯

દોહા—સાધન સહુ અળગાં કરી, પીપાના ગુણ ગાય; જપ તપ તીરથ ધર્મનાં, સહુ ફળ તેને થાય. ૨૫૦ વિરહ ધરા વિશ્વાસ કરી. સુણે કથા જે કાન;તેના ઉરમાં હરી વશી, આપે ભકતી દાન. ૨૫૧ પીપા પરચરિ વણ સુણે, તીર્થ ક્ષેત્રમાં ધાય, અંતર રજતમ ઉપજે, મન નિર્મળ નવ થાય. ૨૫૨ માટે સહુ સાધન તજી, કૃ- ॥ ૫૬ ॥

રે સંતનો સંગ; હરિ હરિજનની કથા સુણો, થાય વાસના ભંગ. ૨૫૩ તે થકિ અંતરમાં થશે. હરી નામમાં નેહ; પછી સાધન અળગાં થશે, ઝટ ભુલાશે ગેહ. ૨૫૪ માટે સત સંગત કરો, મુકો મનની દોડ; પીપાની પરચરી સુણો, મુખ બોલો રણછોડ. ૨૫૫ ચોરાશીનુ રણ પ્રબળ વ્યાજ વધારે થાય; તે છોડાવે દાસનુ; તે રણછોડ કેવાય. ૨૫૬ ગુર્જર ભકતોનું ઘણું, રણ પ્રભુને દેખાય. તે છોડાવાને હરી આવ્યા ડાકોર માંય. ૨૫૭ જાચક ગુર્જર જન ગણો; કલ્પ વક્ષ પ્રભુ આપ; જેશરણે આવી ચડે, તેનો ટળે સંતાપ. ૨૫૮ માટે કૃષ્ણ જન કથા સુણો, કહે લાલ કરજોડ; પ્રતી પુનમે દરસન કરો, મુખ બોલો રણછોડ. ૨૫૯ ઇતિ શ્રી ડંકપુર નિવાસિના લાલદાસેન વિરચીત પીપા પરચર્યાં ચતુર્થખંડઃ સમાપ્તઃ સમાપ્તોઽયંગ્રંથઃ ॥

અથ નામદેવની પરચરી લિખ્યતે.

ઉધોર છંદ.—હવે હું વરણું ધરિ હુલ્લાસ, નામદેવનો ઇતિહાસ; પ્રભુએ રાખ્યું પણ પ્રલ્લાદ. સતજુગ માંય ત્યાગી પ્રમાદ. ૧ પ્રતિજ્ઞા નામ દેવના તેમ. રાખી રામે આપી ક્ષેમ; હરિયે દેખી હરદુ શુદ્ધ, પીધું નામ દેવનું દુધ. ૨ સન્મુખ પાતશાહની જાય. કરિ જીવતિ મરેલી ગાય; યમનાં હદથિ રત્ન જડીત, પુનિ પર્યંક કાઢી અમોત. ૩ હતું મંદિર પુવ દ્વાર, પશ્ચિમ દ્વાર કર્યું નિરધાર; નેહે કરી નટવર નાથ, છાયું છાપરૂ નિજ હાથ. ૪ એકાદશી વ્રત નિવિશાલ, કીધી પરીક્ષા તતકાલ; કીધો ચતુરર્ભુજ એક પ્રેત. જગમાં થયો જસ અતિ શ્વેત. ૫ માની શાહ એક દે દાન, તેનુ દુર કર્યું અભિમાન, ઉપજે જીવ ઉર વિશ્વાસ, તેથિ પ્રગટ કર્યો ઇતિહાસ. ૬

દોહા—જ્ઞાન દેવના શિષ્ય સુભ, નામ દેવ વિખ્યાત, વિષ્ણું સ્વામિ સંપ્રદાયના અધિકારી સાક્ષાત, ૭ થયો ભક્ત ભગવાનનો વામદેવ છે નામ. પૂર્વે તે છીપા હતા. (પણ) કરે દરજીનું કામ. ૮

ચોપાઇ—વામદેવ પંડરપુર વાશી, તેની એક સુતા સુ પ્રકાશી; તેનો પતી મર્યો કોઇ કાળ વામદેવ કહે વચન રસાળ, ૯ હે પુત્રી કર હરિની સેવ, ઉભય લોક સુધરે તતખેવ કરવા લાગિ ભક્તિ સુખ સાર, એક દિવસ પાડોશણ નાર. ૧૦ સુંદર સુત લૈ આવી ગોદ, વામદેવને થયો અતિ મોદ; તે સુત લ નિજ ગોદ મોઝાર, સુત ભાવના કરે નિરધાર. ૧૧ હે હરિ હોય જો પુત્ર અમારે, તો લાલ ન કરિ લેઉ સુખ ભારે, ભક્ત મનોરથ પૂરણ કાજ, આવ્યા ગર્ભમાં શ્રી વૃજરાજ. ૧૨ વિધવા ગર્ભનો થયો અપવાદ, પૂછે પિતા કરિને વિષાદ, સુતા સત્ય કહો આ શું કીધું, રાતે સ્વપ્ન દયાળે દીધું. ૧૩. વામદેવ તુજ સુતા અદોષ, ગર્ભમાં મને જાણિ તજ રોષ. તું હવે ત્યજ અપયશની શંક, પુત્ર થશે નહિ લાગે કલંક. ૧૪

દોહા—વામદેવ સુણિ સરસ વચન, શંકા તજિ તતખેવ, સુખ સંતોષ ઉર-માં ધરી, કરે સુતાની સેવ. ૧૫. થોડા કાળમાં સુત થયો. નામદેવ ધર્યું નામ, વામદેવ વધઇ કરી લૂટાવ્યા બહુ દામ. ૧૬

ચોપાઇ—પાંચ વરષ થયાં બાળને જ્યારે, પ્રભુ પદમાં ચિત દીધું ત્યારે. પ-થ્થર કંકર ઘરમાં લાવે, તેને યદુપતિ મૂર્તિ ઠરાવે. ૧૭ પ્રીતે પૂજે આંસુ વહાવે, ઘંટ વગાડે ભોગ ધરાવે. એક દિન ઉર ઉમંગ ભરિ ભારે, વામદેવને વચન ઉચ્ચારે. ૧૮

જે પૂજા તમે કરો સાક્ષાત, તેમને આપો દયા કરિ તાત. વામદેવ કહે બને ન તુજ-થી, જેમ પૂજન શુભ બને નિત મુજથી. ૧૯ ઉષ્ણ દૂધ મિસ્રી પધરાવું, લૈ નારાયણ ભોગ ધરાવું. નામ દેવ કહે અધિક ધરાશે, નહિ બગડે તમે રહો વિશ્વાસે. ૨૦ વામ-દેવ સૂણિ હસિ હસિ ગાય, એ પૂજન દેઉં તને વતાય, હું હરિને નિત દૂધ ધરાવું. તેજ પ્રસાદ સદા હું પાવું. ૨૧ હું તો જઉં છું હવે એક ગામ, પાજો દૂધ તમે પેલે જામ; એમ કહિ વામદેવ ગયા ગામ. નામદેવ કરે સેવા કામ. ૨૨

દોહા—ઉષ્ણ દૂધ મિસ્રી યુત મૂક્યું પ્રભુની પાસ ઘંટ વગાડિ વાસીપટ મનમાં ધરિ હુલ્લાસ. ૨૩.

ચોપાઇ—કાંઇક કાળ પછિ પટ કરી દૂર, દેખ્યું દૂધ તહાં ભરપૂર, રતિભર પય પીધું નહિ આપ, દાદા સુણિ કરશે પરિતાપ; ૨૪ એમ કહિ પુનિ પુનિ ઘંટ વ-ગાડે, પીઓ પીઓ ઈમ મુખથિ ઉચ્ચારે, એમ કરતાં દિન રજની વીતે, બીજો દિ-વસ ગયો એ રીતે. ૨૫. પોતે અન્ન ન ખાધું કાંય, બે અપવાસ થયા ઘરમાંય. ત્રીજે દિવસે લૈ કર છરી, કહે નાથને દુખ ઉર ધરી, ૨૬ દાદા ઘરે આવી આવાર, કેશે કઠણ વચન નિરધાર, ઠાકોરને પય નવ પિવરાવ્યું. મારૂં પૂજન તેંજ નશાવ્યું. ૨૭ કો દાદાને જવાબ શું દેશ. માટે હું તુજપર મરિ જૈશ. એમ કહિ કાપવા લાગ્યો કંઠ.

૫૯ ॥ પ્રગટ થયા ત્યાં પતિ વૈકુંઠ. ૨૮ ત્રીજે દિન પ્રીતે પય પીધું, નામદેવે પ્રભુને ત્યાં કીધું. પય સમગ્ર આપ પી લેશો. કે કાંઈ મુજને પીવા દેશો. ૨૯

દોહા—એમ કહિ હરિનો હાથ ગ્રહ્યો, તવ માધવ મુસકાય. નામદેવને નિજ ભુજથિ, દિધું દૂધ લૈ પાય, ૩૦

ચોપાઇ—પછી વામદેવ ઘરે આવ્યા, નામદેવ ત્યાં તરત સધાવ્યા. વામદેવને વચન ઉચ્ચારે, ઠાકુરે રીશ કરિ અતિ ભારે ૩૧ પય પીધું ન દિવસ બે જ્યારે. બે અપવાસ કર્યા મેં ત્યારે, ત્રીજે દિવસે કર્યું પયપાન, મને અવશેષ આપ્યું ભગવાન. ૩૨ વામદેવ ચકિત ચિત કરી, નામદેવને પૂછે ફરી. કે કોઇ જાણે છે આ વાત, નામદેવ સુણિ કહે સાક્ષાત. ૩૩ કોઇને જણાવાનું નથિ કામ સ્નાન કરી બેસો આ ઠામ; ઇમ સુણિ નામ દેવની પાસ બેઠા મનમાં ધરિ હુલ્લાસ. ૩૪ નામદેવ કહે ઘંટ બજાવી, પીઓ દુધ પ્રીતે પ્રભુ આવી; પ્રગટયા નહી દાદાની પાસ, નામદેવ કહે થઇ ઉદાશ. ૩૫ કરશો જૂઠી તમે મુજ વાત, છરી નથી ખોવાણી નાથ. ત્યારે વામદેવની પાસ, પીયે દૂધ પ્રભુ થૈને પ્રકાશ. ૩૫

દોહા--વામદેવ ચરણે પડી કરે મુખ જયજયકાર, સત્ય ભક્ત વત્સલ સદા. ॥ ૫૯ ॥
શ્રી વસુદેવ કુમાર ૩૭

ચોપાઈ—વામદેવ તજિ સંસૃતિ શોક, પોતે ગયા તરત ગૌલોક. નામદેવ પ્રભુ પ્રીતે ફરે, યદુપતિ જશ જગમાં વિસ્તરે. ૩૮ બાદશાહ કીર્ત્તી સુણિ જ્યારે, દિલ્લીમાં બોલાવ્યા ત્યારે. શાહ કહે અજાણ્યા થૈને દેખાડો પરચો તમે રહિને. ૩૯ નામદેવ કહે હું નવ જાણું, કરામાત કેશવનિ માનું. શાહ કહે દેખાડો કાંય, જવા ન દેઉં આવ્યા કિમ આંય. ૪૦ ભક્ત કહે શું તુજ મન માંય, શાહ કહે જીવાડો ગાય, હતી મરેલી સુરભી તહાં. નામદેવ બેઠાતા જહાં. ૪૧ એ સુણિ નામદેવ પુનિ ત્યાંય પ્રભુની વિનતિ કરી પદ ગાય. તે પદ લૈ લખિ દીધું આંય, ગુજરાતી ભાષાની માંય. ૪૨.

પદ રાગ સોરઠ.

સુણો ઘનશ્યામ અમારી અરજી દીનાનાથ દયાળ દામોદર, હરિજન દુખ હરો હરજી. સુણો ઘનશ્યામ અમારી અરજી. ટેક. હું છું દાસ તમારો સ્વામી મારે તમારી આશ, પાતશાહ પરચો જોવાને, પૂરી રાખ્યો અવાસ. સુણો ઘનશ્યામ. ૧ દયાનિધાન દીન થઇ કહું છું, વાર વાર યદુરાય. નિજ જનનિ આફત હરિ નિરખી કેમ ન જીવાડો ગાય સુણો ઘનશ્યામ. ૨ સુંદર અંગ સકળ એનાં સહુ મુજ દ્રષ્ટે દેખાય. માટે ઝટ જીવાડો યદુપતિ, જનનો યશ જગ થાય, સુણો ઘનશ્યામ. ૩ ગાયનું જીવન લ-

॥ ૬૦ ॥ ખ્યું નથિ વિધયે. એમ જો કહો વૃજરાજ તો લઈ નામદેવનું જીવન આપો ગાયને આજ. સુણો ઘનશ્યામ. ૪ એ સુણિ નામદેવને નેત્રે. ગોવિંદે નિરખી ગાય, તરત અચાનક આલસ મરડી ગાય ઉભી થૈ ત્યાંય; સુણો ઘનશ્યામ. ૫

દોહા. પરચો દેખી શાહ તહાં પ્રીતે લાગ્યો પાય, અતિશય ધન અર્પણ કરે. પણ ભક્ત લહે નવ કાંય. ૪૩ ત્યારે શાહે રત્ન જડિત. આપી એક પર્યંક, આગ્રહ અતિશય દેખીને. લીધી થઈ નિશંક, ૪૪ નામદેવ પર્યંક લઈ ચાલ્યા મન ધરિ ધીર, આવી પોચ્યાં પ્રેમથી પોતે યમુનાં તીર. ૪૫ પધરાવી પર્યંક લૈ યમુનાં જળની માંય, તટપર પોતે વાસ કરી. હેતે હરિ ગુણ ગાય. ૪૬

ચોપાઈ—શાહ સમિપ દૂત સાક્ષાત, કહી સકળ પર્યંકનિ વાત; નાખી યમુનાં જળ મોઝાર; મનમાં કાંઇએ ન કર્યો વિચાર, ૪૭ શાહ કહે જૈ સાધુનિ પાસ, મારૂં વચન તમે કરો પ્રકાશ. હતું પર્યંક અમારે એવું, બીજું નથિ કોઈ તેના જેવું. ૪૮ એક ક્ષણ માટે આપો અમને, કરિ પરમાણને આપશું તમને. શાહનું શાસન સુણિ સહુ દાસ, નામદેવને કર્યું પ્રકાશ. ૪૯ નામદેવ સુણિ મન મુસકાય, યમુનાં સન્મુખ જોયું ત્યાંય. તતક્ષણ શુભ પર્યંક હજાર, નિકળી યમુનાથી એકવાર. ૫૦ નામદેવ કહે ॥ ૬૦ ॥ દૂતને હરખી, પોતાની હોય તે લ્યો પરખી. અચરજ જોઈ ઝટ દૂત સધાવ્યા, સમા-

ચાર શાહને સુણાવ્યા, ૫૧ પાતશાહ સુણિને ત્યાં આવ્યો, નામદેવને શીશ નમાવ્યો. નિજ અપરાધ ક્ષમા કરાવે, દિલ્લીમાં રહેવાને જણાવે. ૫૨

દોહા—નામદેવે ત્યાં શાહને આપી એક પર્યંક, શાહ૨ યમુનામાં નાખિને, બોલ્યા થઇ નિશંક. ૫૩ સાધુને ન દુખાવશો કયારે પણ તમે રાજ, મુજને ઇહાં ન બોલાવશો, તો સરશે નિજ કાજ. ૫૩

ચોપાઈ—નામદેવ પછિ થયા વિદાય, ચુપે મારગ ચાલ્યા જાય, આવી પોચ્યા નિજ ઘરમાંય, હરિગુણ ગાવા મંદિર જાય. ૫૪ ભજન કરે ત્યાં હરિ જન સંત, સહુ જનના મનમાં મોદ અનંત; ભીડ દેખિ પદ ત્રાન ઉતાર્યાં, ફેંટે બાંધી કટિમાં ધાર્યાં. ૫૫ મંદિરમાં જ્યાં કરે પ્રવેશ, જુતા દેખિ કરે સહુ દ્વેષ. ધક્કા મારી કાઢયા દૂર, નામદેવ હરખ્યા ભરપુર. ૫૬ હેત ધરિ તન સહ્યા પ્રહાર, મનમાં કાંય ન થયો વિકાર, ઝાંઝ લઇ પછવાડે ગયા, હરિ ગુણ ગાવાને સજ થયા; પ્રભુ પદ પંકજ મન લપટાવ્યું. આ પદ ઝાંઝ વગાડિ સુણાવ્યું ૫૭.

પદ રાગ સોરઠ—મારી નીચ જાત યદુરાય, કલિમાં નામદેવને કેશવ, કેમ મોકલ્યો તમે આંય. મારી નીચ જાત યદુરાય. ટેક. શ્રવણ સુણો તમે કૃષ્ણ કૃપાળુ બીજુ નથિ કાંય કાન, નીત નેમનાં પદ ગાવાને મુજને મળે ન ઠામ. મારી નીચ

। ૬૧ ।। જાત. ૧ ઉઠો નામદેવ આ વારે અળગા જૈને બેસો, પગનાં જૂતાં કેડે બાંધી કિમ
મંદિરમાં પેસો, મારી નીચ જાત. ૨ સાધુ વિપ્ર વણિક ક્ષત્રિ સહુ બેસે ઉત્તમ લોગ.
ઇહાં નામદેવ કહો તમારો કેમ થાશે સંયોગ, મારી નીચ જાત. ૩ ઇમ કહિ ધક્કા
મુજને મારી, કાઢી મૂકે બ્હાર, મેં તો મનથી ઉત્તમ માન્યું. સમજિ તિતિક્ષાસાર,
મારી નીચ જાત. ૪ તેથિ હું મંદિર પાછળ આવી. ઊભો છું ગોપાળ. ક્ષુદ્ર ઘંટિકા
પગમાં બાંધી, હાથમાં લીધી તાળ. મારી નીચ જાત. ૫ જેવો તેવો પણ તુજનો
થૈ કીર્તન કરિ કરિ નાચું, પંડરપુર પ્રભુ અંતરજામી, તુજ દરશન વણ કાચું. મારી
નીચ જાત. ૬ એવું સુણિ વિઠ્ઠલવર વાલમ મનમાં કરી વિચાર, નામદેવના સન્મુખ
કીધું, દેવળ ફેરવિ દ્વાર, મારી નીચ જાત. ૭ નિજ જનને દરશન દેવાને પ્રભુ ત્યાં
થયા પ્રકાશ, નામદેવનો કર ઝાલીને, પ્રીતે બેસાડયા પાસ. મારી નીચ જાત. ૮

દોહા—દ્વાર ફરેલું દેખિને, મનમાં માન્યો ત્રાસ, વિપ્ર સંત સહુ આવીયા,
નામદેવની પાસ. ૫૮ પદ પંકજમાં શિર ધરી, વિનય કરે વાર વાર, ક્ષમા કરો તમે
સર્વના પ્રભુ અપરાધ અપાર, ૫૯ પછિ સહુને સંતોષ કરી, નામદેવ ધરી નેહ, ત્યાંથી
તતક્ષણ આવીયા, કીર્તન કરિ નિજ ગેહ. ૬૦ એક સમે પ્રભુ સંતનાં દર્શન કરવા
જાય, તેજ સમય લાગી તહાં નિજ ઘરમાં અતિ લાય. ૬૧ અગ્ની લાગી સાંભળી ત- ।। ૬૧ ।।

તેજ આવ્યા ત્યાંય, બળતાં બચિ જે વસ્તુ તે, નાંખી પાવક માંય. ૬૨ પોતે યુગ કર ઝાંઝ લઇ, મનમાં ધરિ હુલ્લાસ, આ પદ ગાયું પ્રેમથી સુણો સકળ હરિદાસ. ૬૩

પદ ૧ રાગ સોરઠ—પાવક રૂપે પ્રભુ થયા આજ, પ્રગટ થયા નિજ જન ના ઘરમાં, કરવા દાસનાં કાજ. પાવક રૂપે. ટેક પ્રગટયા પોતે જળહળ જ્યોતે, લોક તો જાણે લાય, ઉગરતી વસ્તુ હું અર્પું, મુકો પ્રભુ મુખ માંય. પાવક. ૧ ધન્ય ધન્ય ત્રિભુવન પતિ તુજને ધન્ય ધન્ય મુજ ભાગ. નામદેવની સર્વે વસ્તુ, લીધી કરી અનુરાગ, પાવક. ૨

પદ ૨. રાગ કાફી—ઝટ ઓલાણી જ્વાળરે, નામદેવની રતિ નિરખીને ઝટ. ટેક પોતે કારીગર થૈ આવ્યા, રાખીને સંભાળ રે. નામદેવની રતિ. ૧ છાપરૂં છાયું સુંદર રીતે નિજ કરથી તતકાળરે. નામદેવની રતિ. ૨ નામદેવ સ્વામી અંતર જામી. છાપરિ કરી તૈયાર રે નામદેવની. ૩

પદ ૩. રાગ કાફી—પૂછે સહુ કરી પ્યારરે, નામદેવને ચરણે નમીને. પૂછે. ટેક છાપરૂં કોણે છાયું તમારૂં, સહુથી સરસ અપારરે. નામદેવ. ૧ હસ્ત ક્રીયાની કારીગરી કરી, છાયું વિવિધ પ્રકારરે. નામદેવ૦ ૨ કયારે નજરે ન દેખ્યું એવું નરનો ધરિ અવતારરે. નામદેવ. ૩ અધિક મજૂરી આપશું એને, દેખાડો આવારરે. નામ-

॥ ૬૨ ॥ દેવને ચરણે નમી. ૪ વણ બોલાવ્યો આવશે એ ઝટ, તજો સુતવિત સંસારરે. નામદેવને ચરણે નમીને. ૫ નિજ જનના ઘર ઘરમાં ફરિ ફરિ. નિત છાપરૂં છાનારરે. નામદેવને ચરણે. ૬ દુર્યોધનના મેવા ત્યાગી. વિદુરની ભાજિ ખાનારરે. નામદેવને ચરણે ૭ નામદેવ સ્વામી અંતર જામી, નીરાધાર આધારરે. નામદેવને ચરણે નમીને. પૂછે સહુ કરિ પ્યાર ૮

ચોપાઈ—નામદેવ એકાદશિ રહે. કષ્ટ શરીરે અતિશય સહે, તેની કરવા ચહે પરિક્ષા, પ્રભુ બ્રાહ્મણ થૈ માગે ભિક્ષા ૬૪ નામદેવ કહે આપું ન અન્ન, કરિ અપવાસ કરો સ્થિર મન્ન, બનિ ન શકે તો કરો ફરાળ, પય પેંડા આપું આવાર. ૬૫ વાદવિવાદ કાંય નવ કરો. પ્રીતે એકાદશિયે આદરો. એકાદશિયે અન્ન ન લેવાય, બીજાને પણ કદિ ન અપાય. ૬૬ પરને કહી ન થાય ઉપકાર, એથી લાગે પાપ અપાર, કે બ્રાહ્મણતું સુણ હરિ ભક્ત હું ફરિ આવ્યો સઘળું જક્ત ૬૭ તે તો મશ્કરિ કીધી મારી. ભૂખે મરે કિમ ગતિ થાય તારી. એ સુણિ નામદેવ કહેવાણ. સાંભળ રૂક્માંગદનું પ્રમાણ. ૬૮ તેણે તન મનથી વૃત કીધું મોકલિ વૈકુંઠેપુર દીધું. અમરીષે પણ એ વૃત ધાર્યું. જન્મ મરણનું દુઃખ નિવાર્યું. ૬૯

દોહા—કરે અનેક એકાદશી, પ્રભુ સાથે કરિ પ્રેમ. પડીં પડે મૂકે નહી, તે સહુ પામે ક્ષેમ. ૭૦ ॥ ૬૨ ॥

ચોપાઇ—બ્રાહ્મણ કહે બોલ તમે મારો, સાચો સમજી ઉરમાં ધારો, જ્યાં લગિ રૂદે રામ નહિ એક, ત્યાં લગિ વૃત નર કરે અનેક. ૭૧ જ્યાં લગિ દિનકર કરે ન પ્રકાશ. ત્યાં લગિ નિશિકર કરે ઉજાશ; ઘાંચીના ઘરનાં જન જેહ, તેલ ખીર સાથે ખાય તેહ ૭૨ એક દિવસ ઘૃત મળ્યું વણમાગ્યું. ચાખી સ્વાદ તેલ લઈ ત્યાગ્યું એ દ્રષ્ટાંતનું સમજો સાર, હરિ વિના કોઇ કરે ન ઉદ્ધાર. ૭૩ નામદેવ કહે વાદ ન કરિયે અન્ન વિના સહુ આગળ ધરિયે. વિપ્ર મરણ પામ્યો તે વાર, થયો ગામમાં હાહાકાર. ૭૪ લોક કહે મુડિયો અપરાધી, બ્રાહ્મણ મારી ભક્તિ સાધી; ભર્મી ભક્ત યૂથ ઉડિગયો, આ અપરાધ તને બહુ થયો. ૭૫ આવું કામ તું કિમ ન વિસારે. આવું હરિજન કરે ન ક્યારે. આતો પાપ સકળ જન પેખે. હવે તારૂં મુખ કો કુંણ દેખે. ૭૬

દોહા--નથી અજાણ્યું નાથનું અન્ય ન જાણે કોય; કે મન જાણે આપણું. (કે) જેને વીતી હોય ૭૭

ચોપાઇ---નામદેવ કહે હું પણ મરૂં, બ્રાહ્મણ સંગ અગ્નિમાં જરૂં. નામદેવને બળવું ભાવ્યું, લોક તમાશો જોવા આવ્યું. ૭૮ સુંદર ચંદન અધિક મગાવ્યું, બ્રાહ્મણ અંગે સ્નાન કરાવ્યું. માળા મુદ્રા તિલક શિર કાઢયું, કોમલ પટ અંગે ઓ-

ઢાડચું. ૭૯ ત્યાં કહે નામદેવની માય, પુત્ર વિયોગ સહ્યો નવ જાય; નામદેવ વણ કહો કિમ જીવું, હું પણ મરૂં ન પાણી પીવું, ૮૦ દુર્લભ નરનું તન પરિહરો, એવી ભક્તિ કિમ તમે કરો. મુખથી હરિનું નામ ઉચ્ચરિયે, તો કોઇ સાથે હઠ કેમ કરિયે.૮૧ પછિ કરજોડી કહે અર્ધંગી, હું તો સદા તમારી સંગી; ભક્ત કહે મુજથિ રતી તોડો, સું-દર વર સાથે નિત જોડો. ૮૨ તારે મારે સદા ન પ્રીત મારે તો બ્રાહ્મણ છે નીત. લઈ દ્વિજનું તન ચિતા કરાવી, પોતે બેઠા અગ્નિ લગાવી. ૮૩ બ્રાહ્મણ હશિ ઉભા થયા જ્યારે.લોકને અચરજ લાગ્યું ત્યારે બ્રાહ્મણ કહે તું સાચો ભક્ત. તજ એકાદશિ થૈને મુક્ત. ૮૪ કર્મ ધર્મ બાંધ્યો સંસાર, રામ સમર તું તજી અસાર; મિસ્રીમાં કિમ લૂણ ભેળવે. કાંજીમાં કિમ દુધ મેળવે.૮૫ ભક્તિ અન્યનિ કરે નઅપેક્ષા. એ સાચી માની લે શિક્ષા. ઇમ કહિ પ્રભુ થયા અંતરધ્યાન, જયજય ધુનિ ત્યાં થઈ મહાન. ૮૬

દોહરા.---વૃતનો મર્મ જાણે નહી ભમ લોક ભુલાય, મનમાં બાંધી દ્વાદશી, કો-કિમ મુક્તિ થાય. ૮૭

ચોપાઈ.---એક સમે કોઇ સ્થળની માંય સંત સમાજ મળ્યો સુખદાય, કરે સહુ એકાદશિ જાગ્રણ. કરે સકળ જન હરીનું સ્મરણ ૮૮ નામદેવ પોચ્યા ત્યાં જઇ, ॥ ૬૩ ॥
ગુણ ગાતાં અડધી નિશિ ગઇ. તૃષા સંતને લાગી જ્યારે, નામદેવ ઉઠયા ઝટ ત્યારે.

૮૯ જળ ભરવા વાપીમાં ગયા, ત્યાં એક પ્રેત દેખિ સ્થીર રહ્યા. નામદેવ ત્યાં પ્રેતને પેખી. આ પદ ગાયું ઇશ્વર દેખી. ૯૦

પદ રાગ સોરઠ—આવ્યા આજ અતિ લાંબા મુજ નાથ, પ્રથવીમાં પગ પ્રસરી ગયા છે. સ્વર્ગમાં પોચ્યું માથ, આવ્યા આજ. ટેક. દેખી સહુ જનને ભય ઉ-પજે, મુજને હર્ષ અપાર. ચારે કોશ લગી કર પ્રસર્યા વિશ્વ રૂપ ધર નાર. આવ્યા આ-જ. ૧ ભૌતિક દ્રષ્ટીવાળાને નિત ભૂતને રૂપે દેખાય, હરિ રૂપે નિરખી હરિ જનનું તન મન શીતળ થાય. આવ્યા આજ. ૨ શિવ સનકાદિક સહુ જન નિરખે. સરવે સરખો સાથ, નામદેવ સ્વામી અંતરજામી. દાસને કરો સનાથ. આવ્યા આજ અતિ લાંબા મુજ નાથ. ૩

દોહા.—આ પદ ગાયું ત્યાં તરત થયો ચુત્રભુજ પ્રેત. પછી ગયો વૈકુંઠમાં હરદે ધરિને હેત. ૯૧

ચોપાઇ—જાણી નામદેવ જગદીશ, પદ પંકજમાં નામ્યું શીશ. પછિ જલ ભરિ સાધુને પિવરાવ્યું. તરત તૃષાનું દુઃખ નસાવ્યું. ૯૨ ત્યાં થોડા દિન કરી નિવા-સ, પંડરપુરમાં આવ્યા દાસ. રહે ગામમા એક શાહુકાર કોટીદ્વજ ખ્યાતી સંસાર. ૯૩ તે એક સમે કનકનું દાન, આપે વિપ્રને કરિ સનમાન, સહુને સરખું આપી દીધું

॥ ૬૪ ॥ કરિ સંતોષ સહુ જન લીધું. ૯૪ ત્યાર પછી બોલ્યો શહુકાર, નામદેવ નથિ આવ્યા
દ્વાર, પ્રીતે બોલાવો મુજ પાશ. લેશે કનક હરીના દાસ. ૯૫ પછિ જણ ચાર ભક્ત
ગ્રહ આવ્યા. કરગરિ નામદેવને લાવ્યા. લહો કનક વિનતી કરે ત્યાંય, જેથી ધર્મ સ-
ફળ મુજ થાય. ૯૬ નામદેવ કહે સુણ મુજ વાણ, આપ્યું તે અતિ કનકનું દાન, મને
આપે પુરૂ નહિ થાય, માટે આગ્રહ કરો ન કાંય. ૯૭ મુજને નથી કનકની ભૂખ, એ
સુણિ થયું શેઠને દુઃખ એવું કિમ કહો હરિજન રાય, લેશો નહિ તો મુજ પત જાય.૯૮

દોહા.—અધિક નહી તો તુન્ય લહો પ્રીતે આપું આજ, કરો કૃપા કરગરિ
કહું, સફળ થશે મુજ કાજ. ૯૯

ચોપાઈ—નામદેવ કહે હઠ નવ કરિયે, તુલસી દલ તુલામાં ધરિયે, તુલસી
દલમાં લખી રકાર, તુરત ધર્યું લઇ તુલા મોઝાર. ૧૦૦ વણિક સાંભળી વચન પ્રકાસે.
આમાં તો નહિ રતિ તોલાશે નામદેવ કહે એટલું લૈશ, એટલેથી સંતોષી થૈશ. ૧૦૧
એક તરફ તુલસી દળ એક, એક તરફ ધરિ મોર અનેક; ગ્રહ સંપતિ સહુ મુકી લઇ,
પણ તુલસીદળ સમ નવ થઇ. ૧૦૨ મહત તુલા મૂકી ત્યાં લાવી, ભૂષણ વસ્ત્ર વસ્તૂ
ધરાવી, સગુ સનેહી જે ત્યાં આવ્યું. તેનું સહુ ધન તુલા ચઢાવ્યું.૧૦૩ (પણ) તુલસી ॥ ૬૪ ॥
ત્રાજવું ધરા ન છોડે, મહત વણિકનું માન મરોડે. બળબળ બોલે નિજ ગ્રહ નારી,

દીધાં આભૂષણ ઉતારી. ૧૦૪ ગાળો દઇ દઈ નારી રૂવે. વિકળ થઇ તું કિમ ગ્રહ ખુવે. વાગતાં વાજાં બંધ ત્યાં થયાં, મંગળ ગીત બંધ થૈ ગયાં ૧૦૫ નામદેવ કહે ચિત ન ચળાવો. નિજ નિજનો લઇ ધર્મ ચઢાવો. વચન નામદેવનું માની, કરિ સંકલ્પ સહુ મૂકે પાણી. ૧૦૬ કોઇએ બ્રાહ્મણ લક્ષ જમાવ્યા, કોઇએ હોમ પચાસ કરાવ્યા. કોઇએ જપ તપ તીરથ કર્યાં, તે સરવે લઈ અર્પણ કર્યાં. ૧૦૭ તદપીન તુલસીદળ સમ થાય. અચરજ મનુજ કરે મન માંય, નામદેવ કહે નામ સમાન, જગમાં સાધન નથી મહાન. ૧૦૮

દોહા.—અર્ધ નામ સમ જગતમાં, દેવાને નહિ કાંય, અષ્ટ સિદ્ધી નવ નિદ્ધી સહુ. જૂડી થઇ થઇ જાય, ૧૦૯

ચોપાઇ—ત્રાહિ ત્રાહિ કહિ વણિક પડયો ત્યાંય, નામદેવ પદ પંકજ માંય. લહો આટલું હવે પ્રભુદાસ, હતો મને દાનનો વિશ્વાસ. ૧૧૦ કનક દાન થકી ગૌદાન અધિક વેદ એમ કરે વખાણ. પણ હવે ધેનું દાન જગમાંય, હરિ નામથી અધિક ન થાય, ૧૧૧ નામદેવ દયા ઉર લાવી, વણિકને પ્રભુમાં પ્રીતિ કરાવી. ભક્ત કહે સુણ શાહ સુજાણ, અવર દાનથી અધિક ગૌદાન. ૧૧૨ તે તુજ પાસે કરૂં પ્રકાશ. મુજથી સુણો એક ઇતિહાસ, રહે વણિક એક નગરની માંય, કોડી દાન કર્યું નથિ ત્યાંય. ૧૧૩

॥ ૬૫ ॥ મરણનો સમય થયો જ્યાં છેક, ઘરડી ગાય અપાવી એક, મરિને યમપુરિમાં ગયો જ્યારે. ચિત્ર ગુપ્તને કહે યમ ત્યારે. ૧૧૪ આનું પુન્ય પાપ જુવો આપ, ચિત્રગુપ્ત કહે કર્યાં બહુ પાપ, મરતાં આપિ વૃદ્ધ એક ગાય. એ એનું સુકૃત્ય દેખાય. ૧૧૫ માટે યુગલ ઘડી પર્યંત, જે ચાહો તે લહો તુરંત; પછી નરક દુખ કોટિક વર્ષ, એ સુણિ વૈસ્યને ઉપજ્યો હર્ષ, ૧૧૬ બે ઘટિકા લગિ ચહો જે કાંય, તે તમને આપે આ ગાય, વણિકે બોલ વિચારી ઉચાર્યો. ગાય મનોરથ પૂરો મારો. ૧૧૭ ગાય કહે તુજ સંકટ કાપું, જે માગે તે ઝટ હું આપું, વણિક કહે યમ ગુદમાં શ્રંગ. માતુ નાખિયે એ છે ઉમંગ ૧૧૮

દોહા—સુણિ સુરભીયમ ગુદ મહિ, કરવા શ્રંગ પ્રવેશ. નાશ્યો યમ તરત ત્યાં થકી દેખે ચારે દેશ. ૧૧૯ લીધો લપટી સુરભી તહાં, વણિકે જઇને પાસ પુચ્છ ગ્રહીને ચાલીયો, મનમાં ધરિ હુલ્લાસ, ૧૨૦

ચોપાઈ.-વિધિ પાસે યમ નાશી આવ્યા, બ્રહ્મા રક્ષણ કરવા આવ્યા. વ ણિક કહે ઈને પણ તેવું, કરો માત મારૂં મન એવું ૧૨૧ સુણિ સુરભી વિધ પાસે ॥ ૬૫ ॥
દોડી, ભાગ્યા બ્રહ્મા નિજ પદ છોડી. યમ વિરંચિ વૈકુંઠ સીધારે, પાછળ સુરભી

વણિક નિહારે. ૧૨૨ એટલામાં બે ઘડી ગૈ વીતી, દોડયા દૂત આપવા ભીતી. ગ્રહ્યો વણિક કંઠે ધરિ પાસ, સુણી વણિક અતિ થયો ઉદાશ. ૧૨૩ ત્યારે વણિકે કર્યો પોકાર. પાહી પાહી પ્રભુ પ્રણતા ધાર. વેદ પુરાણ સંત ઉચરે, તુજ પુર આવિ ન પાછો ફરે, ૧૨૪ જો હવે યમભટ મને લઈ જશે. વેદ પુરાણ નિરર્થક થશે. એ સુણિ પ્રભુ પાર્સદ ઝટ આવ્યા, વણિકને ત્યાંથી તરત છોડાવ્યા. ૧૨૫ તેને દીધો વૈકુંઠ વાસ, મટિ ગયો તરત વણિકનો ત્રાસ; એ મહિમા ગૌદાનનો જાણો, નામથી અધિક કદી નવ માનો. ૧૨૬

દોહા.—અધિક જાણજો નામને, નામીથી કરિ ચાહ. તેનો કહુ ઇતિહાસ સુણો ઉરમાં ધરિ ઉચ્છાહ. ૧૨૭

ચોપાઈ—એક સમય નારદ મુનિ નાથ પારિ જાતનું ફુલ લૈ હાથ; ધરિ દીધું રૂકમણિને શીશ ત્યાં બેઠાતા યદુ કુલ ઇશ. ૧૨૮ પડી સત્યભામાને જાણ, પછિ બેઠાં કરિ માન મહાન. પ્રભુને કહે કરિ રીશ પ્રકાશ; દીધું ફુલ ત્યાં કરો નિવાસ; ૧૨૯ પ્રભુ કહે પારી જાત તરૂ લાવી, તારા ઘરમાં દેશ રોપાવી, ઇમ કહિ ગયા સ્વર્ગમાં નાથ, જીત્યા સુર સહુ ધરિ ધનું હાથ. ૧૩૧ પારી જાતનું પાદ પલાવી. સતભામા ગ્રહ

॥ ૬૬ ॥ દીધું રોપાવી, પુનિ નારદ સતભામા ધામ, આવ્યા કરવા કઉતક કામ, ૧૩૨ કહે સતભામા લાગી પાય, પૂછુ તેનો કહો ઉપાય; જન્મ જન્મ મુજ પતિ પ્રભુ હોય. ક્ષણ વિયોગ કરિ શકે ન કોય. ૧૩૩ નારદ કહે દેછે જેહ જેહ, પામે જન્મ જન્મ તે તેહ, માટે કરો કૃષ્ણનું દાન મળશે જન્મ જન્મ ભગવાન. ૧૩૪

દોહા—સુણિ સતભામા કૃષ્ણનું, કર્યું નારદને દાન; નારદ ચાલ્યા લઇ તહાં શીશ્ય કરી ભગવાંન ૧૩૫

ચોપાઇ—પતિ વિયોગ સતભામા જાણી, નારદ પ્રત્યે બોલ્યાં વાણી. તરત વિયોગ કર્યો મુનિરાજ, અવળું ફળ આપ્યું મને આજ, ૧૩૫ નારદ કહે સત્ય તમે કહો, આપી દાન પાછુ કેમ લહો; પતિ સમ તોળી રત્ન મને આપો, જન્મ જન્મ પતિ સન્મુખ થાપો. ૧૩૬ પધરાવ્યા પતિ તુલા મોઝાર, એક તરફ ધરિ મણિ અપાર, તોળે તહાં કૃષ્ણને જ્યારે. રતન બરાબર થયા ન ત્યારે ૧૩૭ પછિ નિજ સદનની સંપતિ લાવી, એક ત્રાજવા માંહી ચઢાવી. તદપીન હરી બરાબર થાય, રૂક્મણિ આવી પહોચ્યાં ત્યાંય. ૧૩૮ લીધી સંપતિ સકળ ઉતારી, એક રતન નિજ કરમાં ધારી. કૃષ્ણ યુગલ અક્ષર લખિ દૈને, રતન તુલામાં ઝટ ધર્યું જૈને. ૧૩૯ હરિનું ત્રા- ॥ ૬૬ ॥

જવું ઉંચું થયું. નામનું ત્રાજવું નિચું રહ્યું. ઇમ નામીથિ અધિક છે નામ, જાણો સત્ય શાહ મતિ ધામ. ૧૪૦

દોહા—નામદેવ કહિ વણિકને આ સુંદર ઇતિહાસ નામમાં નેહ કરાવીને મેટચો ભવનો ત્રાસ. ૧૪૧ નામદેવના પાપ હરણ; પરચા પ્રબળ અનેક, કહો કિમ કરિ વર્ણન કરૂં. મુખમાં રસના એક. ૧૪૨ નામદેવની સરસ કથા સુણો યુગલ કરજોડ, લાલદાસ કહે કરગરિ મુખ બોલો રણછોડ. ૧૪૩

ઇતિશ્રી ડંકપુર નિવાસિના લાલદાસે ન વિરચિતા નામદેવ પરચરી સમાપ્તાઃ

અથ જયદેવજીના પરચરી લિખ્યતે.

દોહા—જગ વિખ્યાત જયદેવની પરચરિ પરમ પવિત્ર, મોદ ધરી મન થિર કરી શ્રવણ કરો જન મીત્ર. ૧

કુંડલિયા—શ્રી જયદેવ સમ જક્તમાં થયો ન નથિ થાનાર. કવિ જન કવિતા કમલમાં બીજો દિન કરતાર, બીજો દિન કરતાર શાસ્ત્ર સાહિત્યમાં સુંદર, ભાવ ભક્તિ ભંડાર વિરતિ વિવેકમાં અતિ વર, કહે લાલ કરજોડ સર્વ અંગે અતિ ઉત્તમ થયો ન નથિ થાનાર જક્તમાં શ્રી જયદેવ સમ. ૨

ચોપાઈ—જન્મ ત્રય જગમાં શુભ ધારી પ્રભુપદ પંકજ પ્રીતિ વધારી, પ્રથમ જન્મની કથા ઉચારૂં શ્રોતા શ્રવણ સુખદ રસ ધારૂં. ૩ દેશ એક કરણાટક નામ તહાં સુંદર મથુરાં એક ગામ ત્યાં ધનવાન વૈશ્ય એક થયો. તે ગુણાકાને વસ થૈ ગયો. ૪ ગુણકા સંગ કરે સંયોગ. સહિ ન શકે એક પલક વિયોગ. લોક લાજ કુળ લાજ વિસારી, તજિ વિવેક નિત રહે વ્યભિચારી. ૫ એક સમય ભાદરપદ માસ, તિમિર દેખી ઉપજે જન ત્રાસ, વરષે મેઘ મહા જળ ધાર. નદી નદે જળ વહે અપાર. ૬ નિસા અર્ધ વીતી જૈ જયારે, ચાલ્યો વૈશ્ય વેશ્યા ગ્રહ ત્યારે; ગુણકાનું ઘર સરિતા

પાર. તદપિ ગયો તરિ સરિતા વાર, ૭. વૈશ્યાનાર દ્વાર ગયો જ્યારે દેખ્યાં બંધ કમાડ ત્યાં ત્યારે; પુનિ પછીત સમીપ તે ગયો, એક ભુયંગમ ઝૂલત રહ્યા. ૮ જાણી દોર નિજ કરમાં ધારી ગયો તહાં જ્યાં ઉંચી અટારી. તહાં ગુણકાને સૂતી દેખી ઉરમાં ઉપજી પ્રીત વિશેખી. ૯

દોહા—પુનિ જાગી ત્યાં વણિકને નિરખી ગુણકા નાર, કેવી રીતે આવિયો અચરજ કરે અપાર ૧૦

ચોપાઈ—વાત વણિકની સુણિ તે નાર, નિંદા કરિને કરે ધિ:કાર. જેવી કરી પ્રીત મુજમાંય, તેમ જો તુ ભજતો જદુરાય. ૧૧ ઉભય લોક સફળ તુજ થાત, યમ કિંકરના હાથ ન જાત, કહે વણિક જે પ્રભુ જગ માંહી, મને બતાવો સત્વર આંહી. ૧૨ તેના ભવન મધ્ય એક ઠામ, હતું ચીત્ર સુંદર ઘનશ્યામ તેને બતાવી ગુણકા ગાય, આ પ્રભુ શ્રી પતિ શ્રી યદુરાય. ૧૩ વણિક ગલાની માંની મનમાં, છબી ઉતારી લીધી ક્ષણમાં; લૈને ગયો ગંગાની તીર, ધરે ધ્યાન સન્મુખ ધરી ધીર, ૧૪ કહે ચિત્રને કરગરિ નીત્ય, દરશન આપો દેખી પ્રતિત. કરગરિ કેતાં ગયા દિન સાત, વિના અન્ન વણ જળ સાક્ષાત. ૧૫ લાગ્યું રટણ મુખ પ્રગટો નાથ, રહ્યા ન ત્યાં કોઈ તેની સાથ. તનમન વળગ્યું હરિની માંય; બીજી વૃત્તિ રહિ નહિ કાંય. ૧૬

॥ ૬૮ ॥ **દોહા**—સાતમે દિન વૈકુંઠમાં, સંકટ સુણિ ગોપાળ, પ્રગટ થયા તે વૃક્ષથી શ્રી યદૂનાથ દયાળ ૧૭

ચોપાઈ–કહે વણિકને પ્રભુ કરિ પ્રીત, પ્રગટ થયો જોઈ તારી પ્રતિત થાશો-દ્વિજ તજી વણિક શરિર મુજ કૃપાથિ થશે મતિ ગંભીર ૧૮ કરશો કરણામૃત ત્યાં ગ્રંથ પછી પામશો વૈકુંઠ પંથ હરિ દરશનથિ બુદ્ધિ થૈ શુદ્ધ, પુનિ બોલ્યા ત્યાં વણિક પ્રબુદ્ધ. ૧૯ આપો નાથ મને વરદાન, પ્રીતે કરૂં પ્રભુ તુજ ગુણ ગાન. હરિ કહે ત્રૈણ જન્મ નિરધાર, મુજ ગુણ ગાવો કરિ ઉર પ્યાર, ૨૦ આજ જન્મમાં કરશો ગ્રંથ, નામસિંગાર સમુદ્ર પ્રભુ પંથ. દ્વિતીય જન્મ કરણામૃત કરશો. શ્રવણ સુણાવી અધમ ઉદ્ધરશો. ૨૧ તૃતીય જન્મ રચિ ગીત ગોવિંદ, ગોપુર જૈ સેવો વૃજચંદ, એમ કહિ હરિ થયા અંતરધ્યાન વણિક કૃતાર્થ થયો સુણિ કાન, ૨૨ પછિ શ્રંગાર સમુદ્ર સુભ ગ્રથ, રચ્યો શુણી લહે જન પ્રભુ પંથ; તજ્યુ શરીર પામી નીજ કાળ, ધર્યો જન્મ દ્વિજ ભુવન વિસાલ, ૨૩

દોહા—બાળ કાળથિ કર્યો તહાં, શ્રી હરિમાં અનુરાગ, તેજ સમય તતક્ષણ કર્યો જક્ત જાળનો ત્યાગ. ૨૪

ચોપાઈ----ફરવા લાગ્યો થૈ જગ મિત્ર, કરે અધિકારી પરમ પવિત્ર, કર્યો ગંથ ॥ ૬૮ ॥
કરણામૃત નામ, સાહિત્ય શાસ્ત્ર મધ્ય સુખધામ. ૨૫ અધિક કાળ લગિ ધર્યું શરીર,

કર્યું કૃષ્ણ કીર્તન મતિ ધીર; તજ્યું શરીર જન્મ પુનિ થયો, ત્યાં જયદેવ નામ શુભ લહ્યો. ૨૬ શ્રી જયદેવ સકળ કવિ ભૂપ, કર્યો ગીતગોવીંદ અનૂપ; જે કોઈ અષ્ટપદી મુખ ગાય, રાધા રમણ ચરણ રતિ થાય. ૨૭ શ્રી જયદેવ કવીકુળ ભાણ, તેની કથાનું કર્યું વખાણ; કિંદુબિલ્વ નામ એક ગામ, ત્યાં શુભ જન્મ લહ્યો મતિ ધામ ૨૮ બાળકાળથી હરિ અનુરાગી, થયા વિરક્ત વિષય રસ ત્યાગી; જે તરૂ તરે વાસ નિશિ રહે, તેતરૂ નીચે ફરિ નવ લહે, ૨૯. તન પર કંથા કમંડળ હાથ, ભજન કરે કોઈ રહે ન સાથ, કાસીમાં કોઇ એક દ્વિજ થયો, જગન્નાથના દર્શને ગયો. ૩૦

દોહા—વિનય કરી જગદીશને, આપો પ્રભુ સંતાન; તે તમને અર્પણ કરિશ, ગ્રહણ કરો ભગવાન. ૩૧.

ચોપાઈ—એમ કહિનિજ ગૃહ આવ્યો જયારે, કન્યા જન્મ થયો ત્યાં ત્યારે; થૈ દશ વર્ષની જ્યારે કુમારી, સુતા સહિત ગયો પુરી વિચારી. ૩૨. પ્રભુને વિનતી મુખથી ઊચારી, લેજો સમર્પીત પુત્રી મારી; એમ કહી દ્વિજ દેશમાં આવ્યો, પ્રભુ સ્વપ્ને પંડાને સુણાવ્યો. ૩૩ કહો દ્વિજને તમે જૈ સમજાય, કન્યા લૈને તરત તે જાય; કિંદુબિલ્વ નામ એક ગામ, ત્યાં જયદેવ વસે મતિ ધામ. ૩૪. તે મુજરૂપ જૈ પુત્રી આપ, યોગ્ય અયોગ્ય મનમાં નવ થાપ; દ્વિજ દોહિતા લૈ તરત સધાવ્યો, કિંદુબિલ્વ ગામમાં આવ્યો. ૩૫. જોયા વૃક્ષ તળે જયદેવ, ગાય હરિ યશ કરિ હરિ શેવ; દ્વિજ

॥ ६९ ॥ કહે લહો તમે પુત્રી મારી, જગન્નાથ આજ્ઞા શિર ધારી. ૩૬. ત્યાં બોલે જયદેવ પ્રવીણ, તું મૂરખ મતિનો અતિ હીણ; નથિ ગૃહ નથિ ધન નથિ તન સારૂં, નથિ વિવાહ કરવા મન મારૂં. ૩૭.

દોહા—જગન્નાથને જૈ તમે, અર્પો કરી વિચાર, નારી લાલચ તેહને, જેને ત્રીયા અપાર. ૩૮.

ચોપાઈ—દ્વિજે જયદેવ વચન નહિ માન્યું, કન્યા પ્રત્યે વચન વખાણ્યું; હું દૈ ચુકયો આ તુજપતી, એ પતિ સેવી લહો શુભ ગતી. ૩૯ એમ કહી દ્વિજ ગ્રહ ગયો જ્યારે, જયદેવ કવિ બોલ્યા ત્યારે; શું સુખ લેશો સાથ અમારી, હું તો જન્મનો સદા ભિખારી. ૪૦. કન્યા કહે ગયો મમ સાથ, આ તનના તો તમે છો નાથ; કરી વાસ તહાં ગૃહ કરિ લીધું, પદ્માવતી નામ ધરિ દીધું. ૪૧. માધવની મૂર્તિ પધરાવી, શેવા પૂજા કરે મન ભાવી; લાગ્યા ગીત ગોવીંદ ત્યાં કરવા, પ્રભુપદ પંકજમાં ચિત ધરવા. ૪૨. રચતાં આ પદ આવ્યું જ્યારે, મન જયદેવ સોચ થયો ત્યારે; શ્રી વૃષભાનું સુતાનું ચરણ, એ અઘટિત શ્રી કૃષ્ણ શિર ધરણ. ૪૩ પણ આવે તે પદ નહિ આન, પછિ ઉઠિ ગયા કરવા સ્નાન; ત્યાં જયદેવરૂપ ધરિ નાથ, આવી પુસ્તક લૈ નિજ હાથ. ૪૪. ॥ ६९ ॥

દોહા—તે પદ પુસ્તકમાં લખી, ગયા તરત યદુરાય; છોડયું પુસ્તક આવીને, શ્રી જયદેવ નહાય. ૪૫.

ચોપાઈ—હરિ હસ્તાક્ષર દેખિ જયદેવ, .માવતીને કહે તતખેવ; કેને છોડયું પુસ્તક ઈહાં, મુખમસકાય ત્રિયા કહે તહાં. ૪૬. આપે પુસ્તક છોડયું આવી, નાથ ગયા પુનિમન રૂચિ લાવી; જાણ્યા જયદેવે પ્રભુ જ્યારે, કર્યો દંડવત સ્ત્રીને ત્યારે. ૪૭ જન્મ લગી પૂજન મેં કીધું, પણ દર્શન પ્રભુએ તને દીધું; ગીત ગોવિંદ કર્યો શુભ ગ્રંથ, પ્રકટ કર્યો જગ પ્રભુનો પંથ. ૪૮. થયો પ્રસિદ્ધ ગીતગોવિંદ, ગાવે યુગલ સુમતિ મતિમંદ; શ્રી જગદીશ પુરિ મોઝાર, ગાવે સકળ પુરૂપ નરનાર. ૪૯. હતો પુરીનો રાજા જેહ, ગીત ગોવિંદ કર્યો એક તેહ; કહ્યો પંડિતને દેવો ચલાય, નહિ જયદેવ ર-ચિત કોય ગાય. ૫૦ કહ્યો પંડિતે આ નહિ પ્રચરે, જયદેવ માંહ્ય કૃપા હરિ કરે; પછિ પંડિતને રાજા તણો, થયો વિવાદ પુરીમાં ઘણો. ૫૧.

દોહા—એહ સિદ્ધાંત થયો તહાં, ધરો પુસ્તક પ્રભુ પાસ; જે પુસ્તક હરિ ઉર ધરે તેનો થશે પ્રકાશ. ૫૨.

ચોપાઈ—ગ્રંથ ઉભય ધરિ પ્રભુ આગાર, દ્વાર બંધ કરિ આવ્યા બ્હાર; ઘડી યુગલ પછિ ખોલીદ્વાર, અંદર જૈ નિરખે નરનાર. ૫૩. શ્રી જયદેવ ગીતગોવિંદ, ઉ-

રમાં ધર્યો આપ વૃજચંદ; ગીત ગોવિંદ રચિત નૃપ જેહ, પડ્યો દૂર દેખે સહુ તેહ. ૫૪ તે જોઇ નૃપને ખેદ થયો જ્યારે, ગયો બૂડવા જળ નિધિ ત્યારે; નૃપને થઇ ત્યાં નભમાં વાણી, બૂડિશ નહિ સંશય મન આણી. ૫૫. દ્વાદશ સર્ગ પ્રતે શુભ શ્લોક, એક એક રચ તજી મન શોક, તે દ્વાદશ શ્લોક નિરધાર, થશે લોક ત્રય માંહિ પ્રચાર. ૫૬. શુણિ નૃપને આનંદ થયો જ્યારે, દ્વાદશ શ્લોક રચ્યા શુભ ત્યારે; સર્ગ સર્ગ પ્રતિ એક શ્લોક, રાજા કૃત જાણો સહુ લોક. ૫૭. એક સમે તે પુરીની માંય, માલીની પુત્રી એક ગાય; કરે વ્રંતાક તોડતી જાય, આ પદ ગૈ ગૈ સુખ મુસકાય. ૫૮.

पद—धीरसमीरे यमुना तीरे वसति वने वनमाली·

દોહા—એ નિશિના પરભાતમાં પંડે ઉઘાડી દ્વાર, જોયાં ત્યાં જગદીશનાં ફાટયાં વસ્ત્ર અપાર. ૫૯.

ચોપાઈ—ત્યારે નૃપને જૈને જણાવે, નૃપ નૃપ દૂત દોડિ ત્યાં આવે; અચરજ માને ભૂપ પુજારી, જોઇને પીડા થૈ ઉર ભારી. ૬૦ સ્વપ્નમાં હરિ કહે તતખેવ, ગીતગોવિંદ રચ્યો જયદેવ; તેમાં મારો અતિશય પ્યાર, કોઈ ગાવે ઘર પંથ બજાર. ૬૧ તેના પાછલ પાછલ ભાગું, તે સાંભળવા અતિ અનુરાગું; એક માળિની છે સુકુમારી, તોડે બેંગણ ગાય સુપ્યારી. ૬૨ ધીર સમીરે એ પદ ગાયું, તે સાંભળવા મુજ ॥ ૭૦ ॥
તન ધાયું; વ્રંતાકડિ કાંટે પટ ફાટે, વારણ કરો જઈ તે માટે. ૬૩. રાત બધી રહ્યો

તેની સંગ, ગીત ગોવિંદ શુણિ થયો રંગ; આ હરિની આજ્ઞા શુણિ ત્યાંય, પંડે કહી ભૂપને જાય. ૬૪ ભૂપતિ શુણિ પાલખિ મોકલાવી, બેસી માળી કંન્યા આવી; તેનાં પદ પરસી પુરિરાય, ધન્ય ધન્ય મુખ કહિ યશ ગાય. ૬૫.

દોહા—ગાય ગીત ગોવિંદ જે, તે સુંદર થળ માંય; ગીતગોવિંદ શુણવા તહાં, પોતે શ્રીપતિ જાય. ૬૬.

ચોપાઇ—એ વૃત્તાંન મુગલે શુણ્યું જારે, ગીતગોવિંદ શિખ્યો તેત્યારે; ગીત ગોવિંદ ભણીને એહ, ફરવા લાગ્યો જ્યાં ત્યાં તેહ. ૬૭. ચઢિ તુરંગ તે આ પદગાય, પદ संचरद धर सुधामधुरध्वनि मोहन मुखरित वंशम्–પુનિ પુનિ પાછળ જોતો જાય, શ્રી હરિ આગળ આગળ જાય; પણ એ મ્લેચ્છ ન દેખે કાંય. ૬૮ પાછળ જુવે જુવે હરિ નાહી, ત્યાં ઉપજી શંકા મનમાંહી; ત્રણ દિવસ ગાયું પદ પ્રીતે, પણ દરશન ન થયું કોઇ રીતે. ૬૯ ચોથે દિવસે બંધ કર્યું ગાન, ત્યાં આરત હિત શ્રી ભગવાન; અંતર ધ્યાન થયા પ્રભુ જ્યારે, મરચો તુરંગ તુરત ત્યાં ત્યારે. ૭૦. મુગલે મનમાં માની ગ-લાંની, જુવે યુગલ નેત્રનિ ટગ તાણી; મુર્છિત થૈ મહિમાં પડિ ગયો, ત્યાં પ્રભુ દોડિ ગ્રહણ કરિ લહ્યો. ૭૧ કહે હરિ મુગલ વિકળ કિમ થયો, શુણિ યવને કરજોડિ કહ્યો; મેં એવું સાંભળું મુજ કાન, ગીતગોવિંદ કરે જે ગાન. ૭૨.

દોહા—તેના પાછળ પ્રીતે પ્રભુ, દોડે છે દિનરાત; તેથી પાછળ જોઈ રહ્યા, ત્રણ દિવસ લગિ તાત. ૭૩

॥ ७१ ॥

ચોપાઈ—જોઈ જોઇને વાંકી ચૈ ડોક, તોય ન દેખ્યા આનંદ ઓક; હરિ કહે હું તુજ આગળ રહ્યો, તેથી તેં દેખી નહિ લહ્યો. ૭૪. માગ માગજો તુજ મન ભાવે, આવો અવસર ફરિ નહિ આવે; તહાં મ્લેચ્છ માગે મનધારી, તુરંગ સહીત થાય ગતિ મારી. ૭૫. એવમસ્તુ કહિ ધરિ શિર હાથ, અંતર્ધાન થયા યદુનાથ; મ્લેચ્છ તુરંત તુરંગ સમેત, ગયો વૈકુંઠ જ્યાં કૃપા નિકેત. ૭૬. પણ એક બીજુ કૌતક શુણિયે, પ્રભુ પ્રતાપ અચરજ નહિ ગુણિયે; ચાંમ ઊન લોહાદિક જે જે, તુરંગ સાજમાં રહે ત્યાં તે તે. ૭૭ તે સહુ હરિના ઓક મઝાર, ગયા સકળ વાજી સણગાર; તે થળે પ્રિયાદાસ હરિદાસ; કર્યો સવૈયો પોતે પ્રકાસ. ૭૮.

સવૈયા—ઓર શુણો મહિમા હરિકી, અતિ અદ્‌ભુતતા કહિ જાત ન ભારી; ચામ લગા ઓર જીનમેં ઊન લગ્યો જેહિ જીવકો અસ્વ મઝારી, ઓરહુ ભૂષન વસ્ત્ર તુરંગ, સજે જિન અંગ ન અંગ સવારી; તે મુગલેશ શરીરકું પરસી, ગયે હરિ લોક ભૌ બંધન ટારી.

ચોપાઈ—એવો ગીતગોવિંદ પ્રભાવ, શ્રોતાસૂમઝિ લહો પ્રભુ લાવ; ગીતગોવિંદ પ્રભાવ મહાન, વદને કયાં લગિ કરૂં વખાણ. ૭૯,

દોહા—કવિ કુળ ચક્ર વર્તિ કવી, શ્રીજયદેવ ઉદાર; તેની કથા કહુ હવે, કાંઇક કરિ વિસ્તાર. ૮૦. ॥ ७१ ॥

ચોપાઇ--એક સમે જયદેવ સુજાણ, તીરથ કારણ કરયું પ્રયાણ, ચોર મળ્યા મારગમાં ચાર, કરે જયદેવનિ પ્રત્યેં ઉચ્ચાર. ૮૧. ક્યાં જસો પાથક કહો તતખેવ, તીરથ કરવા કહે જયદેવ; ચોર કહે સહુ સાથે રૈસુ, જહાં તમે જસો તહાં અમે જૈસુ. ૮૨ ચાલ્યા ચોર સાથ કરિ શાંતિ, થૈ જયદેવને પથિકનિ ભ્રાંતિ; સંતને ખવરાવાને સહી, થોડી મોહોર સંગમાં રહી. ૮૩. ચારે ચોર મોહોરને માટ, જય દેવને મારવા ઘડે ઘાટ; જાણ્યું જયદેવે તતકાળ, આપી મોરો કરિ બહુ વાલ. ૮૪. ચોરનિ સાથે ચાલ્યા જાય. કરે ચોર શંકા મન માંય; ચોરે પરસ્પર ભાષણ કીધું, માગ્યા વિના કનક લૈ દીધું. ૮૫ માટે મોટું પુર જ્યાં આવે, રખે તહાં પકડાવિ મરાવે; એ કરતાં એને ઝટ મારી, જૈયે ધરે વિલંબ નહિ સારી. ૮૬.

દોહા--કોઈ કહે દીધું કનક, જીવ હણે હોય દોષ કોઇ કહે કરપદ કાપિને, ચાલો ધરિ સંતોષ. ૮૭

ચોપાઈ--એમ કહિ ચાલ્યા ચોર સ્વરૂપ, મારગમાં એક આવ્યો કૂપ; ત્યાં જયદેવને ઝટ લૈ પાપી, નાંખ્યા કૂપમાં કરપદ કાપી. ૮૮. કૂપ મધ્ય જયદેવ સુજાણ વીતી રાત થયું ત્યાં વહાણ; તેજ દેશનો એક નરનાથ, મૃગિયા કરવા ગયો ધનુ હાથ. ૮૯. આવી ચઢયો તે કૂપનિ પાસ, જોઇ જયદેવને થયો ઉદાસ; માંચી મૂકી

કાઢવા બ્હાર, જોયા સંત દેખી દુતિ સાર. ૯૦ નૃપે લૈ પાલખિમાં પધરાવ્યા, મોદ ધરી નિજગૃહમાં લાવ્યા; વૈદ્ય બોલાવી લેપ કરાવ્યા, તરત અંગના ઘાવ રૂજાવ્યા. ૯૧ પૂછે આવું કિમ થયું આંય, તહાં જયદેવ કહે મુસકાય; મારૂં એવું છેજ શરીર, નહિ વૃત્તાંત કહ્યું મતિ ધીર. ૯૨. એવિધ રહ્યા તહાં જયદેવ, નૃપને કહે કરો સંતનિ સેવ; શુણિ નૃપ સમજી સાધન સાર, સંતનિ સેવા કરે અપાર. ૯૩.

દોહા—આવે નિત સાધુ અધિક, ભૂપ કરે સતકાર, યથા યોગ્ય ધન અર્પિને, કરે વિદાય ઉદાર. ૯૪.

ચોપાઈ—નૃપનો યશ પ્રગટ્યો જગમાંય, વિદિત વાત થૈ ચોરને ત્યાંય; ચાર ચોર ધરિ ભક્તનો વેશ, આવ્યા ભૂપના ભવન પ્રદેશ. ૯૫. સહુને પૂછે ક્યાં સહુ જાય, તે કહે જાય સ્વામિ સંગ માંય; શુણિ સહુ સ્વામી પાસે ગયા, ઓળખિ અંતરભય યુત થયા. ૯૬ ઓળખિ ઝટ ઊઠ્યા જયદેવ, તરત મળ્યા જાણી હરિદેવ; એકજ આસનમાં પધરાવી, ભૂપતિને ઝટ ખબર જણાવી. ૯૭ આવ્યા જેષ્ટબંધુ મને ભાવ્યા. ભૂપતિ સાંભળિ તરતજ આવ્યા; ગુરૂના જેષ્ટ બંધુ જિય જાણી, કરિ પ્રણામ બોલ્યા પ્રિય વાણી. ૯૮ પછિ આપ્યો નિજ ઘરમાં વાસ, આપ્યાં ભોજન આણિ ઉલ્લાસ; પણ તે પરસ્પર ચોર વિચારે, વધ કરવા અતિસય સતકારે. ૯૯. લેસે વૈર

॥ ૭૨ ॥

ઈહાં સાક્ષાત, જયદેવને તે સ્વપ્ન ન વાત; ઘેર જવાને આગ્રહ લાવી, ગુરૂને ભૂપતિ ખબર જણાવી. ૧૦૦

દોહા—વૃદ્ધ ભ્રાતા ગુરૂ આપના નથિ રેતા આ વાર; આદર કરિ રોકયા ઘણા હવે સો કરૂં ઉપચાર. ૧૦૧

ચોપાઈ—ત્યાં જયદેવ કહે એમ વાણ, વિદાય કરો દે ધન સન્માન; ત્યારે આપી ધન સમુદાય, કરચા સંતને નૃપે વિદાય. ૧૦૨ ચાકર ચાર આપ્યા સંગ માય, જેથિ કોઈ લૂટી નવ જાય; અધિક દૂર ગયા સહુ જ્યારે, ચાકર વચન ઉચારે ત્યારે. ૧૦૩ જિમ તમને નૃપે કરયો સતકાર, તિમ કોઈ સંતે ન લહ્યો આ વાર; જેષ્ટબંધુ ગુરૂના છો તમે,તેતો કારણ જાણિયે અમે.૧૦૪ત્યારે ચારે ચોર કહે વાણી,કહિયે કથા તમે લ્યો જાણી; સ્વામી સ્વામી કહે સહુ ગામ, તે અને અમે સહુ થૈને સકામ. ૧૦૫ ગયા એક ભૂપતિ દરબાર, રાખ્યા ચાકર કરિ સતકાર; તેણે કરયું કામ તહાં ખોટું, શુણિ ભૂપતિના ચિતમાં ચોટયું. ૧૦૬ અમને આપ્યું શાસન ઘોર, એનું શિર કાપો આકોર; પણ અમે હિત પોતાનું ધારી, કાપિ ચરણકર ગયા વિચારી. ૧૦૭

દોહા—એવું વચન ઉચારતાં, પૃથિવી સહી ન પાપ; ફાટિ ગઈ થયું છિદ્ર તહાં, કરે ચોર સંતાપ. ૧૦૮

ચોપાઇ—તેજ છિદ્રમાં ચારે ચોર, પડિને ગયા રસાતલ ઘોર; તહાં કવિત્ત કરૂં પ્રિયદાસ. અંતરૂકનો કરૂં પ્રકાસ. ૧૦૯

કવિત--ફાટિ ગઇ ભૂમિ સબ ઠગવે સમાઇ ગયે, ભયે એચકિત દોરી સ્વામી જૂપે; આયે હે

ચોપાઇ.-આવી દૂત સ્વામિની પાસ, ચોર વૃત્તાંત સૌ કરયું પ્રકાસ; શ્રી જયદેવ શુણી તતકાળ, કર મર્દન કરે થૈને બેહાલ. ૧૧૦ કરે મર્દન કર પદ બે આવ્યા, દોડિ દૂત ભૂપતિનેં શુણાવ્યા; જૈ નૃપ દેખે ચકિત થૈ રહે, પૂછે પણ જયદેવ ન કહે. ૧૧૧ પુનિ હઠ કરે ભૂપ ગુરૂ પાસ, ત્યારે ગુરૂ અતિ થયા ઉદાસ; સકળ વૃત્તાંત પાછલું કહ્યું, શુણિ નૃપનું મન વિસ્મિત થયું. ૧૧૨ શુણિ જયદેવ નામ તે વાર, થયો નૃપને મન મોહ અપાર; જુવો શ્રોતાજન સંત સ્વભાવ, નિજ અપકારીમાં કરે ભાવ. ૧૧૩ યદ્યપિ ચોરે સઠપણું કીધું. જયદેવે ચિત્તમાં નહિ લીધું; સંતનિ રક્ષા કરે ભગવાન, પાપી પાપથિ મરે નિદાન. ૧૧૪

દોહા—જે જન જગમાં દગો કરે, તે દગો તેને ખાય; કન્યા સૂતી કુંવર ઘર, બાવા ભાલુ ચવાય. ૧૧૫

ચોપાઇ—એનો શુણો એક ઇતિહાસ, શ્રોતા પાસે કરૂં પ્રકાસ; પાખંડી બા-

વો એક આવ્યો, રાજ દ્વારમાં સ્વાલ શુણાવ્યો. ૧૧૬ રાજ સુતા જૈ ઊચ અટારી, ઊભી રહિ ભૂષણ પટ ધારી; દેખી બાવાનું મન મોયું, વારંવાર તેનું તન જોયું.૧૧૭ ભૂપતિ ભટ બાવાને ત્યાંય, આપે ભીખ અન્ન સમુદાય; બાવા કહે ભીખ નહિ લૈસું, રાજાને મળિને પછિ જૈસું. ૧૧૮ કાંઇ મંગલ નરપતિને કઇસ, અમંગલ ગતી મ-ટાડી દઇસ; ભૂપતિ ભટ જૈ ભૂપતિ પાસ, બાવાનું કર્યું વચન પ્રકાસ. ૧૧૯ નૃપે બાવાને નજિક બોલાવી, આપ્યો આદર શીશ નમાવી; બાવો કહે અન્ય સહુ સારૂં, (પણ) એક વાતથિ અનહિત તારૂં. ૧૨૦ અધિક દોષ યુત સુતા તમારી, એથિ દે-ખસો આફત ભારી; એનો પરિત્યાગ કરિ દેસો, તો જગમાં સુખ સંપતિ લેશો.૧૨૧

દોહા--રાજા બાવાનું વચન, મનમાં સાચું માનિ; સુતા ત્યાગ કરવા ચહે, મહા દોષ યુત જાણિ ૧૨૨

ચોપાઈ--મહત દારૂ મંજુષા કરાવી, તેમાં લૈ નિજ સુતા ધરાવી; ગંગા ધાર વહાવી દીધી, બાવે ખબર તરત શુણિ લીધી. ૧૨૩ તે મંજુષા પ્રવાહને પામી, આવી એક નગરના સામી, રાજકુમાર સ્નાન કરે જહાં,દેખિ મંજુષા તરિને તહાં.૧૨૪ તે ઘર લાવી ઉઘાડિ નિહારી, દેખી સુંદર રાજ કુમારી. તેને ઘરમાં રાખિ વિચારી, મોટો રીછ પેટીમાં ધારી. ૧૨૫ પુનિ ગંગામાં દીધી વહાય, પાછળ બાવો પોચ્યો

ધાય; પુર વાસીને પૂછે ત્યાંય, મંજુષા ઇહાં વેતી જાય. ૧૨૬ પુર વાસી કહે દૂર તે ગઇ, શુણિ બાવાને ચિંતા થઇ; ઝાલી મંજુષા જે દૂર, બાવે લહ્યો હર્ષ ભરપૂર. ૧૨૭ મારૂં મન ધારયું થયું કાજ, આપ્યો દૈવે લાભ મને આજ; એમ કહી પેટી ઉઘાડિ જયારે, ક્રોધિત રીચ્છ નીકળ્યો ત્યારે. ૧૨૮

દોહા—રે જન મનમાં વિચારિયે કળિમાં ફળ તતકાળ, કુંવરી નૃપ પત્ની થઇ બાવો થયો એ હાલ ૧૨૯ નિજ કૃતિ ફળ બાવે લહ્યું, તરતજ ત્રીજે દીન, નૃપે નૃપ કુંવરી લહી, બાવા મુખ થયું મલીન. ૧૩૦ રીંછે ખાધો રંકને નેત્ર ગમાવ્યાં રોય, પૂજક થૈ ભક્ષણ થયો ટુકડો મલે ન કોય. ૧૩૧ બાવાને ઝપટયો લપટી નાંખ્યાં નેત્ર વિડારિ, ભાલુ ભાગી વન ગયો, બાવો મુવો પોકારિ. ૧૩૨

ચોપાઈ—થૈ દસા તસ્કરની તેવી, અપરાધીને જોયે જેવી; નૃપ પ્રેરિત નૃપ જન ત્યાં આવ્યો, પદ્માવતિને ઝટ જૈ લાવ્યો. ૧૩૩ પદ્માવતી ભક્ત જયદેવ, વસે તહાં કરે હરિની સેવ; એક સમય રાજાની રાણી, ગૃહ લાવ્યાં પદ્માવતી આણી. ૧૩૪ પ્રેમ પ્રકારે કર્યો સત્કાર, બેઠાં સમીપ સકળ નૃપ નાર; નૃપ ત્રિય પાસ પત્ર એક આવ્યો, નિજ બાંધવ સુર લોક સિધાવ્યો. ૧૩૫ રાણી ભ્રાતાની સહુ નાર, બળી કંતસંગ ચિતા મઝાર; એ શુણિ રાણી કરે પોકાર, પછી પ્રસંસા કરે અપાર. ૧૩૬ પદ્માવતી બોલિ વચ મર્મ, એ નહિ સાચો પતિવ્રત ધર્મ; જે પતિ મરણ શુણી નિજ

કાન તજિ દે તરત નાહિ તન પ્રાણ. ૧૩૭ તેને સતી ન શાસ્ત્રે વખાણી, એ શુણિ બોલી નૃપની રાણી, આપ વિના એવું કુંણ કરે. પણ જે કહે તે નહિ પરિહરે. ૧૩૮

દોહા—આવ્યાં ગૃહ પદ્માવતી, રાણી રચ્યો ઉપાય; ગયા મહિપ મૃગયા કરણ, દીધી ખબર જણાય. ૧૩૯

ચોપાઇ—દાસી કહે પદ્માવતિ પાસ, આવ્યો ભૂપ ભૃત્ય આ વાસ; કરે વિલાપ વદે મુખવાણ, સ્વામી તજ્યા કાળ વસ પ્રાણ. ૧૪૦ પદ્માવતી કહે મુસ્કાય, વિધમાન મુજ પતિ સુખદાય; વિશ્મિત થૈ શુણિ રાણી વાણી, નૃપને કહ્યું વૃત્તાંત વખાણી. ૧૪૧ ભૂપતિયે વારી નિજ નારી, ગુરૂનિ પરિક્ષા કરવિ ન સારી; રાણી પઢી મહા હઠ માંય, કરયા વિના મુજ મન અકળાય ૧૪૨ યદ્યપિ રાખિયે પ્રીત ઉર માંહી, શસ્ત્ર નૃપતિ યુવતી વસ નાહી; રાજા ગયા સિકારે જ્યારે, ભૃત્યને રાણી વચન કહ્યું ત્યારે. ૧૪૩ ભૃત્યે પદ્માવતિને કહ્યા, સ્વામી સત્ય કાળ વસ થયા; પદ્માવતિ સમઝી હરિ ઇચ્છા, તમે ચહો લેવાને પરીક્ષા. ૧૪૪ એવું કહી તજ્યા નિજ પ્રાણ, હાહાકાર વદે સહુ વાંણ; નૃપ આવી કરે અધિક વિલાપ, રાણી પલપલ લહે પરિતાપ. ૧૪૫

દોહા.—તહાં તરત જયદેવ જઈ, લીધું નિજ કરવીણ; આ પદનું કળ ગાન કરયું, રાગ બિહાગ પ્રવીણ. ૧૪૬

ललित लवगं लता परिशीलन, कोमल मलय समीरे;
मधुकर निकर करंबित कोकिल, कूजित कुंज कुटीरे.

ચોપાઈ—આ પદ ગાયું જ્યાં જયદેવ, કરયું કૌતક પ્રભુયે તતખેવ; પદ્માવતી તરત ઉઠિ બેઠાં, પતિ જોઈ મોદ સિંધુમાં પેઠાં. ૧૪૭ થયો નગરમાં જય જયકાર, ધન્ય ધન્ય જયદેવ અવતાર; રાજા મનમાં માને ગલાની, સમઝાવ્યા ગુરૂ કહિ શુભવાણી.૧૪૮ પછિ શ્રી ગંગા સ્તાન શુભ કરવા, સંતસહિત ગયા પાપ પ્રહરવા; કરયો એક થળ જૈને વાસ, કરવા સ્નાન મન ધરી હુલાસ.૧૪૯ શ્રી ગંગા હરનાર સહુ દોષ, ત્યાંથિ દૂર અષ્ટા દશ કોષ; શ્રીજયદેવ વૃદ્ધ થયા જ્યારે, શ્રમિત થવા લાગ્યું તન ત્યારે. ૧૫૦ સ્વપ્નામાં સુરસરિ જૈ કીધું, વૃથા આવવા નિત વૃત લીધું; આપ સમીપ સદા હું આવિસ, તેનો અનુભવ તમને બતાવિસ.૧૫૧ સરમાં ફુલે જલજ બહુ જ્યારે, મુજ આગમન જાણજો ત્યારે; જાગ્યા શ્રીજયદેવ પ્રભાત, દેખ્યાં સરમાં અતિજળ જાત, ૧૫૨

દોહા—ત્યારથિ તે જળમાં સદા કરે નિત પ્રાત સ્નાન, તે તલાવ ગંગા વસ્યાં, એ આશ્ચર્ય મહાન.૧૫૩ જે જે દેશના જન સકલ, નાયજ ગંગા માંય;તે તે મજ્જન ફળ લહે દુષ્કૃત દુર પલાય. ૧૫૪ એવા શ્રી જયદેવના પરચા સરસ અપાર, તે માટે સંક્ષેપથી લાલ કહે નિરધાર. ઇતિશ્રી ડંકપુર નિવાસિના લાલદાસે નવિ રચિત જયદેવ ભક્ત પરચરી સમાપ્તા.

અથ રાંકાબાંકાની પરચરી લિખ્યતે.

દોહા—ઠાકુરેશ પ્રભુ દયાનિધી, દયા કરો ભગવાન. મુજ મનને પદ કમળમાં; રાખો ભ્રમર સમાન. ૧ વદન વાણિ નિર્મળ વદે, પુનિ ઉચરે તુજ નામ; કોઇનિ અપેક્ષા કરે નચિત, સદા રહે નિસ્કામ. ૨

ચોપાઇ—સતગુરૂ સંતને શીશ નમાવું, રાંકા બાંકાના ગુણ ગાવું; રાંકા બાંકા મહા વિરક્ત, એવા જક્તમાં વિરલા ભક્ત. ૩ પંઢુર પુરમાં હતો નિવાસ, તેની કથાનો કરૂં પ્રકાસ; કરે નિત નિજ કુળનો રોજગાર, (પણ) તેમાં હિંસા દેખી અપાર. ૪ ત્યારે મનમાં કર્યો વિચાર, કુળ મારગનો આવે ન પાર; નિત સત સંગ કરે મન લાવી, હિંસાની ચિંતા ઉર આવી. ૫ ધીરેધીરે ધંધો ત્યાગ્યો,સતગુરૂ શબ્દ માંહિ મન લાગ્યો; એવો ઉદ્યમ કરે જગમાંય, જેમાં દોષ ન ઉપજે કાંય. ૬ બીજો કાંય ન કરે ઉપાય, જેનિ હરિ નિત કરે સહાય; એક દિન મનમાં થયો વિચાર, દુષ્ટ સંગ દુખ થાય અપાર. ૭ નગર બ્હાર જૈ મંદિર કીધું, સર્વ ત્યજી હરિમાં મન દિધું; કોયની સાથ ન કરે મેલાપ, જપે સદા જગદિશનો જાપ. ૮

દોહા—શિષ્યાદિક ન કરે કદા, કેવલ સમરે રામ; નદી નીરથિ રસોઇ કરે, અર્પે સીતારામ. ૯.

ચોપાઇ—એક દિન નાંમા બાળકિ આવી, જળ ભરિ કળસેં છાંટ લગાવી; રાંકા બાળકી કહે ધરિ રીસ, (તુજ) જનકે હરિ પર ફોડયું શીશ. ૧૦ હઠની ભક્તિ હરિજન નવ માને, દુખ ન શુણાવે હરિને કાને; હરિજનને હરિ સદા સહાય, કહ્યા વિના કારજ કરિ જાય. ૧૧ સ્વામીનુ કાંઇ છાનુ નાંઈ, ભક્તનું દુખ મેટે ઝટ જાઈ; મુખથી હરિજન કહે ન કાંય. (પણ) હરિજન હિત પ્રભુ પ્રગટે આય. ૧૨ શુણિ નાંમા પુત્રી ગૃહ આવી, નિજ જનકને જઇ વાત સુણાવી; નામ દેવ રાંકા ગૃહ આવ્યા રાંકે પ્રીતે ઉર લપટાવ્યા. ૧૩ આદર આપી આસન દીધું, નેહ ધરી નૌછાવર કીધું; ભલું થયું તમે આવ્યા આજ, સઘળાં સર્યાં અમારાં કાજ. ૧૪

દોહા—કરી રસોઈ ભોગ ધરી, ઉભય મળી ગુણ ગાય; નામો પુછે પ્રેમથી, પ્રભુ મળવા ઉપાય. ૧૫ ચોપાઇ—મારી ભક્તિ કહાં લગિ આવી, તે તમે મુજને કહો સમજાવી; તુજ બાળકિયે ઝઘડો કર્યો, તેથી હું તુજ ગૃહ સંચર્યો. ૧૬ મારિ ભકિત કિમ કમતી જાણી, આગમ નિગમ પુરાણ વખાણી; દેવળ ફેરયું પ્રભુ પય પીધું, મૃતક ગાયને જીવન દીધું. એથકી અન્ય ભકિત હોય કાંય, કહો કૃપા કરિ મુજને આંય; મને ઉરમાં ઉપન્યો સંદેહ, કરો નિવારણ કરિને નેહ. ૧૮ પછિ રાંકા

તહાં કહે સમઝાવી, ગુરૂયે કહ્યું તે કહું બતાવી; અકળ કથા અવિગતનિ એવી, સંત સંગ કરિ સમઝી લેવી. ૧૯ પ્રથમ અવસ્થા ભકિત આવે, પ્રભુ સેવામાંચિત્ત લગાવે; બીજી અવસ્થા દશ દિશિ ધાવે, અરે મુજને કોય રામ મિલાવે. ૨૦ ત્રીજિ અવસ્થા મળે રઘુરાય, સાચા ભકતનિ કરે સહાય; ચોથી સતગુરૂ સાંન બતાવે, આપ અપર ઉરથી વિસરાવે. ૨૧ જહાં નહિ કુલ કુટુંબ વ્યવહાર, જહાં નહિ કામ ક્રોધ અહંકાર; જહાં નહિ હું તું રાગ ન દ્વેષ, જહાં નહિ લોભ મોહનો લેશ.૨૨ જહાં નહિ બ્રહ્મા વિષ્ણુ મહેશ જહાં નહિ સુર નર મુનિ રિષિ શેશ; જહાં નહિ ગુણ ત્રયનો વિસ્તાર, વાણીથી થૈ શકે ન ઉચ્ચાર. ૨૩ દોહા—અગમ અગોચર અજર અમર, પોતે સ્વયંપ્રકાસ; તહાં જઇ નિત રંગે રમે, કોઈક હરિનાદાસ. ૨૪ ચોપાઈ—પછિ નિર્ગુણની કથા ચલાવી, દશ રૂપે હરિ ઉભા આવી; રાંકો કહે શુણો તમે સંત, અમાં તમારો કુંણ ભગવંત. ૨૫ જોદશ કહો તો દશ હરિ નાંય, એક કહોતો દશ કયાં જાય; ત્યાં નામાને થયો વિચાર, આમાં કુને કહું કરતાર. ૨૬ દેખિ ચરિત્ર ચકિત થયો ભારી, સમઝિ ન સકયો મતી ગૈહારી; ત્યાં રંકાયે કળા બતાવી, નામ રૂપની કથા શુણાવી. ૨૭ નામ રૂપ શનકાદિક જાણે, ધ્રુવ પ્રહલ્લાદ ધ્યાનમાં આણે; નામરૂપના જે ગુણ ગાય, લહે ભકિત વૈકુંઠમાં જાય. ૨૮ નામરૂપ ભક્તી સમઝાવી. ત્યાં હરિયે લઈ કળા સમાવી; અનેક રૂપે એક હરિ થાય, મૂળ બ્રહ્મ વણ ભ્રાંતિ ન

॥ ૭૭॥ જાય. ૨૯ જળ તરંગ બે કિમ કહેવાય, જળમાં ઉપજે જળમાં સમાય; શુણિ નામે એક રૂપે જાણ્યા, રાંકાને સતગુરૂ કરી માન્યા. ૩૦ સતગુરૂ વણસંશય નવ ભાગે, અંતર આતમ જ્યોત ન જાગે; નામદેવ ગુરૂની લૈ સાન, ગૃહ આવ્યા કરિ દ્રષ્ટી સમાન. ૩૧ દોહા—જેવું શુણે તેવું કરે, મુકી મનની દોડ; તેને હરિ તતક્ષણુ મળે, કહે લાલ કરજોડ. ૩૨ ચોપાઈ—બીજી કથા કહું વિસ્તારી, લેજો સકળ સંત ચિત ધારી; એક દિવસ રાંકા ગૃહ મઈ, બુજી અગ્નિ રસોઈ ન થઇ. ૩૩ પરગૃહમાં માગવા ન જાય, એવી ગુરૂની છે આજ્ઞાય; વૃત્તિ અજા ચકમાં અનુરાગે, વિપતિ પડે પણ પણ નવ ત્યાગે ૩૪ નામાધર બાળકિ મોકલાવી, જૈ લૈ અગ્નિ મંદિર આવી, કરી રસોઈ ભોગ ધરાવ્યો હરિયે જનનો નેંમ ન ભાવ્યો. ૩૫ અંતર એક હરીની આસ અન્યની આસ કરે નહિ દાસ, રાખે સદા હરીમાં હેત. કરે ભજન નિત થૈને સચેત. ૩૬ સીલ સંતોષ સરલતા ગ્રહે, હરિ વણ અવર વચન નવ કહે; બીજું મનન કરે નહિ મનમાં, તિવ્ર તિતિક્ષા રાખે તનમાં. ૩૭ વેચે કાડો કરે રસોઈ અન્ય કલ્પના કરે ન કોઇ, દિનમાં બે ભારા લૈ આવે, તે વેચી નિર્વાહ ચલાવે. ૩૮ દોહા—ક્યારે દુખ દેખે નહી, ગુરૂ પથમાં ધરે પ્રેમ નેહ કરે નિત નામમાં, રૂદિયે રાખી નેમ. ૩૯ ચોપાઈ—પ્રભુની સેવા પ્રીતે કરે ધ્યાન મૂર્તિનું ઉરમાં ધરે; પ્રભુ જનને ગૃહમાં પદ્ધરાવે, મનમાં દોષ કદા નવ લાવે. ૪૦ અર્પે ભોજન લાગે પાય, સેવામાં ॥ ૭૭ ॥

સઘળો દિન જાય; કુળ કુટંબ લોકની લાજ, છોડી કરે સંતનુ કાજ. ૪૧ માન અ-
પમાન ન મનમાં થાય, કામ ક્રોધના નિકટ ન જાય; હરિને અર્થે ધરિ નિજદેહ, એવું
સમઝી કરે સનેહ. ૪૨ મનમાં આગ્રહ કરે ન કાંય, સદા પ્રસન્ન રહે મન માંય;
એક દિવસ હરિ કરી વિચાર, વિત લૈ આવ્યા રાંકા દ્વાર. ૪૩ પ્રભુ મુખ કહે વિવે-
કનિ વાત, લહો, વિત્તરામ જન ત્તાત; રાંકો કહે વિત્તનવ લૈયે, પણ મેંનત કરિ ઉ-
લટું દૈયે. ૪૪ રહો દૂર એમ વચન ઉચારે, હાથ નપ રસે ગૃહથી વારે; હરિયે યત્ન
અધિક તહાં કીધું, ભકતે વિત્તમાં ચિત્ત ન દીધું. ૪૫ પુની રાંકાથી બાંકા ભારી, જેણે
વિત્તનિ વાત વિસારી; હરી ઝવેરી હીરો પરખે, કરી પરીક્ષા હરદે હરખે. ૪૬

દોહા—સરસ સંત જીત્યા તહાં, હરિ હારયા નિરધાર; સાચા સંતને દેખિને,
હરિ ચાલ્યા નિજ દ્વાર. ૪૭ ચોપાઈ—કોઈનું ધન કરમાં નવ પરસે, હરિ
જનને દેખી નિત હરખે; ખરી મજુરી કરિને ખાય, કરિ વિભાગ લૈ ભકત ખવાય ૪૮
દમણ કરે ઈંદ્રી મન દેહ, કોઈમાં કિંચિત કરે ન નેહ; ઉપજે નહિ શંકા ઉર આવી,
એવી પ્રભુમાં પ્રીત દ્રઢાવી. ૪૯ સહજ સ્વભાવિક એમ થૈ આવે, જેવું પ્રભુના મ-
નમાં ભાવે; વણ કારણ કોઈને નવ કહે, નિર્મળ નામ હરીનુ લહે. ૫૦ ગ્રહેન કનક
રજત નિજ હાથ, લાગ્યું રટણ રૂદે રઘુનાથ; ખરો લાભ નર તનને લીધો, કુળનો
તાગો તોડી દીધો. ૫૧ કુળની કરણીથિ નહિ કામ, નિશ દિન સમરે સીતારામ; રામ

॥ ७८ ॥ રામ રામ જપે ભારી, જન્મ મરણની ભીતિ નિવારી. ૫૨ દોહા--પ્રભુ ભકિતના પંથનો, પ્રીતે કરે પ્રકાસ; રસિક રામ પદ કંજમાં રમે સદા હરિદાસ. ૫૩

ચોપાઈ--નામો કહે શુણો જગ કરતાર, ભકતને ધન આપો કરિ પ્યાર; શુણિ હરિ નામાને કહે વાત, રાંકા ધન લેતા નથી ભ્રાત. ૫૪ કહે નામ દેવ શુણો રઘુરાય, ભકતનેં ધન આપો ગૃહ જાય, હરિજી કહે શુણો નિજદાસ, એતો ધનની કરે ન આશ. ૫૫ નામો કહે શુણો જગ કર્તા, ભકતને ધન આપો ભવ ભર્ત્તા; જગપતી કહે શુણો જન ભ્રાત, ભકત ન વિત્ત લહે સાક્ષાત ૫૬ નર હરિ કહે નામો નવ માને, શુણતાં છતાં શુણે નહિ કાને; ત્યારે હરિ દાતા ઝટ થયા, ઉભય મળી મારગમાં ગયા. ૫૭ ભકત મારગમાં ચાલ્યા આવે, માયા પતિ માયા દરસાવે, હરિનામા ત્યાં રહ્યા છપાય; દેખે દૂર તમાસો જાય. ૫૮ દોહા—પેહેલો રાંકો આવિયો, દેખિ માયા ત્યાંય; ઢાંકી રેતી રસિક જને, કરી વિચાર મનમાંય. ૫૯ પછિ ત્યાં માતા બાળકી, આવ્યાં મારગ માંય; રેતી ઢાંકી દેખીને, બોલ્યાં તતક્ષણ ત્યાંય. ૬૦ ચોપાઇ—બાંકા પૂછે પદ શિર નામી, માયા રેત બે હોય નહિ સ્વામી; કહો એવી મતિ તમે કિમ આણી, મેતો માયા જુઠી જાણી. ૬૧ એને સંગે શ્રેય ન હોય, કયારે સુખા થયું નથિ કોય; મારી મતિ એવી છે સ્વામી, ॥ ७८ ॥
આપ નિરતંર છો નિસ્કામી. ૬૨ શુણિ હરિ નાંમા આનંદ પામ્યા, ધન્ય સંત રહે

હરિના સામા; હરિયે નામાને સમઝાવ્યા, કાષ્ટ સમેટી પાછા આવ્યા. ૬૩ રાંકો દેખી હાથ ન પરસે, પરનું માનીને મન હરખે; ઇમ ત્રણ જણ મળિ વનમાં ચાલે. ઉભય કાષ્ટ કરમાં નવ ઝાલે. ૬૪ નિર્દાવાનાં કાષ્ટ નિત લાવે, તેમાં જનને કદિ ન સતાવે; ધીરે ધીરે પંથ અનુસરે, પરપીડા કયારે નવ કરે. ૬૫ દોહા--વિકટ પંથ હરિ ભકિતનો, ચાલે કોટિમાં કોય; બીજા ભેખભ ગવંતના, હરિજન વિરલા હોય.૬૬

ચોપઇ—નામ દેવ જોઇ થયા ઉદાસ, ધન્ય ધન્ય શ્રીહરિના દાસ; નામે પુરો પરચો પેખ્યો, અચલ એમનો આશય દેખ્યો.૬૭ વિકટ પંથથી પડે ન કયારે, કોટિક યત્ન કરિ કરિ હારે, કહે નામદેવ શુણો યદુરાય, વિત્ત ભક્તને આપો જાય, ૬૮ નામા હરિ વસ્ત્ર લઇ ત્યાંય, આવ્યા રાંકાના ઘર માંય; ભકત નહિ માયાના લોભી, માયા ભકતને કદી ન શોભી. ૬૯ હરિના ભક્ત ન માયા રાખે, રામ ભક્તિ રસ ચિત્તમાં ચાખે, ભક્ત રહે માયાથી દૂર, હરિ હરિજનથી રહે હજુર. ૭૦ રાંકા કહે બાંકાને વાત, માયા કરે દેહની ઘાત; માયાથી જગમાં દુખ થાય, એથી શ્રેય થાય નહિ કાંય. ૭૧ માયા સાથે મોહ જે કરે, તે ભવસાગર કદી ન તરે; માયા ઇમ માણસને પ્રહારે, જિમ વિષધર ઊંદરને મારે. ૭૨ જે માયાને પરસે હાથ, તેને કદિ ન મળે રઘુનાથ; જે માયાનો સગ્રહ કરે, તે જન ભવ સાગર નવ તરે. ૭૩ જે માયાની રાખે આશ, તેનો થાય નરકમાં વાસ; જે માયા હાથે વેચાંણા, તે નર જન્મ જન્મ

પસ્તાણા; જે માયાથી રહે ન દૂર, પડે તેહના મુખમાં ધૂળ.
દોહા—માયા મોહ પમાડીને, કરે નિત ઠગનું કામ; વિષયમાં વાલ વધારિને, મુખ ભૂલાવે રામ. ૭૫ જે માયાને ઝટ લઇ, દે નિત સંત ખવાય; તે જનનો આ જક્ત-માં, જન્મ સફળ થઇ જાય. ૭૬ ચોપાઇ—ભાવે ખરચે મળે ભગવાન, નહિ તો માયા કરે હેરાન; જે જન ખરચે થૈ નિશ્કામ, તે તો પામે અવિચળ ઠામ. ૭૭ માયા ખરચી લે શિરભાર, તેતો પીડા પામે અપાર; માયા લઇ પરમારથ કરે, તે નર મોહ નિધિથી તરે. ૭૮ માયા લૈ જે ભોગવે ભોગ, તેને ભવનો વાધે રોગ; મા-યામાં જે મન લલચાવે, તેના દુખનો અંત ન આવે. ૭૯ માયા માટે દશ દિશધાય તે નર શ્યામ શરણ નવ જાય; માયા અરથે પ્રભુને વિસારે, છોડી સત્યને જુઠનેધારે. ૮૦ જે માયા ધરણીમાં ધરે, તે નર નાગ થઇ ત્યાં ફરે; માયા જાણો વિષની વેલી, અંતે યમપુર દેશે ઠેલી. ૮૧ જે માયામાં સદા વિરામે, તે નર અંતે અતિ દુખ પામે. ૮૨ માયાનો વિશ્વાસ ન કરે, એમ સદા સતગુરૂ ઊચરે;સતગુરૂ મુજને કહે સમઝાય માયા ત્યાગેતો સુખ થાય. દોહા—જેમ ઠગબાજી દેખીને, નરનું મન લલ-ચાય; તેમ માયાની જાલમાં, લંપટ નર લોભાય ૮૪ ચોપાઇ—હરિજન દેખી નવ લલચાય, બીજા દેખી દોડયા જાય; પણ નવ સમજે મુરખ લોગ, એથિ હરિથિ થાય વિયોગ. ૮૫ માયા દૂર કરી નવ જાય, જેમ વાડે વેલી લપટાય; માયા

॥ ७९ ॥

મહા મોહની ફાંસી, દેખી વિરક્ત ને થાય ઊદાશી. ૮૬ માયામાં નલગાવો લગની, નથિ સીતલ ધકધકતી અગની; જે માયાથી રહે છે દુર, તે ઉર રામ રહે ભરપૂર, ૮૭ માયાયે સર્વે નર વાહાયા, પૂરા પંડિત પણ લપટાયા; રાંકા કહે બાંકા કર જોડે, ધન્ય સંત જે માયા છોડે, ૮૮ સુણિ નામે ઝટ મનમાં ધરયું, મારૂં તો કારજ સહુ સર્યું ટેક ત્રણની દેખી સાચી, કોયની કિંચિત મતિ ન કાચી. ૮૯ જ્યારથી હરિચરણે ચિત દીધું, કોઇનું વસ્ત્રકદી નથિ લીધું, નાંમે મનમાં વાત વિચારી, ભકતને સુપું તન મન વારી. ૯૦ એવી રેહેણી કો કુણ રહે, કોટિક જનમાં કોઇ એક ગ્રહે; નિર્મળદાસ સદા નિષકામી, તેના સન્મુખ અંતર જામી. ૯૧ એવા હરિજનના મનમાંય, નિશદિન હરિજી રહે સમાય; તેને અવર કાંય નવ ભાવે, હરિ ગુણ ગૈ હરિ મનમાં લાવે, ૯૨

દોહા—નિર્વૈરી નિસ્પૃહિ સદા સત્રુ મિત્ર નહિ કોય, એવા આ સંસારમાં કોઇક હરિ જન હોય, ૯૩ ચોપાઇ—ભકિત કરી નિર્મળ મન કીધું, હરિને સર્વ સમર્પી દીધું; કોઇને પોતાનું નવ માને, તેને સહુ જન ઉત્તમ જાણે. ૯૪ અનુભવે રામ રંગ રહે રાતા, અનુભવી અનુભવમા રહે માતા, અનુભવ અગમ અગોચર ભાસે. માયાની ખટપટ ઝટ નાસે. ૯૫ અનુભવનો પામી અધીકાર, પોચે ચોથા પદની પાર; અનુભવ અમૃત બોલે વાણ, અનુભવથી ધરે હરિનું ધ્યાન. ૯૬ અનુભવ મૂળ અન્ય સહુ ડાળ, અનુભવ કરે સકળ પ્રતિપાળ; અનુભવમાં ચોરે ચિત જ્યારે, ગ-

॥ ૮૦ ॥ મના ગમન લહે નહિ ત્યારે. ૯૭ અનુભવ જેની પુરે આશ, તેને પ્રભુનો થાય પ્રકા-
શ, ૯૮ રાંકાબાંકા નિર્મળ દાસ, માયાથી નિત રહે ઉદાસ, મનનુ કહ્યું કદી નવકરે,
ગુરૂની આજ્ઞામાં અનુસરે, ૯૯ સહુ ત્યાગી એકાંતે રહે, મનનુ ગમતું કાંય ન ગ્રહે,
વિષય વાસના વેગ નિવારયો, હરિ હીરો હરદામાં ધારયો. ૧૦૦ દુહા—કયારે
પણ કારણ વિના, કોયના ગ્રહ નવ જાય, એકાંતે આનંદથી, ગોવિંદના ગુણ ગાય
ચોપાઇ—મુખથી અમૃત બોલે વેણ, સમદ્રષ્ટી નિત નિર્મળ નેણ, કોઇનો કદી ન કરે
ઉપહાસ, સરખો દેખે સર્વા વાસ. ૧૦૨ નામાને રાંકો ઉચરે, કામ સંતનાં સેજે સરે,
તેજ સંત જે સાધે જોગ, ધરી વૈરાગ તજે સહુ ભોગ. ૧૦૩ નામો ફરી કરે મનુહાર
લ્યો થોડો ઘણો જઉ બલિહાર. રાંકો મુખથી બોલે નાંહી, નામો કહે હરિ છે તમ
માંહી. ૧૦૪ લહો વસ્ત્ર કાંઇ લાગે ન પાપ, માટે લહો કૃપા કરી આપ; આવી રેહે-
ણી કોઈની નહી, ધન્ય સંત એવા જગ મહી. ૧૦૫ એવો ગૃહી કુણ વૈરાગીં, કોણે
એવી માયા ત્યાગી; હરિનામાં આતુરતા કરે, લહો કાંઇ અમ કારજ સરે. ૧૦૬ રાં-
કા કહે બાંકાને વાણી, લીધે હોય ત્યાગની હાણી; બાંકા કહે કોઇયે નવ લીજે, પણ
ઉલટું કાંઈ આપણ દીજે. ૧૦૭ કોઈની આશ કરો નહી કોય, જે કાંઇ હોય તે સેજે
હોય અધિક દીનતા વચન સુંણાવે, આપ ન લહે ન અન્યને અપાવે. ૧૦૮ ॥ ૮૦ ॥
દોહા—ત્યારે પ્રભુ ઊભા થયા, કરગરિ કહે સાક્ષાત; એકવાર કરૂણા કરિ, જુવો સ-

ન્મુખ મુજ ભ્રાત, ૧૦૯ ચોપાઈ—ત્યારે મનમાં કર્યો નિરધાર, પાપ ન લાગે લહો આવાર, જિમ જિમ આપવા કહે હરિ આપ, તિમ તિમ ભક્ત કરે હરી જાપ. ૧૧૦ કાંઇક વસ્ત્ર લઇ મુકયું પાસ, લૈને અમારી પુરો આશ; માયાનું રાખે નહિમાન ઘણુ કહે પણ સુણે ન કાન૧૧૧ લેતાં ડર લાગે અતિ ભારી, પૂછે રાંકા પુત્રી નારી, કહોતો થોડું થોડું લૈયે. નહિ તો ઘરમાં બેશી રહીયે. ૧૧૨ નિશ્ચય ત્રણેનો દેખ્યો ચોખો, તુલા માંય જિમ મુકી જોખો; જે કાંઇ કહો તે આગળ ધરૂ, ફરી વચન નહિ મુખ ઉચરૂં. ૧૧૩ વસ્ત્ર મગાવ્યું હાથ લૈ ત્રીસ, ત્યારે ભક્તને લાગી રીસ, અલ્પ દાનથી ડર છે અમને, આવિ વાત રૂચે કેમ તમને;૧૧૪ સુણિ રાંકા પુત્રી અરૂનારી. મનમાં ડર લાગે અતિ ભારી; કાંય દેસો તો વાત ન સારી. અમે જન્મ કિમ જૈએ હારી.૧૧૫ નામો હરિ અચરજ ત્યાં કરે, ધન્ય સંત આવું વૃત ધરે; કહે રાંકાબાંકા તમે લહો, મુજને લેવાનું નવ કહો,૧૧૬ કહે બાંકા આપો રાંકાને: મારૂ મન લેતાં નવ માને. ત્યાં રાંકાયે બહુ સમજાવી. કહી કેટલીક વાત સુણાવી. ૧૧૭ નામા હરિ વસ્ત્ર લૈ આવ્યા, ત્રણેને કરગરી સમજાવ્યા; રાંકાને ચરણે લઇ થાપો. કરી પ્રસાદી અ મને આપો. ૧૧૮ દોહા–રાંકાને આપો તમે, પાંચ હાથ નિજ હાથ; ત્યારે પ્રસન્ન થશે પ્રભુ, જગજીવન જગનાથ. ૧૧૯ ચોપાઈ–શુણિ રાંકાને પેહેલું આપ્યું, પાંચ હાથ લૈ પ્રભુયેં માપ્યું; પછિ બાંકાને અર્પણ કરયું, જેનુ મન માયા-

॥८१॥ થી ડર્યું. ૧૨૦ બાળક કહે મને આપો ન આપ, માયા પરસે લાગે પાપ; કરગરી હરિજી આપે આપ, લઇને જપો જપ લાગે ન પાપ.૧૨૧ નામદેવને હરિ સમઝાવે, આવા ભક્ત મને અતિ ભાવે; જે ઘટ નિશ્ચળ ભકતી હોય, તેનો સંગ લહે- જન કો ય ૧૨૨ તે તો સેજે ઉતરે પાર, સંત સંગ દુરલભ સંસાર, એવા ભકતો પર પ્રભુ રાઝે, સંગત કરીને પ્રભુ રસ પીજે ૧૨૩ નામ દેવ સુખ પાંમ્યા જોઇ, આ ભકતોના સમ નહિ કોઇ, મારા ચિંતનુ ચિંતવન ગયું, ધન્ય સંતનું દરશન થયું ૧૨૪ મારૂ આજ થયું કલ્યાણ, થઇ લખ ચોરાશીની હાંણ; અધિક દીનતા અતિ સુખદાય, તેને હરિ નિત કરે સહાય. ૧૨૫ તેને વ્યાપે નહિ ભવ રોગ, હરદે રહે નિત હરિનો યોગ, તેની પુઠે હરિ નિત ધાય; તેથી ક્ષણ અળગા નવ થાય. ૧૨૬ દોહા—
નામદેવ હરિને કહે, રાંકા અતિ સુખદાય, પૂર્વ પુન્ય જેનું હશે, તેને દરશન થાય. રાંકા બાંકાની કથા, કહી સંક્ષેપે સાર. શ્રવણ શુણો શ્રદ્ધા કરી, જગ પવિત્ર કરનાર, ૧૨૮ રાંકા બાંકાની કથા, સુણે શિખે ને ગાય; કઠણ કાળનો ભય ટળે, યમને દ્વાર ન જાય. ૧૨૯ સુણિ જે નર મન મનન કરે, ત્યાગિ વિષય વિકાર, તે નરનું અ- જ્ઞાન ટલે, લહે ભક્તિ સુખ સાર. ૧૩૦ અગમ અગોચર ગમ નહી, જગ મગ આ- નંદ જ્યોત, ત્યાં હરિજન નિત રમણ કરે, વૃત્તિ અખંડ ઉદ્યોત. ૧૩૧ સહજ સુન્ય- ॥૮૧॥
માં સંચરે, જ્યાં છે પરમ પ્રકાશ; દિનકર નિશિકર ગમ નહી, જાણે વિરલા દાસ.

૧૩૨ પાપ હરણ અતિ સુખ કરણ, ત્યાગ ભક્તિ સુખ સાર, રાંકા બાંકાની કથા; કહે લાલ નિરધાર. ૧૩૩ શુણો નિત શ્રદ્ધાયે કરી, મુકી મનની દોડ, શ્રોતા જન સહુ મુખ થકી, બોલો શ્રી રણછોડ. ૧૩૪ ઇતિશ્રી ડંકપુરના નિવાસિ લાલદાસે ન વિરચિતા રાંકાબાંકા પરચરી. સમાપ્ત.

અથ વારમુખીની પરચરી લિખ્યતે.

દોહા.-શ્રીઠાકુરના નાથનુ, નિરખિ રૂપ મન ધારિ, વાર મુખી વેશ્યા તણી, કથા કરૂં ઉચ્ચાર. ૧ કુંડળિયા-હરિ દાસી વેશ્યા થઈ, વાર મુખી છે નામ, દક્ષણ દેશે તે વસે, જહાં બલાદછે ગામ, જહાં બલાદ છે ગામ, સદન તેનું તહાં શોભે, સમિપ ચોતરો દ્વાર. નિરખિ નરનું મન લોભે, કહે લાલ તહાં વૃક્ષની વિપુલ છાયા સુખ રાસી, વાર મુખી છે નામ, થઇ વેશ્યા હરિદાસી. ૨ સાથ સહુ મળ્યો સંતનો, તીરથ કરવા કાજ, તીર્થાટન કરીને તહા આવ્યો સંત સમાજ, આવ્યો સંત સમાજ, ઉતર વા આશ્રમ ખોળે. મસ્કરિ કરિ જન ચાર, મધુર વચન મુખથી બોલે સરસ ચોતરો સજળ થળ; નિરખો નયણે નાથ; તીરથ કરવા કાજ; સંતનો મળ્યો સહુ સાજ.૩ ચોખો દેખી ચોતરો; ઉતરયા સંત અપાર; નિજ ઠાકુર બટુવા લઇ; લટકાવ્યા તરૂ ડાર; લટકાવ્યા તરૂ ડાર. સ્નાન કરિ કરિ પ્રભુ સેવે, કરે કેસવ કીર્ત્તન, દ્રષ્ટિ દરશનમાં દેવે, કહે લાલ કરજોડ, પ્રીતે પ્રભુનાજ ન પોખો, ઉતરયા સંત અપાર, ચોતરો દેખી ચોખો, ૪ મનહર છંદ.---આ ॥ ८२॥

તો વેશ્યાનો છે વાસ, જાણે ન હરિના દાસ; મધુર મધુર મંત્ર, મુખમાંથી ઊચરે;ઘંટા ઘાડયાળી નાદ, ઝાંઝને ઝાલર નાદ, નોબત શંખના નાદ, સરવે મળી કરે. અભરણના ભરણ અશરણના શરણ, આરતિના હરણની, આરતી અનુસરે. પ્રીતે પરીક્રમા ફરિ, દેવને દંડોત કરી વિનયની વાણી વદી; દિનતા દિલે ધરે. ૫ દોહા----વાર મુખી શ્રવણે શુણી, મનમાં કરે વિચાર; હંસ વરણ સહુ સંતને, દેખી નીજ ગ્રહ દ્વાર. ૫ ઉધોર છંદ–જગમાં નીચ મારી જાત, દુખ પ્રદ દુરિત કરૂ દીન રાત; જેના મનમાં વિષય વિચાર. આવ્યા સંત તેને દ્વાર ૭ જુડા નરથિ રાખી નેહ, વિત હિત વેચ્યો દુર્લભ દેહ; ભરયા બહુ પાપના ભંડાર, આવ્યા સંત તેને દવાર.૮ ભવમાં રૂચે ન ભોગ વિયોગ, ચાહૂ ચતુર નર સંજોગ; પર પતિમાંહિ પ્રતિદિન પ્યાર, આ આવ્યા સંત તેને દવાર.૯ જેના ઘરમાં વીત અનંત, તોપણ ચીત્ત અધીક ચહંત; તન તપે તૃષ્ણાને અંગાર,આવ્યા સંત તેને દવાર.૧૦ કેવી પતીત મારી કાય,તેને સંત દરશન થાય; ધન્યધન્ય ધન્ય મુજ અવતાર, આવ્યા સંત જેને દવાર.૧૧ દ્રષ્ટે દેખી દુષ્કૃત જાય, તે મુખ ગોવીંદના ગુણ ગાય; પ્રગટયાં પૂર્વ પુણ્ય અપાર, આવ્યા સંત જેને દ્વાર.૧૨ છાંડુ વીષય વીષધર સર્પ,ત્યાગુ તનનો દુખપ્રદ દર્પ;તેને ઘટે કેમ વિકાર, આવ્યા સંત જેને દ્વાર. ૩૧ હરિનાં નામ ઉચરિ હજાર, બોલે મુખથી જયજયકાર; એમને અરપુ વિત્ત અસાર, આવ્યા સંત જેને દ્વાર, ૧૪ દોહા–કનક મોહરનો થાળ ભરી, ભામની

॥ ૮૩ ॥ આવી બ્હાર, મનમાં અતિ ધીરજ ધરી, વંદે વારહિ વાર.૧૫ ચોપાઇ—મહંત
સમીપ ધરયો લઇ થાળ, વનીતા બોલી વચન રસાલ; આવ્યા નાથ આપ આ ઠામ,
વેસ્યાનું જાણ્યુ નહિ ધામ.૧૬ પુનિ મહંત પુછેછે વાત, કુણ તમે છો કહો વિખ્યાત;
કહે ગુણિકા ગુણિકા મમ નામ, વિત્ત વસે બહુ પ્રભુ મમ ધામ. ૧૭ આપ પ્રતાપ
કુમતિ થઈ દુરી, મારી આશા કરો પ્રભુ પુરી; લોચન માહિ ઝરે જળ ધાર, મનમાં
મહંત કરે છે વિચાર.૧૮ વેસ્યા સંપતી લેવા જોગ, અતિ ઉત્તમ જો કરે વિનિયોગ;
પુનિ મહંત કહે મુખથી કથી; છે વેસ્યા તદપી ભય નથી. ૧૯ ઘરમાં સંપતી જે
કાંય હોય, કારજ અન્ય કરો નહી કોય; મુકુટ મહા મણી જટીત કરાવો, રંગનાથ
ના નિમિત રચાવો. ૨૦ વાર નાર વ્યાકુલ થઇ ઉચરે, નાથ વાતની પ્રતિત ન પરે,
મારૂં વીત ભક્ત નહીં ચહે, કહો તે રંગનાથ કીમ લહે. ૨૧ સોરઠા—કહે
મહંત હરખાય, અર્પણ કર નાજ હાથથી; મનહર મુકુટ કરાય, થઉ જમાન
એ વાતનો. ૨૨ ચોપાઇ—શુણી વેસ્યા મન હરષ અપાર, બોલાવ્યા જ-
ડીયા લૈ એક હજાર. સંપતિ કોટીક રહિ જે નિજઘર, તેનો મુકુટ કરાવ્યો મનહર;
૨૩ જ્યાં લગિ મુકુટ થયો તૈયાર, ત્યાં લગી સંત રહ્યા નિજ દવાર; મનહર મુકુટ
દેખી હરીદાસ, મુખથી પ્રસંશા કરી પ્રકાશ. ૨૪ નિંદે દુષ્ટ લોક કરિ નેહ, ભેખની ॥ ૮૩ ॥
સંગે ભ્રમીત થઇ એહ; જે સ્થિર કરવા શ્રુતિ આચાર, ધરણી માંહી ધરે અવતાર.

૨૫ તે પ્રભુ ધર્મ અગ્ર ધરનાર, વેશ્યા ધન કેમ કરે સ્વીકાર; સજ્જન સુમતિ મન કરી વિચાર, સુંદર સ્તુતિ વર્ણવે અપાર. ૨૬ રંગ નાથનો મુકુટ બનાવ્યો, નિષ્ફળ ધન સહુ સફળ કરાવ્યો, ધન્ય એ વાર નારની દેહ, સંત ચરણમાં કરયો સનેહ ૨૭ ત્યારે મહંત મોદ મન લાવી, વારનારને નોકટ બોલાવી; કહે વચન વેશ્યા ગુણ ગાઇ, તુજ તનમાં કિલ્મીષ નથી કાંઇ. ૨૮ કોઇનું કહ્યું ન માનો કાન, રંગ મંદીર-માં કરો પ્રયાણ; નિજ કરમાં લઇ મુકુટ ધરાવો, રંગનાથને ભેઠ ચઢાવો. ૨૯ અલ-બેલા અંતરનો જામી, જાત વરણની જુવે ન ખાંમી; પ્રેમ દેખી પ્રભુ વશ થઇજાય વેદ પુરાણ શાસ્ત્ર એમ ગાય. ૩૦ દોહા—વાર વાર સુણુ વારમુખી, વારવાર ઊપદેશ; જો કોઇ વર્તે એજ વિધિ તો છુટે ભવ કલેશ. ૩૧ મનહર છંદ ધનથિતો પહાડ સમાંન નર પાપ કરે, ધનથિતો દિલમાં દુસહ દુખ થાય છે; વિત પામી વિવિધ વિષયમાં ચોટાડે ચિત, તેથી દુખ દરિયામાં તરત ડુબાય છે,સહુ થિ હવેલી સારી, નૌતમ નિરખી નારી. અતિ અભિમાન ઉર અંતર ભરાય છે,તન માન ધનમાન સુતમાન વિતમાન,ધનવાન નરતો નરક માંઇ જાય છે.૩૨ વિતપામી વિવેકી વિચાર કરી તજિ માન; ગુરૂનુ શરણ ગ્રહી ગોવિંદને ગાયછે; મંદીર માધવ હિત, પ્રીતિથી કરી વિચિત્ર: પ્રભુ પધરાવી ભોગ ભાવથી ધરાય છે; ભક્ત સેવા કરી પ્રીતે, પ્રસાદ સમર્પે નીત; ચરણ શરણ પડી પ્રીતે લપટાયછે; એવો ધનવા-

નભઇ સ્વર્ગમાં નગારાં દઇ, દેવોની પ્રશંસા પામી, પ્રભુ ધામ જાય છે ૩૩
દોહા—વાર વધુ શુણ જક્તમાં. જેછે મુરખ મહાન; તેનુ હું સંક્ષપથી, તુજને કરૂ
વખાણ. ૩૪ ચોપાઇ—જ્ઞાનવાન હરદે હઠ ધારે. રંક થઇં પરિવાર વ-
ધારે; વિધવા થઇ શરીર શણગારે, સેવા વૃતિ ધની થઇ ધારે. ૩૫ નિર્ધન મોટાઇ-
ચહે ભારી, પતિ અપમાન કરે જે નારી; પંડિત થઇ ઉર કૃપા ન ધરે, રાજ પ્રજા
રક્ષણ નવ કરે. ૩૭ કુલીન થઇ કુલ વીધીને તજે, પરકૃત અતી ઉપકાર ન ભજે
સંન્યાસી થઇ ધન સંગ્રહે, એ એકાદશ સઠ કવી કહે. દોહા—એવાં
સંતનાં વચન સુણી. વાર નાર હરખાય; હરી હરીજનના ચરણમાં, ચોટાડયું ચીત
ચાય. ૩૮ મુકુટ મગાવી તરત તહાં. ધરી સંતની પાસ, સ્વામી સી આજ્ઞા મને સુ-
ણી બોલ્યા પ્રભુદાસ. ૩૯ ચોપાઇ—કહે સંત સહુ મંગલ વાણ, રંગ
મંદીરમાં કરો પ્રયાણ; સકળ સંત મળી હરી ગુણ ગાય. વાગતે વાજે મંદીર જાય.
૪૦ સંત હુકમ તે શીર પર ધારી, મુકુટ ધરી કંચનની થારી; યુગ કરમાં લઇ મં-
દીર જાય, વાર વધુ મન મોદ ન માય. ૪૧ ચાલ્યા સંત સાથમાં અપાર, મુખ કરે
જય જય ધુની ઉચ્ચાર, વાર વધુનો જોઇ અનુરાગ, માને તેનુ મોટું ભાગ્ય. ૪૨
રંગ મંદીરમાં પોચી જયારે, કોઇએ આડ કરી નહિ ત્યારે, થઈ ગઈ રજ સ્વલા ॥ ८४ ॥
તે કાળ, વાર નાર બહુ થઈ બેહાલ. ૪૩ અશુભ અંગ કિમ મુકુટ પેરાવું, વગર

પેરાવે ઘરે કિમ જાવું, ઉભી રહી ત્યાં કરી સંદેહ, વાર્ક્યો રંગ નાથ પદ નેહ. ૪૪
દોહા—વારનારને પ્રેમ જોઇ, અતિ અવગુણ વિસરાય; રંગ નાથ શીર નમનકરયુ, નીજ સેવક સુખદાય. ૪૫ ચોપાઈ એ અચરજ જોઇ સંત સભા જન, જય જય કે વગડાવે વાજન, વાર વધુ શુભ મુકુટ સુધારી; અર્પ્યો રંગનાથ શિર ધારી. ૪૬ ઉચરે સહુ તહાં સંત સુજાણ, ભક્ત્યાધીન સદા ભગવાન, પલમાં જન અપરાધ વીસારે, સકળ શાસ્ત્રશ્રુતિ સંત ઉચારે. ૪૭ ઉપરનો અપરાધ ન નિરખે, પ્રીતી સાચી મનની પરખે, કોટિ કરો કોઈ જપ તપ યાગ; રીજત રસીઓ વણ અનુરાગ. ૪૮ વારનાર મન કરી વિચાર, વસી સદા રંગ મંદિર દવાર; માગી મધુગરી કરે અહાર, મુખમાં નિત કરે નામ ઉચાર. ૪૯ સ્વલ્પ કાળમાં તજી શરીર, ચઢિ વિમાન જૈ જ્યાં યદુવીર, આજ લગી એ મુકુટ વિરાજે; રંગનાથને માથેસાજે ૫૦
દોહા—સત સંગ વણ કાંય નતો! વાર નારને નેમ, પ્રભુયે પોતાની કરી પરખી મનનો પ્રેમ. ૫૧ પાપ પ્રપંચ શિરોમણી, વારનાર અવતાર પણ માધવે મનમાં ન લહ્યો, કેવળ પ્રેમ વિચાર. ૫૨ સ્વલ્પ કાળ સતસંગ કરી, ઉધરી ગુણકા એહ, માટે સહુ સાધન તજી, કરો સંત સંગ નેહ. ૫૩ વાર વધુની આ કથા, સુણે શીખે ને ગાય; પણ વિરહે વરતે વિશ્વમાં. તેને સહુ સુખ થાય. ૫૪ સુખ માટે સાધન કરે, પણ ઉલટું દુખ થાય; માટે મનમાં વિરહ ધરી, સુખનો તજો

ઉપાય. ૫૫ એ સાધન સહુ શિરમણી, વણ સતસંગ ન થાય; માટે મન સંદેહ તજી
રહો સંત સંગ માંય. ૫૬ એથિ મનમાં પ્રગટ થસે, વાર નાર સમ પ્રેમ, માટે મનને
થીર કરી, રાખો સતસંગ નેમ. ૫૭ ડાકોરનાથ દયા કરે, તેને સતસગ થાય; કહે
લાલ બીજા બહુ જગમાં અતિ અથડાય. ૫૮

ઇતિ શ્રી ડંકપુર નિવાસિના લાલદાસેન વિરચિતવાર મુખી
પરચરી સમાપ્ત.

॥ શ્રીગણેશાયનમઃ ॥

શ્રી ભક્તિભાવ પ્રકાશ લિખ્યતે.

હરિ ચરણ ધ્યાનનું અંગ. કુંડલિયો.

જય જગદાધાર પ્રભુ, ભવ ભરતા ભગવાન; જય જય ધર્મ ધુરંધરા, ધરૂં તમારૂં ધ્યાન; ધરૂં તમારૂં ધ્યાન, અચળ આશીષો આપો; વાણી વિમળ વિવેક, અખુટ અંતરમાં થાપો; કહે કર જોડી લાલ, ભાગજો ભવ દુખનો ભય; ભવ ભરતા ભગવાન. જગદાધાર પ્રભુ જય જય. ૧ છપ્પય છંદ. જય જય શ્રી રણછોડ, સરવ શીરોમણી રાય; જય જય શ્રીરણછોડ, ઘણા ગુણિજન ગુણ ગાય; જયજય શ્રીરણછોડ. દેવાધિપતી દ્વિજ દેવા જયજય શ્રી રણછોડ, કરે સુર નર મુની સેવા; અશરણ શરણ દુખ હરણના, શરણમાં જે જાય છે; કહે લાલ સહુ શુભ તેહનાં, કારજ મનનાં થાય છે. ૨ ચરણ શરણની છાંય, કષ્ટ તો કોટિક કાપે; ચરણ શરણની છાંય. મનની માયા નહિ વ્યાપે; ચરણ શરણની છાંય, ગેહનો નેહ ન શાવે; ચરણ શરણની છાંય, અખંડ આનંદ ઊર આવે; હરિ ચરણ શરણ અભરા ભરણ; દુખ હર દીન દયાલ છે; સકલ સમ દ્રષ્ટિ શુભ શ્રષ્ટિના, લાલ પ્રભૂ પ્રતિપાલ છે. ૩ દોહરા.

॥ ८६ ॥ ચરણ ચિંન્હનું ચુંપથી, ધરે જે ઉરમાં ધ્યાન; અકળ કળા અંતર કળે, ટળે તિમિર
અજ્ઞાન. ૪ મનહર છંદ. શ્રી હરિ સુંદર શ્યામ, ધ્યાનીને આપવા ધામ;
મનોહર મોદ પ્રદ ચિંન્હ ચરણે ધરે; અંકુશ કુલીશ કંજ જવધ્વજ ને ગૌપદ. શં-
ખ ચક્ર સ્વસ્તિક અંબર આપદા હરે; જંબુ ફલ કલસ સુધાનો ભર્યો સાર પુનિ, અ-
ર્ધ ચંદ્ર ખટ કોંન ઉમંગે અનુસરે. ઉર્ધ્વ રેખા અષ્ટ કોંન નેં ત્રિકોન મીન બિંદુ, પુરૂ-
શ વિશેશ ઉર ઇંદ્ર ધનુ આદરે. ૫ દોહરા ચિન્હ ધર્યા એ ચરણમાં, ભક્ત
કાજ ભગવાન; ભાખુ ભેદ ભલો ભાવથી, સુણો સજ્જન ધરિ કાન. ૬ ચોપાઈ
મન હાથી આવે નહિ હાથ, જેમ આકાશ ન આવે બાથ; રાત દિવસ રાચે તન મા-
ય, ધીરજ તજી વિષયમાં ધાય; ૭ ધર્મ ધરણીને ઉખાડે અંધ, સરમ સાંકળો મોડે
ંદ; જુવતિ જુથના સંગમાં જાય, નેહે નર્કના કુંડમાં નાય. ૮ પાપિ પુરૂષનો રાખે
ધ્રા જનનો ન લાગે રંગ; સારી શિક્ષા સુણે નહિ કાન, વદે ન મુખમાં વિનય
ન[illegible]માણ. ૯ સોરઠા. નિત મન મત્ત મતંગ, ગુરૂ માવતને નવ ગણે
એકે અંગ ન ઢંગ, કુટિલ કર્મ કુડાં કરે. ૧૦ મનહર છંદ. પાપમાં પ્રસંગ
ઉર, અંગમાં અનંગ રૂચે, સાધુનો ન સંગ અનુરક્ત છે અસારમાં; ધીરજ ધરમ હરે
અનીતીને અનુસરે, વાર વાર વાલ કરિ, વહે વિશે ધારમાં; ફોગટ કરે છે ફંદ, ફો- ॥ ८६ ॥
ગટ ફરે છે મંદ, ફંદિ ફોગટ ફસેછે કુડા કારભારમાં; જેને દેખી જોગી ડરે, જોગની

જુગતી કરે, તદપિ ન હાથપરે હારે હથિયારમાં. ૧૧ કોઈ તો કરેછે જપ, કોઈ તો કરે છે તપ. કોઇ તો કરે છે વ્રત વિવેકી વિચારમાં; કોઇતો કરે છે જાગ, કોઈ તો કરેછે ત્યાગ, કોઈ દેછે દાન કોઈ વિચરે આચારમાં; જીતવાને કરે જોર, ભાવ ધરી રાત ભોર, સાધન સાધીને સહે સંકટ સંસારમાં; જેને દેખિ જોગી ડરે જોગનિ જુગતી કરે, તદપિ ન હાથ પરે હારે હથિયારમાં. ૧૨ સાધુ સંગ રંગ છોડી, દુખમાં જાયછે દોડી, પાપિ પ્રજલે છે આપ ઇરખા-અંગારમાં, અંધ ધંધ માંહી ધાવે; કરમાં ન કોડી આવે, હેડે છે હડીલું હેતે, લોભીયોની લારમાં; આપ અપરાધ કરે પર શીર પાપધરે, મન મરકટ, ફરે વિષે વૃક્ષ ડારમાં; જેને દેખિ જોગી ડરે જોગનિ જુગતિ કરે, તદપિ ન હાથ પરે હારે હથિયારમાં. ૧૩ ક્યારેક કરે છે ધંધ ક્યારેક ફરે સ્વછંદ. ક્યારેક બોલે છે બોલ નેહે નર નારમાં, ક્યારેક ખેલે છે ખેલ હેતાલુમાં રાખિ હેલ, ક્યારેક હસે છે હેતે પામરોના પ્યારમાં. ક્યારેક કપટ કરે ક્યારેક ચોરી માં ચરે, ક્યારેક વહેછે વેગે વાસના વિકારમાં. જેને દેખિ જોગી ડરે જોગની જુગતિ કરે, તદપિ ન હાથપરે હારે હથિયારમાં. ૧૪ સોરઠા—અધિક કરે ઉપાય, મન વસ કારણ મુનિજનો; ચંચળ અચળ ન થાય, શોક સિંધુમાં મન વહે. ૧૫

દોહરા—એ દુખ હરવાને હરિ, અંકુશ ધાર્યો આપ; ધ્યાન ધરો મન વશ કરો, હરો પાપ સંતાપ, ૧૬ હેતે હરિજન જો ધરે, ઉરમાં અંકુશ ધ્યાન; મન મધુકર પદ ક-

॥ ૮૭ ॥ મળમાં, રહે ભુલિ ભવ ભાન. ૧૭ સવૈયા—પાપ પહાડને ફોડવાને, સમ-
ભોજ કુલિશ તણિ દિલ શાન; ભક્તિ ભંડારને જોડવાને, ધરજો ઉર કંજ તણું શુભ
જ્ઞાન. આપે સદા જવ અંતરમાં, સુમતિ સુગતિ સુખ સંપતિ ખાન; ભીતિ ટળેભ-
વમાં કળિકાલનિ, ધારો તમે ધ્વજનુ નિત ધ્યાન. ચોપાઈ—ગૌષ્પદ જે
જન મનમાં ધરે, ગોપદની પેરે ભવતરે; સુંદર શંખ રૂદામાં વસે, શોક શત્રુ સહુ
તેના ખસે. ૧૯ ચક્ર તણું ચિંતન જે કરે. કામદેવ તેનાથી ડરે; સ્વસ્તિક પદ પંક-
જમાં રહે, મંગલ હેત મહા મુનિ કહે. ૨૦ અંબર જે જન ધારે ઉરમાં, તે ન વહે
માયાના પુરમાં; ધારે ચિત જે જંબુ ફળમાં, ચારે ફળ પામે તે પળમાં.
દોહરા—ભક્તિ સુધા રસનો ભર્યો, કળસ સરસ સુખ દાય; અંતર નેત્રે નિરખતાં,
આનંદ ઉર ન સમાય. ૨૨ લીલાવતી છંદ—શુભ ભક્તિ વધારો તાપ નિ-
વારો, અર્ધ ચંદ્ર ચિતમાં ધારો; ખટકોંને ખેલો ખેલ તજીને, તો કારજ સરસે તારો,
સંકટનો સાગર તરવા સેતુ, ઉર્ધ્વ રેખ ઉર સંભારો; જો અષ્ટ કોંન ત્રય કોંન જંત્ર મન,
તે ઝટ વિજય કરે તારો. ૨૩ વલિ મીન બિંદુ મન હરણ કાજ ધર,જુકતે જન લેજો
જાણી; પ્રભુ પુરૂષ વિશેષ ધરિ પદમાં બુદ્ધિ,સંતોની કીધી શાંણી; પદમાં ધનુ ધાર્યો શોક
નિવારચો વર્ણવે વેદોની વાંણી; દ્રઢ ધ્યાન ધરે તન તાપ હરેપ્રભુ,લાલનો લેશરણે તાંણી.૨૪ ॥ ૮૭ ॥
દોહરા— કૃપા સિંધુ શ્રી કૃષ્ણજી, અધિક કર્યો ઉપકાર; ચરણ ચિંન્હના ધ્યાનથી

કોટિ તર્યા સંસાર. ૨૫ પણ હું મુરખ માનવી, અંતર અતિ અજ્ઞાન; વિષય વારિમાં નિત વહું, ધરૂ ન તુજ પદ ધ્યાન, ૨૬ ઉરમાં અધ ઓઘો થયા, તનમાં તાપ અપાર; શ્રીહરિ ચરણે શીશ ધરી, પલ પલ કરૂં પોકાર. ૨૭ લલીત છંદ—જગત નાથરે, કગરી કહું. તુજ કૃપા વિના સંકટો સહું; નમિ નમી તનેં, જોડું હાથરે, નટવરા મને શર્ણ રાખરે. ૨૮ ગજ તણી તમે અર્જ સાંભળી, તરત તેહની. આપદાહરી. ફરિ ફરિ કહું વાર લાખરે; નટવરા મને શર્ણ રાખરે. ૨૯ સકળ ગ્વાલનો, સોચ તેં હર્યાં, હરિગિરિ તમે, હાથમાં ધર્યાં; નિગમ શાસ્ત્રમાં, ભાખિ સાખરે; નટવરા મને, શર્ણ રાખરે. ૩૦ દ્રુપદિનાં હરી, દુઃખ તેં હર્યાં, ચિર પુરાં તમે, કષ્ણજી કર્યાં; મુજ પરે દયા, દ્રષ્ટિ દાખરે; નટવરા મને શર્ણ રાખરે. ૩૧ તુજ દયા તણો, આશરો ખરો, અધિક આપદા, દાસની હરો; અમથિ આંતરો, દુર નાંખરે; નટવરા મને, શર્ણ રાખરે. ૩૨ નથિ નથી કર્યા. શુભ સાધનો, નથિ નથી કર્યા, મેં આરાધનો; મન ભુલી ભમે, દુઃખ ઝાંખરે, નટવરા મને, શર્ણ રાખરે. ૩૩ દિનદયાળરે, તું કપાળરે, દુખિત લાલની, લે સંભાળરે; હરિ મને રૂદે, આપ આંખરે, નટવરા મને, શર્ણ રાખરે. ૩૪ દોહરા—વિનય કરીને વ્રજપતિ, વંદુ વારંવાર; તુજ ગુણ ગાવાને ઘણા, આપો નર અવતાર. ૩૫ ઇતિશ્રી હરિ ચરણ ધ્યાનનું અંગ સમાપ્તં.

અથ શ્રી સ્મરણનું અંગ લીખ્યતે.

દોહરા—સ્મરણ સદા કર સ્યામનું, રૃદિયે લાગે રંગ; અઘ અનેક અળગાં કરે, ઉરમાં ઉપજે ઉમંગ. ૧ સ્નેહે શ્રીહરિ સમરિયે, સ્વાસો શ્વાસ સદાય; ત્રિવિધ તાપ સંતાપ ટળે, તન મન શીતળ થાય. ૨ સોરઠા—સ્વાસો સ્વાસ સંભાર; પૂરણ પરમાનંદને, તજિ દે વિષય વિકાર, સફળ શ્વાસ તારો થશે. ૩

મનહર છંદઃ—પ્યાર પ્રભુમાં અપાર વાર વાર ધાર યાર, વિષય વિકાર માર, વેદના વિસારિયે; અવનીમાં નર અવતાર નથી વાર વાર, છાંડીને અસાર સાર, વિવેકે વિચારિયે; ભાવ અજવાળે ભાળિ, હરિ હિરો હાથ ઝાલી; કાચ કુડા કરમની ઉરથી ઊતારિયે; શીખામણ મારી સારી સુખકારી ઉરધારી, લાલના બીહારિ ગીરિધારિને સંભારીયે. ૪ સંભારીસંભારી સ્યામ સ્વરૂપ મનમાં ધારી, મનમથ મારી નારી નેહને નિવારીયે; વિચારી વિચારી વિશે વારીનું મથન ટારી, સાધન સુધાને મથિ પ્રેમ રસ ધારીયે; મોક્ષકારી સારી દેહ તારી જો વિચારી વેગે, સંસાર સુખોને ટારી માન મોહ મારીયે. શીખામણ મારી સારી સુખકારી ઉરધારી; લાલના બિહારી ગીરીધારીને સંભરીયે. ૫ ઇંદ્રવિજય છંદ!—સુંદર સ્યામ સ્વરૂપ સુધા

રસ, પાન કરો ઉર આંન નિવારો; એ રસમાં મન મત્ત તમે થઈ, તાપ હરો ભવનો ભય ટારો; મદિર માલનું ભાન ભુલી નિત, માનવિયો મનમાં હરિ ધારો; લાલ કૃપાળ શું નેહ કરી ઝટ, ખેલ તજો જગનો અતિ ખારો. ૬ દોહરા. સુખમાં શ્રી હરિ સમર તું દુખમાં નહિ ભુલાય; સુખમાં જો સમરો નહી. તો પ્રભુ કેમ પમાય. ૭ ઇતિશ્રી હરી સ્મરણનું અંગ સમાપ્તં૦

અથ હરિ કીર્તનનું અંગલીખ્યતે. દોહરા—હરિ કિર્ત્તન કરીયે સદા, સહુ સાધન શિર તાજ, અધ અનેક અળગાં કરે, કોટિક સુધરે કાજ. ૧ મ્હોટો મહિમા નામનો, શેષ શાસ્ત્ર સ્તુતિ ગાય, રાત દિવષ રૃદિયે ધરી, રટણ કરો મુખ માય* ભુજંગી છંદ,—

ધરોરે રૃદામાં ભલો ભાવ આણિ, જપોરે જનો જીવનું હીત જાણી. મુખોમાં વદીને વિવેકો વધારો, ઉમંગો ધરીને હરિને ઉચારો. ૧ જપેથી જીવોનુ જરામર્ણ જાશે જપેથી અખંડો સુખોમાં જવાશે; વદી વાણિયે વેદનાને વિસારો, ઉમંગો ધરીને હરિને ઉચારો. ૨ કર્યાં કર્મ કોટી જપેથીજ જાશે, ખરે નામ અગ્ની-મહિ ભસ્મ થાશે તમે નામ ધારો કુધારો વિસારો, ઉમંગો ધરીને હરીને ઉચારો. * અજામેલ પાપી પુરો પાપ ધારી ખરો ધર્મ હારી થયો વીભિચારી; જુવો નામથી તે થયો દુઃખ પારો, ઊમંગો ધરીને હરિને ઊચારો. ૪ નથી વાત છાની વદે વેદ વાણી, વદે આપ મુખ્ખે પ્રભુ ચક્ર પાણી; અરે વૈષ્વો બાપનો બોલ ધારો, ઊમંગો ધરીને હરીને ઊચારો. ૫

॥ ૮૯ ॥ જુવો વાલમીકે કર્યાં પાપ કેવાં, તમે જક્તમાં તો દીઠાં છે ન તવાં; ભણી નામ મુખે તેણે લોક તાર્યા, ઉમંગો ધરીને હરીને ઊચારો. ૬ રચ્યા છે રૂડા શ્લોક સત્ કોટી સારા, કરી ઉપકારો જનોને ઉધાર્યા, લિધો શંકરે નામનો લક્ષ સારો, ઉમંગો ધરીને હરીને ઉચ્ચારો. ૭ જુઓ કાશિમાં શંભુ તો બોધ આપે, મહારામ મંત્રે ભવ કલેશ કાપે; તમે ઉર ધારો અમારા વિચારો, ઉમંગો ધરીને હરીને ઉચ્ચારો. ૮ ગણાધીશ જો મુક્તિનું સુખ્ખ માણે, અનેકો પુજે છે બધું જક્ત જાણે; ખરી વાત મારી રૂડામાં ઊતારો, ઉમંગો ધરીને હરિને ઉચ્ચારો ૯ જપે શેશજી નામ મુખ્ખે હજારો, ધરે છે ધરાના ઘણા શીર ભારો; જપોને જનોરે શુણી બોધ મારો, ઊમંગો ધરીને હરીને ઊચારો. ૧૦ જુવો ધુરવજી તો આકાશે જપે છે, રૂડા તે અખંડો પદેમાં રમે છે; જિવોરે જપી જન્મનો અર્થ સારો, ઊમંગો ધરીને હરિને ઊચારો. ૧૧ પ્રહલ્લાદ પ્રીતે જપ્યા જક્ત જાણે, ઘણા પ્રાણીયો ઉધર્યા તેજ ટાણે; તમે આપણા આતમાને ઊગારો, ઊમંગો ધરીને હરીને ઊચારો. ૧૨ ગજે સંકટોમાં ગિરિધારી ગાયા, સુણીને ઊઘાડે પગે આપ ધાયા; કૃપા દ્રષ્ટિયે કષ્ટ કાપી ઊધાર્યો, ઊમંગો ધરીને હરિને ઊચારો, ૧૩ કૃતી તો ગુણીકા તણી છે નસારી, હરી નામથી તે તરી એ કુનારી; કરીને ગરીબી હરીને પુકારો, ઊમંગો ધરીને હરીને ઊચારો. ૧૪ અનેકો અધર્મી તર્યા ના નામ લેતાં. ગણ્યા તો ન જાય કદી મુખ્ખ કેતાં, ચઢયો હાથ હીરો રખે નાખિ ડારો, ॥ ૮૯ ॥

ઊમંગો ધરીને હરીને ઊચારો. ૧૫ કરો છો તમે જક્તમાં કુડ કામો, વિવેકો ધરીને હવે તો વિરામો; અરે આ કળીમાં તમે નામ ધારો, ઊમંગો ધરીને હરીને ઊચારો. ૧૬ ખરી વાત આતો લહો ઊર આણી, રખે વેમ રાખો થશે ધુળ ધાણી; છુટા છેક થઇને કુધારા નિવારો, ઊમંગો ધરીને હરિને ઊચારો. ૧૭ ઘણા ભકત જકતે થયા ભકિત ધારી. હરી નામની તો ધરી ટેક ભારી; જપીને જપાવી કર્યા ઊપકારો ઊમગો ધરીને હરીને ઊચારો. ૧૮ અરે મ્લેચ્છ સંગી તણો સંગ છોડો, ભલા ભાવથી નામમાં ચીત જોડો; તમે આપણા ધર્મનો ટેક ધારો, ઊમંગો ધરીને હરિને ઊચારો. ૧૯ ખરો આપણા વદ્ધનો ધર્મ ખોળો, બધા બાપડા થૈ રખે ધર્મ બોળો; અરે વાત મારી રૂદામાં ઊતારો, ઊમંગો ધરીને હરીને ઊચારો. ૨૦ હરી નામથી તો બધાં કામ થાશે, હરી નામથી તો પ્રભુને પમાશે; ખરો પ્રેમ ચાખી તજો ખેલ ખારો, ઊમંગો ધરીને હરીને ઊચારો. ૨૨ હરી રે હરી રે હરી રે કહોરે, હરીને કહીને હરીને લહોરે; તમે વીનતી લાલની ઊર ધારો, ઊમંગો ધરીને હરીરે ઊચારો. ૨૩

દોહરા— હરિ હરિ કરતાં હરિ થાશો કીટ ભૃગીની પેર; ગંગા તટના કુપમાં, ગંગ તણિ જેમ શેર. ૨૪

લલિત છંદ—સકલ સાધનો રે તમે તજો, નટવરા તણુ નામરે ભજો; અચળ આશરો એક એ હરિ ખરો, હારે હરી હરી મૂખ ઊચરો ૨૫ સરવ સંકટો એ થકી જશે, ધરમ અર્થને શ્રેય તો થશે; પ્રભુ પદો તમે અંતરે

ધરો. હરિ હરી હરી મુખ ઊચરો. ૨૬ મન મતો તજી સારને ગ્રહો, શરણ થૈ તમે નામને લહો, તરત તો દુખો સાગરો તરો, હરી હરા હરી મુખ્ખ ઊચરો. ૨૭ જરૂરએ જશે, માત તતરે, જરૂર એ જશે ભ્રાત સાથરે; નર તનો ગ્રહી નામ આદરો, હરીહરી મુખ ઉચરો ૨૮ નથિ નથિ મળે દામ ચામમાં. નથિ નથિ મળે ધામ કામમાં; પર હરો તમે પાપ એ પરે, હરીહરી, મુખ્ખ ઊચરો. ૨૯ સરવ મંત્રનું સાર એજ છે, સરવ તંત્રનું તત્વ તેજ છે; ચતુર ચેતિને ચીતમાં ધરો, હરી હરી હરિ મૂખ ઊચરો. ૩૦ શમ દમો દયા દાનને તપો, અખુટ આવશે નામને જપો; નવિ નથી મણા, માર્ગ છે ખરો, હરિ હરિ હરિ, મુખ ઊચારો. ૩૧ જગતના પતી શ્રીમુખે કહે, પતિત પાવનો, બિર્દને વહે; ધિરજ તો ધરી આદરો કરો, હરી હરી, મુખ્ખ ઉચારો. ૩૨ તરણ તારણો, તાપ વારણો, અભય કારણો, નામતો ભણ્યો; તુરત નાવમાં, બેસિને તરો, હરિ હરી હરી, મૂખ ઊચારો. ૩૩ ધરમ ધીરજો, ધીર થૈ ધરો, પ્રિતમ લાલનો, પ્રાણિયો વરો; પલ પલેં પ્રભૂ, પ્રેમરે કરો, હરિ હરી હરી, મુખ્ખ ઊચરો. દોહરાઃ—નામે મન નિર્મળ થશે, નામે પાપ પળાય; નામે નટવર ચરણમાં પૂરણ પ્રેમ પમાય. ૩૫ મોટો મહિમા નામનો, સિંધુ તર્યા પાષાણ; તને તરતાં શિ વાર છે, સુણ મન મૂઢ અજાણ. ૩૬ જો મળે સુખ સંપતિ સહુ, ચતુર ભુવન ભંડાર; લાલ પ્રભુના નામ વિના, ઊર તૃષ્ણા અંગાર. ૩૭

॥ ૯૦ ॥

ત્યાં લગી તૃષ્ણા તન વસે, ત્યાં લગિ સુત ધન ધામ; ત્યાં લગિ ઊરમાં અનંગ છે, ત્યાં લગિ જપે ન નામ. ૩૮ ત્યાં લગિ વિષય વ્યાલ વસે ઊરમાં અતિ દુખ ધામ; જ્યાં લગિ રોગ વિયોગ છે, જ્યાં લગિ જપે ન નામ. ૩૯ ત્યાં લગિ દુખ દાલિદ્ર છે, ત્યાં લગિ કુડાં કામ; ત્યાં લગિ રંક થૈને રડે, જ્યાં લગિ જપે ન નામ. ૪૦

હીરછંદ—ધાર અકલ, ત્યાગ સકલ, સાધનના સંગરે; માન મૂઢ, વાત ગૂઢ, જાય કૂડ અંગરે, એજ સંત શાસ્ત્ર અંત, શ્રી અનંત ગાયછે; રે ગમાર, હરિ ઉચ્ચાર, સરવ સુખ થાય છે. ૪૧ એ કૃપાળુ બહુ માયાળુ છે દયાળુ દેવરૂ; તોષ કરણ દોષ હરણ, શ્યામ ચરણ સેવરૂ; પાંચ પાપ ત્રયં તાપ, જો વિલાપ જાય છે; રે ગમાર, હરિ ઊ-ચ્ચાર, સરવ સુખ થાય છે. ૪૨ સાર ધાર તજ અસાર, તું સંભાર નામને; વાર વાર ઊર ધાર, સાચ ધરી શ્યામને; ધર્મ ધીર શૂર વીર, ધ્યાન ધરી ધ્યાય છે, રે ગમાર, હરિ ઊચ્ચાર, સરવ સુખ થાય છે. ૪૩ એજ દાન એજ જ્ઞાન, એજ સાર શાસ્ત્રનું, એજ યાગ એજ ત્યાગ, તત્વ તત્વ માત્રનું; સમઝ સાર લાલ ધાર, સરસ સમય જાય છે, રે ગમાર હરિ ઊચ્ચાર, સરવ સુખ થાય છે. ૪૪

દોહરા—દુખ નિધિ તરવા દાસને, નામ નાવ છે સાર, રટણ કરી રૂદિયે ધારિ, સુખે તરો સંસાર. ૪૫

મનહર છંદ—ગોવિંદ ગોપાલ કહો, કેશવ કૃપાળ કહો, દીનના દયાલ દીન દુખ હર નામરે, નટવર નામ કહો સ્યામા ધનસ્યામ કહો, ભક્ત ઊ

॥ ૯૧ ॥ ર આનંદ અપાર ભરનારરે; ગિરીવર ધારી કહો. લાલના બીહારી કહો, વિઠલ વિ-
ઠલ કહી, તન ધન વારરે; અમારા પોકાર વાર વાર ઊર ધાર યાર. હરી હરી હરી
હરી, મુખમાં ઊચારરે. ૪૬ નરહરી નામ કહો, રાધાવર સ્યામ કહો, કૃષ્ણ બલરામ
કહી કામના નિવારરે; પરબ્રહ્મ નામ કહો. અંતરના જામી કહો; સ્વાસમાં સુંદર
સ્યામ નામ તું સંભારરે; ગોપી ગ્વાલ પાલ કહો, નિત નંદલાલ કહો, લલીત ત્રિભં
ગિ લાલ, લાલ ઊર ધારરે; અમારા પોકાર વાર વાર. ઊર ધાર યાર, હરી હરી હરી
હરી, મુખમાં ઉચ્ચારરે. ૪૭ પ્રાતે પ્રભુ નામ કહો, સ્યામ સુખ ધામ કહો: દુ;ખહર દા
મોદર, કરે દુઃખ પારરે. રાધિકા બિહારી કહો, સખી ભેખધારી કહો, વ્રજના વી-
હારી વ્રજ, જન પ્રતિપાળરે; ચોંપે ચક્રધારી કહો. દાસ દુઃખહારી કહો, વેગેં વનમા-
લી કહી, વાસના વિસારરે. અમારા પોકાર વાર, વાર ઊર ધાર યાર, હરી હરી હરી
હરી. મુખમાં ઊચારરે. ૪૮ મધુના સુદન કહો, મદન મથન કહો, માધવ માધવકહી
માયા દુઃખ ટારરે, રાધિકા રમણ કહો, વિસ્વના ભરણ કહો, ધરણિ ધરણ કહી,ધિ-
રજ તું ધારરે. મોહન મુરારી કહો,હરી દુઃખ હારી કહો, નિરાધાર નાઆધાર અં-
તરમાં ધારરે, અમારા પોકાર વાર, વાર ઊર ધાર યાર, હરી હરી હરી હરી, મુખ-
માં ઊચારરે. ૪૯ કુંડળિયા.—મોર ચહે જિમ મેઘને, ચાહે ચંદ ચકોર; તે ॥ ૯૧ ॥
મ ચાહો હરિનામને, દિલની બાંધિ દોર; દિલનિ બાંધિ દોર; જક્તનું જોર ન ચાલે,

જિમ જિમ પડે વિપત્ત, મગ્ન થઇ નામમાં માલે; લાલ કહે તજિ ખ્યાલ, રટો રજ-
નીને ભોર; ચાહે ચંદ ચકોર મેઘને ચહે જિમ મોર. ૫૦ ઇતિશ્રીહરી
કીર્તનનું અંગ સમાપ્ત.

અથ કામાદીક દોષનું અંગ લીખ્યતે.

દોહરા—સમરણ સહુ સાધન મણિ, શાસ્ત્ર સંત શ્રુતિ ગાય; (પણ) પાપિ પ્રતિબંધ પિંડમાં, મનમથ ઠગ મન માય. ૧ અધિક અધિક જન એહથી, આપદા ઊરમાં થાય; સમરણ કૃષ્ણ કૃપાળનું કો કેમ કરિ કરાય. ૨ ભજન ભાવના ભક્તિને, મારી કરે ચકચુર; ઊરથી અળગાં જાય છે, દયા દીનતા દૂર. ૩ સોરઠા—જારી નારી સંગ, રાત દિવસ રૂદીયે રૂચે; અંતર કામ અભંગ, વિષય વેગમાં નિત વહે. ૪

ઇંદ્ર વિજય છંદ—કોઇ કહે ઉરમાં અતિ રાખત, સાધુસુ સેવક ભાવ અપારો. કોઇ કહે હરિ ભાવ રૂદે ધરિ, નારિ સ્વભાવ કર્યો સહુ ન્યારો; કોઇ કહે શુભ સાર ગ્રહે યહ, ચીંતસુ રાખત સાધન પ્યારો. ઊત્તર કોટિ કહો મુખ ઉચરિ, નારિસુ નેહ નથી નિત સારો ૫ કોઇ કહે શુધ ભાવ ધરે યહ, દાન દયા કરિ આપત ભારો; કોઇ કહે ઉર આતુરતા ધરિ, ગાયસુ કંઠથિ પ્રીતમ પ્યારો; કોઇ કહે ઉચરે શુધ અક્ષર, ગ્રંથ ભણી ભવ ભેદ નિવાર્યો, ઉત્તર કોટિ કહો મુખ ઊચરિ, નારિસુ નેહ નથી નિત સારો ૬ સોરઠા—નિત નારીમાં સ્નેહ, ચિંતા ગુપ્ત ચિતમાં રહે; અંતર અગ્ની એહ, દયા દાન ધિરજ દહે. ૭ મનહર છંદ—દયા દાન ને

નિવારે, વિવેકી ને વેગેમારે, મહા ધિર વીર નિત નેત્ર સરેમાં વહે; છળે બળે કળે છાનિ છેતરીને છાતિ માંહી, છાંના સાર સંકટ ના પાડે તે કોને કહે;કપટી લપટી ઝ-ટ ચિતમાં ચોટીને ચુંપે, ચિંતા ચટ પટીના અંગારે અંગને દહે; લાલ તો કરે ઊ-ચ્ચાર, પોકારી હજાર વાર, લંપટીં નારીના સંગે દુખ નરકનાં સહે. ૮ વિષ-યમાં લાલને વધારીને વિક્ષેપ કરે, ઊર રજો ગુણ મુકિ રજ મુખમાં ભરે; અંતરે અં-જ્ઞાન કરે વીવેક વિચારે હરે, બુદ્ધિ બળને બગાડી ઊરે આપદા કરે. ભક્તિ ભાવ બ્રહ્મ ભાવપ્રેમ ભાવ નેમ ભા; દયા દાન ધ્યાન ગુરૂ જ્ઞાન સાનને હરે; લાલ તો કરે ઊચ્ચાર, પોકારી હજાર વારે, લંપટી નારીના સંગે, જીવ જક્તમાં ફરે, ૯ હરીનું ભજન હરે, હરીનું મનન હરે, હરી ગુણ ગાન હરે, કામનાને કરેછે; શીલને સંતોષ હરે, કૃપા રેસ કોષ હરે, દોશ દરીયામાં મુકિ ધર્મ ધન હરે છે; જશ જસ ધરે હરે, અંતર આપદા કરે, મન મથ સિંધુમાં કુમોતે મૂઢ મરે છે; લાલ તો કરે ઉચ્ચાર, પોકારી હજાર વાર, લંપટી નારીના સંગે, જીવ ફેરા ફરે છે. ૧૦ પ્રેમ પંથ દ્વેષ કરે, ઉરનો આનંદ હરે; લાલચ લોભમાં નાંખી ભજન ભુલાવે છે; મનનેં મલીન કરે, તનને મલીન કરે, સધનો સકલ શુભ નારી તો નસાવે છે; કરમ કૂડાં અપાર કરા-વે છે વાર વાર, દુઃખના ભારાનો ભાર માંથે તો મુકાવે છે; લાલ તો કરે ઉચ્ચાર, પોકારિ હજાર વાર, લંપટી નારીના સંગે, જીવ નર્કે જાવે છે. ૧૧. દોહરા—એ

દુખને તું ટાળવા, ધર હરિ ચરણનું ધ્યાન; બીજાં સાધન બહુ કરે (પણ)ટળે ન ઉર અજ્ઞાન. ૧૨ સેવક થઈ શરણે રહો, તજિ અંતર અભિમાન; દિન બંધુ દુખ હરણ હરી, આપે નિજાનંદ દાન. ૧૩ ઇતિશ્રી કામાદિ દોષનું અંગ સમાપ્તં.

અથ શ્રી સંત સંગનું અંગ લીખ્યતે.

દોહરા—સર્વ સગા સંસારના, જન તુ સ્વારથિ જાંણ; સ્વાર્થ રહિત સહુના સગા, પ્રભુના સંત પ્રમાંણ. ૧ ધન સુત તન તરૂણી તણું, જીવ ધરે અભિમાન; અહં દોષ તારે ટળે, જો મળે સંત સુજાણ. ૨ જુડા જક્તમાં જીવ તેં, દેહ ધરો જો અનંત; સંત અનંતને મેળવી, આણે દુખનો અંત. ૩ જિમ દિનકર તતક્ષણ કરે, અળગું નિશિ અંધાર; સંગીનું હરિ જન હરે, ઉર અજ્ઞાન અપાર. ૪ શશિના સંગે શરિરમાં, જિમ શીતળના થાય; એમ અંતર શીતલ થશે, સંત સંગની માંય. ૫ હરિમાં હેત કરે મળે, સુખ સંપતિ ધન ધામ; હરિ જન એકજ આપશે, પ્રીતે પ્રભુનું નામ. ૬ સહજ સંતના સંગમાં, સંત તુલ્ય થૈ જાય; ગ્રહ ગલિયોના નીર જેમ, ગંગ મળે ગંગ થાય. ૭ શશિ સુરભી સરિતા વિષે, નહિ શીતલતા તેમ; નહિ કદલીના કંદમાં, સંત સંગમાં જેમ ૮ જેમ ખગ પતિના સંગથિ, અળગા અહિ થઈ જાય; તેમજ સંતના સંગથિ, સંશય સરપ પલાય. ૯. ભૂજંગી છંદ. શુણી શીખ મારી રૂદામાં ઉતારો, નહી તો થશે કલ્લેશ અંતે અપારો; ભવાબ્ધી તર્યાનો નથી એક આરો, તમે સંતના ચર્ણમાં શીશ ધારો. ૧૦ જુવો દાસિ પુત્રે કરી

સેવ સારી. રૂદેમાં ઉદે થૈ હરી ભક્તિ ભારી; મુની નારદોની કથાયે વિચારો, તમે સંતના ચર્ણમાં શીશ ધારો. ૧૧ વળી ધ્રૂવજી રાજનું સૂખ છોડી, ગયા વન્ન માંહિ સહુ સ્નેહ તોડી; દયા સંતની થૈ. સહુ કાજ ગયા દુ:ખ સારો તમે સંતના ચર્ણમાં શીશ ધારો. ૧૨ તમે સાધનોના શ્રમો સવ ત્યાગો, રૂદામાં કરો સંત સંગેજ રાગો; તમારા થશે એથિ વેગે ઉધારો, તમે સંતના ચર્ણમાં શીશ ધારો. ૧૩ તને સંતના સંગથી સૂખ થાશે, પ્રભુનો પુરો પ્રેમ ચિત્તે પ્રકાશે; થશે ગદગદે કંઠમાંથી ઉચ્ચારો, તમે સંતના ચર્ણનાં શીશ ધારો. ૧૪ ખરા વૈદના સંગથી રોગ નાશે, પ્રસંગે શશીનાજ તાપો પળાશે; હરે સંતનો સંગ સંશેય તારો, તમે સંતના ચર્ણમાં શીશ ધારો. ૧૫ તને બ્રહ્મની ભાલ એથીજ લાધે, તને વિશ્વના સ્વામિમાં વાલ વાધે; અરે અંતરે આદરો બોધ મારો, તમે સંતના ચર્ણમાં શીશ ધારો. ૧૬ ભજો ભાવ આણી હરી રૂપ જાણી. વદે વદે શાસ્ત્ર પુરાણે વખાણી; ભજ્યેથી મળે લાલનો નાથ પ્યારો, તમે સંતના ચર્ણમાં શીશ ધારો ૧૭. દોહરા—સંત ચરણ રજ પરસતાં, મળ વિક્ષેપ પળાય; મન મોહન મનમાં મળે, દિલમાં દરશન થાય. ૧૮ સાધન કોટિ કરો તમે, રહી એકાંત અસંગ. (પણ) હરિ જનની સંગત વિના, રૂદે ન લાગે રંગ. ૧૯ જન્મ મરણ જળ વેગમાં, વહે સકલ સંસાર; સંત નાવ જેને મળે. તે પામે ભવ પાર. ૨૦ શાસ્ત્ર કહે શ્રુતિ સંત કહે, કહે આપ ભગવાન, સંત ઝવેરી આપશે, હરી
॥ ૯૪ ॥

હિરાનું દાન. ૨૧ સંત સંત સહુ જન કહે, સંત ન ચીને કોય; દોષ દ્રષ્ટિ દિલમાં વસે, કહો કેમ દરશન હોય. ૨૨ જેમ દ્રષ્ટિના દોષથી, નભ પીળું દેખાય; જુવે દોષતિમ આપણા, મૂઢ સંતની માય. ૨૩ સંત સુગંધી જક્તમાં, રહે ન છાંની રંચ; જો ચાહે તો જીવ ઝટ, છળ બળ છોડ પ્રપંચ. ૨૪ ગોમય જંતુ ચહે ન જિમ, કમલ કોષ મકરંદ; તિમ પાપિ પ્રાણી ન ચહે, સંત સુગંધી અંધ. ૨૫ અન્ન ન ઉપજે વૃષ્ટી વણ, રવિ વણ રાત ન જાય, હરિ જન વિના ન હરિ મળે, સર્વ ગ્રંથમાં ગાય ૨૬ સંત સિંધુમાં શ્યામની, ભરી કથા ભરપુર; સ્નાન શ્રવણે મળ ધૂવો, દોષ થશે સહુ દૂર ૨૭ સમઝ પાપિ તું પ્રાણિયા, અંતર આણિ ઉમંગ; જિમ તિમ કરિને કીજિયે, હેતે હરિ જન સંગ ૨૮ શરિર સાધુના સંગમાં, ચિત તન તરૂણી સંગ; કહે લાલ જડ જીવને, કિમ કરી લાગે રંગ. ૨૯ અંતર તજિ આરત ધરી, જો સત સંગત થાય; એક ઘડિ જો એમ કરે, તો સહુ પાપ પળાય. ૩૦ માટે તન મનથી કરો, હરિ જન સાથે હિત; દુષ્ટ સંગ દિલથી તજો, રૂડી રાખો રીત. ૩૧ સંતનિ સંગત જો ચહે, તજિ દે સહુનો સંગ; તન મન ધન અરપી રહો, ઉપજે ભક્તિ અભંગ. ૩૨ મળે માન નૃપ સંગમાં, દાની સંગે દાન; ભક્ત સંગે ભક્તિ મળે, ભક્તિ સંગ ભગવાન ૩૩.

મનહર છંદ—જે સુખને માટે મહા મુનિવરો ધ્યાન ધરે, વનમાં વાસિને ખોટા ખેલથિ ખેટા ખસે; જે સુખને માટે

જોગી જગતનો સંગ તજિ, ધારણા ધરિને અષ્ટ અંગ યોગમાં ધસે; જે સુખને માટે ભવ ભુવનના ભોગ છોડી, તિવ્ર તપ કરી તપસી તન કસે; જે સુખને માટે લાલ સંકટ સહે વિશાલ, તે તો સુખ જોને સંત સંમાં સદા વસે. ૩૪ જેના માટે જપ કરે, જેના માટે તપ કરે, જેના માટે ત્યાગ કરિ વન વન વિચરે; જેના માટે દાન કરે, જેના માટે ધ્યાન ધરે, જેના માટે પલે પલે, પાપને પરહરે. જેના માટે યમ કરે. જેના માટે દમ કરે, જેના માટે તીર્થ તીર્થમાં જઇ સ્નાન કરે. જેના માટે કહે લાલ સંકટ સહે વિશાલ, તે તો હરિ હેતે હરી જનની પુંઠે ફરે. ૩૫ જેના માટે યાગ કરિ દેવોનું યજન કરે, જેના માટે અંગમાં આચાર અતિ આચરે; જેના માટે પ્રેમ કરે જેના માટે નેમ ધરે, જેના માટે જો વિવિધ વ્રત તો વેગે કરે; જેના માટે રાગ તજે, જેના માટે સાજ સજે; જેના માટે કંચન કામનિને પરહરે. જેના માટે કહે લાલ સંકટ સહે વિશાલ, તે તો હરિ હેતે હરી જનની પુંઠે ફરે. ૩૬ જેના માટે વેદના અભ્યાસ કરે વાર વાર, જેના માટે પ્રતિદીન પાઠ તો પ્રીતે કરે; જેના માટે ગ્રહ તજિ સંન્યાસી સંન્યાસ ગ્રહે, કામ તજિ કમંડલ દંડ કરમાં ધરે; જેના માટે કરિ પ્રીત પ્રતિમામાં પુજે નિત, આસ્તિક ભાવો ધરીને અંતરમાં આદરે, જેના માટે કહે લાલ સંકટ સહે વિશાલ તે તો હરિ હેતે હરી જનની પુંઠે ફરે. ૩૭

દોહરા—

સાધન સહુ સંસારમાં, નહિ સત સંગ સમાંન; અમૃત રસ પીધે થશે; સર્વ રસોનાં

॥ ૯૫ ॥

પાન. ૩૮ મનહર છંદ—સત સંગે જપ થાય સત સંગે તપ થાય, સત સંગે સરવ તિરથમાં નવાય છે; સત સંગે વ્રત થાય સત સંગે કૃત્ય થાય, સત સંગે ધ્યાન ધારણા ઉર ધરાય છે. સત સંગે ત્યાગ થાય વિષયનો રાગ જાય, સત સંગે દિલની દુબધા દુર જાય છે; સંતના સંગમાં લાલ વેગે તમે કરો વાલ, સત સંગે હરિ હરિ મુખમાં ભણાય છે. ૩૯ સત સંગે ભાવ થાય પ્રીતે પ્રભુને પમાય, સત સંગે ગોવિંદના ગુણ તો ગવાય છે; સત સંગે દાન થાય આતમાનું જ્ઞાન થાય, સત સંગે પ્રેમ ભક્તિ ઉર ઉભરાય છે. સત સંગે ચરણ કમળ માંહિ ચોંટે ચિત, સત સંગે મનનું કુમનન મુકાય છે; સંતના સંગમાં લાલ વેગે તમે કરો વાલ, સત સંગે હરિ હરિ મુખમાં ભણાય છે. ૪૦ સત સંગે યશ થાય પાપને સંતાપ જાય, સત સંગે સઘળાં સરસ સુખ થાય છે; સત સંગે શોક જાય ધીરજ ધરમ થાય, સત સંગે શ્રુતિનું સિદ્ધાંત સમઝાય છે. સત સંગે દંભ જાય દિલ માંહી દયા થાય, સત સંગે આપણું સ્વરૂપ ઓળખાય છે; સંતના સંગમાં લાલ વેગે તમે કરો વાલ. સત સંગે હરિ હરી મુખમાં ભણાય છે. ૪૧ દોહરા—સત સંગે કારજ સરે, દિલના દોષ પળાય; હેતે હરિ મનમાં મળે, જીવપણું ટળિ જાય. ૪૨ અંતર સંત અનંતમાં, ઉર આણો નહિ લેશ; હરિ જન હરિને મેળવિ, દેખાડે હરિ દેશ. ૪૩ મનહર છંદ—સંતનું સ્વરૂપ ઘનશ્યામ-

ના સરીખું જાણે, કંઠે શોભે તુલસીની મનોહર માળ રે; ભાલ માંહિ તિલક વિશા-
લ ભગવંત બાંનુ. જેને દેખી ભય પામે ભયંકર કાળરે. અંતરમાં અંતરજામીનું
રૂપ રમી રહ્યું, વ્રજના પતિનું નામ મુખમાં વિશાલરે; જનમ મરણ દુખ હરણ ક-
રણ સુખ, શરણ ગયેથિ મળે લાલ પ્રતિ પાળરે. ૪૪ ભગવંત ભાવ ધરી ભગવંત
રૂપે ગણી; ભેડિયે ભક્તોને આણી ઉર માંહી વાળરે; હરી હરી મુખમાં ઉચ્ચરીને આ-
દર કરી, આસન આપિને આપો ભોજન રસાળરે. પ્રેમથિ પુજન કરી વિનય વાણી
ઉચ્ચરી, માન આપી આરોપિયે કંઠે પુષ્પ માલરે; જનમ મરણ દુઃખ હરણ કરણ
સુખ; શરણ ગયેથ મળે લાલ પ્રતિ પાળરે. ૪૫ દોહરા—જે જન
હરિ જનને મળે, તે હરિને મળે જરૂર; (પણ) ભેદ બુદ્ધિ જન ધૂડ તે, કિમ દેખે
દિલ સૂર. ૪૬ હરિ હરિ જન બે એક છે, રંચક ભેદ ન જાંણ; મુજ વચને વિશ્વાસ
નહિ, (તો) વાંચે વેદ પુરાણ. ૪૭ ઇતિશ્રી સદ્ સંગનું
અંગ સમાપ્ત.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ	ઓળ	અશુદ્ધ	શુદ્ધ
૧	૪	સંત	સતંત
૩	૮	નેતિ	નેતીતિ
૫	૧	આધ	આવ
૧	૧૨	સકટ	સંકટ
,,	૧૬	બહાર	મહાર
૮	૭	પુપછિ	પછિ
,,	૧૧	લાભાય	લોભાય
૯	૬	વહે	હેવે
,,	૨૧	તત્રપિ	તદ્યપિ
૧૧	૧૮	કરિ	ધરિ
૧૧	૧૧	વિટયેં	વિટયેં
૧૨	૧૯	સત	સંત
૧૨	૮	તારણા	તરણુ
૧૫	૨	જાઠણુ	જૂઠણુ
,,	૧૧	બીજાથ	બીજાથી
૧૬	૨	બીજાન	બીજાને
,,	૫	મૂકયો	મૂકો
,,	૨૨	મોગ્નિ	યોગ્નિ
,,	૨૩	અક	એક
૧૭	૨૭	વિદ્રાન	વિધાને
૨૫	૨૮	આધક	અધિક
૨૧	૮	પાધરો	પધારો
૨૬	૧૧	નર્ણય	નિર્ણય
૩૩	૧૧	કામ	કૃષ્ણ
૩૧	૧૭	મનનુ	મનુ
૩૫	૨	અપો	આપો
,,	૭	જનને	જનનો
,,	૭	મરીજનો	હરીનો
,,	૨૯	નારલાવાયરે	નારીઆપાકરે
૪૧	૧	નતરૂ	નૂતરૂં
૪૪	૧૧	દૃ	દીધે

૪૫	૩૧	લાવી	લાધો
૪૧	૬	જાગહર	જાગહગ
૪૧	૨૧	પથિને	પંથિને
૪૮	૧	કરોન	કરો
૪૯	૧૨	એવ	જંત
,,	૨૪	નહિ	એવી
૫૧	૨૧	ભાક્ત	ભક્તિ
,,	૨૩	વયોગ	વિયોગ
૫૧	૧	જુયે	જુવે
૫૩	૯	હસિ	હસિહસિ
,,	૧૩ ૨	પતિ	અતિ
,,	૧૪	દીધી	લીધી
૫૩	૨૨	દિ	દિન
૫૪	૨	મ..તું	જીવવું
૫૧	૪	નદ	નંદ
,,	૧૩	ધરા	ધરી
૫૭	૫	પુવ	પૂર્વ
૫૮	૧	લ	લૈ
૧૧	૨	નિરખી	નિરખી
૧૨	૧૫	પડીં	પિંડ
૬૩	૧૧	ભમ	ભર્મે
૭૧	૩૨	રહ્યા	રહ્યો
૧૧	૧૧	પાથક	પથિક
૭૪	૧૧	જ	જે
૭૧	૧૧	ધમ	ધર્મ
૭૭	૧૧	પદ્રરાયે	પધરાવે

મળવાનાં ઠેકાણાં—

પારેખ ગીરધરદાસ હરીવલ્લભદાસની દુકાને માણેકચોકમાં.
શા કરશનદાસ મોહનલાલ ઠે. સાંકડીશેરી દેવજી સરીઆની પોળ.

સરવે શાસ્ત્રનો સાર તથા ધર્મ સબંધી પુસ્તકો તથા કાપડ ઉપર છપાએલી રામનામીઓ વીગેરે. મળવાનું ઠેકાણું મેહેતા ચુનીલાલ વરજભુખનદાસ. અમદાવાદ રાજમેહેતાની પોળ.

મળવાનાં ઠેકાણાં—

પારેખ ગીરધરદાસ હરીવલ્લભદાસની દુકાને માણેકચોકમાં.

શા કરશનદાસ મોહનલાલ ઠે. સાંકડીશેરી દેવજી સરીઆની પોળ.

સરવે શાસ્ત્રનુસાર તથા ધર્મ સબંધી પુસ્તકો તથા કાગળ ઉપર છપાએલી રામનામીઓ વીગેરે. મળવાનું ઠેકાણું મેહેતા ચુનીલાલ વરજભુખદાસ. અમદાવાદ રાજામેહેતાની પોળ.